# હઝરત ઈમામ મહદી (અ.સ.)નો ઝીક્ર અને એહલે સુન્નતનાં આલીમો

કિતાબનું નામ : હઝરત ઇમામ મહદી (અ.સ.)નો ઝીક્ર અને એહલે સુન્નતનાં આલીમો

પ્રકાશનનું વર્ષ : શાબાન, હી.સ. ૧૪૩૭,
ઓગસ્ટ-૨૦૧૬

પ્રકાશક : એસોસીએશન ઓફ ઇમામ મહદી (અ.સ.)
પો.બોક્સ નં. ૧૯૮૨૨
મુંબઇ - ૪૦૦ ૦૫૦

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| | **પ્રકરણઃ ૧**<br>**હઝરત ઈમામ મહદી(અ.સ.)નો અકીદો- એક હકીકત (વાસ્તવિકતા)** | |
| ૧ | હઝરત મહદી (અ.સ.) અને કુરઆન | |
| ૨ | હઝરત મહદી (અ.સ.) અને હદીસે કુદસી | |
| ૩ | હઝરત ઈમામ મહદી (અ.સ.)નો ઝુહુર યકીની છે | |
| ૪ | હઝરત ઈમામ મહદી (અ.સ.)નો ઝુહુર કયામત નજદીક હોવાની નિશાની છે | |
| ૫ | હઝરત ઈમામ મહદી (અ.સ.)નો ઝુહુર કયામતની જરૂરી શરત છે | |
| ૬ | હઝરત ઈમામ મહદી (અ.સ.) ઉમ્મતોનો વાયદો | |
| ૭ | હઝરત ઈમામ મહદી (અ.સ.) થી સંબંધિત ખુશખબરી | |
| ૮ | હઝરત ઈમામ મહદી (અ.સ.) થી સંબંધિત હદીસો મુતવાતીર છે | |
| ૯ | હઝરત ઈમામ મહદી (અ.સ.) અને મુસલમાનોનું એકમત હોવું | |
| ૧૦ | હઝરત મહદી (અ.સ.) હક છે | |
| ૧૧ | હઝરત મહદી (અ.સ.) ના બારામાં શંકા ગુમરાહી છે | |
| ૧૨ | હઝરત મહદી (અ.સ.) ઉપર શક કરવો બાતીલ છે | |
| ૧૩ | હઝરત ઈમામ મહદી (અ.સ.) ઉપર ઈમાન ગય્બ ઉપર ઈમાન છે | |
| ૧૪ | હઝરત ઈમામ મહદી (અ.સ.) અલ્લાહની વાજીબ | |

| | | |
|---|---|---|
| | હુજ્જતોમાંથી છે | |
| ૧૫ | ઈમામ મહદી (અ.સ.) મુત્તકી અને પરહેઝગારોના ઈમામ | |
| ૧૬ | હઝરત ઈમામ મહદી (અ.સ.) ઉપર ઇમાન લાવવું ઇમાનના સંપૂર્ણ હોવાની દલીલ છે | |
| ૧૭ | હઝરત ઈમામ મહદી (અ.સ.)નો ઇન્કાર કુફ્ર છે | |
| ૧૮ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુર પછી ઈમાનનો કોઈ ફાયદો નથી | |
| | **પ્રકરણઃ ૨**<br>**હઝરત ઈમામ મહદી (અ.સ.)ની વંશાવળી** | |
| ૧૯ | હઝરત મહદી (અ.સ.) કુરૈશ છે | |
| ૨૦ | હઝરત ઈમામ મહદી (અ.સ.) બની હાશિમમાંથી છે | |
| ૨૧ | હઝરત ઈમામ મહદી (અ.સ.) રસુલે ખુદા (સ.અ.વ)ના ફરઝંદ છે | |
| ૨૨ | હઝરત ઈમામ મહદી (અ.સ.) એહલેબય્તમાંથી છે | |
| ૨૩ | હઝરત ઈમામ મહદી (અ.સ.) હઝરત ઈમામ અલી (અ.સ.)ની અવલાદમાંથી છે | |
| ૨૪ | હઝરત ઈમામ મહદી (અ.સ.) હઝરત ફાતેમા (સ.અ.) ની અવલાદમાંથી છે | |
| ૨૫ | હઝરત ઈમામ મહદી (અ.સ.) ઇમામ હસન અને ઈમામ હુસૈન (અ.સ.)ની અવલાદ છે | |
| ૨૬ | હઝરત મહદી (અ.સ.) ઇમામ હુસૈન (અ.સ.)ના વશંમાથી છે | |
| ૨૭ | હઝરત મહદી (અ.સ.) ઇમામ હુસૈન (અ.સ.)ના નવમાં વંશજ છે | |
| ૨૮ | હઝરત ઇમામ મહદી (અ.સ.) ઇમામ ઝૈનુલ આબેદીન (અ.સ.)ના વંશમાંથી છે | |

| | | |
|---|---|---|
| ૨૯ | હઝરત ઈમામ મહદી (અ.સ.) ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.)ના સાતમા વંશજ છે | |
| ૩૦ | હઝરત ઈમામ મહદી (અ.સ.) ઈમામ જઅફર સાદિક (અ.સ.) ના છઠ્ઠા વંશજ છે | |
| ૩૧ | હઝરત ઈમામ મહદી (અ.સ.) ઈમામ મુસા બીન જઅફર (અ.સ.) ના પાંચમાં ફરઝંદ છે | |
| ૩૨ | હઝરત ઈમામ મહદી (અ.સ.) ઈમામ અલી રેઝા (અ.સ.) ના ચોથા વંશજ છે | |
| ૩૩ | હઝરત ઈમામ મહદી (અ.સ.) હઝરત ઈમામ મોહમ્મદ તકી (અ.સ.)ની ત્રીજી પેઢીના વંશજ છે | |
| ૩૪ | હઝરત ઈમામ મહદી (અ.સ.) ઈમામ અલી નકી (અ.સ.)ના પૌત્ર છે | |
| ૩૫ | હઝરત ઈમામ મહદી (અ.સ.) ઈમામ હસન અસ્કરી (અ.સ.)ના ફરઝંદ છે | |
| ૩૬ | હઝરત મહદી (અ.સ.) બારમાં ઈમામ છે | |
| ૩૭ | હઝરત ઈમામ મહદી (અ.સ.) અલ્લાહની આખરી હુજ્જત | |
| ૩૮ | હઝરત ઈમામ મહદી (અ.સ.) હુજ્જતે ખુદા છે. દરેક જમાનામાં હુજ્જતનું અસ્તિત્વ જરૂરી છે | |
| ૩૯ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ના માનનીય માતા | |
| ૪૦ | હઝરત ઈમામ મહદી (અ.સ.)નું પવિત્ર નામ | |
| ૪૧ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ના લકબો | |
| ૪૨ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ની કુન્નિયત | |
| ૪૩ | હઝરત ઈમામ મહદી (અ.સ.) ના લકબ 'મહદી' નું કારણ | |
| | **પ્રકરણ - ૩**<br>**હઝરત ઈમામ મહદી (અ.સ.)ની** | |

| | | |
|---|---|---|
| | **શારિરીક ખાસીયતો** | |
| ૪૪ | હઝરત ઈમામ મહદી (અ.સ.) નો ચહેરો અને દેખાવ | |
| ૪૫ | હઝરત ઈમામ મહદી (અ.સ.) નું કપાળ અને નાક | |
| ૪૬ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ના મુબારક દાંત | |
| ૪૭ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ગાલ ઉપર તલ હશે | |
| ૪૮ | હઝરત ઈમામ મહદી (અ.સ.) ની આંખો, નેણ અને પાંપણ | |
| ૪૯ | હઝરત ઈમામ મહદી (અ.સ.)નો ખુબસુરત ચહેરો અને વાળ મુબારક | |
| ૫૦ | હઝરત ઈમામ મહદી (અ.સ.) એક ખુબસુરત નવયુવાન જેવા | |
| ૫૧ | હઝરત ઈમામ મહદી (અ.સ.) રસુલે ખુદા (સ.અ.વ.)થી મળતા આવતા હશે | |
| ૫૨ | હઝરત ઈમામ મહદી (અ.સ.) ના ખભા ઉપર રસુલે ખુદા (સ.અ.વ.)ની નિશાની હશે | |
| | **પ્રકરણઃ ૪**<br>**હઝરત ઈમામ મહદી (અ.સ.)ના**<br>**જીવનના જુદા જુદા તબક્કાઓ** | |
| ૫૩ | હઝરત ઈમામ મહદી (અ.સ.) નો જન્મ | |
| ૫૪ | હઝરત ઈમામ મહદી (અ.સ.) નો છુપો જન્મ | |
| ૫૫ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ની નાનપણમાં ઈમામત | |
| ૫૬ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ની લાંબી વય | |
| ૫૭ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ની ગયબત | |
| ૫૮ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ની ગયબતની | |

| | | |
|---|---|---|
| | શરૂઆત | |
| ૫૯ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ની ગયબતે સુગરા અને કુબરા | |
| ૬૦ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ની ગયબત અને ઝી-તોવા | |
| ૬૧ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ની એકલતા | |
| ૬૨ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ની ગયબતની હિકમત | |
| ૬૩ | હઝરત ઈમામ મહદી (અ.સ.) ની ગયબતની બીજી હિકમત | |
| ૬૪ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ની ગયબતમાં ઈમાન અત્યંત મુશ્કેલ | |
| ૬૫ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ગયબતના ઝમાનાની મુશ્કેલીઓ | |
| ૬૬ | હઝરત ઈમામ મહદી (અ.સ.) ના ગયબતના ઝમાનાના કાર્યો | |
| ૬૭ | હઝરત ઈમામ મહદી (અ.સ.) ની ગબયતમાં ફાયદો ઉઠાવવું | |
| ૬૮ | હઝરત ઈમામ મહદી (અ.સ.) અત્યારે પણ જીવંત છે | |
| ૬૯ | હઝરત ઈમામ મહદી (અ.સ.) આપણા ઝમાનાના ઈમામ | |
| ૭૦ | હઝરત ઈમામ મહદી (અ.સ.) ના દીદાર | |
| ૭૧ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ફરમાનો | |
| | **પ્રકરણઃ ૫**<br>**હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ફઝાએલ** | |
| ૭૨ | હઝરત ઈમામ મહદી (અ.સ.) મઅસુમ છે | |
| ૭૩ | હઝરત ઈમામ મહદી (અ.સ.) રસુલ | |

| | | |
|---|---|---|
| | (સ.અ.વ.)ના અસ્હાબોથી શ્રેષ્ઠ અને મહાન | |
| ૭૪ | હઝરત ઈમામ મહદી (અ.સ.) નબીઓના કમાલો ધરાવનાર | |
| ૭૫ | હઝરત ઈમામ મહદી (અ.સ.) અંબિયાઓથી શ્રેષ્ઠ અને મહાન છે | |
| ૭૬ | હઝરત ઈમામ મહદી (અ.સ.) સૌથી શ્રેષ્ઠ | |
| ૭૭ | હઝરત ઈમામ મહદી (અ.સ.) ખુદાની સર્વશ્રેષ્ઠ મખ્લુક | |
| ૭૮ | હઝરત મહદી (અ.સ.) ખુદાના ખલીફા | |
| ૭૯ | હઝરત ઈમામ મહદી (અ.સ.) રસુલ (સ.અ.વ.) ના ખલીફા | |
| ૮૦ | હઝરત ઈમામ મહદી (અ.સ.) મલાએકાઓથી શ્રેષ્ઠ | |
| ૮૧ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ની ઈતાઅત અલ્લાહની ઈતાઅત છે | |
| ૮૨ | હઝરત ઈમામ મહદી (અ.સ.) જન્નતના લોકોના સરદાર | |
| ૮૩ | હઝરત ઈમામ મહદી (અ.સ.) કયામતના દિવસે શફાઅત કરશે | |
| ૮૪ | હઝરત ઈમામ મહદી (અ.સ.) ઉપર હઝરત રસુલ ખુદા (સ.અ.વ.) ફખ્ર કરશે | |
| ૮૫ | હઝરત ઈમામ મહદી (અ.સ.) અને હઝરત ઈબ્રાહીમ (અ.સ.) નું ઈમ્તેહાન | |
| ૮૬ | હઝરત ઈમામ મહદી (અ.સ.) ઉપર જનાબે મુસા (અ.સ.) રશ્ક કરશે | |
| ૮૭ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ની પાછળ જનાબે ઈસા (અ.સ.) નમાઝ પઢશે | |
| ૮૮ | હઝરત ઈમામ મહદી (અ.સ.) અને શબે કદ્ર | |

| | | |
|---|---|---|
| | **પ્રકરણઃ ૬**<br>**હઝરત ઈમામ મહદી (અ.સ.)ના કમાલાત** | |
| ૮૯ | હઝરત ઈમામ મહદી (અ.સ.)નું સુબ્હાની રાજ્ય | |
| ૯૦ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ના મોઅજીઝાઓ | |
| ૯૧ | હઝરત ઈમામ મહદી (અ.સ.) ઉપર વાદળોનો છાંયો કરવો | |
| ૯૨ | હઝરત ઈમામ મહદી (અ.સ.)નો પડછાયો નહીં હોય | |
| ૯૩ | હઝરત ઈમામ મહદી (અ.સ.) અને હલાલ તથા હરામની મઅરેફત | |
| ૯૪ | હઝરત ઈમામ મહદી (અ.સ.) અને નબીઓનો વારસો | |
| ૯૫ | હઝરત ઈમામ મહદી (અ.સ.) અને હઝરત રસુલ (સ.અ.વ.) નો વારસો | |
| ૯૬ | હઝરત ઈમામ મહદી (અ.સ.) અને મોકર્રબ (અલ્લાહના નજીકના) ફરિશ્તાઓ | |
| ૯૭ | હઝરત ઈમામ મહદી (અ.સ.) અને સહીફાએ હક | |
| ૯૮ | હઝરત ઈમામ મહદી (અ.સ.)નો ઉચ્ચ દરજ્જો | |
| ૯૯ | હઝરત ઈમામ મહદી (અ.સ.) અને કાબાના ખજાનાની વહેંચણી | |
| ૧૦૦ | હઝરત ઈમામ મહદી (અ.સ.) નું ખુશુઅ અને ખુઝુખ | |
| ૧૦૧ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ની કુદરત અને શકિત | |
| | **પ્રકરણઃ ૭**<br>**હઝરત ઈમામ મહદી (અ.સ.)ના**<br>**ઝુહુરની પહેલા દુનિયાની પરિસ્થિતિ** | |
| ૧૦૨ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુર પહેલાની | |

| | | |
|---|---|---|
| | પરિસ્થિતિ | |
| ૧૦૩ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુરની પહેલા ઈસ્લામ અને મુસલમાન | |
| ૧૦૪ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુર પહેલા મુસલમાનોના મતભેદો | |
| ૧૦૫ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુરની નિશાનીઓ | |
| ૧૦૬ | હઝરત ઈમામ મહદી (અ.સ.)નો ઝુહુર અને આસ્માની નિશાનીઓ | |
| ૧૦૭ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુર પહેલા પુછડીવાળો તારો | |
| ૧૦૮ | હઝરત ઈમામ મહદી (અ.સ.) અને આસમાન ઉપર હાથનું જાહેર થવું | |
| ૧૦૯ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુર પહેલા પૂર્વ દિશામાંથી આગ | |
| ૧૧૦ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુરની પહેલા આસમાની અવાજ | |
| ૧૧૧ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુરની પહેલા કાળા રંગવાળો અલમ | |
| ૧૧૨ | હઝરત ઈમામ મહદી (અ.સ.)નો ઝુહુર અને સુફિયાનીનું બહાર આવવું | |
| ૧૧૩ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુર પહેલા લશ્કરનું ધસી જવું | |
| ૧૧૪ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુરની પહેલા દજ્જાલનું જાહેર થવું | |
| ૧૧૫ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુરની પહેલા નફસે ઝકીય્યાહનું કત્લ | |

| | | |
|---|---|---|
| ૧૧૬ | હઝરત ઈમામ મહદી (અ.સ.) અને કુફ્રના પાલવમાં ઈમાનનું નૂર | |
| ૧૧૭ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુરની પહેલા ખોટા દાવેદારો | |
| ૧૧૮ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુરની પહેલા લાલ અને સફેદ મૃત્યુ | |
| ૧૧૯ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ની હુકુમત માટે સાનુકુળ રસ્તો તૈયાર કરનારાઓ | |
| | **પ્રકરણઃ ૮**<br>**હઝરત ઈમામ મહદી (અ.સ.)નો ઝુહુર** | |
| ૧૨૦ | હઝરત ઈમામ મહદી (અ.સ.) ના ઝુહુરનો સમય નક્કી નથી | |
| ૧૨૧ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુરનો સમય એક રાતમાં નક્કી થશે (રાતો રાત થશે) | |
| ૧૨૨ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુરનું વર્ષ | |
| ૧૨૩ | હઝરત ઈમામ મહદી (અ.સ.) ના ઝુહુરનો દિવસ | |
| ૧૨૪ | હઝરત ઈમામ મહદી (અ.સ.)નો ઝુહુર માયુસીના સમયે થશે | |
| ૧૨૫ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ને ઝુહુરની જાણ કેવી રીતે થશે? | |
| ૧૨૬ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુરનું સ્થળ | |
| ૧૨૭ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુરનું દ્રશ્ય | |
| ૧૨૮ | હઝરત ઈમામ મહદી (અ.સ.) ની બયઅતનું સ્થળ | |
| ૧૨૯ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ની બયઅતની પધ્ધતિ | |
| ૧૩૦ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ની પહેલી તકરીર | |
| ૧૩૧ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુર થવાનો | |

| | | |
|---|---|---|
| | દિવસ يوم الله ‘યવ્મુલ્લાહ’ છે | |
| ૧૩૨ | હઝરત ઈમામ મહદી (અ.સ.)નો ઝુહુર મુશ્કેલીઓથી છુટકારો | |
| ૧૩૩ | હઝરત ઈમામ મહદી (અ.સ.) ઉમ્મતે મોહમ્મદી (સ.અ.વ.)ની ફરિયાદ ને પહોંચવાવાળા છે | |
| ૧૩૪ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ની રાજધાની કુફા હશે | |
| ૧૩૫ | હઝરત ઈમામ મહદી (અ.સ.) અને રજઅત | |
| ૧૩૬ | હઝરત ઈમામ મહદી (અ.સ.)નો ઝુહુર હજુ નથી થયો | |
| ૧૩૭ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુરની જગ્યા | |
| ૧૩૮ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુરનું વર્ષ | |
| ૧૩૯ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુરનો દિવસ | |
| | **પ્રકરણઃ ૯<br>હઝરત ઈમામ મહદી (અ.સ.)ના<br>અસ્હાબો અને મદદગારો** | |
| ૧૪૦ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ના અસ્હાબોની સંખ્યા | |
| ૧૪૧ | સાથીદારો અને મદદગારોની વિશેષતાઓ | |
| ૧૪૨ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ના અન્સારોની બહાદુરી | |
| ૧૪૩ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ના અસ્હાબોનો દરજ્જો | |
| ૧૪૪ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ના તાલકાની અસ્હાબ | |
| ૧૪૫ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ના મદદગારોનું ભેગું થવું | |
| ૧૪૬ | હઝરત ઈમામ મહદી (અ.સ.) અને અસ્હાબે કહફ | |
| ૧૪૭ | હઝરત ઈમામ મહદી (અ.સ.) અને હઝરત ઈસા (અ.સ.)ની મદદ | |
| ૧૪૮ | હઝરત ઈમામ મહદી (અ.સ.) અને મલાએકાઓની મદદ | |
| ૧૪૯ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ની લડાઈઓ | |

| | | |
|---|---|---|
| ૧૫૦ | હઝરત ઈમામ મહદી (અ.સ.) નો રોબ | |
| ૧૫૧ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ની સાથે જમીન અને આસમાન હશે | |
| ૧૫૨ | હઝરત ઈમામ મહદી (અ.સ.) હંમેશા વિજયી થશે | |
| | **પ્રકરણઃ૧૦**<br>**હઝરત ઈમામ મહદી (અ.સ.) ની હુકુમત** | |
| ૧૫૩ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ની આખી દુનિયા ઉપર હુકુમત | |
| ૧૫૪ | હઝરત ઈમામ મહદી (અ.સ.) અને ઈલાહી નેઅમતોની વિપુલતા | |
| ૧૫૫ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝમાનાની આર્થિક પરિસ્થિતિ | |
| ૧૫૬ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝમાનામાં દીનની અને અખ્લાકની સ્થિતિ | |
| ૧૫૭ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝમાનામાં ભાઇચારો અને બિરાદરી | |
| ૧૫૮ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝમાનામાં માલની વિપૂલતા | |
| ૧૫૯ | હઝરત ઈમામ મહદી (અ.સ.) ના ઝમાનામાં લોકોનું સ્વાવલંબીપણું | |
| ૧૬૦ | હઝરત ઈમામ મહદી (અ.સ.) સાથે દુનિયાનો સહકાર | |
| ૧૬૧ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુર થકી દુનિયા આબાદ હશે | |
| ૧૬૨ | હઝરત ઈમામ મહદી (અ.સ.)નાં ન્યાયથી જમીન જીવંત બનશે | |
| ૧૬૩ | હઝરત ઈમામ મહદી (અ.સ.) ની હકુમુત | |

| | | |
|---|---|---|
| | જન્નતની માફક હશે | |
| ૧૬૪ | હઝરત ઈમામ મહદી (અ.સ.) થકી હકીકી ઈસ્લાહ | |
| ૧૬૫ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ની હુકુમતમાં શયતાનનો નાશ | |
| ૧૬૬ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ની હુકુમતમાં લોકોની તમન્નાઓ | |
| ૧૬૭ | હઝરત ઈમામ મહદી (અ.સ.) નું સ્વાગત | |
| ૧૬૮ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ની ભરપુર મોહબ્બત | |
| ૧૬૯ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ની હુકુમતની મુદ્દત | |
| ૧૭૦ | હઝરત ઈમામ મહદી (અ.સ.)નો અલમ | |
| ૧૭૧ | હઝરત ઈમામ મહદી (અ.સ.) અને કુફાવાસીઓ | |
| ૧૭૨ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ની પછી કોઈ નહિં | |
| ૧૭૩ | હઝરત ઈમામ મહદી (અ.સ.) ની હુકુમતમાં દરેક ખુશ હશે | |
| ૧૭૪ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ની હુકુમતમાં પરસ્પર દુશ્મનોમાં સુલેહ | |
| ૧૭૫ | હઝરત ઈમામ મહદી (અ.સ.) ની પછી | |
| | **પ્રકરણઃ ૧૧**<br>**હઝરત ઈમામ મહદી (અ.સ.)નો રાજ્ય વહિવટ** | |
| ૧૭૬ | હઝરત ઈમામ મહદી (અ.સ.) રસુલે ખુદા (સ.અ.વ.)ની સુન્નતને જીવંત કરશે | |
| ૧૭૭ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝમાનામાં ઈસ્લામ એક માત્ર મઝહબ હશે | |
| ૧૭૮ | હઝરત ઈમામ મહદી (અ.સ.) નો પયગામ | |
| ૧૭૯ | હઝરત ઈમામ મહદી (અ.સ.) અને બાતીલનો મુકાબલો | |

| | | |
|---|---|---|
| ૧૮૦ | હઝરત ઈમામ મહદી (અ.સ.) ની બિદઅત વિરૂધ્ધ જંગ | |
| ૧૮૧ | હઝરત ઈમામ મહદી (અ.સ.) અને એહલેબય્ત (અ.મુ.સ.)ના દુશ્મનોનો નાશ | |
| ૧૮૨ | હઝરત ઈમામ મહદી (અ.સ.)નો એહલેબય્ત (અ.મુ.સ.)ના દુશ્મનોથી મુકાબલો | |
| ૧૮૩ | હઝરત ઈમામ મહદી (અ.સ.) અને હુસૈન (અ.સ.)ના ખૂનનો બદલો | |
| ૧૮૪ | હઝરત ઈમામ મહદી (અ.સ.) અને ઝાલીમોથી બદલો | |
| ૧૮૫ | હઝરત ઈમામ મહદી (અ.સ.) અને ઈસ્લામના નવિનીકરણ માટેના પ્રયત્નો | |
| ૧૮૬ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ચુકાદાઓ | |
| ૧૮૭ | હઝરત ઈમામ મહદી (અ.સ.) અને રસુલે ખુદા (સ.અ.વ.) નો રાજ્ય વહીવટ | |
| ૧૮૮ | હઝરત ઈમામ મહદી (અ.સ.)નો સ્પષ્ટ અને સંપૂર્ણ ન્યાય અને ઈન્સાફ | |
| ૧૮૯ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ની તેમના અન્સારો સાથેથી ૩૦ શરતો | |
| ૧૯૦ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ની સખાવત | |
| ૧૯૧ | હઝરત ઈમામ મહદી (અ.સ.) અને મિસ્કીનો | |
| ૧૯૨ | હઝરત ઈમામ મહદી (અ.સ.) ના ઝમાનામાં ઝુલ્મ અને જૌરનો અંત આવશે | |
| ૧૯૩ | હઝરત ઈમામ મહદી (અ.સ.) ના ઝમાનામાં કુફ્ર અને શિર્કનો નાશ થશે | |
| ૧૯૪ | હઝરત ઈમામ મહદી (અ.સ.) નાં ઝમાનામાં ગરીબીનો નાશ થશે | |

| | | |
|---|---|---|
| ૧૯૫ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ની કાર્યપદ્ધતિ | |
| ૧૯૬ | હઝરત ઈમામ મહદી (અ.સ.)નો ઝોહદ | |
| ૧૯૭ | હઝરત ઈમામ મહદી (અ.સ.) અને શીઆઓની જવાબદારીઓ હઝરત ઈમામ મહદી (અ.સ.) ની મઅરેફત જરૂરી છે | |
| ૧૯૮ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ની બયઅત અત્યંત જરૂરી છે | |
| ૧૯૯ | હઝરત ઈમામ મહદી (અ.સ.)નો ઈન્તેઝાર | |
| ૨૦૦ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ની ગયબત ઉપર રંજ અને ગમ | |
| ૨૦૧ | હઝરત ઈમામ મહદી (અ.સ.) ના મુન્તઝીરનો દરજ્જો | |
| ૨૦૨ | હઝરત ઈમામ મહદી (અ.સ.) સાથે દીલી રાબેતો | |
| ૨૦૩ | હઝરત ઈમામ મહદી (અ.સ.) થી તમસ્સુક | |
| ૨૦૪ | હઝરત ઈમામ મહદી (અ.સ.) ના હુકમોની તાબેદારી | |
| ૨૦૫ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ની ખિદમત | |
| ૨૦૬ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુર પહેલા કયામ કરવાની મનાઇ | |
| ૨૦૭ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝમાનાના મોઅમીનોનું ઉચ્ચ સ્થાન | |
| ૨૦૮ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ની ગયબતમાં દીન ઉપર બાકી રહેવું | |
| ૨૦૮ | હઝરત ઈમામ મહદી (અ.સ.) નું નામ ન લેવું જોઇએ | |
| ૨૦૯ | હઝરત ઈમામ મહદી (અ.સ.) ઉપર સલામ | |
| ૨૧૦ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુરની પહેલા તક્ય્યા જરૂરી | |
| ૨૧૧ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ની મહોબ્બત વાજીબ છે | |

| | | |
|---|---|---|
| ૨૧૨ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ના દોસ્તોથી દોસ્તી અને દુશ્મનોથી દુશ્મની | |
| ૨૧૩ | હઝરત ઈમામ મહદી (અ.સ.)ના દુશ્મનો ઉપર લઅનત | |
| | **અનુક્રમણિકા** | |
| | હઝરત ઈમામ મહદી (અ.સ.) ના બારામાં કુરઆની આયતો ની અનુક્રમણીકા | |
| | બીજી આયતોની અનુક્રમણીકા | |
| | મઅસુમીન (અ.સ.) ની હદીસોની અનુક્રમણિકા | |
| | હદીસોના રાવીઓની અનુક્રમણીકા | |
| | કિતાબોની અનુક્રમણીકા | |
| | અશઆરની અનુક્રમણિકા | |
| | શહેરોની અનુક્રમણિકા | |

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ صَلَّى اللهُ عَلَيْكَ يَا وَلِيَّ الْعَصْرِ اَدْرِكْنَا

# પ્રકરણઃ ૧

# હઝરત ઈમામ મહદી(અ.સ.)નો અકીદો- એક હકીકત (વાસ્તવિકતા)

## હઝરત મહદી (અ.સ.) અને કુરઆન

### રિવાયત નંઃ ૧

જનાબ સઈદ બીન જુબૈર રઝી. એ આ આયત

لِيُظْهِرَهٗ عَلَى الدِّيْنِ كُلِّهٖ وَلَوْ كَرِهَ الْمُشْرِكُوْنَ

*"જેથી કરીને તે તેને તમામ દીનો ઉપર પ્રબળ કરી દેય, .... ભલે ને મુશ્રીકોને અણગમતું (કેમ ન) લાગે."*

(સુરએ તૌબાઃ ૩૩)

ની તફસીરમાં ફરમાવ્યુંઃ

*'તેનો અર્થ હઝરત ફાતેમા ઝેહરા (સ.અ.) ના વંશમાંથી હઝરત ઈમામ મહદી (અ.સ.) છે.'*

(અલબયાન ફી અખ્બારે સાહેબુઝઝમાન (હાફીઝ ગંજી શાફેઈ) પ્રકરણઃ ૨૫, પાના નં. ૧૫૫, નુરૂલ અબ્સાર (શબલન્જી) ૧૮૬)

### સમજુતીઃ

૧) હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)થી જોવા મળતી રિવાયતોની રોશનીમાં હજુ બીજી પણ વધારે આયતોની તફસીર હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુર વિશે કરવામાં આવી છે. આ કિતાબની આ મુજબની રિવાયતો વર્ણવવા લાયક છે, રિવાયત નં. ૪, ૬, ૧૦, ૧૧, ૧૬૫, ૧૮૩.

૨) જનાબ શૈખ સુલૈમાન કુન્દુઝી હનફી (વફાત હિ. ૧૨૯૩)એ પોતાની અમુલ્ય કિતાબ 'યનાબીઉલ મવદ્દત' નું ૭૧ મું પ્રકરણ એ આયતોથી વિશેષ કર્યુ છે કે જેની તાવીલ અને તફસીર હઝરત ઈમામ મહદી (અ.સ.) સંબંધિત કરવામાં આવી છે.

૩) ઉપરોકત આયતની વધુ એક તફસીર હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.)થી નોંધવામાં આવી છે. જુઓ રિવાયત નં. ૧૫૬.

૪) કુરઆનની તાવીલ અને ઈલ્મ ધરાવનાર લોકોની તાવીલ સંબંધમાં રિવાયત નં. ૫૬ હેઠળ જુઓ.

## હઝરત મહદી (અ.સ.) અને હદીસે કુદસી

**રિવાયત નં: ૨**

હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.)એ ફરમાવ્યું: મારા વાલિદે જનાબે જાબીર બીન અબ્દુલ્લાહે અન્સારી (અ.ર.)ને ફરમાવ્યું: અય જાબીર! તે તખ્તીના બારામાં બયાન ફરમાવો જે આપે મારી માતા જનાબે ફાતેમા (સ.અ.) ની પાસે જોઈ હતી.

જનાબે જાબીરે કહ્યું: હું ખુદાને ગવાહ બનાવું છું. હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ની જીંદગીમાં આપની માતા જનાબે ફાતેમા (સ.અ.)ની ખિદમતમાં ઈમામ હુસૈન (અ.સ.)ની વિલાદતની મુબારકબાદી આપવા માટે હાજર થયો. તેમના હાથમાં લીલા રંગની તખ્તી જોઈ. તે ઝમરૂદની લાગતી હતી. તેમાં જે લખાણ હતું તે સૂર્યના પ્રકાશની માફક સફેદ હતું.

મેં આશ્ચર્યચકિત થઈ જનાબે ફાતેમા (સ.અ.)ને કહ્યું: બિન્તે રસુલ, મારા માઁ બાપ આપ ઉપર કુરબાન થાય આ કેવી તખ્તી છે ?

ફરમાવ્યું ખુદાવન્દે આલમે આ તખ્તી પોતાના રસુલને તોહફામાં આપી છે. જેમાં મારા વાલીદનું નામ છે. મારા બન્ને પુત્રોના નામ છે અને મારા વંશના વસીઓના નામો છે. આ તખ્તી મારા વાલીદે ખુશખબરી અને આગાહી માટે મને આપી છે....

જનાબે જાબીરે કહ્યું: ખુદાને ગવાહ બનાવું છું. મેં તખ્તીમાં આ લખાણ જોયું છે.

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

ખુદાવન્દે આલમ હકીમની તરફથી આ લખાણ છે તેના નુર, તેના પ્રતિનિધિ, તેના હિજાબ (પર્દો) અને તેની દલીલ મોહમ્મદ (સ.અ.વ.) માટે. જીબ્રઈલે અમીન આ તખ્તીને ખુદાની તરફથી લાવ્યા છે....

મેં કોઈ પણ નબીની નિમણુંક નથી કરી અને તેની મુદ્દત તમામ નથી કરી અને તેનો સમય પૂરો નથી કર્યો. પરંતુ એ કે તેનો એક વસી જરૂર નિમ્યો છે. મેં આપને તમામ નબીઓ ઉપર ફઝીલત આપી છે, અને આપના વસીને તમામ વસીઓ ઉપર ફઝીલત આપી છે, અને તેઓ (હ. અલી અ.સ.ના) પછી આપના વ્હાલા નવાસાઓ હસન (અ.સ.) અને હુસૈન (અ.સ.) દ્વારા આપને બુઝુર્ગી અતા કરી છે. તેઓની ઈતરતથી મોહબ્બત અને નફરતની બુનિયાદ મુજબ લોકોને સવાબ આપીશ અને અઝાબમાં સપડાવી દઈશ.

તેમાંના પહેલા અલી (અ.સ.) જે સૈય્યદુલ આબેદીન છે, જે અગાઉ થઈ ગએલા વલીઓની ઝિનત છે.

તેઓના પછી તેઓના પુત્રોના દાદા મેહમુદના શબીહ મોહમ્મદ (બાકીર અ.સ.) છે, જે મારા ઇલ્મને ફેલાવશે અને મારી હિકમતનો ખજાનો ધરાવનાર છે.

જઅફર (અ.સ.)ના બારામાં ઈન્કાર કરનારાઓ હલાક થશે. હું જઅફર (અ.સ.)ના દરજ્જાને બલંદ કરીશ. તેમના શીયાઓ, મદદગારો અને દોસ્તોની બાબતમાં તેમને ખુશ કરીશ.

તેમના પછી મેં 'મુસા અ.સ.'ને પસંદ કર્યા છે...

અગર તેઓમાંના કોઈ એકનો ઈન્કાર કર્યો તેણે મારી નેઅમતનો ઈન્કાર કર્યો અને જે આઠમા (વલી અ.સ.)નો ઈન્કાર કરશે, તેણે મારા બધા વસીઓનો ઈન્કાર કર્યો અને 'અલી' મારા વલી અને નાસીર છે.

*મારી ઉપર લાઝીમ છે કે તેમના પુત્ર 'મોહમ્મદ તકી અ.સ.' થકી તેમની આંખોને ઠંડક પહોંચાડું, જે તેમના પછી તેમના વારસદાર છે, જે મારા ઈલ્મના વારસદાર અને મારી હિકમતના ખજાનાદાર છે.*

*તેમના પુત્ર 'અલી નકી અ.સ.' જે મારા વલી અને નાસીર છે.... તેમના ઉપર ખુશનસીબી અને નેકી પૂર્ણ કરીશ. તેમના વંશમાંથી મારા માર્ગની તરફ દાવત આપનારા અને મારા ઈલ્મના ખઝાનેદાર 'હસન અ.સ.'ને જાહેર કરીશ. પછી આ સીલસીલાને તેમના પુત્ર મીમ હે મીમ દાલ જે આલમીન માટે રહમત છે. તેના થકી પૂર્ણ કરીશ.*

*આજ માનનીય (હસ્તીઓ) હકીકતમાં મારા વસીઓ છે. તેમના થકી ઘટાટોપ ફીત્નાઓને દૂર કરીશ. તેમના થકી લોકોની ભુલોની હું સુધારણા કરીશ. તેમના થકી કૈદ અને જેલમાંથી મૂક્તિ અપાવીશ. આજ લોકો ઉપર તેઓના દીનની તરફથી દુરૂદ અને રહમત છે. હકીકતમા,, આ જ લોકો હિદાયત પામેલા છે તથા ઈન્સાનીય્યત માટે હિદાયતના નુરાની મીનારા છે.*

(ફરાએદુસ સીમતૈન, શેખુલ ઈસ્લામ હમ્વઈ શાફેઈ, ભાગ-૨, ૧૩૭-૧૩૯, રિવાયત નં. ૪૩૨)

**સમજુતીઃ**

આ હદીસનો સમાવેશ અમૂલ્ય હદીસોમાં થાય છે. તેના બેશુમાર ફાયદાઓ અને પાસાઓ છે. આ હદીસમાં ખૂબ જ સ્પષ્ટ રીતે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ના બાર જાનશીનોની ઓળખાણ, તેમના નામો તેમની સિફતો સાથે કરાવવામાં આવી છે. આ એજ બાર ખલીફાઓ છે જેનું વર્ણન જાબીર (અ.ર.) દ્વારા વર્ણવવામાં આવેલ રિવાયતમાં મૌજુદ છે. જે સંપૂર્ણ સાચી છે તથા તેનો ઉલ્લેખ સિહાહે સિત્તાહમાં પણ કરવામાં આવ્યો છે.

## હઝરત ઈમામ મહદી (અ.સ.)નો ઝુહુર યકીની છે

**રિવાયત નંઃ ૩**

હઝરત અલી (અ.સ.)એ હઝરત રસુલે અકરમ (સ.અ.વ.)થી રિવાયત કરી છે. આં હઝરત (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ

*'અગર દુનિયાને ખત્મ થવામાં માત્ર એક દિવસ બાકી રહી જાય તો પણ ખુદા જરૂર મારી એહલેબય્તમાંથી એક શખ્સને જાહેર કરશે, જે જમીનને ન્યાયથી એવી રીતે ભરી દેશે જેવી રીતે તે ઝુલ્મ અને અત્યાચારથી ભરાએલી હશે.'*

(અલ મુસ્નફ,૧૫/૧૯૮, મુસનદે એહમદ ૯૯, હ. ૧૯૪૯૪ સોનન અબી દાઉદ ૪/૧૦૭ હ. ૪૨૮૩)

**સમજુતીઃ**

૧) એ તમામ રિવાયતો જેમાં હઝરત મહદી (અ.સ.)ના ઝુહુરની ખુશખબરી આપવામાં આવી છે, તે બધી રિવાયતો હઝરત અ.સ.ના ઝુહુરને યકીની ઠરાવે છે. આ રિવાયત નં. ૪,૫ અને ૮ હેઠળ વર્ણવવામાં આવી છે, તે વધારે વિગતવાર ઝુહુર વિષે સ્પષ્ટતા કરે છે.

૨) આજ વિષયે રિવાયત નં. ૧૦,૨૨,૨૬,૩૬,૧૪૦ અને (પેજ નં. ૯૬) હેઠળ ૧૮૪,૧૯૨ તથા ૨૦૮ માં પણ ઝિક્ર છે.

૩) આ વિષયને મળતી આવતી રિવાયત અબુ હુરૈરાએ (ઈકદુદ્ દોરર, ભાગ ૧, પેજ નં. ૧૮/૨૦) અને અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઉદે (અલ મોઅજમુલ કબીર ભાગ-૧૦, પેજ નં. ૧૬૧, હદીસ નં. ૧૦૨૦૮) તથા હૌઝયફા બીન યમાનીએ (ઈકદુદ્ દોરર ભાગ-૧, પેજ નં. ૨૪) માં હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) થી નોંધ કરી છે.

## હઝરત ઈમામ મહદી (અ.સ.)નો ઝુહુર કયામત નજદીક હોવાની નિશાની છે

**રિવાયત નંઃ ૪**

મકાતીલ બીન સુલયમાન અને બીજા સમાન વિચારધારાના તફસીરકારોએ આ આયત

وَاِنَّهٗ لَعِلْمٌ لِّلسَّاعَةِ

***''અને યકીનન આ કયામતના દિવસની એક દલીલ છે.''***

(સુરએ ઝખરૂકઃ ૬૧)

ની તફસીરમાં ફરમાવ્યુંઃ

***'તે મહદી (અ.સ.) છે જે આખરી ઝમાનામાં થશે. તેમના ઝુહુર પછી કયામત અને તેની નિશાનીઓ જાહેર થશે.'***

(અલ બયાન ફી અખ્બારે સાહેબુઝઝમાન (હાફીઝ ગંજી શાફેઈ), પ્ર. ૨૫/૧૫૫, અલ ફોસુલુલ મોહીમ્મા (ઈબ્ને સબ્બાગે માલેકી) પ્ર. ૧૨, પા. ૩૪૫)

**સમજુતીઃ**

૧) બીજી હદીસોમાં પણ ઈમામ મહદી (અ.સ.) નો ઝુહુર 'ઈન્દ ઈકતરબતિસ સાઅત' કયામતની નજીક દર્શાવવામાં આવ્યો છે. જુઓ રિવાયત નં. ૧૦૨.

૨) આ રિવાયતથી એ બાબત પણ સ્પષ્ટ થાય છે કે કયામત ઈમામ મહદી (અ.સ.) ના ઝુહુર પછી આવશે. એટલે જ્યાં સુધી હઝરત ઈમામ મહદી (અ.સ.) નો ઝુહુર નહિ થાય ત્યાં સુધી કયામત નહિ આવે. વધુ વિગત માટે જુઓ રિવાયત નં. ૫, ૧૫ અને ૪૦.

## હઝરત ઈમામ મહદી (અ.સ.)નો ઝુહુર કયામતની જરૂરી શરત છે

**રિવાયત નંઃ ૫**

અબ્દુલ્લાહ બીન મસ્ઉદે હઝરત રસુલે અકરમ (સ.અ.વ.)થી આ રિવાયતની નોંધ કરી છે

***'કયામત ત્યાં સુધી નહીં આવી શકે જ્યાં સુધી મારી એહલેબયત (અ.સ.) માંથી એક શખ્સ જાહેર થાય, જેનું નામ મારૂં નામ હશે.'***

(મુસ્નદે એહમદ ૧/૩૭૬ સોનને તિરમીઝી- ભાગ-૪/૩૪, પ્ર. ૫૨,

હ. ૨૨૩૧, પાના નં. ૫૦૫)

**સમજુતીઃ**

૧) જુઓ રિવાયત નં. ૩,૪,૨૨,૪૦ અને ૧૯૨.

૨) આજ વિષયની હદીસ અબુ સઈદે ખુદરીથી મુસ્નદે એહમદ ભાગ-૩, પાના નં. ૧૭૦, ૩૬૭ માં તથા અબુ હુરૈરાથી મજમઉઝ ઝવાએદ (હયશમી) ભાગ-૭, પાના નં. ૩૧૫ માં નોંધવામાં આવી છે.

૩) કયામતનું આવવું યકીની છે. હદીસની રોશનીમાં જ્યાં સુધી હઝરત ઈમામ મહદી (અ.સ.) નો ઝુહુર નહિ થાય ત્યાં સુધી કયામત આવશે નહિ. આ કારણે ઈમામ (અ.સ.) નો ઝુહુર કયામતની જેમ યકીની અને તાર્કીક છે.

## હઝરત ઈમામ મહદી (અ.સ.) ઉમ્મતોનો વાયદો

**રિવાયત નંઃ ૬**

હઝરત ઇમામ બાકીર (અ.સ.) અને ઇમામ સાદિક (અ.સ.) એ આ આયતના બારામાં ફરમાવ્યુંઃ

وَلَقَدْ كَتَبْنَا فِي الزَّبُورِ مِن بَعْدِ الذِّكْرِ أَنَّ الْأَرْضَ يَرِثُهَا عِبَادِيَ الصَّالِحُونَ

***"અને તોરૈત પછી ઝબુરમાં લખી દીધું છે કે ઝમીનના વારીસ મારા નેક બંદાઓ થશે."***

(સુરએ અમ્બીયાઃ ૧૦૫)

***'તેનાથી મુરાદ કાએમ (અ.સ.) અને તેમના અસ્હાબો છે.'***

(યનાબીઉલ મવદ્દત, પ્ર. ૭૧/૪૨૫ પ્રકાશન ઇસ્તમબુલ, ભાગ - ૩/૮૦)

**સમજુતીઃ**

૧) આ હદીસ મુજબ તથા કુરઆનની ગવાહીના આધારે હઝરત મહદી (અ.સ.) અને તેમના અસ્હાબોની હુકુમતનું વર્ણન હઝરત દાઉદ (અ.સ.)ની ઝબુર અને તેની અગાઉ હઝરત મુસા (અ.સ.) ની

તવરૈતમાં પણ મૌજુદ છે. આ સંદર્ભમાં કઅબુલ અહબારની રિવાયત છે, જેમાં છે કે

*'હું અગાઉના અંબિયાઓ (અ.મુ.સ.)ની કિતાબોમાં હઝરત મહદી (અ.સ.)નું વર્ણન જોઉં છું તથા તેમના ફેંસલાઓ અદ્લ અને ઈન્સાફના ઉસુલોના આધારે હશે.'*

૨) આ બાબત રિવાયત નં. ૧૮૬ ઉપર જોઈ શકાય છે.

૩) તવરૈતમાં પણ હઝરત ઈમામ મહદી (અ.સ.)નો ઝીક્ર મૌજુદ છે જે રિવાયત નં. ૮૬ હેઠળ જોઈ શકાય છે.

## હઝરત ઈમામ મહદી (અ.સ.) થી સંબંધિત ખુશખબરી

**રિવાયત નં: ૭**

ઝહરીની રિવાયત છે કે મને જનાબ અલી બીન અલ હુસૈન ઝયનુલ આબેદીન (અ.સ.) એ તેમણે તેમના પિતાથી અને તેમણે જનાબે ફાતેમા ઝેહરા (સ.અ.) થી આ રિવાયત વર્ણવી છે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ મને ફરમાવ્યું:

*'અય ફાતેમા (સ.અ.)! હું તમને મહદી (અ.સ.)ની ખુશખબરી આપું છું. તે તમારા વંશમાંથી છે.'*

(અરફુલ, વરદી ફી અખ્બારીલ મહદી (અ.સ.) ૨/૬૬, જમ્ઉલ જવામેઅ ૧/૫)

**સમજુતી:**

૧) હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુર સંબંધિત ઘણી બધી રિવાયતો છે. દા.ત. રિવાયત નં. ૧૮૯ અને ૧૫૮.

૨) આ ખુશખબરીઓ હઝરત ઈમામ મહદી (અ.સ.)ની ફઝીલતોને પણ સ્પષ્ટ કરે છે. કારણકે પયગમ્બરે ઈસ્લામ (સ.અ.વ.)એ આ વાત જનાબે ફાતેમા (સ.અ.) માટે ગૌરવનું કારણ કરાર દીધી છે કે હઝરત મહદી (અ.સ.) તમારા વંશમાંથી હશે. આ સંબંધિત વધુ વિગત માટે જુઓ પાંચમું પ્રકરણ 'હઝરત ઈમામ મહદી (અ.સ.)ની ફઝીલતો.'

## હઝરત ઈમામ મહદી (અ.સ.) થી સંબંધિત હદીસો મુતવાતીર છે

**રિવાયત નં: ૮**

અબુલ હુસૈન આબરીએ કહ્યું: રિવાયતો મુતવાતીર છે અને સંખ્યાબંધ રાવીઓએ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)થી આ રિવાયતને વર્ણવી છે.

> *'તેઓ જરૂર જાહેર થશે અને તે આપ (સ.અ.વ.)ની એહલેબય્તમાંથી હશે અને તે આ દુનિયામાંથી ઝુલ્મ અને અન્યાયને ખતમ કરીને એક ન્યાયી હુકુમતની સ્થાપના કરશે અને તેમના સમયમાં હઝરત ઈસા (અ.સ.) જાહેર થશે અને ઈમામ (અ.સ.)નો સમયગાળો હ. ઈસા (અ.સ.)ના પાછા ફરવાનો સમયગાળો હશે. હઝરત ઈસા (અ.સ.) આપ (અ.સ.) ની પાછળ નમાઝ પઢશે.'*

(અસ્સવાએકુલ મોહર્રેકા, પ્ર. ૧૧, ફસ્લ-૧, પેજ નં. ૨૫૪)

**સમજુતી:**

૧) અબુલ હુસૈન આબરી એહલે સુન્નતના ઘણા બુઝુર્ગ આલિમ છે. તેમનું સંપૂર્ણ નામ આ મુજબ છે. મોહમ્મદ બિન હુસૈન બિન ઈબ્રાહીમ આબરી સજીસ્તાની (વફાત હિ. ૩૬૩) 'મનાકીબે અશ્શાફેઈ' તેમની ખૂબજ મશ્હુર કિતાબ છે.

૨) એહલે સુન્નતના સંખ્યાબંધ આલિમોએ હઝરત ઈમામ મહદી (અ.સ.) સંબંધિત મુતવાતિર હદીસોના સિલસિલામાં ઘણા બધા મતાલીબ બયાન કર્યા છે. જેમકે અલ્લામા મોહમ્મદ બિલ અલી શવકાની એ આ સંદર્ભમાં એક કિતાબ લખી છે જેનું નામ છે 'અત તવઝીહો ફી તવાતુરે મા જાઅ ફી મહદી વદદજજાલ વલ મસીહ'. મોહમ્મદ બિન જઅફર કેતાની માલેકી (૧૨૭૪-૧૩૪૫) એ આ સંદર્ભમાં એક કિતાબ 'નઝમુલ મુતનાસીર અન હદીસીલ મુતવાતીર'ના નામથી કિતાબ લખી છે તેમાં ૨૮૯ વિષય હેઠળ ચર્ચા કરી છે.

૩) એહલે સુન્નતના બુઝુર્ગ આલિમ જનાબ અબ્દુલ્લાહ બિન મોહમ્મદ બિન સિદ્દિકે પોતાની કિતાબ 'અલ મહદી અલ મુન્તઝર' માં તે રિવાયતોને એકત્ર કરી છે કે જે એહલે સુન્નતની હદીસોની કિતાબમાં મૌજુદ છે અને વર્ણવવામાં આવી છે. આ પ્રકારની હદીસોને રસુલે ખુદા (સ.અ.વ.) થી ૩૮ લોકોએ (૩૩ અસ્હાબ / ૫ તાબેઈન) એ નોંધી છે. એ સ્પષ્ટ છે કે આટલા બધા લોકો દ્વારા હદીસની નોંધ કરવી એ તવાતુરથી પણ વધીને છે તથા રિવાયતોની વધારે સંખ્યાએ આ વિષયના દરેક પ્રકારની શંકા-કુશંકાઓને પાછળ રાખી દીધા છે. તેમજ હઝરત રસુલે અકરમ (સ.અ.વ.) થી રિવાયત ની નોંધ કરવી એ રિવાયતના وثوق અને તવાતુરની મહોર મારી દે છે.

**હઝરત ઈમામ મહદી (અ.સ.) અને મુસલમાનોનું એકમત હોવું**

**રિવાયત નંઃ ૯**

ઇબ્ને ખલ્દુનનું બયાન છે.

*'બધા મુસલમાનોની નજીક આ વાત દરેક ઝમાનામાં મશ્હુર રહી કે આખરી ઝમાનામાં એક શખ્સનો ઝહુર જરૂરી છે જે આપની એહલેબય્તમાંથી હશે, જે દીન માટે અક સ્તંભ સમાન હશે, અદ્લ અને સમાનતાને ફેલાવશે, મુસલમાનો તેમને અનુસરશે, તે બધા ઈસ્લામી દેશો ઉપર કાબુ મેળવશ અને તેનુ નામ મહદી (અ.સ.) હશે.'*

(અલ મુકદ્દમા ઈબ્ને ખલ્દુનઃ ૩૬૭)

**સમજુતીઃ**

૧) હમ્બલી ફીરકાના ફકીહ જનાબ શમ્સુદ્દીન મોહમ્મદ સફારીની (૧૧૧૪-૧૧૮૮) પોતાની એક નઝમ 'અદ દુર્રતુલ મોઝીઅતો ફી અકીદતીલ ફીરકતીલ મરઝીય્યહ' માં હઝરત ઈમામ મહદી (અ.સ.) ના અકીદા અને તેમના ઝુહુર સંબંધિત ફરમાવે છે.

وَمَا اَتٰی فِی النَصِّ مِنْ اَشْرَاطٖ فَکُلُّہٗ حَسَنٌ بِلَا شَطَاطٖ

مِنْھَا الْاِمَامُ الْخَاتَمُ الْفَصِیْحُ مُحمدٌ اَلْمَھْدِیْ وَالْمَسِیْحُ

*'કયામતની નિશાનીઓના સંદર્ભમાં જે કંઈ કુરઆન અને હદીસમાં આવ્યું છે તે બધુ હક છે. તેમાં કોઈ વહેમ કે શંકા નથી. તે નિશાનીઓમાંથી અંતિમ ઈમામ મહદી (અ.સ.) છે તથા હઝરત ઈસા (અ.સ.).'*

ત્યારબાદ ઉપરોકત પંકિતની સ્પષ્ટતા આ રીતે કરે છે.

હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુર સંબંધિત એટલી બધી વધારે રિવાયતો છે કે જે રૂહાની તવાતુરની હદ સુધી છે તથા આ બાબત એહલે સુન્નતના આલિમોની નજીક એટલી બધી મશહુર છે કે તેને તેઓનો એક અકીદો ગણવામાં આવે છે, આ આધારે હઝરત ઈમામ મહદી (અ.સ.) ઉપર ઈમાન લાવવું વાજીબ છે. ઈલ્મ ધરાવનારાની નજદિક આ બાબત સંપૂર્ણ સ્વીકારવા લાયક છે. આજ પરિસ્થિતિ શીઆઓની નજીક પણ છે.

(સવાનેહે અન્વારૂલ બહીય્યહ, ભાગ-૨, ઉપરોકત અશ્આર હેઠળ કાએદુલ ખામાહ)

૨) હનફી ફીરકાના બુઝુર્ગ આલિમ જનાબ અલાઉદ્દીન અલી બિન હિસામુદ્દીન મુત્તકી (૮૮૫-૯૭૫) એ પોતાની અમૂલ્ય કિતાબ 'અલ બુરહાન ફી અલામાતે મહદી આખેરૂઝ ઝમાન' ના ૧૩ માં પ્રકરણમાં પોતાના સમયના ફીકહના ચારેય ઓલમાઓથી હઝરત ઈમામ મહદી (અ.સ.) સંબંધીત ફતવાની નોંધ કરી છાં. ચાર ફકીહોના નામ આ મુજબ છે.

૧. અલ્લામા ઈબ્ને હજરે શાફેઈ

૨. અલ્લામા અબુ સુરૂર એહમદ બિન ઝીયાઅ હનફી

૩. મોહમ્મદ બિન મોહમ્મદ ખેતાબી માલેકી

૪. યહયા બિન મોહમ્મદ હમ્બલી.

જો કે આ ચારેય ફકીહો દ્વારા આ ફતવો સય્યદ મોહમ્મદ જોનપુરી (વફાત હિ. ૯૧૦) ના જુઠા મહદવીય્યતના દાવાને

નકારતા જાહેર કર્યો હતો પરંતુ તેની સાથો સાથ હઝરત ઈમામ મહદી (અ.સ.)ના અકીદાની હક્કાનીય્યતને પણ સાબિત કરે છે.

૩) અલ્લામા શૈખ મન્સુરઅલી નાસીફ (વફાત હિ. ૧૩૭૧) એ પોતાની કિતાબ 'શરહ તાજુલ જામેઉલ ઉસુલ' ની શરહમાં હઝરત ઈમામ મહદી (અ.સ.) ના અકીદા સંબંધિત અમૂલ્ય બાબતો બયાન કરી છે. (જુઓ ગાયતુલ મામુલ, ભાગ-૫, પાના નં.૩૬૦-૩૬૧, પ્રકાશન-બૈરૂત)

## હઝરત મહદી (અ.સ.) હક છે

**રિવાયત નં: ૧૦**

ઈસ્હાક બીન અબ્દુલ્લાહે ઈમામ ઝયનુલ આબેદીન(અ.સ.)થી આ આયતની હેઠળ

فَوَرَبِّ السَّمَآءِ وَ الْاَرْضِ اِنَّهٗ لَحَقٌّ مِّثْلَ مَاۤ اَنَّكُمْ تَنْطِقُوْنَ

*''આકાશ તથા જમીનના પાલનહારની કસમ! બેશક આ (કુરઆન) હક છે, જેમ તમે વાતો કરો છો.''*

(સુરએ ઝારેયાતઃ ૨૩)

રિવાયત કરતા આપ (સ.અ.વ.) એ ફરમાવ્યું:

*'હા, અમારા કાએમ (અ.સ.) નો કયામ હક છે, જેવી રીતે તમે વાતચીત કરો છો.'*

(યનાબીઉલ મોવદ્દત-૧૧૫)

**સમજુતીઃ**

હઝરત ઈમામ મહદી (અ.સ.) ના ઝુહુર સંબંધિત આ રિવાયતો જુઓ - રિવાયત નં. ૩, ૨૨, ૨૬, ૧૩૬ અને ૪૦.

## હઝરત મહદી (અ.સ.) ના બારામાં શંકા ગુમરાહી છે

**રિવાયત નં: ૧૧**

મુફઝઝલે ઈમામ સાદિક (અ.સ.) ને આ આયતનો અર્થ પૂછ્યો:

اَلَاۤ اِنَّ الَّذِيْنَ يُمَارُوْنَ فِى السَّاعَةِ لَفِىْ ضَلٰلٍۢ بَعِيْدٍ

*"જે લોકો કયામતમાં શક કરે છે તેઓ સ્પષ્ટ ગુમરાહીમાં છે."*

(સુરએ શૂરાઃ ૧૮)

તો આપ (અ.સ.) એ ફરમાવ્યું:

*'શક કરનારા લોકો પૂછશે ઈમામ મહદી (અ.સ.) કયારે પૈદા થયા? આપ (અ.સ.)ને કોણે જોયા? આપ (અ.સ.) અત્યારે કયાં છે? આપ (અ.સ.) કયારે જાહેર થશે? આ બધી બાબતો ખુદાવન્દે આલમની કઝા અને કદ્રમાં શંકા કરવા બરાબર છે. આ તે લોકો છે જેઓ દુનિયા અને આખેરતમાં નુકશાન ઉઠાવશે.'*

(યનાબીઉલ મોવદ્દત, પ્ર. ૭૧/૪૨૮, પ્રકાશન ઈસ્તંબુલ)

**સમજુતીઃ**

૧) રિવાયત નં. ૧૨, ૩૯, ૫૯ અને ૨૦૨ પણ આ જ પ્રકારના અર્થનું સમર્થન કરે છે.

૨) રિવાયત નં. ૬૨ માં જનાબે ઈબ્ને અબ્બાસે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) થી આ રિવાયત વર્ણવી છેઃ

૩) ખબરદાર! તેમાં શક ન કરો કારણકે ખુદાવંદે આલમના અમ્રમાં શક કરવો કુફ્ર છે.

૪) આ રિવાયત તથા આ પ્રકારની બીજી રિવાયતોથી એ સ્પષ્ટ છે કે હઝરત ઈમામ મહદી (અ.સ.) નો ઈન્કાર કુફ્ર છે, (જુઓ રિવાયત નં. ૧૭) સુરએ શુરાની વર્ણવેલી આયત નં. ૧૮ ની સ્પષ્ટતાના આધારે હઝરત ઈમામ મહદી (અ.સ.) ના ઝુહુરનો ઈન્કાર પણ ગુમરાહી છે.

## હઝરત મહદી (અ.સ.) ઉપર શક કરવો બાતીલ છે.

**રિવાયત નંઃ ૧૨**

સુદૈર સેરફીની રિવાયત છે કે હઝરત ઇમામ સાદિક (અ.સ.) એ ફરમાવ્યું:

*'તેમની (ઈમામે ઝમાના અ.સ.ની) ગયબત હઝરત ઈસા (અ.સ.)ની ગયબત જેવી છે. યહુદીઓ અને ખ્રિસ્તીઓ તેમના કતલ થવા બાબતમાં એકમત છે, જ્યારે કે ખુદાએ તેઓને જુઠલાવ્યા.'*

وَمَا قَتَلُوْهُ وَمَا صَلَبُوْهُ وَلٰكِنْ شُبِّهَ لَهُمْ

*''ન તો તેઓએ તેમણે કત્લ કર્યા અને ન તો તેમને તેઓએ સુળીએ ચઢાવ્યા, પરંતુ હકીકત તેમના માટે શંકાશીલ થઈ ગઈ.''*

(સુરએ નિસાઃ ૧૫૭)

*'લાંબી ગયબતના કારણે લોકો ઈન્કાર કરવા લાગ્યા અને ગુમરાહીની વાતો કરશે કે હજી તેઓ પૈદા જ નથી થયા. કેટલાક એમ કહેશે કે પૈદા થયા અને મૃત્યુ પામ્યા. કેટલાક એમ કહેશે કે અગિયારમાં ઈમામને કોઈ સંતાન જ ન હતું. કેટલાક એમ કહે છે કે ત્રણની સ,,ંયા છે. કેટલાક જુદી જ વાત કરે છે અને અમુક એમ કહે છે કે હઝરત કાએમ (અ.સ.)ની રૂહ બીજા શરીરમાં રહે છે. આ બધી અયોગ્ય, અશોભનીય અને વિરોધાભાસી વાતો બાતીલ છે.'*

અબ્દુલ્લાહ બીન મસ્ઉદે હઝરત રસુલે અકરમ (સ.અ.વ.) થી આ રિવાયતની નોંધ કરી છે.

(યનાબીઉલ મોવદ્દત, પ્ર. ૮૦, ભાગ ૩/૧૧૬,મનાકીબમાંથી નોંધ કરી)

**સમજુતીઃ**

હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.) એ હઝરત ઈમામ મહદી (અ.સ.) નાં બારામાં જે પ્રકારના મતભેદની આગાહી કરી હતી, તે દરેક શબ્દશઃ સાચી સાબિત થઈ છે. ખુદાવંદે તઆલા આપણને બધાને આખર ઝમાનાની દરેક ગુમરાહીથી હિફાઝતમાં રાખે.

**હઝરત ઈમામ મહદી (અ.સ.) ઉપર ઈમાન ગચ્બ ઉપર ઈમાન છે**

**રિવાયત નંઃ ૧૩**

હઝરત ઈમામ સાદિક (અ.સ.)એ આ આયત હેઠળ ફરમાવ્યું:

وَيَقُوْلُوْنَ لَوْلَآ اُنْزِلَ عَلَيْهِ اٰيَةٌ مِّنْ رَّبِّهٖ فَقُلْ

اِنَّمَا الْغَيْبُ لِلّٰهِ فَانْتَظِرُوْا اِنِّىْ مَعَكُمْ مِّنَ الْمُنْتَظِرِيْنَ

*''અને તેઓ કહે છે કે તેના પરવરદિગાર તરફથી તેના પર કોઈ નિશાની કેમ નથી ઉતરી? તો (હે રસુલ!) તું કહે કે ગય્બનો માલિક તો અલ્લાહજ છે માટે તમે ઈન્તેઝાર કરો. બેશક હું પણ તમારી સાથે ઈન્તેઝાર કરનારમાંથી છું.''*

(સુરએ યુનુસઃ ૨૦)

*'આ આયતમાં ગય્બથી મુરાદ હઝરત હુજ્જતે કાએમ (અ.સ.) છે.'*

(યનાબીઉલ મોવદ્દત, પ્ર. ૭૧)

**સમજુતીઃ**

'ગય્બ' તે દરેક બાબતને કહેવામાં આવે છે જે શરીરની પાંચ ઈન્દ્રીયોથી ગાએબ હોય (જેમકે જોવું, સાંભળવું, સુંઘવું, ચાખવું, સ્પર્શવું) જેના ઘણા બધા ઉદાહરણો છે, જેમ કે આખેરત ઉપર ઈમાન, મલાએકાઓ ઉપર ઈમાન, આખર ઝમાનામાં હુજ્જતે ગાએબ ઉપર ઈમાન. સુરએ બકરહની ત્રીજી આયત મુજબ ગય્બ ઉપર ઈમાન લાવવું, તકવા ધારણ કરનારાઓની લાક્ષણિકતા છે.

**હઝરત ઈમામ મહદી (અ.સ.) અલ્લાહની વાજીબ હુજ્જતોમાંથી છે**

**રિવાયત નં: ૧૪**

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ના ઊંટની દેખરેખ કરનાર 'અબી સલમા'નું બયાન છે. તેણે આં હઝરત (સ.અ.વ.) ને કહેતા સાંભળ્યાઃ

*'જે રાત્રે મને આસમાન ઉપર લઈ જવામાં આવ્યો ત્યારે ખુદાવન્દે બુઝુર્ગે મને ફરમાવ્યુંઃ અય મોહમ્મદ (સ.અ.વ.) મેં તમને પૈદા કર્યા અને અલી, ફાતેમા, હસન, હુસૈન (અ.મુ.સ.) ના વંશમાંથી ઈમામો પૈદા કર્યા, એ બધા ને મારા નૂરથી પૈદા*

*કર્યા અને તમારી વિલાયત આસમાન અને જમીન સમક્ષ રજુ કરી. જેણે કબુલ કરી તે મારી નજીક મોઅમીન છે અને જેણે ઈન્કાર કર્યો તે મારી નજીક કાફીર છે. અય મોહમ્મદ (સ.અ.વ.) શું તમે તેમને જોવા ચાહો છો?*

*મેં કહ્યું: ''હા, મારા પરવરદિગાર.''*

*ખુદાએ મને કહ્યું: ''અર્શની જમણી બાજુએ જુઓ.''*

*જ્યારે મેં ત્યાં જોયું તો મેં અલી (અ.સ.), ફાતેમા (સ.અ.), હસન (અ.સ.), હુસૈન (અ.સ.), અલી બીન હુસૈન (અ.સ.), મોહમ્મદ બીન અલી (અ.સ.), જઅફર બીન મોહમ્મદ (અ.સ.), મુસા બીન જઅફર (અ.સ.), અલી બીન મુસા (અ.સ.), મોહમ્મદ બીન અલી (અ.સ.), અલી બીન મોહમ્મદ (અ.સ.) અને હસન બીન અલી (અ.સ.) અને મહદી (અ.સ.)ને જોયા. તેમાંથી મહદી (અ.સ.)ને વધુ પ્રકાશિત જોયા. તેઓ બધા નમાઝ પઢી રહ્યા હતા અને કયામની હાલતમાં હતા અને મહદી તેઓની વચ્ચે પ્રકાશિત સિતારાની જેમ ચમકી રહ્યા હતા.'*

*ખુદાએ ફરમાવ્યું:*

*'આ હુજ્જતો છે અને આ (મહદી અ.સ.) આપની ઈતરતનો બદલો લેશે. મને મારી ઈજ્જત અને જલાલની કસમ, આ જ મારા દોસ્તો માટે જરૂરી હુજ્જત છે અને આ જ મારા દુશ્મનોથી બદલો લેશે.'*

(મકતલુલ હુસૈન, (ખતીબ ખવારઝમી હનફી) ૧/૯૬, ફરાએદુસ્સીમતૈન (શૈખુલ ઈસ્લામ હમ્વઈ શાફેઈ) ૨/૨૩૩, હ. ૫૭૧)

**સમજુતીઃ**

૧) આ રિવાયતથી એ સ્પષ્ટ થાય છે કે હઝરત મહદી (અ.સ.) નું સર્જન પણ એ જ નૂર દ્વારા કરવામાં આવ્યું છે જે નૂર દ્વારા હઝરત

રસુલે ખુદા (સ.અ.વ.) તથા બીજા એહલેબય્ત (અ.મુ.સ.) નું સર્જન કરવામાં આવ્યું છે.

૨) આ રિવાયતમાં પણ બીજી રિવાયતો માફક એ બાબતની તાકીદ કરવામાં આવી છે કે ઈમાનની સંપૂર્ણતા અને આમાલની કબુલીય્યત માટે હઝરત ઈમામ મહદી (અ.સ.) ઉપર ઈમાન લાવવું જરૂરી છે.

## ઈમામ મહદી (અ.સ.) મુત્તકી અને પરહેઝગારોના ઈમામ

**રિવાયત નં: ૧૫**

અલી બીન આસીમે મોહમ્મદ બીન અલી બીન મુસા (અ.સ.)થી, તેમણે પોતાના પિતાથી તેમણે તેમના દાદા હુસૈન બીન અલી (અ.સ.) થી રિવાયતની નોંધ કરી છે કે તેમણે ફરમાવ્યું: હું હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ની ખિદમતમાં હાજર થયો તે સમયે ત્યાં અલી બીન કઅબ હતા. હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ મને ફરમાવ્યું:

*'ખુદાવન્દે આલમે હઝરત હસન અસ્કરી (અ.સ.)ની પીઠમાં બરકતવાળો, પાકીઝા, તાહીર, પાક નુત્ફો મૂક્યો છે. ફકત એ જ મોઅમીનો તેનો સ્વિકાર કરશે જેઓની ખુદાએ વિલાયતથી કસોટી કરી હશે અને કાફીર તેનો ઈન્કાર કરશે. તેઓ મુત્તકી, પરહેઝગાર અને પાકીઝા લોકોના ઈમામ છે, તેઓ હાદી તથા મહદી છે. તેઓ ન્યાયથી ફેંસલા કરશે અને ન્યાયનો જ હુકમ આપશે.'*

(ફરાએદુસ સીમતૈન, ભાગ-૨, પ્ર. ૩૫, હ. ૪૪૭ પાના ૧૫૮)

**સમજુતી:**

આજ બાબત બીજી રિવાયતોમાં પણ બયાન કરવામાં આવી છે. જનાબે જાબીર (અ.ર.) એ હઝરત રસુલે અકરમ (સ.અ.વ.) થી રિવાયતની નોંધ કરી છે કે જેમાં આં હઝરત (સ.અ.વ.) એ પોતાના બાર વસીઓના નામ જણાવ્યા છે અને હઝરત મહદી (અ.સ.) માટે ફરમાવ્યું છે કે:

*'તેમની ઈમામત ઉપર એ જ સાબિત કદમ રહેશે જેના દિલની અલ્લાહે ઈમાન દ્વારા કસોટી કરી હોય.*

## હઝરત ઈમામ મહદી (અ.સ.) ઉપર ઈમાન લાવવું ઈમાનના સંપૂર્ણ હોવાની દલીલ છે.

**રિવાયત નં.: ૧૬**

અબી હફસ બીન એહમદ બીન નાફેઅ બસરીનું બયાન છેઃ મારા પિતાએ મને કહ્યુંઃ (તે ઈમામ અલી રેઝા (અ.સ.) ના ખાદીમ હતા) કે ઈમામ (અ.સ.) એ ફરમાવ્યું કે મારા પિતા અબા સાલેહ મુસા બીન જઅફરે મને ફરમાવ્યુંઃ તેમણે ફરમાવ્યું મારા પિતા જઅફર સાદિક (અ.સ.) એ મને ફરમાવ્યુંઃ તેમણે ફરમાવ્યું કે મને મારા પિતા બાકીરે ઓલુમે અમ્બીયા મોહમ્મદ બીન અલી (અ.સ.) એ ફરમાવ્યું કે મને મારા પિતા સય્યદુલ આબેદીન અલી બીન હુસૈન (અ.સ.) એ ફરમાવ્યું તેમણે ફરમાવ્યું કે મને મારા વાલીદ સય્યદુશ્શોહદા હુસૈન બીન અલી (અ.સ.) એ ફરમાવ્યુંઃ તેમણે ફરમાવ્યું કે મને મારા પિતા સય્યદુલ અવલીયા અલી બીન અબી તાલીબ (અ.સ.) એ ફરમાવ્યું, તેમણે કહ્યું કે મને મારા ભાઈ રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ

*'જે શખ્સ એ વાત પસંદ કરે છે કે ખુદા સાથે એવી રીતે મુલાકાત કરે કે ખુદા તેની તરફ ધ્યાન આપે અને ધ્યાન ન ફેરવે તો તેના માટે જરૂરી છે કે અલી (અ.સ.)ને વલી તરીકે કબુલ કરે. જે એમ ચાહે કે ખુદા સાથે એ હાલતમાં મુલાકાત કરે કે ખુદા તેનાથી રાજી હોય તો જરૂરી છે કે આપ (અ.સ.)ના પુત્ર હસન (અ.સ.)ને વલી તરીકે સ્વિકારે. જે એમ ચાહતો હોય કે અલ્લાહ તેની સાથે એ હાલતમાં મુલાકાત કરે કે તેના ઉપર કોઈ ડર કે ગમ ન હોય તો જરૂરી છે કે તે આપ (અ.સ.)ના ફરઝંદ હુસૈન (અ.સ.) ને વલી તરીકે સ્વિકારે. જે ખુદા સાથે એ રીતે મુલાકાત કરવા ચાહે કે તેના બધા ગુનાહો દૂર થઈ ગયા*

હોય તો તેણે અલી બીન હુસૈન (અ.સ.)ને વલી તરીકે માને જેમકે ખુદાવન્દે આલમ ફરમાવે છેઃ

سِيْمَاهُمْ فِيْ وُجُوْهِهِمْ مِّنْ اَثَرِ السُّجُوْدِ

"તેમના ચહેરાઓમાં સિજદાના ચિન્હો મૌજુદ છે."

(સુરએ ફત્હઃ ૨૯)

જે અલ્લાહ સાથે એ પરિસ્થિતિમાં મુલાકાત કરવા ઈચ્છે કે ખુદા તેનાથી ખુશ હોય તો મોહમ્મદ બિન અલી અલ બાકીર (અ.સ.)ને વલી તરીકે સ્વિકારે. જે ખુદાવન્દે આલમ સાથે એ સ્થિતિમાં મુલાકાત કરવા ચાહે કે તેનું આમાલનામું જમણા હાથમાં દેવામાં આવે તો તેને જોઈએ કે જઅફર બીન મોહમ્મદ (અ.સ.)ને વલી તરીકે સ્વિકારે જે ખુદા સાથે પાક અને પાકીઝા હાલતમાં મુલાકાત કરવા ચાહતા હોય તેણે જોઈએ કે મુસા બીન જઅફર અલ કાઝીમ (અ.સ.)ને વલી સ્વિકારે. જે ખુદા સાથે હસ્તા, મુસ્કુરાતા મુલાકાત કરવા ચાહતો હોય તો તેને જા/ઈએ કે તે અલી બીન મુસા (અ.સ.)ને વલી તરીકે સ્વિકારે. જે ખુદા સાથે એ હાલતમાં મુલાકાત કરવા ચાહે કે તેના દરજ્જા બુલંદ હોય, તેની બુરાઈઓ નેકીઓમાં ફેરવાઈ ચૂકી હોય તો તેને જોઈએ કે તેમના ફરઝન્દ મોહમ્મદ (અ.સ.)ને વલી તરીકે સ્વિકારે. જે ખુદાવન્દે આલમ સાથે એ આશામાં મુલાકાત કરવા ચાહે કે તેનો હિસાબ આસાન અને ટૂંકો થઈ જાય અને તે જન્નતમાં દાખલ થાય જેની પહોળાઈ આસમાન અને જમીનની બરાબર છે, તો તેને જોઈએ કે તે તેમના ફરઝંદ અલી (અ.સ.) ને વલી તરીકે સ્વિકારે. જે ખુદા સાથે મુલાકાત કરવા ચાહતો હોય કે તેની ગણત્રી સફળ લોકોમાં થાય તો તેને જોઈએ કે તે તેમના ફરઝંદ હસન અસ્કરી (અ.સ.)ને વલી તરીકે સ્વિકારે.

*જે ખુદાવન્દે આલમ સાથે એ હાલતમાં મુલાકાત કરવા ચાહતો હોય કે તેનું ઈમાન સંપૂર્ણ હોય, ઈસ્લામ સૌથી શ્રેષ્ઠ હોય તેમણે તેમના પુત્ર સાહેબુઝઝમાન મહદી (અ.સ.)ને વલી તરીકે સ્વિકારે.*

*આ જ હઝરતો અંધકારમાં પ્રકાશિત દિવાઓ છે અને યકીનન મહદી (અ.સ.) હિદાયત છે. પછી જે તેમને દોસ્ત બનાવશે, તેમને વલી તરીકે સ્વિકારશે તેમના માટે હું જન્નતની જમાનત લઉં છું.*

(અલ અરબઉન (મોહમ્મદ બીન અબીલ ફવારીસ) હ. ૪)

**સમજુતીઃ**

૧) આજ કિતાબમાં લખેલી એક વધુ હદીસે કુદસીમાં હઝરત ઈમામ મહદી (અ.સ.) અને તેમના આબાઓ તાહેરીન (અ.મુ.સ.) ઉપર ઈમાન લાવવું જરૂરી ઠેરવવામાં આવ્યું છે તથા આ મુજબ બયાન કરવામાં આવ્યું છેઃ

*'જેણે તેમને કબુલ કર્યા તેઓ મારી નજીક મોઅમીન છે, જેણે ઈન્કાર કર્યો તે મારી નજીક કાફીર છે.'*

૨) આ રિવાયતો પણ જુઓ, રિવાયત નં. ૧૧, ૧૨, ૧૫, ૧૭ અને ૧૮

## હઝરત ઈમામ મહદી (અ.સ.)નો ઈન્કાર કુફ્ર છે

**રિવાયત નં.: ૧૭**

જાબીર બીન અબ્દુલ્લાહે અન્સારીએ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) થી આ રિવાયતની નોંધ કરી છેઃ

*'જેણે હઝરત મહદી (અ.સ.)ના ઝુહુરનો ઈન્કાર કર્યો તેણે એ બધી વાતોથી કુફ્ર કર્યું જે મોહમ્મદ (સ.અ.વ.) ઉપર નાઝીલ થઈ છે.'*

(લેસાનુલ મીઝાન (ઈબ્ને હજરે અસ્કલાની), ૫/૧૩૦, ફરાએદુસ સીમતૈન, ૨/૩૩૪, હ. ૫૮૫, ઈકદુદ્ દોરર ભાગ-૭/૧૫૭, અલ બુરહાન ફી અલામાતે મહદી આખેરૂઝ ઝમાન ભાગ-૧૨, હદીસ નં. ૨/૧૭૦)

**સમજુતીઃ**

૧) હઝરત ઈમામ મહદી (અ.સ.) નો ઈન્કાર એટલા માટે કુફ્ર ઠેરવવામાં આવ્યો છે કે હઝરત ઈમામ મહદી (અ.સ.)નો ઝુહુર ઈસ્લામી ઉસુલોમાંથી છે. રિવાયતો તથા આયતોમાં તેનું વર્ણન છે. તેમ છતાં પણ કોઈ શખ્સ ઈમામ મહદી (અ.સ.) નો ઈન્કાર કરે તો તે ઈસ્લામમાંથી બહાર નિકળી જાય છે.

૨) આ રિવાયતો પણ જુઓ રિવાયત નં. ૧૮, ૬૨ અને ૧૧૪.

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુર પછી ઈમાનનો કોઈ ફાયદો નથી

**રિવાયત નં. ૧૮**

અલી બીન રબાબે હઝરત સાદિક (અ.સ.) થી આ આયતના બારામાં નોંધ કરી છે કેઃ

يَوْمَ يَأْتِي بَعْضُ اٰيٰتِ رَبِّكَ لَا يَنْفَعُ نَفْسًا اِيْمَانُهَا لَمْ تَكُنْ اٰمَنَتْ

مِنْ قَبْلُ اَوْ كَسَبَتْ فِيْٓ اِيْمَانِهَا خَيْرًا قُلِ انْتَظِرُوْٓا اِنَّا مُنْتَظِرُوْنَ

*“જે દિવસે તારા પરવરદિગારની કેટલીક નિશાનીઓ જાહેર થશે, (તે દિવસે) કોઈ વ્યક્તિને તેનું ઈમાન લાવવું લાભ પહોંચાડશે નહિ, સિવાય કે જે પહેલાંથી ઈમાન ન લાવ્યો હોય અથવા તેણે નેક કાર્યો ન કર્યા હોય; તું કહી દે, કે તમે ઈન્તેઝાર કરો, અમે પણ ઈન્તેઝાર કરીએ છીએ.”*

(સુરએ અન્આમઃ ૧૫૮)

ના બારામાં ફરમાવ્યુંઃ

*‘નિશાનીઓ એહલેબય્ત (અ.મુ.સ.) છે અને અમૂક આયતોથી મુરાદ હઝરત કાએમે મુન્તઝર (અ.સ.) છે. તો જે શખ્સ ઝુહુરની પહેલા તેમના ઉપર ઈમાન નહી લાવ્યો હોય,*

*તેને તે સમયે ઈમાન લાવવાનો કોઈ ફાયદો થશે નહીં, જ્યારે તલ્વાર સામે હશે. પછી ભલે તે બાકીના ઈમામો (અ.મુ.સ.) ઉપર પહેલેથી ઈમાન કેમ ન ધરાવતો હોય.'*

(યનાબીઉલ મોવદ્દત, પ્ર. ૭૧, પા. ૪૨૨)

**સમજુતીઃ**

૧) આજ બાબત હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.) ની એક હદીસમાં બયાન કરવામાં આવી છે. આ રિવાયત ઈબ્ને દરાજે સુરએ સજદહની આયત નં. ૨૯ હેઠળ નોંધી છે. (સંદર્ભ ઉપર મુજબ, પાના નં. ૪૨૬)

૨) આ હદીસથી એ ફલિત થાય છે કે અગર ઈન્સાન તમામ અંબીયા અને હઝરત મહદી (અ.સ.)થી પહેલાં તમામ અઈમ્મા (અ.મુ.સ.) ઉપર ઈમાન ધરાવતો હોય પરંતુ છેલ્લા ઈમામ મહદી (અ.સ.) ઉપર ઈમાન ન ધરાવતો હોય તો તેની ગણત્રી મોઅમિનોમાં નહિ કરવામાં આવે.

## પ્રકરણઃ ૨

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ની વંશાવળી

### હઝરત મહદી (અ.સ.) કુરૈશ છે

**રિવાયત નં. ૧૯**

અબુ સઈદ ખુદરીએ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)થી રિવાયત કરી છેઃ

આ હઝરત (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ

*'તમને મહદી (અ.સ.)ની ખુશખબરી થાય, તેઓ કુરૈશથી અને મારા વંશમાંથી હશે તથા તે સમયે જાહેર થશે, જ્યારે લોકોમાં મતભેદ હશે અને લોકો જબરદસ્ત અનિશ્ચિતતાના શિકાર હશે. તેઓ દુનિયાને એવી રીતે ન્યાય અને ઈન્સાફથી ભરી દેશે, જેવી રીતે તે જુલ્મ અને અત્યાચારથી ભરાએલી હશે.'*

(સવાએકે મોહર્રેકા (શહાબુદીન એહમદ ઈબ્ને હજર હયશમી) પ્ર.૧, પાના નં. ૨૫૪, મુસ્નદ એહમદ ૩/૩૫ ૫૨ થોડા તફાવત સાથે)

**સમજુતીઃ**

જુઓ રિવાયત નં. ૨૦.

### હઝરત ઈમામ મહદી (અ.સ.) બની હાશિમમાંથી છે

**રિવાયત નં. ૨૦**

કતાદહે જનાબ સઈદ બીન મોસય્યબને પૂછ્યુંઃ

કતાદહઃ શું મહદી (અ.સ.) હક છે? સઈદે ફરમાવ્યુંઃ હાઁ

કતાદહઃ ક્યા ખાનદાનમાંથી છે? સઈદે ફરમાવ્યુંઃ કુરયશમાંથી

કતાદહઃ કુરયશની કઇ શાખમાંથી? સઈદે ફરમાવ્યુંઃ બની હાશીમમાંથી

કતાદહઃ બની હાશીમના ક્યાં વંશમાંથી? સઈદે ફરમાવ્યુંઃ અવલાદે અબ્દુલ મુત્તલીબમાંથી

કતાદહઃ અવલાદે અબ્દુલ મુત્તલીબમાં કોનાથી? સઈદે ફરમાવ્યુંઃ હઝરત ફાતેમા (સ.અ.) ના વંશમાંથી

કતાદહઃ જનાબે ફાતેમા (સ.અ.) ના ક્યા ફરઝંદથી? સઈદે ફરમાવ્યુંઃ અત્યારે તમારા માટે આટલું પુરતું છે.

(અલ મલાહેમુલ ફેતન (ઇબ્ને મનાવી) ૪૧ અલફેતન (નઈમ બીન હમાદ) ૧૦૧, ઈકદુદ્ દોરર, પ્ર.૧ પા. ૨૩ ફરાએદવ ફવાએદુલ ફીક્ર ફીલ મહદી ઉલ-મુન્તઝર-૨)

**સમજુતીઃ**

જુઓ રિવાયત નં. ૧૯, ૨૧, ૨૨, ૩૨ અને ૮૨. આ બધી રિવાયતો આજ પ્રકારના અર્થનું સમર્થન કરે છે.

## હઝરત ઇમામ મહદી (અ.સ.) રસુલે ખુદા (સ.અ.વ)ના ફરઝંદ છે

### રિવાયત નં. ૨૧

અબ્દુલ્લાહ બીન ઉમરે જનાબ રસુલે ખુદા (સ.અ.વ.) થી રિવાયત કરી છેઃ

*'છેલ્લા ઝમાનામાં મારા ફરઝંદોમાંથી એક શખ્સ જાહેર થશે. જેનું નામ મારૂં નામ હશે, જેની કુન્નિયત મારી કુન્નિયત હશે. દુનિયાને ન્યાયથી એવી રીતે ભરી દેશે જેવી રીતે તે ઝુલ્મ અને અત્યાચારથી ભરેલી હશે.'*

(તઝકેરએ ખવાસુલ ઉમ્મહા (સિબ્તે ઈબ્ને જવ્ઝી) - ૩૬૩, મીન્હાજુસ્સુન્નહ (ઈબ્ને તૈયમીયા), ૪/૨૧૧-ઈકદુદ્ દોરર - ૨/૩૨)

**સમજુતીઃ**

જુઓ રિવાયત નં. ૧૯, ૨૦, ૨૨ અને ૮૨

## હઝરત ઇમામ મહદી (અ.સ.) એહલેબય્તમાંથી છે

### રિવાયત નં. ૨૨

હઝરત અલી (અ.સ.) એ હઝરત રસુલ (સ.અ.વ.) થી આ રિવાયતની નોંધ કરી છેઃ

*'અગર દુનિયાના અંતમાં એક દિવસ બાકી રહી જશે તો ખુદા એ દિવસને એટલો લાંબો કરી દેશે ત્યાં સુધી કે મારી એહલેબય્તમાંથી એક શખ્સને મોકલશે, જે દુનિયાને ન્યાયથી એ રીતે ભરી દેશે જે રીતે તે ઝુલ્મ અને અત્યાચારોથી ભરાએલી હશે.'*

(સોનને અબી દાઉદ - કિતાબુલ મહદી - હ. ૪૨૮૩ - મુસ્નદે એહમદ ૧/૧૯૯ - અલ મુસ્નફ (ઈબ્ને અબી શયબા) ૧૫/૧૯૮, હ. ૧૯૪૯૪)

**સમજુતીઃ**

૧) આયએ મુબાહેલા, આયએ તત્હીર અને હદીસે કિસાઅ મુજબ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ના એહલેબૈત, હઝરત અલી (અ.સ.), જનાબે ફાતેમા (સ.અ.), હઝરત હસન (અ.સ.) તથા હઝરત હુસૈન (અ.સ.) છે. તેમજ પોતાના વિશાળ અર્થમાં તમામ અઈમ્મએ માઅસુમીન (અ.સ.) રસુલ (સ.અ.વ.) ના એહલેબૈતમાં શામેલ છે. આથી હઝરત ઈમામ મહદી (અ.સ.) હઝરત રસુલે અકરમ (સ.અ.વ.) ના એહલેબૈતમાંથી છે.

૨) અસંખ્ય રિવાયતોમાં હઝરત ઈમામ મહદી (અ.સ.)ને હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ના એહલેબૈતમાંથી ઠેરવવામાં આવ્યા છે. જુઓ રિવાયત નં. ૩, ૫, ૮, ૯, ૪૦, ૬૪, ૮૧, ૯૬, ૧૦૩, ૧૧૧, ૧૨૧, ૧૫૭, ૧૮૪ અને ૧૯૨.

## હઝરત ઈમામ મહદી (અ.સ.)
## હઝરત ઈમામ અલી (અ.સ.)ની અવલાદમાંથી છે

### રિવાયત નં. ૨૩

ઇબ્ને ઉમરની રિવાયત છે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ હઝરત અલી (અ.સ.) નો હાથ પકડીને ફરમાવ્યુંઃ

*'આમના વંશમાંથી એક યુવાન જાહેર થશે, જે દુનિયાને અદલો ઇન્સાફથી ભરી દેશે.'*

(અલ ફતાવીયુલ હદીસ (શહાબુદીન એહમદ ઈબ્ને હજરે હયશમી) ૩૭, મજમઉઝ ઝવાએદ (હયશમી), ૭/૩૧૭)

**સમજુતીઃ**

૧) એહલે સુન્નતની મુતવાતિર હદીસ દ્વારા એ સાબિત છે કે હઝરત ઈમામ મહદી (અ.સ.) જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) ના વંશમાંથી છે. આજ હદીસો એ પણ સ્પષ્ટ કરે છે કે હઝરત મહદી (અ.સ.) હઝરત અલી (અ.સ.) ના વંશમાંથી છે. જુઓ રિવાયત નં. ૨૪.

૨) આ રિવાયતો પણ ઉપરોક્ત વાતનું સમર્થન કરે છે. રિવાયત નં. ૧૪, ૨૫, ૨૬ અને ૨૭.

## હઝરત ઈમામ મહદી (અ.સ.) હઝરત ફાતેમા (સ.અ.) ની અવલાદમાંથી છે

**રિવાયત નં. ૨૪**

રસુલ (સ.અ.વ.)ના પત્નિ જનાબે ઉમ્મે સલમા એ રસુલે ખુદા (સ.અ.વ.) થી રિવાયત કરી છેઃ

*'મહદી (અ.સ.) હક છે અને તે જનાબે ફાતેમા (સ.અ.) ના વંશમાંથી છે.'*

(સોનને અબુ દાઉદ કિતાબુલ - મહદી હ. ૮૨૮૪ સોનને ઇબ્ને માજા ૨/૧૩૯૮ પ્ર. ૩૪, હ. ૪૦૮૬, તારીખુલ કબીર (બુખારી) ૩/૩૪૬ - ૨ કિસમ ૧/૩૧૬)

**સમજુતીઃ**

૧) હઝરત ઈમામ મહદી (અ.સ.) નું જનાબે ફાતેમા (સ.અ.) ના વંશમાંથી હોવું મુતવાતિર હદીસો દ્વારા સાબિત છે તથા ઈસ્લામના મુસ્લીમ અકીદાઓ પૈકી એક છે. જેમાં કોઈ પ્રકારની શંકાને સ્થાન નથી.

૨) શહાબુદ્દીન એહમદ બિન હજરે હયશમી મક્કી (વફાત હિ. ૯૭૪) હઝરત અલી (અ.સ.) તથા જનાબે ફાતેમા (સ.અ.) ની શાદી

તથા એ શાદી સંબંધિત હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ની દોઆ તથા એ દોઆના આધારે હઝરત અલી (અ.સ.) તથા જનાબે ફાતેમા (સ.અ.) ના બરકતવંતા વંશને બયાન કર્યા બાદ ફરમાવે છેઃ અગર હઝરત અલી (અ.સ.) તથા જનાબે ફાતેમા (સ.અ.) ના વંશમાં ફકત હઝરત મહદી (અ.સ.) જ હોતે તો પણ તેમના વંશની બરકત માટે એ પુરતુ હતું.

(અસ્સવાએકુલ મોહર્રેકા (શહાબુદ્દીન એહમદ ઈબ્ને હજરે હયશમી, ૧૬૧)

૩) જુઓ રિવાયત નં. ૧,૭,૨૦,૨૫ અને ૬૧ પણ ઉપરોકત અર્થઘટનને સમર્થન કરે છે.

## હઝરત ઈમામ મહદી (અ.સ.) ઈમામ હસન અને ઈમામ હુસૈન (અ.સ.)ની અવલાદ છે

### રિવાયત નં. ૨૫

હિલાલીથી રિવાયત છેઃ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ જનાબ ફાતેમા (સ.અ.)ને ફરમાવ્યુંઃ...

*'અય ફાતેમા (સ.અ.)! તેની કસમ જેણે મને હકની સાથે નિયુક્ત કર્યો આ ઉમ્મતના મહદી તેઓ બન્ને (હસન અ.સ. તથા હુસૈન અ.સ. એટલેકે હસનૈન અ.સ.) માંથી છે.'*

હિલાલીથી રિવાયત છે કે હું હઝરત રસુલે અકરમ (સ.અ.વ.) ની ખિદમતમાં તેમની મૃત્યુના સમયની બિમારી વખતે આખરી દિવસોમાં હાજર થયો. તે સમયે હઝરત ફાતેમા (સ.અ.) આં હઝરત (સ.અ.વ.)ના માથા પાસે બેઠા હતા. આપ (સ.અ.) મોટા અવાજે રડવા લાગ્યા. આપે માથુ ઉંચુ કરીને તેમને જોયા અને ફરમાવ્યુંઃ મારી લાડલી ફાતેમા (સ.અ.), તમે શા માટે રડો છો? જ. ફાતેમા (સ.અ.) એ અરજ કરી આપના પછી જે પરિસ્થિતિ ઊભી થશે તે માટે રડી રહી છું.

આં હઝરત (સ.અ.વ.) એ સાંત્વના આપતા ફરમાવ્યુંઃ

*'શું તમને નથી ખબર કે ખુદાવન્દે આલમે ઝમીન ઉપર એક નજર કરી તો તમારા બાબાને પસંદ કર્યા અને રસુલ નિયુક્ત કર્યા. પછી ફરી વખત નજર કરી અને તમારા પતિને પસંદ કર્યા અને અય ફાતેમા, ખુદાએ આપણને એહલેબય્તને સાત વિશેષતાઓ અતા કરી છે. જે આ પહેલા કોઈને નથી આપવામાં આવી અને આ પછી પણ કોઈને નહીં મળે.'*

*હું ખાતેમુન્નબીય્યીન છું. ખુદાની નજીક સૌથી વધુ માનવંતો છું અને બધા સર્જનોમાં ખુદાનો સૌથી વધુ મેહબુબ છું અને હું તમારો પિતા છું.*

*મારા વસી બધા વસીઓ કરતા બેહતર છે અને તેઓમાં સૌથી વધુ ખુદાના મેહબુબ છે અને તે તમારા પતિ છે.*

*આપણા શહીદ બધા શહીદોમાં બેહતર છે અને સૌથી વધુ ખુદાના મેહબુબ છે. તે તમારા કાકા હમ્ઝા બીન અબ્દુલ મુત્તલીબ છે. તે તમારા પિતા અને તમારા પતિના કાકા છે.*

*આપણામાં છે જેમને ખુદાએ બે લીલી પાંખો આપી છે. જે જન્નતમાં ફરિશ્તાઓ સાથે જ્યાં ચાહે છે ત્યાં ઉડે છે. તે તમારા કાકાના દિકરા ભાઈ અને તમારા પતિના ભાઈ છે.*

*અને આપણામાંથી આ ઉમ્મતના બે નવાસાઓ છે અને તે તમારા પુત્રો હસન (અ.સ.) અને હુસૈન (અ.સ.) છે. તે બન્ને જન્નતના જવાનોના સરદાર છે.*

*અને કસમ છે તે જાતની જેણે હકની સાથે મને નિયુકત કર્યો કે તેઓના પિતા તેમનાથી બહેતર છે.*

*અને અય ફાતેમા (સ.અ.) જેણે હકની સાથે મને નિયુકત કર્યો તેની કસમ. તે બન્ને (હસન અ.સ. અને હુસૈન અ.સ.) માંથી આ ઉમ્મતના મહદી છે....*

(ઝખાએરૂલ ઉકબા (મોહિબ્બુદીન તબરી) - ૪ - ૧૩૫/૧, અલ મોઅજમુલ કબીર (હાફીઝ સુલૈમાન તબરાની) ૩ / ૫૨, હ. ૨૬૭૫ - તારીખે મદીનતુહ

દમિશ્ક (ઈબ્ને અસાકીર શાફેઈ) ૧/૨૩૯, અત તબએ અવ્વલ અલતબએ
દવ્વુમ, ૧/૨૬૦)

**સમજુતીઃ**

હઝરત ઈમામ મહદી (અ.સ.), હઝરત ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.)ના વંશમાંથી છે. તેનું કારણએ છે કે હઝરત ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.)ના ઉચ્ચ દરજજાવાળા માનનીય માતા ઉમ્મે અબ્દુલ્લાહ જનાબે ફાતેમા (સ.અ.) હઝરત હસન (અ.સ.)ના પુત્રી છે. આ આધારે હઝરત ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.)થી હઝરત ઈમામ મહદી (અ.સ.) સુધી તમામ અઈમ્મા (અ.સ.) પિતા તરફથી હુસૈની તથા માતા તરફથી હસની છે. આ આધારે એહલે સુન્નતના અમુક આલિમોનું એ બયાન દલીલ વિહોણુ છે કે હઝરત ઈમામ મહદી (અ.સ.) હસની છે પરંતુ હુસૈની નથી. હઝરત ઈમામ મહદી (અ.સ.)ને હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ના બંને નવાસાઓની ઔલાદ હોવાની બુર્ઝુગી પ્રાપ્ત છે.

**હઝરત મહદી (અ.સ.) ઈમામ હુસૈન (અ.સ.)ના વશંમાથી છે**

**રિવાયત નં. ૨૬**

જનાબે હોઝયફાથી રિવાયત છે કે રસુલ (સ.અ.વ.) એ ફરમાવ્યું:

***'અગર દુનિયાનો માત્ર એક દિવસ બાકી રહી જશે તો ખુદાવન્દે આલમ તે દિવસને એટલો લાંબો કરી દેશે ત્યાં સુધી કે મારા વંશનો એક શખ્સ જાહેર થશે. જેનું નામ મારૂં નામ હશે.'***

આ સાંભળતા જનાબે સલમાન ઊભા થયા અને પુછ્યુંઃ અય રસુલે ખુદા (સ.અ.વ.) આપના ક્યા પુત્રના વંશમાંથી તે શખ્સ હશે ?

***'આપે પોતાનો હાથ ઈમામ હુસૈન (અ.સ.) ની પીઠ ઉપર રાખ્યો અને ફરમાવ્યું મારા આ ફરઝંદના વંશમાંથી.'***

(ઝખાએરૂલ ઉકબા ૧૩૬-૧૩૭, - મીઝાનુલ એઅતેદાલ ૨/ ૧૮ (શમ્સુદીન શહબી), હ. ૫૭૫, પ્રકાશન - કાહેરહ - ઈકદુદ્ દોરર, પ્ર. ૧/૨૪)

**સમજુતીઃ**

૧) એહલે સુન્નતના આલિમો આ સંદર્ભમાં વિવિધ અકીદાઓ ધરાવે છે કે ઈમામ મહદી (અ.સ.) ઈમામ હસન (અ.સ.) ના વંશમાંથી છે કે ઈમામ હુસૈન (અ.સ.) ના વંશમાંથી.

૨) રિવાયત નં. ૧૪, ૨૭, ૩૦, ૩૨, ૩૫, ૭૨, ૮૩, ૯૧ અને ૧૯૩ એ બાબતની દલીલ રજુ કરે છે કે હઝરત મહદી (અ.સ.) હઝરત ઈમામ હુસૈન (અ.સ.)ના વંશમાંથી છે. જ્યારે કે આ વાત પણ યોગ્ય છે કે ઈમામ મહદી (અ.સ.) ઈમામ હસન (અ.સ.) તથા ઈમામ હુસૈન (અ.સ.) ના વંશમાંથી છે. જુઓ રિવાયત નં. ૨૫ ની સ્પષ્ટતા.

આ સિલસિલામાં શાફેઈ ફીરકાના બુર્ઝુગ આલિમ જનાબ શમ્સુદ્દીન મોહમ્મદ જઝરી (હિ. ૭૫૧-૮૩૩) એ ફરમાવ્યું: સૌથી વધારે સાચું અને યોગ્ય એ છે કે હઝરત ઈમામ મહદી, અલ હુસૈન બિન અલી (રઝી.)ના વંશમાંથી છે કારણકે આ સંદર્ભમાં હઝરત અમીરૂલ મોઅમેનીન અલી (અ.સ.) ની નસ્સ મૌજુદ છે. જેમકે શોએૈબ બિન અબુ ખાલિદે અબુ ઈસ્હાકથી રિવાયત કરી છે કે

*'હઝરત અલી (અ.સ.) એ પોતાના ફરઝંદ હઝરત ઈમામ હુસૈન (અ.સ.) તરફ જોયું અને ફરમાવ્યું! બેશક મારો આ પુત્ર સરદાર છે જેમકે હઝરત રસુલે ખુદા (સ.અ.વ) એ ફરમાવ્યું છે, તેના વંશમાંથી એક એવો શખ્સ જાહેર થશે જે તમારા નબીના નામવાળો હશે, તે રસુલ ને મળતો આવતો હશે.'*

**હઝરત મહદી (અ.સ.) ઈમામ હુસૈન (અ.સ.)ના નવમાં વંશજ છે**

**રિવાયત નં. ૨૭**

જનાબે સલમાને મોહમ્મદીથી રિવાયત છે. હું હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ની ખિદમતમાં હાજર થયો. તે સમયે ઈમામ હુસૈન (અ.સ.)

આપના ખોળામાં બેઠા હતા અને તેમની આંખોને અને મોઢાને ચુમી રહ્યા હતા અને ફરમાવી રહ્યા હતાઃ

*'તમે સરદાર છો, સરદારના ફરઝંદ છો, સરદારોના પિતા છો. તમે ઈમામ છો, ઈમામના ફરઝંદ છો અને ઈમામોના પિતા છો. તમે હુજ્જત છો, ખુદાની હુજ્જતના ફરઝંદ છો અને નવ હુજ્જતોના પિતા છો, જેમાંના નવમાં કાએમ (અ.સ.) છે.'*

(મકતલુલ હુસૈન, પ્ર. ૭/૧૪૬ - મોવદ્દતુલ કુરબા - ૧૦/૯૫ - પ્રકાશન લાહોર, અરહજુલ મતાલિબ (અબ્દુલ્લાહ અમૃતસરી) ૪૪૮)

**સમજુતીઃ**

૧) આ રિવાયત એ વાતનું સમર્થન કરે છે ઈમામ મહદી (અ.સ.), હઝરત ઈમામ હુસૈન (અ.સ.) ના વંશમાંથી છે. જુઓ રિવાયત નં. ૨૦ અને ૨૬ ની તવઝીહ.

૨) જુઓ રિવાયત નં. ૧૪ અને ૩૦ પણ ઉપરોકત વાતનું સમર્થન કરે છે.

૩) આ રિવાયતથી એ પણ સ્પષ્ટ થાય છે કે હઝરત ઈમામ મહદી (અ.સ.) આખર ઝમાનામાં પૈદા નહિં થાય બલ્કે સય્યદુશ શોહદા હઝરત ઈમામ હુસૈન (અ.સ.)ના વંશમાંથી નવમાં હશે અને તેઓ (અ.સ.) પૈદા થઈ ચૂકયા છે.

## હઝરત ઈમામ મહદી (અ.સ.) ઈમામ ઝૈનુલ આબેદીન (અ.સ.)ના વંશમાંથી છે

### રિવાયત નં. ૨૮

જનાબ જાબીર બીન અબ્દુલ્લાહ અન્સારીની રિવાયત છે કે જુન્દબ બિન જુનાદાહ બિન જુબૈર નામનો એક યહુદી હ. રસુલે ખુદા (સ.અ.વ.)ની ખિદમતમાં હાજર થયો અને કહેવા લાગ્યો આપ આપના પછી આપના વસીઓની બાબતમાં બયાન ફરમાવો, જેથી કરીને તેમને વળગી રહું.

આં હઝરત (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ મારા વસીઓ બાર (૧૨) છે.

જુનદબે કહ્યુંઃ આ વાત તૌરેતમાં પણ લખેલી છે, અય ખુદાના રસુલ (સ.અ.વ.) તેમના નામો પણ બયાન કરો.

આં હઝરત (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ

*સૌથી પહેલા વસીઓના સરદાર અબુલ હસન અલી (અ.સ.) છે. પછી તેમના બે પુત્રો હસન અને હુસૈન (અ.સ.). જુઓ તેમનાથી વળગી રહેજો અને જાહિલોના પ્રપંચમાં ન આવી જતા.*

જુન્દબે કહ્યુંઃ અમે તૌરેત અને અંબિયા (અ.સ.)ની કિતાબોમાં આ નામો જોયા છે. 'એલીયા, શબ્બર અને શબ્બીર.' આ અલી (અ.સ.), હસન (અ.સ.) અને હુસૈન (અ.સ.)ના નામ છે. જુન્દબે પછી પુછયુંઃ હુસૈન (અ.સ.)ના પછી કોણ હશે ? અને તેમના શું નામ છે ?

આં હઝરત (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ

*હુસૈન (અ.સ.)નો સમય પુરો થઈ જશે તો તેમના પુત્ર અલી (અ.સ.) જેમનો લકબ 'ઝૈનુલ આબેદીન' છે તે આવશે. તેમના પછી તેમના પુત્ર 'મોહમ્મદ', તેમના પછી તેમના પુત્ર 'જઅફર (અ.સ.)' જેઓ 'સાદિક (અ.સ.)'ના નામથી પ્રખ્યાત થશે. તેમના પછી તેમના પુત્ર 'મુસા (અ.સ.)' જેને 'કાઝિમ'ના નામથી યાદ કરવામાં આવશે. તેમના પછી તેમના પુત્ર 'અલી (અ.સ.)' જે 'રેઝા'ના લકબથી પ્રખ્યાત થશે. તેમના પછી તેમના પુત્ર 'મોહમ્મદ (અ.સ.)' જેને 'તકી, ઝકી'ના નામથી બોલાવવામાં આવશે. તેમના પછી તેમના પુત્ર 'અલી (અ.સ.)' જે 'નકી, હાદી'ના નામથી પ્રખ્યાત થશે. તેમના પછી તેમના પુત્ર 'હસન (અ.સ.)' જેને 'અસ્કરી'ના નામથી યાદ કરવામાં આવશે. તેમના પછી તેમના પુત્ર 'મ-હ-મ-દ (અ.સ.)' જેમને 'મહદી એ કાએમ (અ.સ.) અને*

*હુજ્જત'ના નામથી યાદ કરવામાં આવશે. તેઓ ગૈબત ધારણ કરશે અને પછી જાહેર થશે. જ્યારે જાહેર થશે ત્યારે ઝમીનને એવી રીતે ન્યાય અને ઈન્સાફથી ભરી દેશે જેવી રીતે તે ઝુલ્મ અને અત્યાચારથી ભરાએલી હશે. એ શીઆઓને ખુશ-ખબરી થાય જે તેમની ગૈબતમાં સબ્ર કરે છે અને તેમની મોહબ્બતમાં સાબિત કદમ રહે છે. ખુદાવંદે આલમે પોતાની કિતાબ કુરઆને મજીદમાં તેમનો ઉલ્લેખ આ રીતે કર્યો છે.*

هُدًى لِّلْمُتَّقِيْنَ الَّذِيْنَ يُؤْمِنُوْنَ بِالْغَيْبِ

*"(આ કિતાબ) હિદાયત છે, તકવા ઈખ્તેયાર કરનારાઓ માટે કે જેઓ ગયબ ઉપર ઈમાન ધરાવે છે."*

(સુરએ બકરહ - ૩)

અને પછી ફરમાવ્યું કે આજ લોકો અલ્લાહનો ગીરોહ છે.

فَاِنَّ حِزْبَ اللّٰهِ هُمُ الْغَالِبُوْنَ

*"અને ખરબરદાર થઈ જાઓ કે ખુદાનું ટોળું જ વર્ચસ્વ પામશે."*

(સુરએ માએદાહ - ૫૬)

(યનાબીઉલ મવદ્દત, ભાગ-૩, પ્ર. ૭૬, પા. ૧૦૦-૧૦૧)

## હઝરત ઈમામ મહદી (અ.સ.)
## ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.)ના સાતમા વંશજ છે

### રિવાયત નં. ૨૯

જનાબ જાબીર બીન અબ્દુલ્લાહ (અ.ર.)થી રિવાયત છે. જ્યારે ખુદાવન્દે આલમે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ઉપર આ આયત ઉતારી

يَاۤ اَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا اَطِيْعُوا اللّٰهَ وَ اَطِيْعُوا الرَّسُوْلَ وَ اُولِى الْاَمْرِ مِنْكُمْ

*"હે ઈમાન લાવનારાઓ! અલ્લાહની આજ્ઞા માનો તથા તેના રસુલની આજ્ઞા માનો અને તમારામાંના ઉલીલ અમ્રની પણ."*

(સુરએ નિસાઃ ૫૯)

મેં રસુલે ખુદા (સ.અ.વ.) ની ખિદમતમાં અરજ કરી. અય ખુદાના રસુલ! ખુદા અને તેના રસુલની મઅરેફત નસીબ થઇ. આ ઉલીલ અમ્ર કઇ હસ્તીઓ છે. ખુદાએ જેની તાબેદારીનો ઉલ્લેખ આપની તાબેદારીની સાથે કર્યો છે?

આં હઝરત (સ.અ.વ.) એ ફરમાવ્યું:

*અય જાબીર! તેઓ મારા વારસદાર છે મારા પછી મુસલમાનોના રહેનુમા છે. તેમાં સૌથી પહેલા અલી બીન અબી તાલીબ (અ.સ.) છે. પછી હસન (અ.સ.), પછી હુસૈન (અ.સ.), પછી અલી બીન હુસૈન (અ.સ.), પછી મોહમ્મદ બીન અલી (અ.સ.) જેનો ઉલ્લેખ તવરાતમાં બાકીરના નામથી મશહુર છે. અય જાબીર તમે તેમનો ઝમાનો પામશો. જ્યારે તેમની મુલાકાત કરો ત્યારે મારા સલામ કહેજો. પછી સાદિકે જઅફર બીન મોહમ્મદ (અ.સ.), પછી મુસા બીન જઅફર (અ.સ.) પછી અલી બીન મૂસા (અ.સ.), પછી મોહમ્મદ બીન અલી (અ.સ.), પછી અલી બીન મોહમ્મદ (અ.સ.) પછી હસન બીન અલી (અ.સ.), પછી મારા જેવું જ નામ અને મારા જેવી જ કુન્નિયત, ખુદાની જમીન ઉપર હુજ્જતે ખુદા અને તેના બંદાઓમાં છેલ્લી હુજ્જત હસન બીન અલી (અ.સ.)ના ફરઝંદ હશે. આ એજ છે જેના થકી ખુદાવન્દે આલમ પૂર્વ અને પશ્ચિમને જીતશે. આ જ એ છે જે પોતાના શીઆઓ અને દોસ્તોથી ગયબત ઈખ્તેયાર કરશે. તેમની ઈમામત ઉપર એજ અડગ રહી શકશે જેના દિલની કસોટી ખુદાવન્દે આલમે ઈમાન વડે કરી હશે.*

(રવઝતુલ અહબાબ (સય્યદ જમાલુદ્દીન અતાઉલ્લાહ શીરાઝી) ભાગ - ૩, ચનાબીઉલ મોવદ્દત ૩ પ્ર. ૯૪ - ૧૭૦)

## હઝરત ઈમામ મહદી (અ.સ.)
## ઈમામ જઅફર સાદિક (અ.સ.) ના છટ્ઠા વંશજ છે

**રિવાયત નં. ૩૦**

મુજાહિદે જનાબે ઇબ્ને અબ્બાસથી આ રિવાયતની નોંધ કરી છે.

નોઅસીલ નામનો યહુદી હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) પાસે આવ્યો અને કહેવા લાગ્યો. અય મોહમ્મદ (સ.અ.વ.) હું આપને થોડા સવાલો પૂછવા માગું છું..... આપ મને આપના વસીના બારામાં બતાવો કારણકે કોઇ નબી એવા નથી આવ્યા જેના કોઇ વસી ન હોય. જેવી રીતે અમારા નબી જનાબે મુસા બીન ઇમરાનના વસી જનાબ યુશઅ બીન નુન હતા.

આં હઝરત (સ.અ.વ.) એ ફરમાવ્યું:

*'મારા વસી અને મારી પછી મારા વારસદાર અલી બીન અબી તાલીબ (અ.સ.), તેના પછી મારા બન્ને નવાસા હસન (અ.સ.) અને હુસૈન (અ.સ.), પછી હુસૈન (અ.સ.)ના વશંમાંથી નવ ઈમામે અબ્રાર જાહેર થશે.'*

યહુદીએ કહ્યું: અય મોહમ્મદ તેઓના નામ બયાન ફરમાવો. આં હઝરત (સ.અ.વ.) એ ફરમાવ્યું:

*'હુસૈન (અ.સ.) ના પછી તેમના ફરઝંદ અલી (અ.સ.), તેમના પછી તેમના ફરઝંદ મોહમ્મદ (અ.સ.), તેમના પછી તેમના ફરઝંદ જઅફર (અ.સ.), તેમના પછી તેમના ફરઝંદ મુસા (અ.સ.), તેમના પછી તેમના ફરઝંદ અલી (અ.સ.), તેમના પછી તેમના ફરઝંદ મોહમ્મદ (અ.સ.), પછી તેમના ફરઝંદ અલી (અ.સ.), પછી તેમના ફરઝંદ હસન (અ.સ.), તેમના પછી હુજ્જત બીન અલ હસન (અ.સ.). આ છે બાર ઈમામો, નોકબાએ બની ઈસ્રાઇલની સંખ્યાની બરાબર.'*

(ફરાએદુસ સીમતૈન, ૨ પ્ર. ૩૧, પા. ૧૩૪, હ. ૪૩૧, યનાબીઉલ મોવદ્દત ૩, પ્ર. ૭૬/૯૯-૧૦૦)

**સમજુતીઃ**

જુઓ રિવાયત નં. ૧૪, ૧૫, ૩૯, ૮૩ અને ૧૨૦.

## હઝરત ઈમામ મહદી (અ.સ.)

## ઈમામ મુસા બીન જઅફર (અ.સ.) ના પાંચમાં ફરઝંદ છે

### રિવાયત નં. ૩૧

અબ્દુલ્લાહ બીન અબી અવફા (વકાસ) એ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) થી રિવાયત કરી છે કે ખુદાવન્દે આલમે હઝરત ઈબ્રાહીમ (અ.સ.) ને પૈદા કર્યા અને તેમની આંખો ખોલી નાખી. તેમણે અર્શની તરફ એક નુર જોયું તો અરજ કરીઃ

પરવરદિગાર આ નુર કેવું છે?

*અય ઈબ્રાહીમ આ મારા પસંદીદા બંદા મોહમ્મદ (સ.અ.વ.)નું નુર છે.*

પરવરદિગાર તેમની નજીક હું એક બીજું નુર જોઈ રહ્યો છું.

*અય ઈબ્રાહીમ! તે મારા નબીના મદદગાર અલી (અ.સ.)નું નુર છે.*

પરવરદિગાર તે બન્ને સાથે એક ત્રીજું નુર પણ જોઈ રહ્યો છું.

*ઈબ્રાહીમ તે ફાતેમા (સ.અ.)નું નુર છે જે તેમના પિતા અને પતિની સાથે છે. તેઓના કારણે તેઓના દોસ્તોને જહન્નમથી દૂર કરી દીધા છે.*

પરવરદિગાર એ ત્રણે નુરની સાથે બીજા બે નુર પણ દેખાય રહ્યા છે.

*ઈબ્રાહીમ તે હસન (અ.સ.) અને હુસૈન (અ.સ.)નું નૂર છે. જે તેમના પિતા, તેમની માતા અને તેમના નાનાની સાથે છે.*

પરવરદિગાર! નવ (૯) નુર બીજા છે જેઓએ પાંચેય નૂરને ઘેરી લીધેલા છે.

*અય ઈબ્રાહીમ! તે તેઓના વંશના ઈમામો છે.*

પરવરદિગાર આ હઝરતો ક્યા નામથી ઓળખાય છે?

*અય ઈબ્રાહીમ! તેમાં પહેલા અલી બીન હુસૈન (અ.સ.) અને મોહમ્મદ બીન અલી (અ.સ.), જઅફર બીન મોહમ્મદ (અ.સ.), મુસા બીન જઅફર (અ.સ.), અલી બીન મુસા (અ.સ.), મોહમ્મદ બીન અલી (અ.સ.), અલી બીન મોહમ્મદ (અ.સ.) અને અલ હસનીલ અસ્કરી (અ.સ.) અને મહદી મોહમ્મદ બીન અલ હસન સાહેબુઝઝમાન (અ.સ.) છે.*

પરવરદિગાર - તેઓ (તે ૧૪ નૂરો)ની સિવાય અસંખ્ય બીજા નુરો પણ દેખાઇ રહ્યા છે. જેને તારી સિવાય કોઇ ગણી શકે તેમ નથી.

*અય ઈબ્રાહીમ! તે લોકો ચૌદ મઅસુમ (અ.સ)ના શીઆ અને ચાહકો છે.*

પછી ખુદાએ ફરમાવ્યું:

*અય ઈબ્રાહીમ! આ લોકો દરરોજ ૫૧ રકાત નમાઝ પઢે છે, જમણા હાથમાં વીંટી પહેરે છે. મોટા અવાજે બિસ્મિલ્લાહ હિર્રહમા નિર્રહીમ કહે છે. રૂકુઅ અને સજદહની પહેલા કુનુત પડે છે અને શુક્રનો સજદો કરે છે.*

આ સાંભળી ઈબ્રાહીમ (અ.સ.) એ અલ્લાહ પાસે દોઆ માંગી. ખુદાયા તેઓના શીઆઓ અને ચાહકોમાં મારી ગણના કર. તેને જ અનુરૂપ ખુદાએ કુરઆને મજીદમાં આ આયત ઉતારી:

وَاِنَّ مِنْ شِيْعَتِهٖ لَاِبْرَاهِيْمَ اِذْ جَآءَ رَبَّهٗ بِقَلْبٍ سَلِيْمٍ

*"અને યકીનન ઈબ્રાહીમ તેમના શીઆઓમાંથી છે. જ્યારે તે પોતાના પરવરદિગારના હજુરમાં કલ્બે સલીમ લઈને હાજર થયા."*

(સુરએ સાફફાતઃ ૮૩/૮૪)
(અલ-અરબઉન - (મોહમ્મદ બીન અબીલ ફવારીસ) પા. ૩૮)

## હઝરત ઈમામ મહદી (અ.સ.)
## ઈમામ અલી રેઝા (અ.સ.) ના ચોથા વંશજ છે

**રિવાયત નં. ૩૨**

હસન બીન ખાલીદથી રિવાયત છે કે અલી બીન મુસા અર રેઝા (અ.સ.) એ ફરમાવ્યુંઃ

*'મારો ચોથો પુત્ર ઔરતોની સરદારનો પુત્ર હશે. ખુદા તેમના થકી જમીનને દરેક ઝુલ્મ અને અત્યાચારથી પાક અને પાકીઝા કરી દેશે. તેમની વિલાદતમાં લોકો શંકા કરશે. તેઓ તેમના ઝુહુરના પહેલા ગયબત અખત્યાર કરશે અને જ્યારે જાહેર થશે ત્યારે જમીન તેમના નૂરથી પ્રકાશિત થઈ જશે. લોકોની વચ્ચે અદ્લ અને ઈન્સાફનો ત્રાજવું પ્રસ્થાપિત કરશે. તે સમયે કોઈ કોઈના ઉપર ઝુલ્મ નહિ કરે.'*

(ફરાએદુસ સિમતૈન ૨/૩૩૭, હ. ૫૯૦)

**સમજુતીઃ**

જુઓ રિવાયત નં. ૧૪, ૩૦ અને ૮૩

## હઝરત ઈમામ મહદી (અ.સ.)
## હઝરત ઈમામ મોહમ્મદ તકી (અ.સ.)ની ત્રીજી પેઢીના વંશજ છે

**રિવાયત નં. ૩૩**

જાબીરે જોઅફીની રિવાયત છે કે મેં હઝરત મોહમ્મદ બાકીર (અ.સ.) ની ખિદમતમાં અર્ઝ કરીઃ અય ફરઝંદે રસુલ ! અમૂક લોકો એમ કહે છે કે પરવરદિગારે આલમે હઝરત ઈમામ હસન (અ.સ.) ના વંશમાં ઈમામત ને રાખી છે? ઈમામ (અ.સ.) એ ફરમાવ્યુંઃ

*'અય જાબિર! ઈમામ તો ફકત તે છે જેની ઈમામત ઉપર રસુલે ખુદા (સ.અ.વ.) એ સચ્ચાઈની મહોર મારી હોય તથા તેની સંખ્યા બાર (૧૨) છે.'*

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું:

*'જ્યારે હું મેઅરાજની રાત્રે આસ્માન ઉપર ગયો તો મેં સુતુને અર્શ ઉપર તેમના રોશન નામોને નૂરથી લખેલા જોયા. તેમાં સૌથી પહેલા અલી (અ.સ.) અને તેમના બંને પુત્રો હસન (અ.સ.) અને હુસૈન (અ.સ.) પછી અલી (અ.સ.), મોહમ્મદ (અ.સ.), જઅફર (અ.સ.), મુસા (અ.સ.), અલી (અ.સ.), મોહમ્મદ (અ.સ.), અલી (અ.સ.), હસન અને મ-હ-મ-દ અલ કાએમુલ હુજ્જતુલ મહદી (અ.સ.) છે.'*

(અલ ફોતુહાતુલ મકીય્યહ (મોહમ્મદ મોહયુદીન અરબી) મીસરી એડીશન (કદીમ) પાના નં. ૩૬૭)

## હઝરત ઈમામ મહદી (અ.સ.) ઈમામ અલી નકી (અ.સ.)ના પૌત્ર છે

**રિવાયત નં. ૩૪**

મોહયુદીન અરબી પોતાની કિતાબ 'અલ ફોતુહાતુલ મકીય્યહ' માં લખે છે કે:

*'જાણી લ્યો કે ઈમામ મહદી (અ.સ.) નો ઝુહુર યકીની છે. પરંતુ આપ (અ.સ.) ત્યારે ઝુહુર ફરમાવશે, જ્યારે ઝમીન ઝુલ્મો જૌરથી ભરાએલી હશે. પછી આપ (અ.સ.) ઝમીન ઉપર સલામતી અને સમાનતા (અદ્લ અને ઈન્સાફ) કાએમ ફરમાવશે. અગર દુનિયાનાં અંતમાં ફકત એક દિવસ પણ બાકી હશે તો અલ્લાહ એ દિવસને એટલો બધો લાંબો કરી દેશે કે તેનો અંતિમ ખલીફા અને નાએબ ઝુહુર ફરમાવશે. આપ (ઈમામ મહદી અ.સ.) અલ્લાહના પયગમ્બરની આલ (વંશ) માંથી છે તથા જ. ફાતેમા (સ.અ.) ની અવલાદમાંથી છે. ઈમામ હુસૈન બીન અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) આપ (અ.સ.) ના દાદા છે. આપ (ઈમામ મહદી અ.સ.) ના માનનીય પિતા હઝરત ઈમામ હસન અસ્કરી (અ.સ.),*

*હઝરત ઈમામ અલી નકી (અ.સ.) ના નૂરે નઝર છે. ઈમામ નકી (અ.સ.), ઈમામ તકી (અ.સ.) ના, તથા ઈમામ તકી (અ.સ.) ઈમામ અલી રેઝા (અ.સ.) ના, તથા ઈમામ અલી રેઝા (અ.સ.) ઈમામ મુસા કાઝીમ (અ.સ.) ના, તથા ઈમામ મુસા કાઝીમ (અ.સ.) ઈમામ જઅફર સાદિક (અ.સ.) ના, તથા ઈમામ જઅફર સાદિક (અ.સ.) ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) ના તથા ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) ઈમામ અલી ઝૈનુલ આબેદીન (અ.સ.) ના તથા ઈમામ ઝૈનુલ આબેદીન (અ.સ.) હઝરત ઈમામ હુસૈન (અ.સ.) તથા ઈમામ હુસૈન (અ.સ.) ઈમામ અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) ના ફરઝંદ છે.'*

(અલ ફોતુહાતુલ મકીય્યહ, પાના નં. ૩૬૭, મીસરી એડીશન, કદીમ)

**હઝરત ઈમામ મહદી (અ.સ.)**

**ઈમામ હસન અસ્કરી (અ.સ.)ના ફરઝંદ છે**

**રિવાયત નં. ૩૫**

સદકા બિન મુસાની રિવાયત છે કે મારા પિતા એ ઈમામ રેઝા (અ.સ.) થી રિવાયતની નોંધ કરી છે કે:

*'મહદી (અ.સ.) ખલફે સાલેહ, 'અબુ મોહમ્મદ હસન ઈબ્ને અલી' ના પુત્ર છે. તેઓ જ મહદી (અ.સ.) અને તેઓ જ સાહેબુઝ ઝમાન છે.'*

(તારીખે મવાલીદુલ અઈમ્માહ વ વફીયાતહુમ (ઈબ્ને ખોસાબ) - ૨૦, અલ ફોસુલુલ મોહિમ્માહ, પ્ર. ૧૨, ૨૭૧-૨૯૨ પ્રકાશન નજફ, વસીલતુન નજાત (મૌલવી મોહમ્મદ અમીન) ૪૨૦)

**સમજુતી:**

રિવાયત નં. ૧૪, ૧૫, ૩૯, ૫૩ અને ૧૨૦ માં પણ આ બાબત તરફ ઈશારો કરવામાં આવ્યો છે.

હઝરત ઈમામ મહદી (અ.સ.), હઝરત ઈમામ હસન અસ્કરી (અ.સ.) ના ફરઝંદ છે તથા હિ. સન ૨૬૦ માં ઈમામ હસન અસ્કરી (અ.સ.)નો ઈન્તેકાલ થયો છે. આ આધારે અબુ દાઉદની રિવાયતમાં આ વાકય 'ઈસ્મો અબીહે ઈસ્મે અબી' (તેમના પિતાનું નામ મારા પિતાનું નામ હશે) આ આસીમની તરફથી વધારો છે. કારણકે આ હદીસ مستفیض હદીસથી વિરોધાભાસી છે આથી તેની સમજુતી આપવી ઘટે.

૧) અમૂક રિવાયતો પ્રમાણે ઈમામ હસન અસ્કરી (અ.સ.) નું એક નામ 'અબ્દુલ્લાહ' પણ છે.

૨) હકીકતમાં વાકય 'ઈસ્મો અબીહે ઈસ્મો અબ્ની' હતું (એટલે કે તેમના પિતાનું નામ મારા પુત્ર હસને મુજતબાથી મળતું આવતું હશે) લખાણમાં અબ્ની – અબી થઈ ગયું.

૩) શકય છે કે આ રિવાયતમાં નામ – કુન્નીયતની જગ્યાએ વપરાયું હોય કારણકે રસુલુલ્લાહ (સ.અ.વ.)ના પિતા જનાબે અબ્દુલ્લાહની કુન્નીયત અબુ મોહમ્મદ હતી તથા આજ કુન્નીયત ઈમામ હસન અસ્કરી (અ.સ)ની પણ છે. આ ઉપરાંત રિવાયતની સનદ પણ વધારે તાકતવર નથી. (મતાલેબુસ સોઉલ ફી મનાકીબે આલે રસુલ (કમાલુદ્દીન મોહમ્મદ બિન તલ્હા શાફેઈ) ૨/૧૩૦-૧૩૧, અલ બયાનો ફી અખ્બારે સાહેબુઝ ઝમાન, ભાગ-૧, પ્ર. ૯૩-૯૬, ચર્ચાની પૂર્ણતા માટે જુઓ રિવાયત નં. ૪૦ નો હાસીયો)

## હઝરત મહદી (અ.સ.) બારમાં ઈમામ છે

### રિવાયત નં. ૩૬

અબ્દુલ્લાહ બીન અબ્બાસથી રિવાયત છે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું:

*'મારા પછી મારા જાનશીનો અને મારા વસીઓની સંખ્યા બાર (૧૨) છે. તેમાં પહેલા મારા ભાઈ અને સૌથી છેલ્લે મારો પુત્ર છે.'*

પૂછવામાં આવ્યું આપના ભાઇ કોણ ?

*ફરમાવ્યુંઃ અલી બીન અબી તાલિબ (અ.સ.).*

ફરી પૂછવામાં આવ્યું, આપના પુત્ર કોણ ? જવાબ આપ્યોઃ

*'મહદી અ.સ. જે દુનિયાને ન્યાય અને ઈન્સાફથી એવી રીતે ભરી દેશે જે રીતે તે ઝુલ્મ અને અત્યાચારથી ભરાયેલી હશે. કસમ છે એ ઝાતની જેણે મને ખુશખબરી આપનાર બનાવી નિયુકત કર્યો. અગર દુનિયાના અંતમાં માત્ર એક દિવસ પણ બાકી રહી જશે તો ખુદા તે દિવસને એટલો લાંબો કરી દેશે ત્યાં સુધી કે મારા પુત્ર મહદીનો ઝુહુર થશે. પછી રૂહુલ્લાહ ઈસા બીન મરયમ (અ.સ.) નાઝીલ થશે અને તેમની પાછળ નમાઝ પઢશે અને દુનિયા તેમના નૂરથી ચમકવા લાગશે અને તેમની સલ્તનત પૂર્વ અને પશ્ચિમ સુધી ફેલાઈ જશે જેનો કોઈ મુકાબલો નહિં હોય.'*

(ફરાએદુસ સીમતૈન ૨/૩૧૨ હ. નં. ૫૬૨)

**સમજુતીઃ**

રિવાયત નં. ૨૯, ૩૦, ૩૫, ૩૯, ૮૬ અને ૯૨ પણ આ વાતનું સમર્થન કરે છે.

## હઝરત ઈમામ મહદી (અ.સ.) અલ્લાહની આખરી હુજ્જત

### રિવાયત નં. ૩૭

ઈમામ સાદિક (અ.સ.) એ તેમના પિતા ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) થી, તેમણે તેમના પિતા ઈમામ અલી બીન હુસૈન (અ.સ.) થી તેમણે હઝરત અમીરૂલ મોઅમેનીન (અ.સ.) થી રિવાયત કરી છે કે

*'જ્યારે ખુદાએ ચાહ્યું કે ખલીફા નિયુકત કરે, મખ્લુકોને પૈદા કરે, ત્યારે તેણે બધા સર્જનોને જુદા જુદા સ્વરૂપે ભેગા*

*કર્યા. આ જમીન બીછાવવા અને આસમાન બનાવતા પહેલા ખુદા તેની બાદશાહતમાં તથા  તેની જાહોજલાલીમાં એકલો હતો. ખુદાએ પોતાના નૂરમાંથી બીજા એક નૂરને વિકસાવ્યું. તે નૂર ચમક્યું અને તેમાંથી એક અજીબો-ગરીબ રોશની પ્રકાશિત થઈ. પછી તે નૂર તે ચહેરાઓની વચ્ચે ચાલ્યું ગયું જે ખુદાવંદે આલમે પૈદા કર્યુ હતું. આ નૂર આપણા નબીના મુબારક ચહેરા સાથે જઈને મળી ગયું.*

તે વખતે ખુદાવન્દે આલમે આપણા પયગમ્બર (સ.અ.વ.) ને સંબોધન કરતા ફરમાવ્યું:

*‘તમેજ મુખ્તાર અને ચૂંટાએલા છો. તમારી પાસે મારા નૂર અને મારી હિદાયતના ખજાનાની અમાનત છે હું તમારા જ કારણે જમીનને પાથરીશ, પાણીને વહાવીશ, આસ્માનોને ઉંચુ કરીશ. તમારા જ લીધે સવાબ અને શિક્ષા તેમજ જન્નત અને જહન્નમ અતા કરીશ. તેના પછી તેઓ માટે કોઈ ગુંચવણવાળી બાબત તેઓના ઈલ્મથી છુપી નહિં રહે. તેઓને મારી મખ્લુકો ઉપર મારી હુજ્જત નિયુકત કરીશ પછી તેઓ મારી વહદાનિય્યતની તરફ લોકોને બોલાવશે. પછી અલ્લાહે તેમની પાસેથી પોતાની રૂબુબિય્યત અને ખાલીસ તૌહિદનો ઈકરાર લીધો. જ્યારે ખુદા આ ઈકરાર લઈ ચૂક્યો ત્યારે લોકોની નઝરોમાં મોહમ્મદ અને આલે મોહમ્મદ (સ.અ.વ.) ની પસંદગી ઉચ્ચ થઈ. ખુદાએ તેઓને દેખાડયું કે હિદાયત તેમની પાસે છે, નૂર તેઓના માટે છે, ઈમામત તેમના વંશમાં છે. આ બધું એટલા માટે કર્યું કે ન્યાયનો કાનુન સ્થાપિત થાય અને હુજ્જત તમામ થઈ જાય.*

(મુરૂજુઝ ઝહબ અલી ઈબ્ને હુસૈન મસુદી ૧/૩૨-૩૩ તઝકેરએ ખવાસુલ ઉમ્મા સીબ્તે ઈબ્ને જવઝી, ૧૨૮ - ૧૩૦)

*જે લોકો તેમને અનુસર્યા અને તેમને તસ્લીમ થયા, તે તેમના નૂરથી માલામાલ થઈ ગયા. તેમના ભેદો સુધી તેનું માર્ગદર્શન થયું અને જેણે તેમના સંબંધિત બેદરકારી દાખવી, તે આગના અઝાબને પાત્ર થયો. પછી આ નૂર અમારા ખમીરમાં બદલાઈ ગયું અને અમો ઈમામોમાં ચમકવા લાગ્યું. તેથી અમેજ છીએ આસ્માન અને જમીનના નૂર. અમારા કારણે નજાત છે અને અમારી પાસે છુપુ ઈલ્મ છે. તેનુ પાછુ આવવું અમારી તરફ છે. અમારા મહદી (અ.સ.)ના થકી અલ્લાહની હુજ્જત પરિપૂર્ણ થશે. એજ ઈમામોમાં અંતિમ છે અને ઉમ્મતને નજાત આપવાવાળા છે અને તેઓજ દરેક નૂરના હેતુ અને હુકમોના ચલાવનારા છે. અમે ઈઝઝત અને શ્રેષ્ઠતામાં તમામ સર્જનોથી શ્રેષ્ઠ છીએ અને દરેક તૌહીદમાં માનનારાઓમાં સર્વશ્રેષ્ઠ છીએ. અમો દુનિયાના પાલનહારની હુજ્જતો છીએ. જે અમારી ઔલાદની વિલાયતને કબુલ કરશે અને અમારી રસ્સીને મજબુતીથી પકડી રાખશે તેને જન્નતની નેઅમતો મુબારક થાય.'*

**સમજુતીઃ**

ફઝલ બિન રોઝબહાન શાફેઈ (વફાત હિ.સન ૯૨૭) એ પોતાની કિતાબ 'વસીલતુલ ખાદીમ એલલ મખ્દુમ' ના પાના નં. ૨૬૩-૨૬૫ ઉપર હઝરતને આખરી વલી અને ઈલાહી હુજ્જત કરાર દીધા છે. ઈમામે ઝમાના (અ.સ.) ની નિસ્બત તેમની પહેલાના વસીઓથી એવી છે જેવી રસુલે ખુદા (સ.અ.વ.) ની નિસ્બત અગાઉના અંબિયાઓ (અ.સ.) સાથે. કારણકે ઈમામ મહદી (અ.સ.) અલ્લાહની અંતિમ હુજ્જત છે આથી તમામ ઈલાહી હુજ્જતોની ખાસિયતો તેઓ (અ.સ.) માં મૌજુદ છે.

**હઝરત ઈમામ મહદી (અ.સ.) હુજ્જતે ખુદા છે.**

**દરેક જમાનામાં હુજ્જતનું અસ્તિત્વ જરૂરી છે**

**રિવાયત નં. ૩૮**

જનાબે કુમયલ બિન ઝીયાદનું બયાન છેઃ એક વખત હઝરત અલી (અ.સ.) એ મારો હાથ પકડ્યો અને મને એક પહાડ ઉપર લઇ ગયા. જ્યારે ઉપર પહોંચ્યા ત્યારે તેમણે એક લાંબો શ્વાસ લીધો અને ફરમાવ્યું:

*'હા, ખુદાની કસમ! આ દુનિયા અલ્લાહની હુજ્જતથી ખાલી નથી રહી શકતી. તેનું વુજુદ જરૂરી છે ચાહે જાહેર અને મશ્હુર હોય અથવા છુપાએલા હોય, જેથી અલ્લાહની હુજ્જત અને તેની નિશાનીઓ બાતિલ ન થાય. આ હુજ્જતો કયાં છે ? ખુદાની કસમ! આ હઝરતો સંખ્યાની દ્રષ્ટિએ થોડા છે પરંતુ ખુદાની નજરોમાં બહુજ મહાન છે. ખુદાવન્દે આલમે તેમના વડે પોતાની નિશાનીઓનું રક્ષણ કર્યુ છે, જ્યારે તેઓની મુદ્દત પુરી થઈ જાય છે તો તેઓ પોતાના જ જેવી હસ્તીઓને પોતાનો વારસો સોંપી દે છે. તેઓની ઉપર બસીરત અને ઇલ્મે હકીકી એક સાથે નાઝીલ થાય છે. આ લોકો યકીનની રૂહની સાથે અને તે તેઓની સાથે છે, જેનાથી ઈસ્રાફ કરવાવાળા લોકો ભય પામેલા છે. તેનાથી તેઓ માહિતગાર છે. જાહીલો જેનાથી ડરેલા છે, તેનાથી તેઓ માહિતગાર છે. તેઓ દુનિયામાં પોતાના શરીરો સાથે છે પરંતુ તેમની રૂહો ઉચ્ચ મંઝિલોથી જોડાએલી છે. બેશક! આ જ છે દુનિયા ઉપર અલ્લાહના જાનશીનો અને તેના દીનની તરફ લોકોને ઉત્સાહ પૂર્વક સતત બોલાવનારા. હાય હાય ખુદાની કસમ! તેઓને મળવાનો મને કેટલો બધો શોખ છે!'*

(શર્હે નહજુલ બલાગાહ (ઇબ્ને અબીલ હદીદ મોઅતઝેલી) ૪/૩૧૦-૩૧૧,
૧૮/૩૫૧ કલમએ હિકમત ૧૪૩ હેઠળ)

**સમજુતીઃ**

૧) આ વિષયની એક રિવાયત ખુબજ વિખ્યાત તાબેઈ સુલૈમાન બિન મિરાન અઅમશે ઈમામ સાદિક (અ.સ.)થી, તેમણે તેમના જદ્દે બુઝુર્ગવાર હઝરત ઈમામ ઝૈનુલ આબેદીન (અ.સ.)થી નોંધેલ છે.

(ફરાએદુસ સીમતૈન ૧/૪૯, હદીસ નં. ૧૧)

૨) જુઓ રિવાયત નં. ૬૮.

૩) આ રિવાયતની રોશનીમાં દરેક ઝમાનામાં ઈલાહી હુજ્જતનું અસ્તિત્વ જરૂરી છે. ચાહે તે હુજ્જત જાહેર હોય કે પછી છુપાએલી હોય. જમીન કયારેય પણ હુજ્જતે ખુદાથી ખાલી રહી શકતી નથી, આથી આ સમયમાં પણ જમીન ઉપર હુજ્જતે ખુદા જરૂર મૌજુદ છે. તેઓ જ આ ઝમાનાના ઈમામ અને માલિક છે. રિવાયતો મુજબ અલ્લાહની હુજ્જતો ફકત બાર (૧૨) છે. અગિયારમાં હઝરત ઈમામ હસન અસ્કરી (અ.સ.) હતા, જેમની શહાદત હિ. સન ૨૬૦ માં થઈ. આથી તેમના ફરઝંદ બારમાં ઈમામ, હઝરત ઈમામ મહદી (અ.સ.)ને ખુદાએ લાંબી વય અતા કરી છે. તેમના ઝુહુર વડે અલ્લાહ જમીનને અદ્લો ઈન્સાફથી ભરી દેશે.

૪) આ વિષયની રિવાયત હઝરત ઈમામ સજ્જાદ (અ.સ.) થી અને હઝરત ઈમામ હસન અસ્કરી (અ.સ.)થી તથા ખુદ હઝરત ઈમામ મહદી (અ.સ.) થી નોંધવામાં આવી છે.

(યનાબીઉલ મવદ્દત ૩/૧૨૦/૧૨૭)

૫) ફઝ્લ બિન રોઝબહાન શાફેઈએ આ સંબંધમાં બહુજ સુક્ષ્મ બાબત બયાન કરી છે. ઈમામતની હકીકત મખ્લુકાત ઉપર હુજ્જત તમામ કરવી છે, તથા દરેક ઝમાનામાં મખ્લુકાત ઉપર અલ્લાહની હુજ્જત તમામ થવી જોઈએ, કારણકે દરેક ઝમાનામાં હુજ્જત મૌજુદ હોય છે. આથી હુજ્જતનું અસ્તિત્વ કયામત સુધી બાકી હોય છે, જેથી કરીને કોઈ એમ ન કહી શકે કે અમારો ઝમાનો હુજ્જતે ખુદાથી ખાલી હતો, જેમકે ખુદાવંદે આલમ કુફ્ફારના સંબંધમાં ઈરશાદ ફરમાવે છે કે:

اَنۡ تَقُوۡلُوۡا مَا جَآءَنَا مِنۡۢ بَشِيۡرٍ وَّلَا نَذِيۡرٍ فَقَدۡ جَآءَكُمۡ بَشِيۡرٌ وَّنَذِيۡرٌ

*"જેથી તમે એમ ન કહો કે અમારી પાસે કોઈ બશીર (ખુશખબરી સંભળાવનાર) કે નઝીર (ડરાવનાર) આવ્યો ન હતો. તો લો આ બશીર અને નઝીર આવી ગયો."*

(સુરએ માએદાહ - ૧૯)

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ના માનનીય માતા

### રિવાયત નં. ૩૯

અબી નઝરની રિવાયત છે કે જ્યારે ઇમામ મોહમ્મદ બાકીર (અ.સ.)ની વફાતનો સમય નજીક આવ્યો ત્યારે આપે તેમના ફરઝંદ ઇમામ સાદિક (અ.સ.)ને વસીય્યત કરવા અને ઈમામતનો ઓહદો સોંપવા માટે બોલાવ્યા. તે સમયે તેમના ભાઇ ઝૈદ બીન અલીએ કહ્યું: જો આપ પણ ઇમામ હસન (અ.સ.) અને હુસૈન (અ.સ.) ની જેમ કરતે તો ખોટું ન હતું. ઇમામ મોહમ્મદ બાકીર (અ.સ.) એ ફરમાવ્યું અય અબુલ હુસૈન ઇમામતનો સંબંધ દ્રષ્ટાંતોથી નથી. કોઈપણ રીતે માલની બદલે માલનો વેપાર નથી. આ બધી વાતો પહેલેથી અલ્લાહ દ્વારા નક્કી થએલી છે. પછી ઇમામ (અ.સ.) એ જનાબે જાબીર ઇબ્ને અબ્દુલ્લાહ અન્સારીને બોલાવ્યા અને ફરમાવ્યું અય જાબીર એ વાત કહો જે તમે સહીફામાં જોઇ હતી.

જનાબે જાબીરે કહ્યું: અય અબા જઅફર (અ.સ.) જ્યારે હું હઝરત ઇમામ હુસૈન (અ.સ.)ની વિલાદતની મુબારકબાદ દેવા માટે બુઝુર્ગ જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ખિદમતમાં ગયો ત્યારે મેં જોયુ કે તેમના મુબારક હાથમાં સફેદ તખ્તી હતી. મેં પુછ્યું: અય બિન્તે રસુલ (સ.અ.વ.) આ શું છે? તેમણે ફરમાવ્યું આમાં મારા પુત્રોના નામ છે, જેઓ ઈમામતનો હોદ્દો સંભાળશે. મેં કહ્યું: મને મહેરબાની કરીને આપો તો હું પણ જોઉં.

જનાબે જાબીરે કહ્યું: મેં તેની ઉપર લખેલું જોયું:

*'અબુલ કાસીમ મોહમ્મદ બીન અબ્દુલ્લાહની માતા જનાબે આમેના, અબુલ હસન અલી બીન અબી તાલીબ અલ મુરતુઝા, તેમની માતા જનાબે ફાતેમા બિન્તે અસદ બીન હાશીમ બીન અબ્દે મુનાફ, અબુલ હસન બીન અલી અને અબુ અબ્દીલ્લાહીલ હુસૈન બીન અલી તે બન્નેની માતા ફાતેમા બિન્તે મોહમ્મદ (સ.અ.વ.), અબુ મોહમ્મદ અલી બીન હુસૈન અલઅદ્લ, તેમની માતા શાહબાનુ બિન્તે યઝદેજર્દ બીન શહેનશાહ, અબુ જઅફર મોહમ્મદ બીન અલી અલ બાકીર, તેમની માતા ઉમ્મે અબ્દુલ્લાહ બિન્તુલ હસન બીન અલી ઈબ્ને અબી તાલીબ, અબુ અબ્દુલ્લાહે જઅફર બિન મોહમ્મદ અસ્સાદિક, તેમની માતા ઉમ્મે ફરવા બિન્તુલ કાસીમ બીન મોહમ્મદ બીન અબી બક્ર, અબુ ઈબ્રાહીમ મુસા બીન જઅફર અસ્સકહ, તેમની માતા હમીદા, અબુલ હસન અલી બીન મુસા અર્ રેઝા, તેમની માતા નજમા, અબુ જઅફર મોહમ્મદ બીન અલી અઝ ઝકી, તેમની માતા ખીઝરાન, અબુલ હસન અલી બીન મોહમ્મદ, તેમની માતા સોસન, અબુ મોહમ્મદ હસન બીન અલી અર રફીક, તેમની માતા સમાના, અબુલ કાસીમ મોહમ્મદ બીન અલ હસન જે ખુદાની હુજ્જતે કાએમ છે, તેમની માતા નરજીસ, તે બધા ઉપર ખુદાના દુરૂદ અને સલામ થાય.'*

(ફરાએદુસ્સીમતૈન, ૨/પ્ર. ૩૨, પાના નં. ૧૪૦ - ૧૪૧, હ. ૪૩૫)

**સમજુતીઃ**

૧) રિવાયત નં. ૯૧ અને ૫૩ પણ ઉપરોકત વિષય તરફ ઈશારો કરે છે.

૨) હઝરત ઈમામ મહદી (અ.સ.) ના માનનીય માતાના ઘણા નામો છે જેમકે સોસન, સયકલ, મલીકા, વિગેરે.

૩) જનાબે નરજીસ ખાતુન બિન્તે યશુઆ (કૈસર રૂમ) હતા. તેમની માતા હઝરત ઈસા (અ.સ.)ના વસી જનાબે શમ્ઉન અસ સફાના

વંશમાંથી હતા. તેણી રોમ અને મુસલમાનો દરમ્યાનની લડાઈમાં બંદીવાન થયા અને હઝરત ઈમામ અલી નકી (અ.સ.)ના હુકમથી બશર બિન સુલૈમાન (જનાબે અબુ અય્યુબ અન્સારીના વંશજ) દ્વારા ખરીદવામાં આવ્યા અને પછી ઈમામ હસન અસ્કરી (અ.સ.)ની સાથે શાદી કરાવવામાં આવી તથા ખુદાએ એ નિયુકત કર્યુ હતું કે તેણીને હઝરત ઈમામ મહદી (અ.સ.) ની માતા હોવાનું ગૌરવ પ્રાપ્ત થાય.

(શવાહેદુન નબતહ (નુરૂદ્દીન અબ્દુર રેહ્રમાન જામી હનફી), ફસ્લુલ ખેતાબ (ખ્વાજા મોહમ્મદ પારસા નકશ બન્દી)

૪) આ આધારે હઝરત ઈમામ મહદી (અ.સ.) એક તરફથી હઝરત રસુલે ખુદા (સ.અ.વ.), અલીએ મુર્તુઝા (અ.સ.), જ. ફાતેમા ઝહરા (સ.અ.)ના ફરઝંદ છે. હઝરત ઈમામ હુસૈન (અ.સ.)ના વંશમાંથી તથા હઝરત ઈમામ હસન (અ.સ.)ની પૌત્રીના વંશમાંથી છે. એક તરફથી ઈરાનના શાહ અને કૈસરે રૂમના વંશમાંથી છે. આપના વંશનો સિલસિલો હઝરત ઈસા (અ.સ.)ના વસી જનાબે શમ્ઉન અસ સફા સુધી પહોંચે છે. ઈતિહાસમાં આ પ્રકારની બુઝુર્ગી અને ઉચ્ચતા અજોડ છે.

## હઝરત ઈમામ મહદી (અ.સ.)નું પવિત્ર નામ

**રિવાયત નં. ૪૦**

અબ્દુલ્લાહ (બીન મસ્ઉદ) થી રિવાયત છે. હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ આગાહી ફરમાવીઃ

***‘તે સમય સુધી દુનિયા ખતમ નહીં થાય જ્યાં સુધી મારી એહલેબય્તમાંથી એક મર્દે અરબ દુનિયાનો માલિક થાય. જેનું નામ મહદી (અ.સ.) હશે.’***

(કિતાબુસ સોનને તિરમીઝી, ભાગ ૪, પ્ર. ૫૨ માજાઅ ફીલ મહદી, હ. ૨૨૩૦)

**સમજુતીઃ**

૧) હઝરત ઈમામ મહદી (અ.સ.) નું નામ હઝરત રસુલે ખુદા (સ.અ.વ) નું નામ એટલેકે મ-હ-મ-દ છે. અસંખ્ય રિવાયતોમાં આજ નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. હઝરત અલી (અ.સ.), અબુ સઈદે ખુદરી, ઉમ્મે સલમા અને અબુ હુરૈરાએ રસુલે ખુદા (સ.અ.વ.) થી આ પ્રકારની ઘણી બધી રિવાયતોની નોંધ કરી છે. જુઓ રિવાયત નં. ૧૫, ૩૭ અને ૪૨.

૨) આ રિવાયત અબુ દાઉદની કિતાબ 'અલ મહદી' (હદીસ નં. ૪૨૮૨) માં આ મુજબ નોંધવામાં આવી છે.

'તેનું નામ મારૂં નામ અને તેમના પિતાનું નામ મારા પિતાનું નામ.' રિવાયતનો આ ટુકડો 'તેમના પિતાનું નામ મારા પિતાનું નામ' નીચે મુજબની દલીલોના આધારે હદીસકારોએ સ્વિકારેલ નથી.

અ. અબુ દાઉદની પહેલાં જેટલા પણ લોકોએ આ હદીસની નોંધ કરી છે જેમકે એહમદ ઈબ્ને હમ્બલ (વફાત હિ.સન. ૨૪૧) એ પોતાની મહાન મુસ્નદમાં આ હદીસ અસંખ્ય જગ્યાઓએ નોંધી છે. પરંતુ એક પણ જગ્યાએ ઉપરોકત વિધાન નોંધેલ નથી, તેનાથી એ જાણવા મળે છે કે આ વાકય એહમદ ઈબ્ને હમ્બલની પછી ખયાનત કરવાવાળા હાથોએ ઉમેરેલ છે. અથવા એમ કે ઉપરોકત વિધાન બિન ભરોસાપાત્ર હોવાના કારણે એહમદ ઈબ્ને હમ્બલે નોંધેલ નથી.

બ. વિખ્યાત શાફેઈ હદીસકાર અબુ નઈમ ઈસ્ફહાની (વફાત હિ.સન ૪૩૦) એ આ હદીસને વિવિધ પ્રકારે એકત્ર કરેલ છે. ૩૧ જગ્યાએ ઉપરોકત વિધાન નથી. પરંતુ ફકત 'ઝાએદહ' ની સનદમાં જ આ વિધાન જોવા મળે છે.

ક. 'ઝાએદહ' ને હદીસોની કિતાબોમાં ભરોસાપાત્ર ઠેરવવામાં આવ્યો નથી. તેની ઉપર બનાવટી હદીસો નકલ કરવાનો તથા તેમાં ભેળસેળ કરવાના આરોપો લગાવવામાં આવેલા છે.

આ આધારે ઝાએદહની હદીસ ઉપર ભરોસો કરી શકાતો નથી. તેમજ આ વિધાન 'તેમના પિતાનું નામ મારા પિતાનું નામ' ભરોસાપાત્ર નથી તથા એ વાતની પણ શકયતા છે કે ઉપરોકત વિધાનો બે જુઠઠ્ઠા મહદી ના દાવેદાર મોહમ્મદ બિન અબ્દુલ્લાહ બિન હસનના માનવાવાળાઓ અથવા મોહમ્મદ બિન અબ્દુલ્લાહ અલ મન્સુરના માનવાવાળાઓએ વધારો કર્યો છે.

૩) આ રિવાયતના ઝઈફ હોવાની તથા તેમાં ફેરફાર થયાની શકયતા ને નજરમાં રાખીને કોઈપણ પ્રકારની સ્પષ્ટતા કરવાની જરૂરત રહેતી નથી. પરંતુ અમૂક આલિમોએ તેની સ્પષ્ટતા કરી છે. જુઓ રિવાયત નં. ૩૫.

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ના લકબો

### રિવાયત નં. ૪૧

જનાબે ઇબ્ને અબ્બાસે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) થી આ રિવાયતની નોંધ કરી છે.

*'ખરેખર અલી બીન અબી તાલીબ (અ.સ.) મારી ઉમ્મતના ઈમામ અને મારા પછી ઉમ્મતમાં મારા વારસદાર છે અને તેમના વંશમાંથી કાએમે મુન્તઝર (અ.સ.) છે, જે દુનિયાને એ રીતે અદ્લો ઈન્સાફથી ભરી દેશે જે રીતે તે ઝુલ્મ અને અત્યાચારથી ભરાએલી હશે. કસમ છે તે ઝાતની જેણે મને હકની સાથે બશીર નિમ્યો, તે લોકો જે તેમની ગયબતના ઝમાનામાં તેમની ઈમામત ઉપર ભરોસો અને યકીન ધરાવે છે, તે લાલ યાકૂતથી વધારે કિંમતી છે.'*

(ફરાએદુસ્સીમતૈન ૨/૩૩૫-૩૩૬, હ. ૫૮૯ યનાબીઉલ મોવદ્દહ, પ્ર. ૯૪/૪૮૮)

**સમજુતીઃ**

૧) હઝરત (અ.સ.)નો વિખ્યાત લકબ 'મહદી' (હિદાયત પામેલા) છે. લગભગ બધીજ રિવાયતોમાં આ લકબનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

૨) આ પુસ્તકમાં એ સિવાયના પણ ઘણા બધા લકબોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જુઓ રિવાયત નં. ૨૮, ૩૧ અને ૩૩.

૩) ફઝલ બિન રોઝ બહાન શાફેઈએ પોતાની કિતાબ 'વસીલતુલ ખાદીમ એલલ મખ્દુમ' માં આ મુજબના લકબોનો ઉલ્લેખ કર્યો છે. મહદી, અબ્દે સાલેહ, ઈમામે ઝમાના, હુજ્જત, કાએમ તથા મુન્તઝર તેમજ ત્યારબાદ દરેકની સ્પષ્ટતા કરેલ છે, જે વાંચવાલાયક છે.

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ની કુન્નિયત

### રિવાયત નં. ૪૨

ઈબ્ને ઉમરની રિવાયત છે. હઝરત રસુલ (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ

*'આખરી ઝમાનામાં મારા વંશમાંથી એક શખ્સ જાહેર થશે, જેમનું નામ મારૂં નામ હશે અને જેમની કુન્નિયત મારી કુન્નિયત હશે. તે દુનિયામાંથી ઝુલ્મ અને અત્યાચારનો નાશ કરીને દુનિયાને અદ્લો ઈન્સાફથી ભરી દેશે. બસ તેઓ જ મહદી છે.'*

(તઝકેરતુલ ખવાસુલ ઉમ્મહ – ૨૦૪, મિન્હાજુસ સુન્નહ (ઈબ્ને તૈમીયા) ૪૧/૨૧૧)

**સમજુતીઃ**

૧) કુન્નીયત તે લકબને કહેવામાં આવે છે, જેમાં પુરૂષો માટે શબ્દ 'અબ' અને સ્ત્રીઓ માટે શબ્દ 'ઉમ્મ'નો ઉપયોગ કરવામાં આવે છે. તેમજ આ શબ્દ ફરઝંદના નામની સાથે જેમકે અબુ અબ્દિલ્લાહ, ઉમ્મે લયલા તરીકે વાપરવામાં આવે છે. ફરઝંદની કુન્નીયત નથી હોઈ શકતી જ્યાં સુધી કે તે ખુદ પોતે પિતા ન બની જાય.

૨) રિવાયત નં. ૩૯ માં હઝરત ઈમામ મહદી (અ.સ.) ની કુન્નીયત અબુલ કાસીમ નોંધવામાં આવી છે. જે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ની કુન્નીયત છે.

૩) હુઝૈફાની રિવાયત મુજબ હઝરત ઈમામ મહદી (અ.સ.)ની કુન્નીયત 'અબુ અબ્દિલ્લાહ' છે.

(ફરાએદે ફવાએદુલ ફીકે ફીલ મહદી મુન્તઝર (મરઈ બિન યુસુફે કરમી હમ્બલી પ્રકરણ -૨/૩)

૪) ઉપરોકત બાબત રિવાયત નં. ૫૯ માં પણ નોંધવામાં આવી છે.

## હઝરત ઈમામ મહદી (અ.સ.) ના લકબ 'મહદી' નું કારણ

### રિવાયત નં. ૪૩

શહર બીન હોશાબે કહ્યું:

*'મહદીને એ માટે મહદી કહેવામાં આવે છે કે તે શામના પહાડોમાંના એક પહાડની તરફ જશે. ત્યાંથી તવરેતના પાનાઓ મેળવશે અને યહુદીઓ સાથે ચર્ચા અને મુનાઝેરો કરશે તથા તેઓ ઉપર વર્ચસ્વ મેળવશે. પછી તેમના હાથો ઉપર યહુદીઓની એક જમાત ઈસ્લામ લઈ લાવશે.'*

(અલ બુરહાન ફી અલામાતે મહદી આખેરૂઝઝમાન (અલાઉદ્દીન અલી બીન હિસામુદ્દીન મુત્તકી) પ્ર. ૮, હ. ૭, પા. ૧૫૭)

### સમજુતીઃ

૧) કઅબની રિવાયતમાં આ મુજબ છેઃ ઈમામ મહદી (અ.સ.) તવરેત અને ઈન્જીલને 'ઈન્તાકીયા' ની એક ગુફામાંથી બહાર કાઢશે તથા તવરેતના માનવાવાળાઓ દરમ્યાન તવરેતમાંથી તથા ઈન્જીલના માનવાવાળાઓ દરમ્યાન ઈન્જીલમાંથી હુકમ કરશે.

(અરફુલ વરદી ફી અખ્બારીલ મહદી (હાફીઝ જલાલુદ્દીન સિયુતી) ૨/૭૫)

૨) કઅબની બીજી એક રિવાયતમાં હઝરત ઈમામ મહદી (અ.સ) નું નામ 'મહદી' હોવાનું કારણ એમ બયાન કરવામાં આવ્યું છે કે 'તેઓ (અ.સ.) એક છુપી હકીકત તરફ લોકોની હિદાયત કરશે.'

(અલ મુસ્નફ ઈબ્ને અબી શયબા, ૧૧/૩૭૨, હ. નં. ૨૦૭૭, ઈકદુદ્ દોરર, ૩/૪૦)

૩) ફઝ્લ બિન રોઝ બહાન શાફેઈએ તેનું કારણ આ મુજબ દર્શાવ્યું છેઃ

*'તેઓ (અ.સ.)નો લકબે શરીફ મહદી છે. કારણકે આપ (અ.સ.) અલ્લાહના ભેદો અને હકીકતોના પ્રકાશથી પ્રકાશિત છો.'*

(વસીલતુલ ખાદીમ એલલ મખ્દુમ (ફઝ્લ બિન રોઝબહાન શાફેઈ) ૩૭૧)

## પ્રકરણ - ૩

# હઝરત ઈમામ મહદી (અ.સ.)ની શારિરીક ખાસીયતો

## હઝરત ઈમામ મહદી (અ.સ.) નો ચહેરો અને દેખાવ

### રિવાયત નં. ૪૪

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ની રિવાયત છે; 'મહદી મારા વંશમાંથી છે. તેનો ચહેરો એવો છે જાણે ચમકતો સિતારો, રંગ અરબી અને શરીર ઇસરાઇલી હશે, દુનિયાને ન્યાયથી એવી રીતે ભરી દેશે જેવી રીતે તે અત્યાચારથી ભરાએલી હશે. તેમની ખિલાફતથી દુનિયામાં રહેનારા, આસ્માનમાં રહેનારા તથા હવાઓમાં ઉડનારા ખુશ રહેશે. તે વીસ વર્ષ સુધી હુકુમત કરશે.'

(સવાએકે મોહેરકા ૯૮, અલ બયાન ફી અખ્બારે સાહેબુઝઝમાન, ૮/૧૧૮, લેસાનુલ મીઝાન (ઈબ્ને હજરે અસ્કલાની) , ૫/૨૩, મીઝાનુલ એઅતેદાલ (શમ્સુદ્દીન ઝરબી શાફેઈ) ૩/૪૪૯)

### સમજુતીઃ

૧) અમુક રિવાયતોમાં હઝરત (અ.સ.) ને 'કલ્ કમરે દ્દુરી' (ચમકતા ચાંદ માફક) વર્ણવવામાં આવ્યા છે. રિવાયત નં. ૧૪,૪૯ અને ૯૧ માં પણ 'ચમકતા ચહેરા' તરફ ઈશારો કરવામાં આવ્યો છે.

(ઝખારેરૂલ ઉકબા (મોહિબ્બુદીન તબરી) ૧૩૬)

૨) ઉપરોકત રિવાયત તેમજ બીજી રિવાયતોમાં હઝરત (અ.સ.) ના મુબારક શરીરને હઝરત યાઅકુબ (અ.સ.) ના પુત્રો ના શરીરોની માફક તાકતવર, هيكل અને શકિતશાળી વર્ણવવામાં આવ્યું છે. જુઓ રિવાયત નં. ૫૧.

## હઝરત ઈમામ મહદી (અ.સ.) નું કપાળ અને નાક

### રિવાયત નં. ૪૫

અબુ સઈદ ખુદરીએ હઝરત રસુલ (સ.અ.વ.)થી આ રિવાયતની નોંધ કરી છેઃ

*'મહદી (અ.સ.)નું કપાળ પહોળું અને નાક નાજુક તથા પાતળું હશે. તે દુનિયાને અદ્લ અને ઈન્સાફથી એવી રીતે ભરી દેશે, જે રીતે તે ઝુલ્મ અને અત્યાચારથી ભરાએલી હશે.'*

(ઈકદુદ્ દોરર, પ્ર. ૩/૩૩, મુસ્તદરકે સહીહયન (હાકીમ નિશાપૂરી), ૪/૫૫૭ અલ અઝાઅતો લેમાકાન વમા યકુનો બયન યદય્યીસ્સાઅહા (સૈયદ મોહમ્મદ સદીકી કનુહી), ૧૩૮)

**સમજુતીઃ**

૧) રિવાયત નં. ૪૬ માં પણ હઝરત ઈમામ મહદી (અ.સ.) નું કપાળ મુબારક પહોળું હોવાનું દર્શાવવામાં આવ્યું છે.

૨) હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ચહેરા અને દેખાવ સંબંધમાં જુઓ રિવાયત નં. ૪૪, ૪૬, ૪૭ અને ૪૮.

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ના મુબારક દાંત

### રિવાયત નં. ૪૬

અબ્દુર રહમાન બીન અવ્ફે તેના પિતાથી રિવાયત કરી છે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ

*'ખુદાવન્દે આલમ મારા વંશમાંથી એવી વ્યક્તિને નિયુકત કરશે જેના દાંત જુદા-જુદા હશે, કપાળ પહોળુ હશે. જમીનને અદ્લ અને ઈન્સાફથી ભરી દેશે અને સમાનતા વડે ખૂબ સારી રીતે માલની વહેંચણી કરશે.'*

(અલ બયાન ફી અખ્બારે સાહેબીઝઝમાન, પ્ર. ૧૯/૧૩૯, ઈકદુદ્ દોરર, પ્ર. ૧/૧૬, ૩/૩૪ અને ૮/૧૭૦)

**સમજુતીઃ**

રિવાયત નં. ૫૨ માં પણ હઝરત ઈમામ મહદી (અ.સ.) ના મુબારક દાંત બરફ જેવા સફેદ હોવાનું દર્શાવવામાં આવ્યું છે.

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ગાલ ઉપર તલ હશે

### રિવાયત નં. ૪૭

અબુ અમામહ અલ બાહેલીની રિવાયત છે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ

*'મહદી મારા વંશમાંથી છે. ઝુહુરના સમયે ૪૦ વરસની વય જેવા યુવાન હશે. તેમનો ચહેરો ચમકતા સિતારા જેવો હશે. તેમના જમણા ગાલ ઉપર કાળો તલ હશે. ખભા ઉપર બે કાંતેલી અબાઓ હશે. જાણે કે બની ઈસ્રાઈલની એક વ્યક્તિ જેવા હશે. ૨૦ વર્ષ હુકુમત કરશે. જમીનના ખજાનાઓ બહાર કાઢશે અને મુશરીક શહેરોને જીતી લેશે.'*

(અલ બયાન ફી અખ્બારે સાહેબીઝઝમાન પ્ર. ૧૮/૧૩૭-૧૩૮ અસદુલ ગાબા (ઈબ્ને અસીર) ૪/૩૫૩-મજમઉઝ ઝવાએદ ૭/૩૧૮)

**સમજુતીઃ**

૧) હઝરત ઈમામ મહદી (અ.સ.) નું આયુષ્ય જનાબે નુહ (અ.સ.) અને જનાબે ખિઝર (અ.સ.) માફક લાંબુ બતાવવામાં આવ્યું છે. પરંતુ હઝરત (અ.સ.)ની લાંબી વય હોવા છતાં ચાલીસ (૪૦) વર્ષના દેખાશે. આથી અહિં ૪૦ વર્ષનો ઉલ્લેખ વયના આધારે નથી, બલ્કે તેમના જાહેરી દેખાવના આધારે છે.

૨) જુઓ રિવાયત નં. ૧૮૩ ઈમામ (અ.સ.) ની હુકુમત વિશે.

**હઝરત ઈમામ મહદી (અ.સ.) ની આંખો, નેણ અને પાંપણ**

**રિવાયત નં. ૪૮**

શઅર બીન રૂસ્તમે તેના પિતાથી રિવાયત કરી છેઃ

*'હઝરત ઈમામ મહદી (અ.સ.) ની પાંપણો પાતળી અને લાંબી હશે તથા નેણની વચ્ચે અંતર હશે નહિ. આંખો મોટી અને કાળી હશે. હેજાઝથી આવશે અને દમિશ્કના મીમ્બર ઉપર બેસશે.'*

(ઈકદુદ્ દોરર, પ્ર. ૩/૩૭, અલ કવલુલ મુખ્તસરુલ, મહદીય્યુલ મુન્તઝર (શહાબુદદીન એહમદ ઈબ્ને હજરે હયશમી ૩/૨૩, હ. ૩૦)

**સમજુતીઃ**

રિવાયત નં. ૫૨ માં પણ હઝરત ઈમામ મહદી (અ.સ.)ની મુબારક આંખોને اكحلُ العينين 'ખુબસુરત આખો' સાથે સરખાવવામાં આવી છે.

## હઝરત ઈમામ મહદી (અ.સ.)નો ખુબસુરત ચહેરો અને વાળ મુબારક

### રિવાયત નં. ૪૯

હઝરત ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) એ ફરમાવ્યું: હઝરત અમીરૂલ મોઅમેનીન (અ.સ.) ને હઝરત મહદી (અ.સ.)ની શારીરિક વિશિષ્ટતાઓ સંબંધતિ પૂછવામાં આવ્યું. તો ઈમામ (અ.સ.) એ ફરમાવ્યું કે:

*'તેઓ મધ્યમ કદના ખુબસુરત અને નવજુવાન જેવા હશે. તેમના લાંબા વાળ ખભા ઉપર પડયા હશે, કાળા વાળની વચ્ચે ચમકતો ચહેરો હશે.'*

(ગાલેયતુલ મવાએઝ વ મીસ્બાહુલ મોતઅઝ વલ વાએઝ (નોઅમાન આફન્દી) ૧/૮૩)

**સમજુતી:**

૧) હઝરત ઈમામ મહદી (અ.સ.) ના મુબારક ચહેરાની નુરાનિય્યતનું વર્ણન રિવાયત નં. ૪૪ માં પણ આવ્યું છે.

૨) રિવાયત નં. ૫૨ માં આપ (અ.સ.) ની દાઢી મુબારકે كث اللّحيه 'ઘાટી દાઢી' સાથે સરખાવવામાં આવી છે.

## હઝરત ઈમામ મહદી (અ.સ.) એક ખુબસુરત નવયુવાન જેવા

### રિવાયત નં. ૫૦

અલી બીન અબી હમઝાએ ઈમામ સાદિક (અ.સ.) થી રિવાયત કરી છે કે

*'જ્યારે મહદી જાહેર થશે ત્યારે લોકો તેમને ઓળખી શકશે નહી. એટલા માટે કે તેઓ જવાન જાહેર થશે. આથી તેમના માટે તે બહુ મોટી તકલીફનું કારણ હશે કે તેમના ઈમામ યુવાન*

*થઈને જાહેર થાય જ્યારે કે તેઓ ઈમામ (અ.સ.) ઘણા વૃદ્ધ હોવાનું અનુમાન કરી રહ્યા હશે.'*

(ઈકદુદ્ દોરર, પ્ર. ૩, પા. ૪૧-૪૨)

**સમજુતીઃ**

૧) હઝરત ઈમામ મહદી (અ.સ.) ની એક ખાસિયત એ છે કે આપ (અ.સ.) ની લાંબી વય હોવા છતાં (૪૦) ચાલીસ વર્ષના દેખાશો. અલ્લાહ તઆલાની ઈનાયત થકી તેઓ (અ.સ.) ઉપર વૃધ્ધતા અસરકારક નહિં થાય. કદાચ તેનું એક કારણ આપ (અ.સ.) ની ગૈબત અને છુપી ઝીંદગી હોય.

૨) લાંબી વય સંબંધિત જુઓ રિવાયત નં. ૫૬.

૩) હઝરત (અ.સ.)ના યુવાન હોવા સંબંધિત જુઓ રિવાયત નં. ૧૨૩ અને ૪૯.

## હઝરત ઈમામ મહદી (અ.સ.)
## રસુલે ખુદા (સ.અ.વ.)થી મળતા આવતા હશે

**રિવાયત નં. ૫૧**

તમીમુદ દારમીએ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) થી રિવાયત કરી છે. આપ (અ.સ.) એ ફરમાવ્યુંઃ

*'મહદીના અખ્લાક મારા અખ્લાક જેવા હશે અને તેમનો દેખાવ તથા ચહેરો પણ મારા જેવો હશે. તે દુનિયાને અદ્લ અને ઈન્સાફથી એવી રીતે ભરી દેશે જે રીતે તે ઝુલ્મ અને અત્યાચારથી ભરાએલી હશે.'*

(તારીખે બગદાદ (શૈખ બગદાદી), ૯/૪૭૧, હ. ૧૫૦૧, ઈકદુદ્ દોરર ફી અખ્બારીલ મુન્તઝર (હાફીઝ યુસુફ બિન યહ્યા મુકદ્દસી અશ્શાફેઈ) પ્ર. ૯, ફસ્લ-૩, પાના નં. ૨૧૮)

**સમજુતીઃ**

ચહેરો અને દેખાવ તથા અખ્લાક અને ચારિત્ર્યમાં હઝરત ઈમામ મહદી (અ.સ.) હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) થી એટલી હદે મળતા

આવે છે કે હઝરત ઈમામ સાદિક (અ.સ.) એ પોતાના બાપદાદાઓ થકી હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) થી રિવાયતની નોંધ કરી છે કે આં હઝરત (સ.અ.વ.) એ ફરમાવ્યું:

*'(હઝરત ઈમામ મહદી અ.સ.) દેખાવ અને રિત-ભાતમાં સૌથી વધારે મને મળતા આવે છે.'*

જુઓ રિવાયત નં. ૫૭

## હઝરત ઈમામ મહદી (અ.સ.) ના ખભા ઉપર રસુલે ખુદા (સ.અ.વ.)ની નિશાની હશે

### રિવાયત નં. ૫૨

હઝરત અલી બીન અબી તાલીબ (અ.સ.) એ ઈમામ મહદી (અ.સ.) ના ઝુહુર સંબંધે ફરમાવ્યું:

*'હઝરત મહદી (અ.સ.)ની દાઢી ભરાવદાર, ખુબસુરત આંખો, દાંત બરફ જેવા, ગાલ ઉપર તલ, ખભા ઉપર નબી (સ.અ.વ.) ની નિશાનીની માફક નિશાની હશે તથા તેઓ રસુલે ખુદા (સ.અ.વ.) નો પરચમ લઈને જાહેર થશે. આ પરચમ રેશમી છે. તેના ઉપર એક કાળુ અને ચોરસ નિશાન છે તથા તેમાં એક પથ્થર છે. રસુલે ખુદા (સ.અ.વ.)ની વફાત પછીથી આજ સુધી આ પરચમ ખુલ્યો નથી. અને હઝરત મહદી (અ.સ.) ના ઝુહુર સુધી ખુલશે પણ નહિં.'*

(અરફુલ વરદી ફી અખ્બારીલ મહદી (હાફીઝ જાલુદદીન સિયુતી) ૨/૧૪૭,
અલ બયાન ફી અખબારે સાહેબુઝઝમાન પ્ર. ૧૯/૧૩૯-૧૪૦)

**સમજુતી:**

૧) અબુ રૂમાનની રિવાયતમાં હઝરત અલી (અ.સ.) થી નોંધવામાં આવ્યું છે કે આપ (અ.સ.) એ ફરમાવ્યું:

فِيْ كَتِفِهِ الْيُسْرٰى خَالٌ

*'તેઓ ના જમણા ખભા ઉપર તલ હશે.'*

(કિતાબુલ ફેતન (ઈબ્ને હમાદ)/૮૫)

૨) હઝરત (અ.સ.) ના પરચમ સંબંધિત જુઓ રિવાયત નં. ૧૭૦.

## પ્રકરણઃ ૪

# હઝરત ઈમામ મહદી (અ.સ.) ના જીવનના જુદા જુદા તબક્કાઓ

## હઝરત ઈમામ મહદી (અ.સ.) નો જન્મ

### રિવાયત નં. ૫૩

હઝરત ઇમામ મોહમ્મદ તકી (અ.સ.)ના સુપુત્રી અને હઝરત ઇમામ હસન અસ્કરી (અ.સ.)ના ફૂઇ જનાબે હકીમા ખાતૂન હઝરત ઈમામ હસન અસ્કરી (અ.સ.)ને ખૂબ ચાહતા હતા અને તેમના માટે પુત્રની ખુદા પાસે કરગરીને દોઆ કરતા હતા. જ્યારે હિ.સન ૨૫૫ની ૧૫મી શઅબાનની રાત આવી ત્યારે જનાબે હકીમા ખાતૂન જ્યારે તેઓ પોતાના ઘરે જવા લાગ્યા ત્યારે ઈમામ હસન અસ્કરી (અ.સ.) એ ફરમાવ્યું:

*"ફુઈ આજે રાત્રે આપ અહિંજ રોકાઈ જાઓ એક ખાસ કામ છે."*

જનાબે હકીમા ખાતુનને ઈમામ (અ.સ.)ની વાત માની ત્યાંજ રોકાઈ ગયા. સુબ્હ સાદિકના સમયે જનાબે નરજીસ ખાતુનને તકલીફનો એહસાસ થયો. જનાબે હકીમા જ્યારે તેમની નજીક પહોંચ્યા તો જોયું કે એક તાજુ જન્મેલું બાળક તેમની નજીક છે. નવજાત બાળક ખત્ના થયેલ હતું. તેણી બાળકને લઇને ઇમામ હસન અસ્કરી (અ.સ.)ની ખિદમતમાં આવ્યા. ઇમામ (અ.સ.) એ તેમને લીધા તેમની પીઠ અને આંખો ઉપર પોતાનો હાથ ફેરવ્યો પછી તેના મોઢામાં પોતાની જીભ આપી. જમણા કાનમાં અઝાન અને ડાબા કાનમાં એકામત કહી. પછી ફરમાવ્યુંઃ ફૂઇ આમને તેમની માને આપી દો. જનાબે હકીમાએ તેમને તેમની માને સોંપી દીધા. પછી ઈમામ હસન અસ્કરી (અ.સ.) ની ખિદમતમાં હાજર થયા. જોયું તો આશ્ચર્ય ચકિત થયા કે તાજુ જન્મેલું બાળક તેમની સામે છે અને પીળા કપડામાં વિંટળાએલા છે અને અજબ નૂરાનીયત અને ખુબસુરતી ચહેરા ઉપર છવાએલી હતી. તેમનું સમગ્ર અસ્તિત્વ તે

બાળકની મોહબ્બતમાં તરબોળ થઈ ગયું. બીબી એ ઈમામ (અ.સ.) ને પુછ્યું:

*'મારા આકા! આ મુબારક નવજાત બાળક અંગે આપ શું ફરમાવો છો?'*

ઈમામ (અ.સ.) એ ફરમાવ્યું:

*'અય ફૂઈ આ જ તે મુન્તઝર છે જેના ઝુહુરની ખુશખબરીની અમને આગાહી આપવામાં આવી છે. આ સાંભળીને જનાબે હકીમા ખાતુને શુક્રના સજદહમાં માથું ઝુકાવી દીધું.'*

(યાનબીઉલ મોવદ્દત, ભાગ ૩, પ્ર. ૬૫/૩૬ પ્રકાશન બૈરૂત. ફસલુલ ખેતાબ ખ્વાજા મોહમ્મદ પારસા નકશબંદી માંથી નોંધ)

**સમજુતી:**

૧) ૧૫ શાબાન હિ. સન ૨૫૫ માં હઝરત ઈમામ મહદી (અ.સ.) ની વિલાદત થઈ છે તેવું એહલે સુન્નતના સંખ્યાબંધ આલિમોએ નોંધેલ છે. જેમકે -

   ૧. શવાહેદુન નબુવ્વત - નુરૂદ્દીન અબ્દુર રેહમાન જામી, પ્રકાશન - બગદાદ.

   ૨. વસીલતુન નજાત - મૌલવી મોહમ્મદ મોબીન - ૪૧૭ પ્રકાશન - લખનઉ.

૨) હઝરત ઈમામ મહદી (અ.સ.) ની વિલાદતના ત્રણ દિવસ પછી ઈમામ હસન અસ્કરી (અ.સ.) એ (અથવા એક રિવાયત મુજબ હિંદી ખાદીમ અબુ ગાનીમે) હઝરત ઈમામ મહદી (અ.સ.) ને અસ્હાબો સમક્ષ રજુ કરી ફરમાવ્યું:

هٰذَا اِمَامُكُمْ مِنْ بَعْدِىْ وَ خَلِيْفَتِىْ عَلَيْكُمْ

*'મારા પછી આ તમારા ઈમામ અને મારા વારસદાર (ખલીફા) છે.'*

લોકો તેમનો ઈન્તેઝાર કરશે, જ્યારે જમીન ઝુલ્મ અને અત્યાચારથી ભરાએલી હશે. ત્યારે તેઓ (અ.સ.) જાહેર થશે અને જમીનને અદ્લ અને ઈન્સાફથી ભરી દેશે.

(યનાબીઉલ મવદ્દત ભાગ-૩, પ્રકરણ-૮૨, પેજ નં. ૧૨૩)

૩) એક શખ્સે હઝરત ઈમામ હસન અસ્કરી (અ.સ.)ને તેમના વારસદાર સંબંધિત સવાલ કર્યો ત્યારે ઈમામ (અ.સ.) ઘરમાં તશરીફ લઈ ગયા અને એક બાળકને લઈને બહાર તશરીફ લાવ્યા. બાળકનો ચેહેરો ચૌદમી ના ચાંદ માફક ચમકી રહ્યો હતો. ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું:

اِنَّ اِسْمَهٗ اِسْمُ رَسُوْلِ اللّٰهِ وَ كُنْيَتُهٗ كُنْيَتُهٗ وَهُوَ الَّذِىْ

يَمْلَأُ الْاَرْضَ قِسْطًا وَّ عَدْلاً كَمَا مُلِئَتْ ظُلْمًا وَّجَوْرًا

*'તેમનું નામ રસુલે ખુદા (સ.અ.વ.) નું નામ તથા તેમની કુન્નીયત રસુલે ખુદા (સ.અ.વ.) ની કુન્નીયત છે. આ તેઓ જ છે જેઓ દુનિયાને અદ્લ અને ઈન્સાફથી એવી રીતે ભરી દેશે જેવી રીતે તે ઝુલ્મ અને અત્યાચારથી ભરાએલી હશે.'*

(વસીલતુન નજાત (મૌલવી મોહમ્મદ મોબીન) - ૪૧૮)

## હઝરત ઈમામ મહદી (અ.સ.) નો છુપો જન્મ

### રિવાયત નં. ૫૪

સુદૈર સયરફીની રિવાયત છે કે ઇમામ સાદિક (અ.સ.) એ કિતાબે જફરમાંથી નોંધ કરી ફરમાવ્યું:

*'એ વાત મુકદ્દર હતી કે તેમની વિલાદત હઝરત મુસા (અ.સ.) ની જેમ થાય. જ્યારે ફીરઔનને એ જાણ થઈ કે તેનો અંત બની ઈસરાઇલની એક વ્યક્તિ દ્વારા થશે ત્યારે તેણે બની ઈસ્રાઇલના પૈદા થતા બાળકોને ક્ત્લ કરવાનો હુકમ આપ્યો. ત્યાં સુધી કે વીસ હજારથી વધુ બાળકો કતલ કરી દેવામાં આવ્યા. પરંતુ ખુદાએ જનાબે મુસા (અ.સ.) નું રક્ષણ*

*કર્યું. તેવી જ રીતે જ્યારે બની અબ્બાસ અને બની ઉમય્યાના ખુન વહેવડાવવા વાળા હાકીમોને એ ખબર પડી કે તેઓનો પડતી અમારા કાએમ (અ.સ.) થકી થશે ત્યારે તેઓએ તેમને ક્ત્લ કરવાની તૈયારી કરી લીધી. પરંતુ ખુદા એ નહોતો ઈચ્છતો કે તેમની (ઈમામ મહદી અ.સ. ની) જગ્યાથી ઝાલિમો માહિતગાર થાય અને તેણે તેમને તેઓના ઝુલ્મથી મહેફૂઝ રાખ્યા. ખુદા પોતાના નૂરને સંપૂર્ણ કરવા ચાહે છે.'*

(યનાબીઉલ મોવદ્દત, ભાગ-૩, પ્ર. ૮૦, પાના નં. ૧૧૬, પ્રકાશન - બૈરૂત - મનાકીબમાંથી નોંધ)

**સમજુતીઃ**

૧) મિસ્રના બુર્ઝુગ શાફેઈ અબ્દુલ્લાહ બિન મોહમ્મદ શબ્રાવીનું કહેવું છે કે 'ઈમામ હસન અસ્કરી (અ.સ.)ના પુત્ર ઈમામ મોહમ્મદ અલ હુજ્જત ... ૧૫ શાબાન હિ. સન ૨૫૫ની રાત્રે પિતાની વફાતના પાંચ વર્ષ પહેલાં પૈદા થયા. ઈમામ હસન અસ્કરી (અ.સ.) એ ઈમામ મહદી (અ.સ.)ની વિલાદતને ગુપ્ત રાખી તથા સમયની તકલીફો અને તે સમયના ખલીફાના ડરને ધ્યાનમાં રાખીને તેને ગુપ્ત રાખવાનો હુકમ પોતાના સાથીઓને પણ આપ્યો કારણકે તે સમયના ખલીફાઓ હાશીમોની શોધખોળ કરી રહ્યા હતા તથા તેઓને કૈદ અને કત્લ કરી રહ્યા હતા. તેમજ તેઓને શુળી ઉપર ચઢાવવાનો ઈરાદો રાખતા હતા.

(ઈત્તેહાફે નબહલ અશ્રાફ (શૈખ અબ્દુલ્લાહ શબ્રાવી શાફેઈ) ૬૮)

૨) નુરૂદ્દીન અલી બિન મોહમ્મદ અલ મઅરૂફ ઈબ્ને સબ્બાગે માલેકી (વફાત હિ.સ. ૮૫૫) માલીકી ફીરકાના મહાન ફકીહ કહે છે કેઃ

*'અબુ મોહમ્મદ અલ હસન (અ.સ.) એ પોતાના જાનશીન પોતાના ફરઝંદ હુજ્જત કાએમુલ મુન્તઝરને હુકુમતે હક માટે નિમ્યા. તેમની વિલાદત અને બીજો અમ્રો, તકલીફો અને તે ઝમાનાના બાદશાહોના ડરથી ગુપ્ત રહ્યા. તે સમયના હાકીમો શીઆઓને કૈદ કરવા માટે શોધી રહ્યા હતા.'*

૩) હઝરત (અ.સ.)ની છુપી વિલાદતના કારણે અમૂક લોકો હઝરત (અ.સ.) ની વિલાદતમાં શક કરે છે.

જુઓ રિવાયત નં. ૧૧, ૧૨, ૩૯

(અલ ફોસુલુલ મોહિમ્મહ (ઈબ્ને સબ્બાગે માલેકી) ફ. ૧૨)

## હઝરત ઈમામ મહદી (અ.સ.) ની નાનપણમાં ઈમામત

### રિવાયત નં. ૫૫

ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) એ ફરમાવ્યું:

*'આ વાત (ઈમામત) અમારી એક વ્યક્તિમાં બાકી રહેશે જેની વય સૌથી નાની તથા જેમનો ઝીક્ર સૌથી સારો છે. અલ્લાહ તેમને પોતાના ઈલ્મનો વારસદાર બનાવશે અને તેમને તેમના હાલ ઉપર નહીં છોડી દયે.'*

(ઈકદુદ્ દોરર, પ્ર. ૭/૧૬૦, પ્ર. ૧૧/૨૩૮-૨૩૯ ફસલુલ ખેતાબ ખ્વાજા પારસા - યનાબીઉલ મોવદ્દત પ્ર. ૭૯ ભાગ - ૩/૧૧૩ મીરઆતુલ અસ્રાર (અબ્દુરરહેમાન સુફી) ૩૧ - અખ્બારૂદ દોલ વ આસારૂલ અવ્વલ (એહમદ દમશ્કી કરમાલી) ૧૧૭ - અલ ફોસુલુલ મોહીમ્મા, પ્ર. ૧૨)

**સમજુતી:**

૧) જાહેરી ઈમામતના સમયે હઝરત ઈમામ મહદી (અ.સ.)ની વય (૫) પાંચ વર્ષની હતી. અલ્લાહ તબારક વ તઆલાએ નાનપણમાં ઈમામત અતા કરી જેથી દરેકને એ જાણ થઈ જાય કે ઈમામતની લાયકાત અને ઈલ્મ અલ્લાહ તઆલા તરફથી અતા કરવામાં આવે છે.

૨) હઝરત ઈમામ હસન અસ્કરી (અ.સ.) એ ફરમાવ્યું:

ખુદા એ નાનપણમાં જ તેમને મહાનતા અને તકરીરની ઈલાહી સિફત અતા કરીને ઈમામતથી નવાજ્યા. તેમને દુનિયા માટે નિશાની મુકર્રર કર્યા જેમકે કુરઆને કરીમમાં અલ્લાહ તઆલા હઝરત યાહ્યા (અ.સ.) ને હુકમ આપે છે કે:

*''અય યાહ્યા! કિતાબને મઝબુતીથી પકડી લ્યો અને અમે નાનપણમાં જ તેમને નબુવ્વત અતા કરી હતી.''*

(સુરએ મરયમ - ૧૨)

## હઝરત ઈમામ મહદી (અ.સ.) ની લાંબી વય

### રિવાયત નં. ૫૬

સોદૈર સીરફીનું બયાન છે કે ઈમામ જઅફર સાદિક (અ.સ.) એ ફરમાવ્યું:

*'ખુદાવન્દે આલમે જનાબે ખીઝર (અ.સ.)ને એટલા માટે લાંબું આયુષ્ય નથી આપ્યું કે તે નબી છે અથવા તેમની ઉપર કોઈ કિતાબ ઉતારી છે અથવા તેમની શરીઅત થકી કોઈ પહેલાની શરીઅતને રદ કરવી છે અથવા કોઈ ઉમ્મતને તેમનું અનુકરણ કરવું છે અથવા કોઈ ઉપર તેમની તાબેદારી વાજીબ અને ફરજ છે બલ્કે તેમને (હ. ખીઝર અ.સ.ને) લાંબું આયુષ્ય એટલા માટે આપ્યું કે તેમના થકી હઝરત કાએમ (અ.સ.)ના લાંબા આયુષ્ય ઉપર દલીલ કરી શકાય અને વિરોધીઓની દલીલોને રદ કરી શકાય.'*

(યનાબીઉલ મોવદ્દત, પ્ર. ૮૦, પા. ૪૫૪, મનાકીબમાંથી નોંધ)

### સમજુતીઃ

૧) આજ સંદર્ભની એક બીજી રિવાયત હઝરત ઈમામ હસન અસ્કરી (અ.સ.) થી નોંધવામાં આવી છે.

(યનાબીઉલ મવદ્દત, ભાગ-૮૧/૧૨૦)

૨) પ્રખ્યાત મુસ્લીમ ઈતિહાસકાર અલી બીન હુસૈન મસ્ઉદી લખે છે કે તે સમયે એટલેકે રબીઉલ અવ્વલ હિજરી સન ૩૨૨ માં હઝરત ઈમામ મહદી (અ.સ.) ની વય ૭૬ વર્ષ અને સાડા અગીયાર મહિના છે.

(કિતાબ 'ઈસ્બાતુલ વસીય્યહ' ના અંતમાં)

૩) મઆસીર દાનિશ્વર અલ્લામા અબ્દુર રહમાન બાઅલ્વી કહે છે કે હઝરત ઈમામ મહદી (અ.સ.) આ સમયે એટલેકે હિજરી સન ૧૩૦૧ માં ૧૦૪૬ વર્ષના છે. જે સમયે હસને અરાકી (ર.અ.)ની

મુલાકાત ઈમામે ઝમાના (અ.સ.) સાથે થઈ અને ઈમામ (અ.સ.)ની વય બાબત પુછયું તો ઈમામ (અ.સ.) એ ફરમાવ્યું: ૬૨૦ વર્ષ.

(બગીયુલ મુસ્તર શદીન (અબ્દુર રહમાન બાઅલ્વી)/૨૯૬)

૪) લાંબી વય સંબંધિત જુઆ રિવાયત નં. ૩૮, ૫૦ અને ૭૧ ની સમજુતી

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ની ગયબત

### રિવાયત નં. ૫૭

જનાબે જાબીર બીન અબ્દુલ્લાહ અન્સારીનું બયાન છે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું:

*'મહદી (અ.સ.) મારા વંશમાંથી છે. તેનુ નામ મારૂં નામ છે, તેની કુન્નીયત મારી કુન્નીયત છે. તેઓ દેખાવ, ચહેરામાં અને અખ્લાકમાં સૌથી વધુ મારી સાથે મળતા આવે છે. તેમના માટે એક એવી ગયબત હશે જે આશ્ચર્ય પમાડનારી હશે. જેમાં ઉમ્મતો ગુમરાહ થઈ જશે. પછી તેઓ શહાબે સાકીબ (ચમકતો સિતારો)ની માફક આવશે અને દુનિયાને અદ્લ અને ઈન્સાફથી ભરી દેશે જેવી રીતે તે ઝુલ્મ અને અત્યાચારથી ભરાએલી હશે.'*

(ફરાએદુસ સીમતૈન (શૈખુલ ઈસ્લામ હમ્વઈ શાફેઈ)૨/૨૩૪-૨૩૫, હ. ૫૮૬, યનાબીઉલ મોવદ્દત ભાગ-૯૪/૪૮૮-૪૯૩)

**સમજુતી:**

૧) જુઓ રિવાયત નં. ૧૨, ૫૯, ૬૧, ૬૨, ૧૮૪ અને ૯૪.

૨) હઝરત ઈમામ મહદી (અ.સ.) ની ગૈબતના અર્થ માટે જુઓ રિવાયત નં. ૬૧ ની સમજુતી.

## હઝરત ઈમામ મહદી (અ.સ.) ની ગયબતની શરૂઆત

### રિવાયત નં. ૫૮

જનાબ ઉમ્મે હાનીની રિવાયત છે કે મેં ઇમામ બાકીર (અ.સ.)ને ખુદાના આ ફરમાનના બારામાં પુછયું:

فَلَآ اُقۡسِمُ بِالۡخُنَّسِ ۝ الۡجَوَارِ الۡكُنَّسِ

*''કસમ છે તે સિતારાઓની જે પાછા ફરે છે અને પોતાના વર્તુળમાં ચાલતા ચાલતા છુપાય જાય છે.''*

(તકવીર: ૧૫-૧૬)

ઇમામ (અ.સ.) એ ફરમાવ્યું:

*'તેનાથી મુરાદ તે ઈમામ છે જે હિજરી સન ૨૬૦માં છુપાઈ જશે. પછી તે શહાબે સાકીબ (રાતના ચમક્તા સિતારા)ની જેમ જાહેર થશે.'*

(યાનાબીઉલ મોવદ્દત, ભાગ-૭૧/૪૩૦)

**સમજુતી:**

ખાસ ધ્યાન આપવા જેવી બાબત એ છે કે હઝરત ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) એ આ વાકય હઝરત ઈમામ મહદી (અ.સ.) ની ગૈબતના ૧૫૦ વર્ષ પહેલાં બયાન ફરમાવ્યું છે. કારણકે હિજરી સન ૧૧૪ માં હઝરત ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) ની શહાદત થઈ છે. અર્થાત્ આ હદીસ આ પ્રકારની બીજી હદીસોની જેમ નબી (સ.અ.વ.) ના ઈલ્મના ખઝાનામાંથી મેળવવામાં આવી છે. જે એક ખુદાની બક્ષિશ છે.

**હઝરત ઈમામ મહદી (અ.સ.)ની ગયબતે સુગરા અને કુબરા**

**રિવાયત નં. ૫૯**

મુફઝઝલ બીન ઉમરનું બયાન છે કે ઇમામ સાદિક (અ.સ.) એ ફરમાવ્યું:

*'આ સાહેબે અમ્ર મહદી (અ.સ.)ના માટે બે ગયબતો છે. એક ગયબત બીજીથી લાંબી હશે ત્યાં સુધી કે અમૂક ઈન્કાર કરનારાઓ એમ કહેવા લાગશે કે તેઓ મૃત્યુ પામ્યા અને અમૂક કહેવા લાગશે કે આપ (અ.સ.) આવ્યા અને ચાલ્યા ગયા અને*

*તેમની રહેઠાણની જગ્યાની કોઈપણ દોસ્ત કે દુશ્મન જાણકારી નહિં હોય. અલબત્ત તેઓના ખાદીમ કે જે તેમની ખિદમત કરે છે.'*

(અલ - એશાઉલ અશરાતુસ્સાઅહ (મોહમ્મદ બિન અબ્દુર રસુલ શાફેઈ બરઝન્જી) ૯૩, અલ બુરહાન ફી અલામતે મહદી આખેરૂઝ ઝમાન - પ્ર. ૧૨ - હ - ૨ પા. ૧૭૧-૧૭૨)

**સમજુતીઃ**

૧) આ રિવાયત મુજબ ગૈબતે કુબરામાં હઝરત (અ.સ.) ના ખાસ ખાદિમો સિવાય કોઈપણ હઝરત (અ.સ.) ની જગ્યાથી માહિતગાર નથી.

૨) હઝરત ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) ની રિવાયતથી જાણવા મળે છે કે મક્કએ મોકર્રેમાની આજુબાજુના વિસ્તારમાં 'ઝી તોવા' નામની એક જગ્યા છે. જે હઝરત ઈમામ મહદી (અ.સ.)ની ગૈબતે કુબરા દરમ્યાન રોકાવાની જગ્યાઓ પૈકીની એક જગ્યા હશે.

(ઈકદુદ્ દોરર, ભાગ-૫/૧૩૩)

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ની ગયબત અને ઝી-તોવા

**રિવાયત નં. ૬૦**

હઝરત ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.)થી રિવાયત છે કે ઈમામ (અ.સ.) એ 'ઝી તોવા' (મક્કા નજીકની એક જગ્યા) તરફ ઈશારો કરીને ફરમાવ્યુંઃ

*'સાહેબે અમ્રની ગયબત આ જગ્યાઓની આસપાસમાં થશે.'*

(અલ બુરહાન ફી અલામાતે મહદી આખેરૂઝઝમાન પ્ર. ૧૨, હ. ૩/૧૭૧ ઈકદુદ્ દોરર, પ્ર. ૫/૧૩૩)

**સમજુતીઃ**

૧) 'ઝી તોવા' મક્કએ મોકર્રેમાની નજદિકની એક જગ્યા છે.

મોઅજમુલ બુલદાન (શહાબુદીન બગદાદી)

૨) આ રિવાયત મુજબ 'ઝી તોવા' તે જગ્યા છે જ્યાં હઝરત ઈમામ મહદી (અ.સ.) ગયબત દરમ્યાન અવાર-નવાર આવતા જતા રહે છે તથા એક રિવાયત મુજબ ઝુહુરની પહેલાં હઝરત (અ.સ.)ના ખાસ અસ્હાબો અને મદદગારો અહિંયા હઝરત (અ.સ.) સાથે મુલાકાત કરશે.

૩) અમૂક લોકો આ પ્રકારની રિવાયતોને એ આધારે ઝઈફ (કમજોર) ગણે છે કે કૈસાનીયહ (જે લોકો મોહમ્મદે હનફીયાની મહદવીય્યતના માનવાવાળા છે) એમ માને છે કે મોહમ્મદે હનફીયાની ગૈબત 'ઝી તોવા' થી થઈ હતી અને ત્યાંથી જે તેઓ જાહેર થશે. આથી આ પ્રકારની હદીસો કૈસાનીયહ લોકોએ ઘડી કાઢી છે. પરંતુ કોઈપણ હદીસનો દુરૂપયોગ કરવો તે હદીસ ખોટી હોવાની દલીલ નથી. કારણકે ઘણા બધા વિદ્રોહી સમૂહોએ સહીહ અને સાચી હદીસોનો દુરૂપયોગ કર્યો છે.

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ની એકલતા

### રિવાયત નં. ૬૧

નબીએ અકરમ (સ.અ.વ.) એ ફરમાવ્યું:

*મહદી (અ.સ.) ફાતેમા (સ.અ.)ના વંશમાંથી હશે.*

લોકોએ પુછ્યું, અય ખુદાના રસુલ (સ.અ.વ.) આ ક્યારે બનશે?

આપ (અ.સ.) એ ફરમાવ્યું:

*જ્યારે ન્યાયધીશ લાંચ લેવા લાગશે, ઉમ્મત ગુનાહોમાં સપડાય જશે, તો મહદી (અ.સ.) એકલા અને ગરીબ હશે.*

પૂછવામાં આવ્યું અય ખુદાના રસુલ (સ.અ.વ.) તે કેવી રીતે?

પયગમ્બર (સ.અ.વ.) એ ફરમાવ્યું:

*તે (મહદી અ.સ.) પોતાના કુટુંબીજનોથી અને વતનથી દૂર હશે.'*

(અલ મનાકીબ વલ મતાલીબ (કાઝી નોઅમાન) કલમી નુસ્ખો - એહકાકુલ હક (કાઝી) નુરૂલ્લાહ શુસ્તરી) ૯,૧૯/૬૭૯ માંથી નકલ)

**સમજુતીઃ**

એહલે સુન્નતના અમૂક મહાન આલિમો જેમકે હાફીઝ ગન્જી શાફેઈ (વફાત હિ. સન ૬૫૮) (અલ બયાન ફી અખ્બારે સાહેબુઝ ઝમાન, ફસ્લ-૨૫) એમ ખયાલ કરે છે કે ઈમામ (અ.સ.) ગૈબતના ઝમાનામાં કોઈ તહખાના (ભંડકીયા)માં ગુપ્ત જીવન પસાર કરી રહ્યા છે. જ્યારે કે આ ખયાલ તદ્દન ખોટો અને બેબુનિયાદ છે. શીઆ અને સુન્ની એમ બંનેના આલિમોએ આ બાબત જબરદસ્ત એઅતેરાઝ કર્યો છે કે ગૈબત અને એકલતાનો મતલબ હરગિઝ એમ નથી કે તેઓ કોઈ ભંડકીયામાં છુપી રીતે જીવન વિતાવી રહ્યા હોય. હઝરત (અ.સ.) લોકો દરમ્યાન બરાબર આવતા-જતા રહે છે. બીજા મુસલમાનોની જેમ હજના અરકાન બજાવવા માટે તશરીફ લાવે છે. અમૂક ખુશનસીબ લોકો તેમના દિદારની ખુશબખ્તી પણ હાંસિલ કરે છે.

છુપી ઝીંદગીનો અર્થ એમ થાય છે કે હઝરત (અ.સ.) એવી રીતે જીવન વિતાવે છે કે કોઈ તેમને ઓળખી શકતું નથી. આ તે આધારે છે કે આ ઈલાહી ખજાનો દુશ્મનોની તકલીફથી સુરક્ષિત રહે અને અલ્લાહનો વાયદો પૂર્ણ થાય.

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ની ગયબતની હિકમત

### રિવાયત નં. ૬૨

જનાબે ઇબ્ને અબ્બાસથી રિવાયત છે કે જાબીર બીન અબ્દુલ્લાહ અન્સારીએ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ને પુછ્યુંઃ અય ખુદાના રસુલ (સ.અ.વ.)ને શું આપના પુત્ર માટે ગયબત છે? રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ

*'હા, જેથી ખુદાવન્દે આલમ ઈમાનદારોને પાક કરે અને કાફીરોને હલાક કરે. અય જાબીર (રઝી.)! આ ગયબત ખુદાના અમ્રોમાંથી એક અમ્ર છે અને ખુદાના રહસ્યોમાંથી એક રહસ્ય છે, જે તેણે પોતાના બંદાઓથી છુપું રાખ્યું છે. આગાહ*

*થઈ જાઓ! તેમાં ક્યારેય પણ શંકા ન કરશો. કારણકે ખુદાવન્દે આલમના અમ્રમાં શંકા કરવી તે કુફ્ર છે.'*

(ફરાએદુસ્સીમતૈન (શૈખુલ ઈસ્લામ હમ્વઈ શાફેઈ) ૨/૩૩૫/૩૩૬, હ. ૫૮૯)

**સમજુતીઃ**

૧) હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.)ની તે રિવાયત જે સુદૈરે સેરફીથી નોંધવામાં આવી છે. તેમાં હઝરત ઈમામ મહદી (અ.સ.)ની લાંબી ગૈબતને જનાબે નુહ (અ.સ.)ની કૌમ ઉપર અઝાબમાં વિલંબ જેવી દર્શાવવામાં આવી છે. જેથી સાચા ઈમાન ધરાવવાવાળા લોકોની ઓળખ થઈ શકે.

(યનાબીઉલ મોવદ્દત (શૈખ સુલૈમાન કુન્દુઝી હનફી) પ્ર.૮૦/ભાગ-૩/૧૧૬-૧૧૭)

૨) જુઓ રિવાયત નં. ૭૦ ની સમજુતી.

૩) આ સંદર્ભમાં ફઝલ બિન રોઝબહાન લખે છેઃ

*'ઈમામતનો સિલસિલો ઈમામ ખાતમ ઉપર પૂર્ણ થાય તે જરૂરી છે જેથી દીનનો કમાલ (પૂર્ણતા) સાબિત થઈ જાય. ખુદાની હિકમતનો તકાઝો છે કે તેઓ છુપાએલા રહે. કારણકે અગર તેઓ દરેક ઝમાનામાં હાજર અને જાહેર રહે તો ક્યારેય પણ બાદશાહોનો ઝુલ્મ જાહેર ન થાય. ઉમ્મત બલાઓ અને મુસીબતોમાં ન સપડાય અને આખેરતનો બદલો અને સવાબ ન મળે. ખુદા ઉમ્મતનું ઈમ્તેહાન લેશે જેથી પાકો-પાકીઝા લોકો નજીસ અને ખરાબ લોકોથી અલગ થઈ જાય તથા મુનાફીકો - મોઅમીનોથી અલગ થઈ જાય. આ પ્રકારની કસોટીઓ વારંવાર જાલીમ અને અત્યાચારી બાદશાહોના ઝમાનામાં થશે. આ કારણે આટલા દિવસોથી હઝરત લોકોથી છુપાયેલા રહેશે.'*

(વસીલતુલ ખાદીમ એલલ મખ્દુમ (ફઝલ બિન રોઝબહાન ગંજી શાફેઈ) /૨૬૫)

## હઝરત ઈમામ મહદી (અ.સ.) ની ગયબતની બીજી હિકમત

**રિવાયત નં. ૬૩**

અબુ સઈદ અકીસા રિવાયત કરે છે, જ્યારે ઈમામ હસન (અ.સ.) એ મોઆવીયા સાથે સુલેહ કરી ત્યારે ઘણા બધા લોકો ઈમામ (અ.સ.) ની સુલેહ પર ટીકા કરી ત્યારે ઈમામ (અ.સ.) એ ફરમાવ્યુંઃ

*'વાય થાય તમારી ઉપર! તમને શું ખબર કે મેં શું કર્યું છે ? ખુદાની કસમ! મેં તે કામ કર્યું છે, જે મારા શીઆઓ માટે એ બધી વસ્તુઓથી બેહતર છે જેના ઉપર સૂરજ ઉગે અને આથમે છે. શું તમને ખબર નથી કે હું તમારો ઈમામ છું? તથા મારી તાબેદારી તમારી ઉપર વાજીબ છે ? અને શું તમે એ ભૂલી ગયા કે જેના ઉપર હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)નું સ્પષ્ટ ફરમાન છે કે હું જન્નતના જવાનોના સરદારોમાંનો એક છું.'*

સૌએ કહ્યુંઃ હા, યકીનન. ઈમામ (અ.સ.) એ ફરી ફરમાવ્યુંઃ

*શું તમને એ ખબર નથી કે જ્યારે જનાબે ખીઝર (અ.સ.) એ હોડીમાં કાણું પાડ્યું, દિવાલને સીધી કરી અને તે જવાનને કતલ કર્યો ત્યારે જનાબ મુસા (અ.સ.) તેની ઉપર નારાજ અને નવાઈ પામ્યા હતા એટલા માટે કે જ. ખીઝર (અ.સ.)ની હિકમત મુસા (અ.સ.) ઉપર જાહેર ન થઈ. જ્યારે કે ખુદાવન્દે આલમની નજીક તે કાર્ય ન ફકત યોગ્ય હતું બલ્કે પ્રસંશનીય કામ હતું. શું તમને એ ખબર નથી કે અમારામાંથી દરેક (ઈમામ) ઉપર દરેક ઝમાનાના વિદ્રોહી લોકો છવાએલા રહેશે. હા માત્ર કાએમ (અ.સ.) બાકી રહેશે, જેમની પાછળ જનાબે ઈસા (અ.સ.) નમાઝ પઢશે. જેમનો જન્મ ખાનગી હશે અને જે લોકોની નજરોથી એક લાંબા સમય સુધી ગાએબ રહેશે, અને તે મારા ભાઈ હુસૈન (અ.સ.)ના વંશમાંથી હશે. કનીઝોની સરદારના પુત્ર હશે. જ્યારે તેઓ જાહેર થશે ત્યારે કોઈપણ તેમના ઉપર કોઈનો કાબુ નહીં હોય, ગયબતમાં ખુદા તેમને લાંબું આયુષ્ય આપશે. પછી પોતાની કુદરતથી ચાલીસ*

*વરસની વયમાં તેમને જાહેર કરશે જેથી લોકો જાણી લ્યે કે ખુદા દરેક બાબત ઉપર કુદરત ધરાવે છે.'*

(ફરાએદુસ સીમતૈન - ૨, પ્ર. ૭/૨૭)

**સમજુતીઃ**

હઝરત ઈમામ મહદી (અ.સ.) ની ગૈબતની હિકમતો એહલે સુન્નતની રિવાયતોમાં નીચે મુજબ દર્શાવવામાં આવેલ છે.

*'લોકોનું ઈમ્તેહાન, મોઅમિન અને મુનાફીક વિગેરેનું એકબીજાથી જુદા તરી આવવું.'*

(રિવાયત નં. ૬૨ ની સમજુતી નં. ૩)

*'હઝરત ઈમામ મહદી (અ.સ.) ની જાનની સલામતી.'*

(રિવાયત નં. ૫૪)

*'જાલિમો અને અત્યાચારીઓ ના વર્ચસ્વથી ઈમામ (અ.સ.) નું રક્ષણ.'*

*'કાફીરોની પીઠમાંથી ખુદાની અમાનતોનું જાહેર થવું.'*

(રિવાયત નં. ૧૧૬)

**હઝરત ઈમામ મહદી (અ.સ.)ની ગયબતમાં ઈમાન અત્યંત મુશ્કેલ**

**રિવાયત નં. ૬૪**

અબ્દુલ્લાહ બીન ઝોરૈર (ઝરીન) અલ ગાફકીનું બયાન છે તેણે હઝરત અલી (અ.સ.) ને ફરમાવતા સાંભળ્યા.

*'હવે પછી એવા ફિત્નાઓ થશે જેમાંથી જે લોકો સુરક્ષિત રીતે નીકળશે તે એવી રીતે જાણે ખાણમાંથી સોનુ નીકળે છે. તે પછી રસુલે ખુદા (સ.અ.વ.)ના વંશમાંથી એવી વ્યક્તિને નિયુક્ત કરશે જેના સાથીઓની સંખ્યા ૧૨ હજાર હશે અને તે સંખ્યા ૧૫ હજારથી વધારે હશે નહિં.'*

(અલ મુસ્તદરકે અલસ - સહીહયન (હાકીમ નિશાપુરી) ૪/૫૫૩, મજમઉઝ ઝવાએદ (હયશામી) ૭/૩૧૭ કન્ઝુલ ઉમ્માલ (મુત્તકી હિન્દી) ૭/૨૬૩)

**સમજુતીઃ**

૧) આજ રિવાયતને તબરાનીએ હઝરત અલી (અ.સ.)થી અને તેમણે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) થી નોંધેલ છે.

(અલ મોઅજમુલ અવસત - હાફીઝ સુલૈમાન તબરાની ૧/૨૦૩, હ. ૨૯૩)

૨) આખર ઝમાનાના ફીત્નાઓ, લોકોની ગુમરાહી અને મોઅમિનોની સખત કસોટી સંબંધિત નીચે મુજબની રિવાયતો નોંધવામાં આવી છે.

- ગયબત એટલી લાંબી હશે કે જેમાં ઉમ્મતોના પગ લપસી જશે. જુઓ રિવાયત નં. ૯૪.
- આ કસોટીની તીવ્રતા એટલી બધી વધારે હશે કે જેના કારણે ઈન્સાન સાંજે મોઅમિન હશે અને સવાર થતાં થતાં તે કાફીર થઈ જશે. જુઓ રિવાયત નં. ૨૦૮

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ગયબતના ઝમાનાની મુશ્કેલીઓ

**રિવાયત નં. ૬૫**

જનાબે મોહમ્મદ બીન મુસ્લિમે ઇમામ સાદિક (અ.સ.)થી રિવાયત કરી છે.

***'કાએમ (અ.સ.) ના ઝુહુરની નિશાનીઓ વડે ખુદા મોઅમીનોની પરીક્ષા કરશે.'***

મેં પુછ્યું: તે કઇ રીતે?

ઇમામ (અ.સ.) એ ફરમાવ્યું: કુરઆને કરીમની આ આયતની તિલાવત કરી:

وَلَنَبْلُوَنَّكُمْ بِشَيْءٍ مِّنَ الْخَوْفِ وَالْجُوعِ

وَنَقْصٍ مِّنَ الْأَمْوَالِ وَالْأَنفُسِ وَالثَّمَرَاتِ وَبَشِّرِ الصَّابِرِينَ

***"અને અમે તમને ડરથી અને ભુખથી અને માલ, જાન અને ફળોની ઓછપથી જરૂર અજમાવીશું અને ખુશખબરી છે સબ્ર કરવાવાળાઓ માટે."***

(સુરએ બકરહ, આયત નં. ૧૫૫)

પછી ફરમાવ્યું

*'તમને જરૂરને જરૂર 'ભયથી' અજમાવીશું. એટલે તમને બીમારીઓમાં સપડાવી દઈશું અને 'ભૂખથી' એટલે ફાકા થકી તથા કિંમતો વધી જવાથી અને 'માલની અછત' થી એટલે દુષ્કાળથી અને 'જીવની ઉણપથી' એટલે આલિમના મૃત્યુથી અને 'ફળોની અછતથી' એટલે વરસાદ ન થવાથી અજમાવીશું. સબ્ર કરનારાઓને ખુશખબરી થાય.'*

તે પછી ફરમાવ્યું:

*'અય મોહમ્મદ! આ છે આ આયતની તાવીલ. ખુદાવન્દે આલમ અને રાસેખુન ફીલ ઈલ્મ (જ્ઞાન ધરાવનાર) સિવાય કોઈ જેનાથી જાણકાર નથી અને અમે છીએ રાસેખુન ફીલ ઈલ્મ.'*

(સુરએ આલે ઈમરાન, આયત નં. ૭)
(યનાબીઉલ મોવદ્દત પ્ર. ૭૧/૪૨૧)

**સમજુતી:**

૧) ગયબતના ઝમાનાની મુશ્કેલીઓ બાબતે ઘણી બધી રિવાયતો ૭ માં વિભાગ 'ઝુહુરની નિશાનીઓ' માં વર્ણવવામાં આવી છે.

૨) આ રિવાયતથી એ જાણવા મળે છે કે કુરઆને કરીમની તાવીલ અઈમ્મએ મઅસુમીન (અ.મુ.સ.) થી મખ્સુસ છે કારણકે આ હઝરતો અલ્લાહ તબારક વ તઆલાએ આપેલા ઈલ્મના આધારે કુરઆનના બાતિનથી માહિતગાર છે.

**હઝરત ઈમામ મહદી (અ.સ.) ના ગયબતના ઝમાનાના કાર્યો**

**રિવાયત નં. ૬૬**

હઝરત અલી (અ.સ.) એ ફરમાવ્યું:

*'યકીનન મહદી (અ.સ.) અમારામાંથી છે. તે દુનિયામાં રૌશન ચિરાગની જેમ ચાલશે. નેક કાર્યો કરનારાઓની જેમ કદમ ઉઠાવશે. દોરીથી બંધાએલાની ગાંઠો ખોલી નાખશે, ગુલામોને આઝાદ કરશે, ભેગા થઈ ગએલા લોકોને જુદા*

*પાડશે, વિખુટા પડી ગએલા અને વિખેરાઈ ગયેલા લોકોને એકઠા કરશે, લોકોથી છુપાએલા રહેશે. પીછો કરનારા લોકોને પગલાંના નિશાન પામશે નહીં, પછી તે ગમે તેટલી શોધ કેમ ન કરે!'*

(યનાબીઉલ મોવદ્દત, પ્ર. ૭૪/૪૩૭, નહજુલ બલાગાહ સબ્હી સાલેહ ખુત્બો - ૧૫)

**સમજુતીઃ**

આ રિવાયત હવે પછી આપવામાં આવેલી રિવાયતોનું સમર્થન અને સ્પષ્ટતા કરી રહી છે કે ગૈબતના ઝમાનામાં હઝરત ઈમામ મહદી (અ.સ.) લોકોની નજરોથી છુપાયેલા જરૂર છે પરંતુ પોતાની ઈમામતની જવાબદારીઓને પૂર્ણ કરી રહ્યા છે તથા લોકો અત્યારે પવિત્ર અસ્તિત્વથી એવી રીતે ફાયદો મેળવી રહ્યા છે જેવી રીતે વાદળો પાછળ છુપાયેલા સુરજથી ફાયદો મેળવવામાં આવે છે.

**હઝરત ઈમામ મહદી (અ.સ.) ની ગબયતમાં ફાયદો ઉઠાવવું**

**રિવાતયત નં. ૬૭**

સુલૈમાન બીન મેહરાનનું બયાન છે. મેં હઝરત ઇમામ જઅફર સાદિક (અ.સ.) ને પુછ્યુંઃ લોકો નજરોથી છુપાએલી અલ્લાહ હુજ્જત (ઈમામ) થી કેવી રીતે લાભ મેળવશે? ઈમામ (અ.સ.) એ ફરમાવ્યુંઃ

*'જેવી રીતે તેઓ સૂરજથી ફાયદો મેળવે છે, જ્યારે તે વાદળોમાં છુપાએલો હોય છે.'*

(ફરાએદુસ્સીમતૈન ૧/૪૫/૪૬ હ. ૧૧)

**સમજુતીઃ**

૧) આ અગાઉ આ શિર્ષક 'હઝરત ઈમામ મહદી (અ.સ.) હઝરત ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) ની સાતમી પેઢીમાંથી છે.' હેઠળ રિવાયત નં. ૨૯ માં દર્શાવ્યા મુજબ જ્યારે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ સુરએ નિસા આયત નં. ૫૯

أَطِيعُوا اللهَ وَأَطِيعُوا الرَّسُولَ وَأُولِي الْأَمْرِ مِنْكُمْ

ની સ્પષ્ટતામાં હઝરત ઈમામ મહદી (અ.સ.)ની ગૈબતનું વર્ણન કર્યુ ત્યારે જનાબે જાબીરે (અ.ર.) એ પૂછયું:

*'અય અલ્લાહના રસુલ (સ.અ.વ.)! તેમના શીઆઓ તેમની ગયબતમાં તેમનાથી કેવી રીતે ફાયદો મેળવશે?'*

તો હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું:

*'કસમ છે તે ઝાતની કે જેણે મને નબુવ્વતની પર મબ્ઉસ કર્યો, લોકો તેમના નૂરથી પ્રકાશ મેળવશે. તેમની ગયબતમાં તેમની વિલાયતથી એવી રીતે ફાયદો મેળવશે જેવી રીતે સૂરજથી ફાયદો મેળવવામાં આવે છે જ્યારે તેને વાદળો છુપાવી લ્યે છે. અય જાબીર! આ ખુદાનો છુપો ભ/દ છે અને તેનું ખાસ ઈલ્મ છે. યોગ્ય લોકો સિવાય બીજા કોઈને આ બયાન ન કરતા.'*

(રવઝતુલ હબાબ, ભાગ-૨, પ્રકરણ-૧૨, સૈયદ જમાલુદ્દીન અતાઉલ્લાહ શિરાઝી, યનાબીઉલ મોવદ્દત, ભાગ-૯૪/૪૯૪)

૨) આ હદીસોથી એ સ્પષ્ટ છે કે જેવી રીતે વાદળો પાછળ છુપાએલો સુરજ જેવી રીતે દુનિયાને ઝીંદગીનું નૂર અને ગરમી પહોંચાડે છે અને તેનું અસ્તિત્વ દુનિયા માટે જરૂરી છે તેવી જ રીતે ઈમામ (અ.સ.) પણ ગયબતમાં લોકોને ફાયદો પહોંચાડી રહ્યા છે તથા તેમનુ પવિત્ર અસ્તિત્વ આ દુનિયાના બાકી રહેવા માટે એટલુંજ જરૂરી છે જેટલું સૂરજનું હોવું. પછી ચાહે સમાજમાં ઝાહીરમાં મૌજુદ રહે યા પરદે ગયબતમાં રહે. જુઓ રિવાયત નં. ૭૦.

## હઝરત ઈમામ મહદી (અ.સ.) અત્યારે પણ જીવંત છે

### રિવાયત નં. ૬૮

હાફીઝ અબુ અબ્દુલ્લાહ મોહમ્મદ બીન યુસુફ ગન્જી શાફેઇ (વફાત હિ.સ. ૬૫૮) પોતાની મુલ્યવાન કિતાબ 'અલ બયાન ફી અખ્બારે સાહેબુઝઝમાન'માં લખે છે.

*'હઝરત મહદી (અ.સ.) તેમની ગયબતથી લઈ આજ સુધી જીવંત અને બાકી છે અને તેમના બાકી રહેવામાં કોઈ અડચણ નથી. એ વાતની દલીલ એ છે કે અલ્લાહના વલીઓમાંથી જનાબે ઈસા (અ.સ.), જનાબે ઈલ્યાસ (અ.સ.) અને જનાબે ખીઝર (અ.સ.) જીવંત છે અને ખુદાના દુશ્મનોમાંથી દજ્જાલ અને ઈબ્લીસ મલઉન પણ આજ સુધી જીવંત છે.'*

(અલ બયાન ફી અખ્બારે સાહેબુઝઝમાન, પ્ર. ૨૫ નુરૂલ અબ્સારે (શબ્લન્જી) ૪૫, અલ ફોસુલુલ મોહીમ્મા - ૩૩૪, અરજહુલ મતાલીબ ૪૭૨)

**સમજુતીઃ**

૧) રિવાયત નં. ૩૮, ૫૬, ૭૦ અને ૭૧ પણ આજ વાત ઉપર દલાલત કરે છે. તેની સમજુતી જુઓ.

૨) એહલે સુન્નતના આલિમો પણ આ વાતમાં માને છે. જેમકે ખ્વાજા મોહમ્મદ પારસા કહે છેઃ

بِهٖ خَتَمَتِ الْخِلَافَةُ ... اِلٰى يَوْمِ الْقِيَامَةِ ۞

*'તેમની ઉપર ખિલાફત અને ઈમામતનો અંત થશે અને તેઓ પોતાના પિતાના ઈન્તેકાલ પછીથી કયામત સુધી ઈમામ છે.'*

(ફસલુલ ખેતાબ ખ્વાજા મોહમ્મદ પારસા નકશબન્દી)

અબ્દુલ વહહાબ બિન એહમદ શેઅરાની નું બયાન છે 'મહદી (અ.સ.) ઈમામ હસન અસ્કરી (અ.સ.)ના ફરઝંદ છે. તેઓ (અ.સ.) ૧૫ શાબાન હિજરી સન ૨૫૫ માં પૈદા થયા. તેઓ જીવંત છે ત્યાં સુધી કે જનાબે ઈસા (અ.સ.) નાઝીલ થાય તથા અત્યારે એટલેકે હિજરી સન ૯૦૬ માં તેમની વય ૬૫૧ વર્ષ છે.

(અલ યવાકીતુલ જવાહીર (અબ્દુલ વહહાબ બિન એહમદ શેઅરાની) ભાગ-૬૫)

## હઝરત ઈમામ મહદી (અ.સ.) આપણા ઝમાનાના ઈમામ

**રિવાયત નં. ૬૯**

સુલયમાન બીન મેહરાન અઅમશે ઈમામ સાદિક (અ.સ.) પાસેથી તેમણે તેમના પિતા ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) થી અને તેમણે તેમના દાદા ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.) થી આ રિવાયતની નોંધ કરી છે:

અમે મુસલમાનોના ઈમામ, દુનિયા ઉપર ખુદાની હુજ્જતો, મોઅમીનોના સરદાર, ચમક્દાર કપાળવાળાના માર્ગદર્શક અને તમામ મુસલમાનોના મૌલા છીએ. અમે જમીનવાળાઓ માટે એવી જ રીતે સલામતીનું કારણ છીએ જેવી રીતે સિતારાઓ આસમાનવાળાઓ માટે સલામતીનું કારણ છે.

وَيُمْسِكُ السَّمَآءَ اَنْ تَقَعَ عَلَى الْاَرْضِ اِلاَّ بِاِذْنِهٖ

*‘‘તેણે જ આસમાનને રોકી રાખ્યુ છે અને તેની રજા વગર જમીન ઉપર નથી પડી શકતું.’’*

(સુરએ હજ: ૬૫)

*અમારા કારણે જમીન કાએમ છે, અમારા કારણે વરસાદ વરસે છે અને રહમતો ફેલાય છે. જમીન તેની બરકતોને જાહેર કરે છે. અગર અમારામાંથી કોઈ એક જમીન ઉપર ન હોય તો જમીન તેમના રહેનારાઓની સાથે ધસી પડે.*

તે પછી ફરમાવ્યું:

*‘જ્યારથી ખુદાએ હઝરત આદમ (અ.સ.)ને પૈદા કર્યા છે ત્યારથી આ દુનિયા ખુદાની હુજ્જતથી ખાલી નથી, ભલે પછી તે જાહેર અને મશહુર હોય અથવા ગાએબ હોય કે છુપાયેલ. કયામત સુધી આ જમીન ખુદાની હુજ્જતથી ખાલી નથી રહી શકતી. અગર જો એમ થઈ જાય તો ખુદાની ઈબાદત ન થાય.’*

સુલયમાનનું બયાન છે. ઈમામ સાદિક (અ.સ.)ને પુછવામાં આવ્યું:

*'લોકો ગાએબ અને છુપાએલ હુજ્જતથી કેવી રીતે ફાયદો મેળવશે? ઈમામ (અ.સ.) એ ફરમાવ્યુંઃ 'જેવી રીતે સૂરજથી લાભ ઉઠાવવામાં આવે છે જ્યારે વાદળો તેને છુપાવી લે છે.'*

(ફરાએદુસ સિમતૈન ૧/૪૫ - હ - ૧૧ યનાબીઉલ મોવદ્દત (શૈખ સુલેમાન કુન્દુઝી હનફી) પ્ર. ૮૯/૪૭૭-૪૭૮)

## હઝરત ઈમામ મહદી (અ.સ.) ના દીદાર

**રિવાયત નં. ૭૦**

બુઝુર્ગ શાફેઇ આરીફ અબ્દુલ વહહાબ શેઅરાની (વફાત હિ. ૯૭૩) નું બયાન છે. શયખ હસન અરાકી નેક, ઈબાદત ગુઝાર, પરહેઝગાર, અને છુપા ભેદોના જાણનાર બુઝુર્ગ હતા. તેઓ એક દિવસ તેમના ઉસ્તાદ શયખ અલી ખવાસની સામે તેમના જીવન ની હાલત વિષે આ રીતે બયાન કરી રહ્યા હતા.

હું દમિશ્કમાં હસ્ત કારીગરીનું કામ કરતો હતો. જુમ્આનો દિવસ મોજ-મસ્તી અને શરાબ અને કબાબમાં પસાર કરતો હતો. એક દિવસ હું જાગૃત થયો અને મારા ખરાબ દોસ્તોને છોડી દેવાનો નિર્ણય કર્યો. દમિશ્કની જુમ્આ મસ્જીદમાં ગયો અને એક શખ્સને મહદી (અ.સ.)ના બારામાં ચર્ચા કરતા જોયો. તેની વાત સાંભળીને મારામાં મહદી (અ.સ.)ના દીદારનો શૌખ પૈદા થયો. ત્યાર પછી જ્યારે પણ હું સજદો કરતો હતો ત્યારે ખુદાથી હ. મહદી (અ.સ.) ના દીદારની દોઆ માંગતો હતો. એક રાત્રે મગરિબની નમાઝ પછી મેં મારા ખભા ઉપર કોઇના હાથનો સ્પર્શ અનુભવ્યો. જેણે મને કહ્યું:

*'અય મારા ફરઝન્દ! ખુદાએ તારી દોઆ કબુલ કરી લીધી છે. તમે જેનો ઈન્તેઝાર કરી રહ્યા છો તે મહદી (અ.સ.) હું છું. મેં તેમને મારા ઘરે દાવત આપી. તેમણે દાવત સ્વિકારી અને એક એકાંતની જગ્યા ઈબાદત માટે માગી. તેઓ એક અઠવાડિયું મારી પાસે રોકાયા. મેં તેમની વય પૂછી તો ફરમાવ્યું ૬૨૦ વરસ.'*

(લવાકેહુલ અન્વાર ફી તબકાતુલ અખ્યાર (અબ્દુલ વહહાબ શેઅરાની), ૨/૧૯૩)

**સમજુતીઃ**

૧) હિજરી સન ૯૨૫ માં ૧૦૦ વર્ષની વયે શૈખ હસને અરાકીનો ઈન્તેકાલ થયો. તેઓ શૈખ અબ્દુલ વહહાબ શેઅરાની (વફાત હિજરી સન ૯૭૩) ના ઉસ્તાદ હતા. તેઓનો હઝરત ઈમામ મહદી (અ.સ.) ની સાથે મુલાકાતનો પ્રસંગ સુન્ની આલિમો અને ઓરફાની દરમ્યાન ખૂબજ પ્રખ્યાત છે અને આ પ્રસંગ અંદાજે હિજરી સન ૮૭૫ નો છે.

૨) ગયબતના ઝમાનામાં હઝરત ઈમામ મહદી (અ.સ.) હાલાંકે ગૈર મઅરૂફ (તેમને આપણે જોઈ શકીએ છીએ પરંતુ ઓળખી શકતા નથી) ઝીંદગી પસાર કરી રહ્યા છે છતાં તેઓ (અ.સ.) અત્યારે પણ લોકોને મળે છે. કોઈ એક આલિમે પણ હઝરત (અ.સ.) થી મુલાકાતની શકયતાને નકારી નથી. એહલે સુન્નતના આલિમોની કિતાબોમાં હઝરત ઈમામ મહદી (અ.સ.) સાથે મુલાકાતના ઘણા બધા પ્રસંગો જોવા મળે છે. જેમકેઃ

- જુઓ રિવાયત નં. ૭૧, અલી બીન એહમદે કુફી અઝદીની ઈમામ (અ.સ.) સાથેની મુલાકાત તથા ઈમામ (અ.સ.) નું બયાન.
- જુઓ રિવાયત નં. ૭૧ ની સમજુતી નં. ૨. જેમાં હાફીઝ અબુ મોહમ્મદ બલાઝરી એ હદીસ સિલસિલતુઝ ઝહબ રિવાયત કરી છે.
- અબદુર રહમાન સુફી સાહેબ કિતાબ 'મિરઆતુલ ઓમરાઅ' માં પોતાના મોહરતમ ઉસ્તાદ બદીઉદ્દીન કતબ મદારને હઝરત ઈમામ મહદી (અ.સ.) ના હાથે તરબીયત પામેલા દર્શાવ્યા છે.
- મિસ્રના એક કાદરી શૈખે હઝરત ઈમામ મહદી (અ.સ.) ના હાથો ઉપર બયઅત કરેલી છે.

(યનાબીઉલ મોવદ્દત (શૈખ સુલૈમાન કુન્દુઝી)/૪૭૦)

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ફરમાનો

## રિવાયત નં. ૭૧

અલી બીન અહમદ કુફી અઝદીનું બયાન છેઃ તવાફે કઅબા દરમ્યાન એક ખૂબજ સોહામણા અને ખુશ્બુથી મહેકતા યુવાનની મુલાકાત થઇ. જેમણે મારી સાથે વાતચીત કરી. મેં પુછ્યુંઃ આકા આપની ઓળખ? ફરમાવ્યુંઃ

*'હું મહદી (અ.સ.) છું. હું સાહેબુઝઝમાન છું અને હું તે કાએમ (અ.સ.) છું જે ઝમીનને ન્યાયથી એવી રીતે ભરી દેશે જે રીતે તે ઝુલ્મથી ભરેલી હશે. ચોક્કસ દુનિયા ક્યારેય પણ અલ્લાહની હુજ્જતથી ખાલી નહીં રહે. લોકો ઈમામ વગર જીવંત નથી રહી શક્તા.'*

(અન નુઝહા (અબ્દુલ અઝીઝ દેહલવી) અલ મુસલસલાતના હવાલાથી (શાહ વલીયુલ્લાહ દેહલવી))

**સમજુતીઃ**

૧) અલ્લામા શૈખ સુલૈમાન બિન ઈબ્રાહીમ બલ્ખી નકશબન્દી (વફાત હિજરી સન ૧૨૯૩) પોતાની કિતાબ યનાબીઉલ મોવદ્દત ના ૮૩ માં ભાગમાં હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ફરમાનોનું વર્ણન કરે છે. તેનાથી હઝરત (અ.સ.)ની વિલાદત અને જીવંત હોવાની શ્રેષ્ઠ સાબિતિઓ પ્રાપ્ત થાય છે.

૨) હાફીઝ અબુ મોહમ્મદ બલાઝરી તુસી (વફાત હિજરી સન ૩૩૯) એ સિલસિલતુઝ ઝહબના નામથી પ્રખ્યાત હદીસ હઝરત ઈમામ મહદી (અ.સ.)થી આ મુજબ નોંધેલ છે.

حَدَّ ثَنَا مُحَمَّدُابْنُ الْحُسَنُ بْنُ عَلِيِّ الْمَحْجُوْبُ اِمَامُ عَصْرٍ حَدَّثَنَا الْحَسَنُ
بْنُ عَلِيِّ عَنْ اَبِيْهِ عَنْ جَدِّهِ عَنْ اَبِيْ جَدِّهِ عَلِيِّ بْنِ مُوْسٰى الرِّضَا عَلَيْهِمُ
السَّلَامُ ۔ حَدَّثَنَا مُوْسٰى الْكَاظِمُ قَالَ حَدَّثَنَا اَبِيْ جَعْفَرٍ صَّادِقُ حَدَّثَنَا
مُحَمَّدُ البَاقِرَبْنُ عَلِيِّ حَدَّثَنَا اَبِيْ عَلِيْ بْنِ الْحُسَيْنِ زَيْنُ الْعَابِدِيْنَ حَدَّثَنَا اَبِيْ

حُسَيۡنُ بۡنُ عَلِيّ بۡنِ اَبِيۡ طَالِبٍ عَلَيۡهِمُ السَّلَامُ سَيِّدُ الۡاَوۡلِيَاءِ مُحَمَّدٍ بۡنِ
عَبۡدِاللّٰهِ صَلَى اللّٰهُ عَلَيۡهِ وَآلِهٖ وَسَلَّمُ قَالَ اَخۡبِرۡنِيۡ سَيِّدَ الۡمَلَائِكَةِ جَبۡرِيۡلَ
قَالَ اللّٰهُ تَعَالٰى سَيِّدُ السَّادَاتِ

*'...હું ખુદા છું, મારા સિવાય કોઈ મઅબુદ નથી. જેણે મારી તવહીદનો એકરાર કર્યો તે મારા કિલ્લામાં દાખલ થઈ ગયો તથા જે મારા કિલ્લામાં દાખલ થઈ ગયો તે મારા અઝાબથી સુરક્ષિત રહ્યો.'*

## પ્રકરણઃ ૫

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ફઝાએલ

## હઝરત ઈમામ મહદી (અ.સ.) મઅસુમ છે

**રિવાયત નં. ૭૨**

અબ્દુલ્લા બીન અબ્બાસનું બયાન છે. મેં જનાબે રસુલે ખુદા (સ.અ.વ.) ને ફરમાવતા સાંભળ્યા.

*'હું, અલી, હસન, હુસૈન અને હુસૈનના વંશમાંથી નવ ફરઝંદો પાક અને માસુમ છીએ.'*

(મોવદ્દતુલ કુર્બા–મુવદ્દત ૧૦, ફરાએદુસ સિમતૈન ૨/૩૧૩ હ. ૫૬૩)

**સમજુતીઃ**

૧) એહલે સુન્નતના આલિમોએ હઝરત ઈમામ મહદી (અ.સ.)ની ઈસ્મત (ગુનાહોથી પાક હોવું) નો એકરાર કર્યો છે જેવા કેઃ

શૈખ મોહયુદ્દીન અઅરાબી (વફાત હિજરી સન ૬૨૭) એઃ અલ ફોતુહાતુલ મક્કીય્યહ ૩/૩૩૫ માં

મહાન ફકીહ ઈબ્ને જવઝી (વફાત હિજરી સન ૬૫૪) એઃ તઝકેરતુલ ખવાસીલ અઈમ્મહમાં પાના નં. ૩૮૩-૩૮૪ ઉપર

જલાલુદ્દીન મોહમ્મદ દવાની (વફાત હિજરી સન ૯૦૮) એઃ

શૈખ અબ્દુલ વહહાબ શેઅરાની (વફાત હિજરી સન ૯૭૩) એઃ અલ યવાકીતુલ જવાહીરમાં

હાફીઝ ગન્જી શાફેઈ (વફાત હિજરી સન ૬૫૮) એઃ અલ બયાન ફી અખ્બારે સાહેબુઝઝમાન ભાગ-૭/૧૧૪ માં

*‘હઝરત ઈમામ મહદી (અ.સ.)ની ઈસ્મતનો સ્વિકાર કર્યો છે.’*

૨)

*‘મહદી (અ.સ.) તે મહાન હસ્તી છે જે દુનિયાને ઝુલ્મ અને અત્યાચારથી પાક કરશે.’*

(રિવાયત નં. ૧૯૨)

*‘મહદી (અ.સ.) તમામ અસ્હાબો અને અંબિયાઓથી સર્વશ્રેષ્ઠ છે.’*

(રિવાયત નં. ૭૫)

*‘આપ (અ.સ.) જમીન ઉપર અલ્લાહના ખલીફા છો.’*

(રિવાયત નં. ૭૮ અને ૧૯૮)

*‘જેમનું અનુસરણ ખુદાનું અનુસરણ છે.’*

(રિવાયત નં. ૮૧)

*‘તેઓ હકની સાથે છે અને હક તેઓની સાથે છે.’*

(રિવાયત નં. ૯૨)

*‘તેમનો આલમે મલકૂતથી સીધેસીધો સંપર્ક છે.’*

(રિવાયત નં. ૮૮ અને ૯૬)

*‘ઉલુલ અઝમ પયગમ્બર હઝરત ઈસા (અ.સ.) આપ (અ.સ.)ની પાછળ નમાઝ પઢશે.’*

(રિવાયત નં. ૮૭)

આ રીતે હઝરત ઈમામ મહદી (અ.સ.) એ મઅસુમ અને દરેક ઐબ અને ખામીઓથી પાક હોવું જોઈએ. રિવાયત નં. ૧૧, ૫૪ અને ૧૮૬ ની સમજુતી આ વાતનું સમર્થન કરે છે.

## હઝરત ઈમામ મહદી (અ.સ.) રસુલ (સ.અ.વ.)ના અસ્હાબોથી શ્રેષ્ઠ અને મહાન

**રિવાયત નં. ૭૩**

મોહમ્મદ બીન સીરીનને પૂછવામાં આવ્યુંઃ મહદી (અ.સ.) અફઝલ છે કે અબુ બક્ર અને ઉમર. ફરમાવ્યુંઃ

*'બેશક તેઓ આ બન્નેથી શ્રેષ્ઠ છે તથા તેઓ સ્પષ્ટ રીતે ન્યાય ફેલાવશે.'*

(ઈકદુદ્ દોરર - પ્ર. ૭ / ૧૪૮)

**સમજુતીઃ**

૧) ઉચ્ચ દરજ્જાના હનફી આલીમ નુરૂદ્દીન મુલ્લાઅલી કારી મહરવી (વફાત હિજરી સન ૧૦૧૪) પોતાની પ્રખ્યાત કિતાબ 'અલ મશરબુલ વરદી ફી મઝહબીલ મહદી' માં અબુ બક્ર ઉપર હઝરત ઈમામ મહદી (અ.સ.) ની ફઝીલત વર્ણવતા કહે છે કેઃ

*'હઝરત ઈમામ મહદી (અ.સ.)ની અફઝલીયતની એક દલીલ એ છે કે નબી એ કરીમ (સ.અ.વ.) એ તેમને 'ખુદાના ખલીફા' કહ્યા છે જ્યારે કે અબુ બક્રને ફકત 'રસુલના ખલીફા' કહેવામાં આવે છે.'*

(જુઓ રિવાયત નં. ૧૯૮)

૨) નીચે આપેલી રિવાયતો પણ જુઓઃ

*'હઝરત ઈમામ મહદી (અ.સ.) સૌથી શ્રેષ્ઠ છે.'*

(રિવાયત નં. ૭૬)

*'હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ના જાનશીન છે.'*

(રિવાયત નં. ૭૯)

*'હઝરત ઈમામ મહદી (અ.સ.) મઅસુમ છે.'*

(રિવાયત નં. ૭૨)

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ના અસ્હાબો કરતાં ઈમામ મહદી (અ.સ.) શ્રેષ્ઠ હોવા ઉપર કોઈએ પરેશાન ન થવું જોઈએ.

## હઝરત ઈમામ મહદી (અ.સ.) નબીઓના કમાલો ધરાવનાર

### રિવાયત નં. ૭૪

ઈમામ જઅફરે સાદિક (અ.સ.) ની રિવાયત છે. મારા પિતાએ જનાબે જાબીર બીન અબ્દુલ્લાહ અન્સારીને ફરમાવ્યુંઃ અય જાબીર! તે

તખ્તીના સંદર્ભમાં કહો જે આપે જનાબે ફાતેમા બીન્તે રસુલ (સ.અ.વ)ના મુબારક હાથોમાં જોઇ હતી.'

જનાબે જાબીરે કહ્યું:

*હું ખુદાને ગવાહ રાખીને કહું છું કે તે તખ્તીમાં મેં આ લખેલું જોયું હતું: بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ આ દસ્તાવેજ છે ખુદાવન્દે અઝીઝ અને હકીમની તરફથી પોતાના નૂર, પ્રતિનિધિ, પોતાના પર્દા અને તેની દલીલ મોહમ્મદ (સ.અ.વ.) ની તરફ. આ દસ્તાવેજને જીબ્રઈલ અમીન રબ્બુલ આલમીનની તરફથી લઈને ઉતર્યા હતા..... પછી હું આ સિલસિલાને સંપૂર્ણ કરી દઈશ તેમના પુત્ર થકી જે દુનિયાઓ માટે રેહમત છે. ચોક્કસ તેઓ (મહદી અ.સ.)માં જનાબે મુસા (અ.સ.)નો કમાલ, જનાબે ઇસા (અ.સ.)ની ખુબસુરતી અને જનાબ અય્યુબ (અ.સ.)નું સબ્ર હશે.''*

(ફરાએદુસ સિમતૈન (શૈખુલ ઈસ્લામ હમ્વઈ શાફેઈ), પ્ર. ૩૩, હ. ૪૩૨/૧૩૭-૧૩૯)

**સમજુતીઃ**

જનાબે જાબીર હઝરત ઈમામ હુસૈન (અ.સ.)ની વિલાદતની મુબારકબાદ દેવા માટે જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ખિદતમાં હાજર થયા હતા. તેમણે જનાબે ફાતેમ ઝહરા (સ.અ.)ના હાથોમાં લીલા રંગની તખ્તી (લવ્હ) જોઈ હતી. તેમાં નૂરથી આ લખાણ લખેલું હતું. જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) એ જાબીરને ફરમાવ્યું:

*'ખુદા એ આ લવ્હ મારા વાલિદ પાસે ભેટ સ્વરૂપે મોકલી હતી. મારા વાલિદે આ લવ્હ મને ભેટમાં આપી છે. તેમાં મારા વાલિદ, મારા શોહર અને મારા વંશના વસીઓના નામ છે.'*

જનાબે જાબીરે પરવાનગીથી એ લવ્હની એક નકલ ઉતારી લીધી હતી. રિવાયત વિગતવાર અગાઉ વર્ણવી ચૂકયા છીએ. જુઓ રિવાયત નં. ૨.

## હઝરત ઈમામ મહદી (અ.સ.) અંબિયાઓથી શ્રેષ્ઠ અને મહાન છે

**રિવાયત નં. ૭૫**

મોહમ્મદ બીન સીરીનનું બયાન છેઃ

*'હઝરત ઈમામ મહદી (અ.સ.) ન ફકત અબુ બક્ર અને ઉમરથી શ્રેષ્ઠ છે બલ્કે તેઓ અંબિયાઓ (અ.મુ.સ.) થી પણ શ્રેષ્ઠ છે સિવાય કે હઝરત મોહમ્મદ મુસ્તુફા (સ.અ.વ.).'*

(અલ કવ્લુલ મુખ્તસર ફીલ મહદીય્યીલ મુન્તઝર (શહાબુદ્દીન એહમદ બીન હજરે હય્શમી) પાના નં. ૨૭, પ્ર-૭/૧૪૮-૧૪૯)

**સમજુતીઃ**

૧)

*'હઝરત મુસા (અ.સ.) હઝરત ઈમામ મહદી (અ.સ.) ઉપર રશ્ક કરશે.'*

(રિવાયત નં. ૮૬)

*'જનાબે ઈસા (અ.સ.) ઈમામ મહદી (અ.સ.)ના વઝીર છે.'*

(રિવાયત નં. ૮૭)

*'હઝરત ઈસા (અ.સ.)નું આસમાન પરથી નાઝીલ થવું.'*

(રિવાયત નં. ૧૪૭)

આ રિવાયતોને ધ્યાનમાં રાખીએ તો ઉપરોકત વિષય ભરોસાપાત્ર જણાય છે.

૨) હાફીઝ ગન્જી શાફેઈ (વફાત હિજરી સન ૬૫૮) હઝરત ઈસા (અ.સ.) સંબંધિત લખે છેઃ

قَدْ تَحَقَّقَ عِيْسٰى اَنَّ الْاِمَامَ اَعْلَمُ مِنْهُ فَلِذَالِكَ قَدَّمَهُ

وَصَلَّى خَلْفَهُ وَلَوْ لَا ذَالِكَ لَمْ يَصِحَّ الْاِقْتِدَاءُ بِالْاِمَامِ ه

*'હઝરત ઈસા (અ.સ.)ને તે વાતનું યકીન છે કે ઈમામ (અ.સ.) તેમનાથી વધારે ઈલ્મ ધરાવે છે. આ આધારે તો હઝરત ઈસા (અ.સ.) નમાઝ માટે તેમને આગળ કરી રહ્યા છે*

*અને ખુદ પોતે પાછળ નમાઝ પઢી રહ્યા છે. અગર આમ ન હોય તો આ اقتداء યોગ્ય ન ગણાય.'*

(અલ બયાન ફી અખ્બારે સાહેબુઝઝમાન, બાબ-૧૧૫)

## હઝરત ઈમામ મહદી (અ.સ.) સૌથી શ્રેષ્ઠ

### રિવાયત નં. ૭૬

ઈમામ રેઝા (અ.સ.) એ ફરમાવ્યું:

*'હઝરત ઈમામ મહદી (અ.સ.) સૌથી વધુ ઈલ્મ ધરાવનાર, સૌથી વધૂ સહનશીલ, સૌથી વધુ પરહેઝગાર, સૌથી વધુ સખી, સૌથી વધુ બહાદૂર અને સૌથી વધુ ઈબાદત ગુઝાર છે. તેઓ ખત્ના થયેલ તથા પાક અને પાકીઝા પૈદા થયેલ છે.'*

(વસીલતુન્નજાત (મૌલવી મોહમ્મદ મોબીન) ૪૧૬, પ્રકાશનઃ લખનઉ)

**સમજુતીઃ**

એક બીજી રિવાયત મુજબ હઝરત ઈમામ મહદી (અ.સ.) ને خیرُالنّاس કરાર દેવામાં આવ્યા છે. જુઓ રિવાયત નં. ૧૬૩.

## હઝરત ઈમામ મહદી (અ.સ.) ખુદાની સર્વશ્રેષ્ઠ મખ્લુક

### રિવાયત નં. ૭૭

શહર બીન હોશાબનું બયાન છે. હઝરત રસુલ (સ.અ.વ.) એ ફરમાવ્યું:

*'મોહર્રમમાં એક અવાજ આપનાર આસમાનથી અવાજ આપશે. હાં, જાણી લો, મખ્લુકાતમાં ખુદાનું સર્વશ્રેષ્ઠ મખ્લુક મહદી (અ.સ.) છે. તેમની વાતને સાંભળો અને તેમનું અનુસરણ કરો.'*

(અલ અરફુલ વર્દી ફી અખ્બારૂલ મહદી (હાફીઝ જલાલુદ્દીન સિયુતી) ૨/૧૫૧, ઈકદુદ્દ દોરર, પ્ર. ૭/૧૫૬)

**સમજુતીઃ**

આ કિતાબની બીજી રિવાયતો તથા ઉપરોક્ત રિવાયત મુજબ હઝરત ઈમામ મહદી (અ.સ.) અને તેમના બાપદાદાઓને ખુદાના ચૂંટી કાઢેલા કરાર દેવામાં આવ્યા છે. જુઓ રિવાયત નં. ૭૬, ૮૯ અને ૧૬૩.

## હઝરત મહદી (અ.સ.) ખુદાના ખલીફા

### રિવાયત નં. ૭૮

અબુ સઈદ ખુદરીની રિવાયત છેઃ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ

***'ખુદાવન્દે આલમ ચોક્કસ તે ઉમ્મતમાં એક ખલીફા નિયુક્ત કરશે. તે માલને સ્વતંત્ર રીતે અને બેહિસાબ વહેંચશે.'***

(મસ્નદે અહમદ - ૩/૯૯-ઈકદુદ્ દોરર - પ્ર. ૮ - પા. ૧૬૭ - ૧૬૮, અલ ઈશાઅતુલ ઈરશતુસ્સાઅહ (મોહમ્મદ બિન અબ્દુર રસુલ શાફેઈ બરઝન્જી) ૧૧૩)

**સમજુતીઃ**

૧) રિવાયત નં. ૧૩૫, ૧૯૮ અને ૨૦૪ માં પણ હઝરત ઈમામ મહદી (અ.સ.) ને ખુદાના ખલીફા વર્ણવવામાં આવ્યા છે.

૨) ઈલાહી ખિલાફત એક અત્યંત ઉચ્ચ દરજ્જો છે તથા ઈલાહી ખલીફાની નિમણુંક ખુદ ખુદાવંદે મોતઆલ કરે છે. જેમકે અલ્લાહ તઆલાએ અબુલ બશર જનાબે આદમ (અ.સ.) અને હઝરત દાઉદ (અ.સ.) ને તે ઉચ્ચ દરજ્જા ઉપર ફાએઝ કરતાં ફરમાવ્યુંઃ

وَاِذْ قَالَ رَبُّكَ لِلْمَلَائِكَةِ اِنِّيْ جَاعِلٌ فِي الْاَرْضِ خَلِيْفَةً

(સુરએ બકરહ - ૩૦)

અને

يَادَاوُدُ اِنَّا جَعَلْنَاكَ خَلِيْفَةً فِي الْاَرْضِ

(સુરએ સ્વાદ-૨૬)

૩) રિવાયત નં. ૮૯ માં હઝરત ઈમામ મહદી (અ.સ.) ને وَلِيُّ الله 'અલ્લાહના વલી' અને صَفِيُّ الله 'અલ્લાહના સફી' કરાર દીધા છે. આ લકબો પણ خَلِيْفَةُ الله 'અલ્લાહના ખલીફા' જેવા લકબો છે તથા

રિવાયત નં. ૨૭, ૯૨ અને ૧૨૭ માં હઝરત (અ.સ.) ને حُجَّتِ خُدَا 'અલ્લાહની હુજ્જત' કરાર દેવામાં આવ્યા છે.

**હઝરત ઈમામ મહદી (અ.સ.) રસુલ (સ.અ.વ.) ના ખલીફા**

**રિવાયત નં. ૭૯**

અબુ હુરયરાનું બયાન છેઃ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ

***'મારા અને ઈસા બીન મરયમની દરમ્યાન કોઈ નબી નથી. અલબત્તા મારા પછી મારી ઉમ્મતમાં મારા ખલીફા હશે, જે દજ્જાલને કત્લ કરશે, સૂળીને તોડશે, જઝીયા (ગેરમુસ્લીમો ઉપર વાર્ષિક મહેસુલ) નક્કી કરશે અને લડાઈ ખતમ થઈ જશે. હાં, જે તેમની સાથે મુલાકાત કરે તેમને મારા સલામ આપે.***

(અલ મોઅજમુસ સગીર (હાફીઝ સુલૈમાન તબરાની), ૧૫૦, પ્રકાશન દિલ્હી)

**સમજુતીઃ**

૧) એક બીજી રિવાયતમાં પણ હઝરત ઈમામ મહદી (અ.સ.) ને હઝરત રસુલ (સ.અ.વ.) ના ખલીફા ઠેરવવામાં આવ્યા છે.

૨) રિવાયત નં. ૧૩૭ અને ૮૯ માં હઝરત ઈમામ મહદી (અ.સ.)ને હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ના વસી ઠેરવવામાં આવ્યા છે.

**હઝરત ઈમામ મહદી (અ.સ.) મલાએકાઓથી શ્રેષ્ઠ**

**રિવાયત નં. ૮૦**

હઝરત ઈમામ અલી રેઝા (અ.સ.) એ તેમના પિતાથી, તેમણે તેમના બાપદાદાથી અને તેમણે હઝરત અલી બીન અબી તાલીબ (અ.સ.) થી બયાન કર્યુ છે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ

***'ખુદાએ કોઈ એવી મખ્લુક પૈદા નથી કરી, જે મારાથી વધુ શ્રેષ્ઠ અને ખુદાની નજીક મારાથી વધુ પ્રિય હોય.'***

હઝરત અલી (અસ.) એ અરજ કરી, યા રસુલલ્લાહ (સ.અ.વ.), આપ શ્રેષ્ઠ છો કે જીબ્રઈલ? ફરમાવ્યું:

*'અય અલી, ખુદાવન્દે આલમે અંબિયા અને મુરસલીન નબીઓને મુકર્રબ મલાએકાઓ ઉપર ફઝીલત આપી છે અને મને તમામ અંબિયાઓ અને મુરસલીન ઉપર ફઝીલત આપી છે, અને મારા પછી આ ફઝીલત તમારા માટે અને તમારા વંશના ઈમામો માટે છે. મલાએકા આપણા ખાદીમ છે અને આપણા ચાહવાવાળાઓના ખાદીમ છે.'*

(યનાબીઉલ મોવદ્દત, પ્ર. ૯૩ ભાગ - ૩/૧૫૯ - ૧૬૦)

**સમજુતી:**

આ હદીસના બાકી ના ભાગમાં ૧૨ ઈમામો (અ.સ.) ના નામોનું વર્ણન છે.

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ની ઈતાઅત અલ્લાહની ઈતાઅત છે

## રિવાયત નં. ૮૧

જનાબે જાબીર બીન અબ્દુલ્લાહ અન્સારી (ર.અ.)નું બયાન છે કે ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) એ ફરમાવ્યું:

*'જ્યારે અમારા મહદી (અ.સ.) કયામ કરશે ત્યારે તેઓ લોકોની વચ્ચે ન્યાયથી કામ લેશે, સમાનતાના આધારે માલની વહેંચણી કરશે, તેઓ લોકોમાં અદ્લના સિધ્ધાંતો પર હુકુમત કાયમ કરશે, જેમણે તેમની ઈતાઅત કરી તેણે અલ્લાહની ઈતાઅત કરી, જેણે તેમની નાફરમાની કરી તેણે અલ્લાહની નાફરમાની કરી.'*

(ઈકદુદ્ દોરર, પ્ર. ૩, પાના નં. ૩૯-૪૦)

**સમજુતી:**

૧) જેમની ઈતાઅત ખુદા અને રસુલ (સ.અ.વ.)ની ઈતાઅત હોય તેને જરૂર મઅસુમ હોવું જોઈએ. જુઓ રિવાયત નં. ૭૨ ની સમજુતી.

૨) જુઓ રિવાયત નં. ૭૭, ૯૨ અને ૨૦૪.

## હઝરત ઈમામ મહદી (અ.સ.) જન્નતના લોકોના સરદાર

**રિવાયત નં. ૮૨**

અનસ બીન માલિકનું બયાન છે. મેં હઝરત રસુલ (સ.અ.વ.) ને કહેતા સાંભળ્યા છેઃ

*‘અમે અબ્દુલ મુત્તલીબના ફરઝંદો જન્નતમાં રહેવાવાળાઓના સરદાર છીએ. ‘‘હું હમ્ઝા (અ.સ.), અલી (અ.સ.), જઅફરે તય્યાર(અ.સ.), હસન (અ.સ.), હુસૈન (અ.સ.) અને મહદી (અ.સ.).’*

(કિતાબુસ સોનન (ઇબ્ને માજા), પ્ર. ૩૪ પ્ર. ખોરૂજલ મહદી, હ. ૪૦૮૭, અલ મુસ્તદરક અલસ્સહીહય્ન (હાકિમ નિશાપુરી) ૩/૨૧૧)

**સમજુતીઃ**

હઝરત ઈમામ મહદી (અ.સ.)ને જન્નતના રહેવાસીઓથી ત્યાં સુધી ઉચ્ચતા પ્રાપ્ત છે કે જનાબે ઈબ્ને અબ્બાસે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) થી રિવાયત કરી છેઃ

اَلْمَهْدِیُّ طَاؤُوسُ اَهْلِ الْجَنَّةِ

*‘હઝરત ઈમામ મહદી (અ.સ.) એહલે જન્નતના તાઉસ છે.’*

(તાઉસ થી મુરાદ સૌથી ખુબસુરત વ્યકિત છે.)

(નુરૂલ અબ્સાર (શબ્લન્જી)/૨૯૯, અલ બુરહાન ફી અલામાતે મહદી આખેરૂઝ ઝમાન ભાગ-૧૨/હ નં. ૨/૧૭૧)

## હઝરત ઈમામ મહદી (અ.સ.) કયામતના દિવસે શફાઅત કરશે

**રિવાયત નં. ૮૩**

હઝરત અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.)નું બયાન છે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ

*‘હું તમને લોકોને હવ્ઝે કવસર ઉપર મળીશ. અય અલી, તમે સાકી હશો, હસન (અ.સ.) આગળ આગળ ચાલશે, હુસૈન (અ.સ.) હુકમ આપશે, અલી બીન હુસૈન (અ.સ.)*

*ઘણુ બધુ આપશે. મોહમ્મદ બીન અલી (અ.સ.) ફેલાવનાર હશે, જઅફર બીન મોહમ્મદ (અ.સ.) લોકોને આગળ વધારશે. મુસા બીન જઅફર (અ.સ.) દોસ્તો અને દુશ્મનોને અલગ અલગ કરશે, મુનાફીકોને કત્લ કરશે, અલી બીન મુસા (અ.સ.) હુરે ઈન સાથે લોકોનો સબંધ કરાવશે અને તેઓના લગ્ન કરાવશે, મોહમ્મદ બીન અલી (અ.સ.) લોકોને જન્નતમાં તેમના દરજ્જા અતા કરશે, અલી બીન મોહમ્મદ (અ.સ.) જન્નતવાળાઓને શાનો - શૌકત અને ખુબસુરતી અતા કરશે, હસન બીન અલી (અ.સ.) જન્નતના લોકોના ચીરાગ છે, જેનાથી લોકો પ્રકાશ મેળવશે અને મહદી (અ.સ.) કયામતમાં તેઓની શફાઅત ત્યાં કરશે જ્યાં ખુદા પરવાનગી નહીં આપે, સિવાય કે તેને કે જેને તે ચાહે અને જેનાથી રાજી હોય.'*

(મકતલુલ હુસૈન (ખતીબ ખ્વારઝમી હનફી) ૧/૯૪, ફરાએદુસ સીમતૈન, રિવાયત નં. ૨/૩૨૧ રીવાયત નં. ૫૭૨)

**સમજુતીઃ**

હદીસના અંતિમ ભાગમાં સુરએ નજમની આયત નં. ૨૬ તરફ ઈશારો કરવામાં આવ્યો છેઃ

وَ كَمۡ مِّنۡ مَّلَكٍ فِى السَّمٰوٰتِ لَا تُغۡنِىۡ شَفَاعَتُهُمۡ شَيۡـًٔا

اِلَّا مِنۡۢ بَعۡدِ اَنۡ يَّاۡذَنَ اللّٰهُ لِمَنۡ يَّشَآءُ وَيَرۡضٰى ـ

*''અને આસ્માનોમાં કેટલા ફરિશ્તાઓ છે, જેની શફાઅત કોઈના કામ નથી આવતી પરંતુ અલ્લાહની પરવાનગી પછી જેના માટે તે ચાહે અને પસંદ કરે.''*

## હઝરત ઈમામ મહદી (અ.સ.) ઉપર
## હઝરત રસુલ ખુદા (સ.અ.વ.) ફખ્ર કરશે

**રિવાયત નં. ૮૪**

અબુ અય્યુબ અન્સારીનું બયાન છે. એક વખત રસુલ (સ.અ.વ.) બિમાર પડ્યા. જનાબે ફાતેમા (સ.અ.) અયાદત પુછવા માટે તશરીફ લાવ્યા. તે સમયે આપની બિમારી ખુબ સખત હતી. જ્યારે જનાબે ફાતેમા (સ.અ.)એ હઝરતની તકલીફ જોઇ ત્યારે આપની આંખો ભરાઇ આવી અને આંસુ નીકળી પડ્યા ત્યારે રસુલે ખુદા (સ.અ.વ.) દિલાસો આપતા ફરમાવ્યુંઃ

*'અય ફાતેમા (સ.અ.)! ખુદાએ જમીન ઉપર એક નજર કરી તો તમારા પિતાને પસંદ કરી લીધા અને તેમને નબી બનાવ્યા. પછી બીજી વખત નજર કરી તો તમારા પતિને પસંદ કર્યા અને મારા ઉપર વહી ઉતારી કે હું તમારી સાથે તેમની શાદી કરી દઉં અને તેમને મારા વસી બનાવું.*

*અય ફાતેમા (સ.અ.)! શું તમને ખબર છે કે તમારી ઉપર ખુદાની શું મહેરબાની છે? તમારા લગ્ન તેની સાથે કર્યા જે સહનશીલતામાં સૌથી મહાન છે. ઈસ્લામમાં બધા ઉપર સૌથી આગળ છે અને ઇલ્મમાં સૌથી વધુ છે. આ સાંભળીને જનાબે ફાતેમા (સ.અ.) ઘણા ખુશ થયા.' પછી રસુલ (સ.અ.વ.) એ તેમને ફરમાવ્યુંઃ*

*અય ફાતેમા (સ.અ.)! હઝરત અલી (અ.સ.) માટે ૭ (સાત) પ્રકાશિત ખુબીઓ છે, જેમાં તેમનો કોઈ ભાગીદાર નથી. ખુદા અને રસુલ (સ.અ.વ.) ઉપર ઈમાન, તેમની હિકમત ઉપર ઈમાન, તમારી (ફાતેમા સ.અ.) સાથે નિકાહ, હસન (અ.સ.) અને હુસૈન (અ.સ.) જેવા ફરઝંદો, નેકીનો હુકમ આપવામાં આપવો, બુરાઈથી રોકવા અને ખુદાની કિતાબ મુજબ નિર્ણય લેવો.*

*અય ફાતેમા (સ.અ.)! આપણને અહલેબય્યતને સાત ખાસીયતો આપવામાં આવી છે જે આપણાથી પહેલા અને આપણી પછી કોઇને નથી આપવામાં આવી. આપણા નબી,*

*નબીઓમાં સૌથી શ્રેષ્ઠ છે અને તે તમારા પિતા છે આપણા વસી, વસીઓમાં સૌથી બેહતર છે અને તે તમારા પતિ છે. આપણા શહીદ શહીદોમાં સૌથી બેહતર છે અને તે તમારા પિતાના કાકા (હમ્ઝા) છે અને આપણામાંથી જ તે છે જેમને બે પાંખો આપવામાં આવી છે જેના વડે તેઓ જન્નતમાં જ્યાં ચાહે છે ત્યાં ફરિશ્તાઓ સાથે ઉડે છે અને તે તમારા પિતાના કાકાના દિકરા (જઅફરે તય્યાર) છે અને આપણામાંથી જ આ ઉમ્મતના બે નવાસા છે અને તે બન્ને તમારા ફરઝંદ હસન (અ.સ.) અને હુસૈન (અ.સ.) છે. અને કસમ છે તેની જેની કુદરતના કબ્જામાં મારી જાન છે આપણામાંથી જ આ ઉમ્મતના મહદી (અ.સ.) છે.'*

(મનાકિબે અમીરૂલ મોઅમેનીન (ઇબ્ને મગાઝલી) પા. ૧૦૧-૧૦૨ હ. ૧૪૪,
મોઅજમુસ સગીર (હાફીઝ સુલૈમાન તબરાની) ૧/૩૭)

**સમજુતીઃ**

જુઓ રિવાયત નં. ૮૭.

## હઝરત ઈમામ મહદી (અ.સ.) અને હઝરત ઈબ્રાહીમ (અ.સ.) નું ઈમ્તેહાન

**રિવાયત નં. ૮૫**

મુફઝઝલ બીન ઉમરની રિવાયત છે. મેં ઇમામ સાદિક (અ.સ.) પાસે આ આયત વિષે પુછ્યુંઃ

وَإِذِ ابْتَلَىٰ إِبْرَاهِيمَ رَبُّهُ بِكَلِمَاتٍ فَأَتَمَّهُنَّ

*"અને (તે સમયને યાદ કરો) જ્યારે ખુદાએ અમુક શબ્દોથી ઇબ્રાહીમ (અ.સ.) ની પરિક્ષા લીધી અને ઇબ્રાહીમ (અ.સ.) તેને પુરૂ કર્યુ."*

(સુરએ બકરહઃ ૧૨૪)

આ આયતના બારામાં ઈમામ (અ.સ.) એ ફરમાવ્યું: આ તે વાક્યો છે જે જનાબે આદમ (અ.સ.) એ ખુદાને પૂછ્યા હતા અને ખુદાએ તેમની તૌબા કબુલ કરી લીધી હતી. અને તે વાક્યો આ હતા.

يَا رَبِّ اَسْئَلُكَ بِحَقِّ مُحَمَّدٍ وَ عَلِيٍّ وَ فَاطِمَةَ وَالْحَسَنِ وَالْحُسَيْنِ

اَنْ تُبْتَ عَلَيَّ فَتَابَ عَلَيْهِ اِنَّهٗ هُوَ التَّوَّابُ الرَّحِيْمُ

*'પરવરદિગાર હું તારાથી સવાલ કરૂં છું મોહમ્મદ (સ.અ.વ.), અલી (અ.સ.), ફાતેમા (સ.અ.), હસન (અ.સ.) અને હુસૈન (અ.સ.) ના હકથી મારી તૌબા કબુલ ફરમાવ'*

*''જેથી (અલ્લાહે) તેની તૌબા કબુલ કરી; બેશક, તે મહાન તૌબા કબુલ કરનાર અને રહીમ છે.''*

(સુરએ બકરહ: ૩૭)

મેં કહ્યું: અય ફરઝન્દે રસુલ فَاَتَمَّهُنَّ થી મુરાદ શું છે ?

ઈમામ (અ.સ.) એ ફરમાવ્યું:

اَتَمَّهُنَّ اِلَى الْقَائِمِ الْمَهْدِىْ اِثْنِىْ عَشَرَ اِمَامًا تِسْعَةٌ

مِنْ وَلَدِ الْحُسَيْنِ عَلَيْهِمَ السَّلَامُ

*'તેનો મતલબ એમ છે કે બાર અઈમ્મા (અ.મુ.સ.)ના ઈમામતના સિલસિલને ઈમામ મહદી અલ કાએમ (અ.સ.) ઉપર પૂર્ણ કરવાની તસ્દીક કરી છે. જેમાંથી નવ ઈમામો ઈમામ હુસૈન (અ.સ.) ના વંશમાંથી છે.'*

(યનાબીઉલ મોવદ્દત, પ્ર. ૯૭/૨૪)

## હઝરત ઈમામ મહદી (અ.સ.) ઉપર જનાબે મુસા (અ.સ.) રશ્ક કરશે

### રિવાયત નં. ૮૬

સાલેમુલ અશલનું બયાન છે. મેં હઝરત ઇમામ બાકીર (અ.સ.) ને ફરમાવતા સાંભળ્યા.

*'જનાબે મુસા (અ.સ.) એ તુર પહાડના રોકાણ દરમ્યાન જોયું કે દરેક વસ્તુ ઈમામ મહદી (અ.સ.)ને અતા કરવામાં આવી છે. ત્યારે જ. મુસા (અ.સ.) એ ખુદાને કહ્યુંઃ પરવરદિગાર મને કાએમે આલે મોહમ્મદ (અ.સ.) બનાવી દે. કહેવામાં આવ્યું. તેઓ મોહમ્મદ (સ.અ.વ.) ના વંશમાંથી છે.*

*પછી જનાબે મુસા (અ.સ.) એ પોતાની બીજી સફરમાં જોયું તો તેમાં પણ એજ બધું જોવું મળ્યું. પછી ફરી એ જ સવાલ કર્યો તો ફરી એ જ જવાબ મળ્યો.*

*પછી ત્રીજી સફરમાં ફરી જોયું તો તેમાં પણ એ બધું મળ્યું. ફરી એજ સવાલ કર્યો અને પછી એજ જવાબ મળ્યો જે પહેલાં બેવાર મળી ચૂકયો હતો.'*

(ઈકદુદ્ દોરર, પ્ર. ૭/૧૬૦)

**સમજુતીઃ**

૧) આ રિવાયતથી એ સ્પષ્ટ છે કે તોરૈત ના એક સફરમાં હઝરત મુસા (અ.સ.) ને હઝરત ઈમામ મહદી (અ.સ.) ના ઝુહુરની બશારત દેવામાં આવી છે. જુઓ રિવાયત નં. ૬ ની સમજુતી.

૨) હઝરત મુસા (અ.સ.) નો રશ્ક અને ગબ્તહ (સઆદતની ખ્વાહિશ) હઝરત ઈમામ મહદી (અ.સ.)ના મુલ્કની મહાનતા અને ઈમામ (અ.સ.)ની અસંખ્ય ફઝીલતોની ખબર આપી રહ્યું છે.

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ની પાછળ જનાબે ઈસા (અ.સ.) નમાઝ પઢશે

**રિવાયત નં. ૮૭**

અબુ સઈદ ખુદરીનું બયાન છે. હઝરત રસુલ (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ

*'અમારામાંથી જ તે છે જેમની પાછળ હઝરત ઈસા (અ.સ.) નમાઝ પઢશે.'*

(અલ મીનારૂલ મોનીફ (ઈબ્ને કય્યુમ જવ્ઝીય્હ) પ્ર. - ૫૦, હ. ૩૩૭, પા. ૧૪૭, કન્ઝુલ ઉમ્માલ (મુત્તકી હિન્દી) પ્ર. ખુરૂજુલ મહદી, હ. ૩૮૬૭૩)

**સમજુતીઃ**

૧) અલ્લામા મુત્તકી હિન્દીએ પોતાની અમૂલ્ય કિતાબ 'અલ બુરહાન ફી અલામાતે મહદી આખેરૂઝ ઝમાન' નું નવમું પ્રકરણ આ વિષયથી મખ્સુસ કર્યુ છે અને તેમાં ૧૨ હદીસોની નોંધ કરી છે.

૨) જુઓ રિવાયત નં. ૮, ૩૬ અને ૧૪૭ તથા રિવાયત નં. ૭૫ ની સમજુતી.

૩) અમૂક લોકોની એ કોશિષ છે કે ઉપરોકત હદીસની તાવીલ કંઈક એવી રીતે કરે કે હઝરત ઈમામ મહદી (અ.સ.) હઝરત ઈસા (અ.સ.)ના ઈમામ ન બને. આ તાવીલ હઝરત ઈમામ મહદી (અ.સ.)ની મહાનતાની અજાણતાના આધારે છે. અગર લોકો તેમની મહાનતાથી માહિતગાર હોય કેઃ

*'હઝરત ઈમામ મહદી (અ.સ.) ખુદાના ખલીફા છે.'*

(રિવાયત નં. ૭૨ અને ૨૦૪)

*'સૌથી અફઝલ છે.'*

(રિવાયત નં. ૭૬)

*'તેમના ઉપર મલાએકાઓ નાઝીલ થશે.'*

(રિવાયત નં. ૯૬ ને ૧૪૮)

*'તેઓ મઅસુમ છે.'*

(રિવાયત નં. ૭૨)

*'તેઓ કયામતના દિવસે શફાઅત કરનારા છે.'*

(રિવાયત નં. ૮૩)

તો પછી તેઓને આ પ્રકારની તાવીલ કરવાની જરૂરત જણાશે નહિં. હઝરત ઈમામ મહદી (અ.સ.) ન ફકત નમાઝમાં હઝરત ઈસા (અ.સ.)ની ઈમામત કરશે, બલ્કે તેઓ તેમના ઈમામ પણ છે અને હઝરત ઈસા (અ.સ.) તેમના વઝીર બનશે.

## હઝરત ઈમામ મહદી (અ.સ.) અને શબે કદ્ર

**રિવાયત નં. ૮૮**

અબ્દુલ્લાહ બીન સકાને, ઇમામ બાકીર (અ.સ.), ઇમામ સાદિક (અ.સ.) અને ઇમામ કાઝીમ (અ.સ.) થી રિવાયતની નોંધ કરી છેઃ

*'વર્ષ દરમ્યાન જે કાંઇ બનવાનું છે હક અને બાતીલ બધું જ અલ્લાહ નક્કી કરે છે, તે માટે બદાઅ અને મશીય્યત (અલ્લાહની મરજી) છે. જેને ચાહે તેને આગળ કરી દે છે અને જેને ચાહે છે પાછળ કરી દે છે. તેમાં આયુષ્ય, રોઝી, રાહત, સલામતિ, આફીયત (સલામતિ) અને બાકીની બધી ચીજો ખુદા નિર્માણ કરે છે. હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) અલ્લાહના હુકમો હઝરત અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અલી તાલિબ (અ.સ.)ને આપે છે અને તે હુકમો અઈમ્મા (અ.મુ.સ.)ને પહોંચાડે છે ત્યાં સુધી કે આ સિલસિલો હઝરત ઈમામ મહદી સાહેબુઝ ઝમાન (અ.સ.) સુધી પહોંચે છે.'*

(યનાબીઉલ મોવદ્દત (શૈખ સુલૈમાન કુન્દુઝી) પ્ર. ૭૧, ભાગ - ૩, પાના નં. ૮૩, પ્રકાશન બૈરૂત)

**સમજુતીઃ**

આખા વર્ષ માટે જે કંઈ ખુદાવંદે મોતઆલે મુકદ્દર અને નિર્માણ કર્યુ છે તે બધુંજ શબે કદ્રમાં હઝરત ઈમામ મહદી (અ.સ.) ઉપર ખુદાની હુજ્જત અને ઝમાનાના વલીની હૈસિયતથી હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) અને બીજા મઅસુમીન (અ.મુ.સ.) ના વાસ્તાથી નાઝીલ થાય છે.

## પ્રકરણઃ ૬

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ના કમાલાત

## હઝરત ઈમામ મહદી (અ.સ.)નું સુબ્હાની રાજ્ય

**રિવાયત નં. ૮૯**

ઈમામ અલી રેઝા (અ.સ.) એ તેમના પિતા અને દાદા પાસેથી તથા તેમણે રસુલે ખુદા (સ.અ.વ.) પાસેથી મેઅરાજની હદીસના અનુસંધાનમાં આ રિવાયતની નોંધ કરી છે.

*'મેં ખુદાને પુછ્યું, અય મારા પરવરદિગાર! મારા વસીઓ કોણ છે? મને કહેવામાં આવ્યું અય મોહમ્મદ! મારા વલીઓ, મારા દોસ્તો, મારા પસંદ કરેલા અને આપની પછી મખ્લુક ઉપર મારી હુજ્જત તમારા વસીઓ છે.*

*મને મારી ઈઝઝત અને જલાલની કસમ! હું તેમાંના છેલ્લા થકી ઝમીનને ઝુલ્મોથી પાક કરી દઈશ અને પૂર્વ તથા પશ્ચિમ તેમની દેખરેખ હેઠળ રાખીશ. હવાઓને તેમના તાબે કરી દઈશ. વાદળોને તેમને ફરમાંબરદાર કરી દઈશ. અસબાબોમાં તેમને પ્રગતિઓ કરાવીશ અને મારા લશ્કરથી તેમની મદદ કરીશ. મારા ફરિશ્તાઓ વડે તેમને તાકતવર બનાવીશ ત્યાં સુધી કે મારી સલ્તનત દરેકથી અફઝલ થઈ જાય અને તમામ મખ્લુક મારી તૌહીદ ઉપર એક થઈ જાય. પછી હું તેમના શાસનને હંમેશગી આપીશ અને કયામતની સવાર સુધી તે બાબતોને મારા વલીઓમાં સતત શરૂ રાખીશ.'*

(યનાબીઉલ મોવદ્દત - ૪૮૬)

**સમજુતીઃ**

૧) હઝરત ઈમામ મહદી (અ.સ.) માટે طی الرض (જમીનનું અંતર કાપવું) પણ બયાન કરવામાં આવ્યું છે.

(રિવાયત નં. ૯૨)

૨) રિવાયત નં. ૯૦ માં બીજી ઘણી خوارق عادت (અસાધારણ કાર્યો, મોઅજીઝા) નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ના મોઅજીઝાઓ

**રિવાયત નં. ૯૦**

હઝરત અમીરૂલ મોઅમેનીન અલી (અ.સ.) એ ફરમાવ્યુંઃ

*'હઝરત ઈમામ મહદી (અ.સ.) પક્ષીની તરફ ઈશારો કરશે તો તે તેમના હાથ ઉપર આવી બેસશે. જમીનમાં સુખી ડાળખી લગાવશે તો તે તરતજ લીલીછમ થઈ જશે અને તેમાંથી પાંદડાઓ નિકળી આવશે.'*

(ઈકદુદ્ દોરર, પ્ર. ૬, પાના નં. ૧૩૯)

**સમજુતીઃ**

૧) કિતાબ એકદુદ દોરરના લેખકે પોતાની કિતાબના છઠ્ઠા પ્રકરણને હઝરત ઈમામ મહદી (અ.સ.)ના મોઅજીઝાઓ અને કરામતોથી ખાસ કર્યુ છે તથા આ પ્રકારના મોઅજીઝાઓ જેમકે દરિયાનું ફાટવું, તકબીર વડે કિસ્તન્તનીયાના કિલ્લાનું નાબુદ થવું વિગેરે નોંધ્યા છે.

૨) રિવાયતોમાં હઝરત ઈમામ મહદી (અ.સ.)ના અસંખ્ય મોઅજીઝાઓ વર્ણવવામાં આવ્યા છે. આ કિતાબમાં પણ અમૂક મોઅજીઝાઓ વર્ણવવામાં આવ્યા છે. જેમકે -

એ. આપ (અ.સ.)ની લાંબી વય હોવા છતાં યુવાન જાહેર થવું. (રિવાયત નં.૫૦)

બી. બાળપણમાં ઈમામત (રિવાયત નં. ૫૫)

સી. તય્યુલ અર્ઝ (રિવાયત નં. ૯૨ અને ૧૫૦)

ડી. હવા અને વાદળોનું હઝરત (અ.સ.) ના તાબે હોવું (રિવાયત નં. ૮૯)

ઈ. વાદળનો હઝરત (અ.સ.) પર છાંયો કરવો. (રિવાયત નં. ૯૧ અને ૨૦૪)

એફ.હઝરત ઈમામ મહદી (અ.સ.)નો પડછાયો ન હોવો. (રિવાયત નં. ૯૨)

જી. હઝરત (અ.સ.)ના ઝુહુરનું એલાન આસમાની અવાજ વડે થવું. (રિવાયત નં. ૧૧૦)

એચ.જે લશ્કર ઈમામ (અ.સ.)નો કતલના ઈરાદો કરશે તે ધસી પડશે. (રિવાયત નં. ૧૧૩ ની સમજુતી)

આઈ.આપ (અ.સ.)ની તલ્વાર અને પરચમનું વાત કરવું. (રિવાયત. નં. ૧૨૫)

જે. હઝરત (અ.સ.)ના મદદગારો સાથે પથ્થરનું વાત કરવું. (રિવાયત. નં. ૧૫૧)

૩) ફઝલ બિન રોઝબહાન શાફેઈ જેવા તઅસ્સુબ ધરાવનારે પોતાની કિતાબ 'વસીલતુલ ખાદીમ એલલ મખ્દુમ' (પાના નં. ૨૭૨ અને ૨૭૬) માં જનાબે ઈસ્માઈલ હરકલીનો કિસ્સો વિગતવાર લખ્યો છે કે તેમને હઝરત ઈમામ મહદી (અ.સ.) એ કેવી રીતે શફા આપી. અર્થાત્ ગયબતમાં રહેવા છતાં મોઅજીઝાઓનો સિલસિલો શરૂ છે જે હકને સાબીત કરી રહ્યું છે.

## હઝરત ઈમામ મહદી (અ.સ.) ઉપર વાદળોનો છાંયો કરવો

### રિવાયત નં. ૯૧

હારૂન બીન મુસા અલવીએ તેના પિતા મુસાથી અને તેમણે હઝરત ઈમામ સાદિક (અ.સ.)થી રિવાયત કરી છે કે તેમણે કહ્યું અર્થાત્ મૌલા ઈમામ સાદિક (અ.સ.) એ ફરમાવ્યુંઃ

*'ખલફે સાલેહ મારા વંશમાંથી છે અને તે મહદી (અ.સ.) છે. તેમનું નામ મ-હ-મ-દ છે. તેમની કુન્નિયત અબુલ કાસીમ છે. તેમની માતાનું નામ નરજીસ છે. તેઓ (અ.સ.) આખર ઝમાનામાં જાહેર થશે. તેમના ઉપર વાદળો છાંયો કરશે. વાદળ તેમની સાથે સાથે જશે છટાદર-ફસીહ ઝબાનમાં અને કહેશે هَذَا الْمَهْدِيُّ فَاتَّبِعُوهُ આ મહદી છે તેમનું અનુસરણ કરો.'*

(યનાબીઉલ મોવદ્દહ ૯૪, પાના નં. ૧૬૬ ઇબ્ને ખશાબની રિવાયત, તારીખુલ મવાલીદુલ અઈમ્મા વ વફેયાતહુમ ૨૦૦, અલ મજમૂઅતુલ નફસ)

**સમજુતીઃ**

૧) હઝરત ઈમામ મહદી (અ.સ.), હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.) ના છઠ્ઠા વંશમાંથી છે.

૨) રિવાયત નં. ૧૪, ૩૦ અને ૮૩ પણ આજ બાબતનું સમર્થન કરે છે.

## હઝરત ઈમામ મહદી (અ.સ.)નો પડછાયો નહીં હોય

**રિવાયત નં. ૯૨**

હુસૈન બીન ખાલીદ હઝરત ઈમામ અલી બીન મુસા અર રેઝા (અ.સ.) થી રિવાયત કરે છે:

*'મહદી (અ.સ.) તે છે જેમના માટે જમીન સંકોચાઇ જશે. તેમનો પડછાયો નહીં હોય. તેમના માટે આસમાનથી એક મુનાદી આવાઝ આપશે. જે તમામ જમીનવાળા સાંભળશે. ખબરદાર થઇ જાઓ! ખાનએ કાબાથી હુજ્જતે ખુદાનો ઝુહુર થઈ ગયો છે. તેમનું અનુસરણ કરો. કારણકે હક તેમનામાં છે અને તેમની સાથે છે અને આ છે ખુદાના તે કૌલનો અર્થઃ*

اِنۡ نَّشَاۡ نُنَزِّلۡ عَلَيۡهِمۡ مِّنَ السَّمَآءِ اٰيَةً فَظَلَّتۡ اَعۡنَاقُهُمۡ لَهَا خَاضِعِيۡنَ

*''અગર અમે ચાહશું તો આસમાનથી તેમની ઉપર નિશાની ઉતારીશું. જેના કારણે તેઓ તેમની સામે અનુસરણ કરનારા અને ઈતાઅત કરનારા થઈ જશે.''*

(સુ. શોઅરાઃ ૪)

(ફરાએદુસ સીમતૈન ૨/૩૩૭ હ. ૫૯)

**સમજુતીઃ**

૧) હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ને પડછાયો ન હતો.

૨) તેનું કારણ કદાચ એમ હોય કે આપ (અ.સ.)ની ખિલ્કત પણ તે 'નૂર' થી છે જેનાથી રિસાલત મઆબ (સ.અ.વ.)ની ખિલ્કત થઈ હતી.

## હઝરત ઈમામ મહદી (અ.સ.) અને હલાલ તથા હરામની મઅરેફત

**રિવાયત નં. ૯૩**

હારીસ બીન મોગીરા અન નઝરીનું બયાન છે કે મેં હ. ઈમામ સાદિક (અ.સ.) ને પૂછ્યું: હઝરત ઈમામ મહદી (અ.સ.) કઇ વસ્તુથી ઓળખાશે? આપ અ.સ. એ ફરમાવ્યું:

*નિશ્ચિતતા (દ્રઢતા), મોભા અને પ્રતિભાથી. (વકાર)*

મેં પુછ્યું: બીજી કઇ વસ્તુથી? આપ અ.સ. એ ફરમાવ્યું:

*'હલાલ અને હરામની મઅરેફતથી. લોકોને તેમની જરૂરિયાતથી અને લોકોથી તેમની બેનિયાઝીથી.'*

(ઈકદુદ્ દોરર- પ્ર-૩ પાના નં. ૪૧)

**સમજુતી:**

૧) રિવાયત નં. ૭૬ માં હઝરત ઈમામ મહદી (અ.સ.) ને 'લોકોમાં સૌથી શ્રેષ્ઠ આલીમ' વર્ણવવામાં આવ્યા છે.

૨) રિવાયત નં. ૩૮ માં અમીરૂલ મોઅમેનીન અલી (અ.સ.) હુજ્જતે ઈલાહી (હઝરત ઈમામ મહદી (અ.સ.) અંતિમ હુજ્જત છે) ના બારામાં ફરમાવે છે:

*'ઈલ્મ પોતાની હકીકતો બસીરતો સાથે તેમના ઉપર નાઝીલ થયું છે.'*

૩) જુઓ રિવાયત નં. ૫૫

## હઝરત ઈમામ મહદી (અ.સ.) અને નબીઓનો વારસો

### રિવાયત નં. ૯૪

હઝરત ઇમામ મોહમ્મદ બાકીર (અ.સ.) એ તેમના પિતા ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.)થી અને તેમણે તેમના પિતા સય્યદુશ્શોહદા હઝરત ઈમામ હુસૈન (અ.સ.)થી અને તેમણે સય્યદુલ અવસીયા હઝરત અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.)થી રિવાયત કરી છે. તેમણે ફરમાવ્યું કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું:

*'મહદી (અ.સ.) મારા વંશમાંથી છે. તેમના માટે ગયબત છે જે દરમ્યાન ઉમ્મતો ગુમરાહ થઇ જશે. તે નબીઓના*

*વારસા સાથે જાહેર થશે અને દુનિયાને એ રીતે અદલ અને ઈન્સાફથી ભરી દેશે જે રીતે તે ઝુલ્મ અને અત્યાચારથી ભરી હશે.'*

(ફરાએદુસ સિમતૈન, ૨/૩૩૫, હ. ૫૮૭)

**સમજુતીઃ**

૧) તમામ અંબિયા (અ.મુ.સ.)ના વારસાનો સંગ્રહ હઝરત ઈમામ મહદી (અ.સ.) થકી જાહેર થશે. તેમાંથી અમૂક આ મુજબ હશે. જનાબે મુસા (અ.સ.)ની લાકડી (જે અજગર બની ગઈ હતી), જનાબે મુસા (અ.સ.)નો પથ્થર (જેમાંથી ૧૨ ઝરણાંઓ ફુટ્યા હતા) અને બની ઈસ્રાઈલનો તાબુત (તાબુતે સકીના) વિગેરે.

૨) જુઓ રિવાયત નં. ૯૫.

## હઝરત ઈમામ મહદી (અ.સ.) અને
## હઝરત રસુલ (સ.અ.વ.) નો વારસો

**રિવાયત નં. ૯૫**

હઝરત ઇમામ જઅફર સાદિક (અ.સ.) એ ફરમાવ્યુંઃ

*'હઝરત ઈમામ મહદી (અ.સ.) ઈશાના સમયે મક્કાથી ઝુહુર ફરમાવશે. તેમની પાસે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)નો પરચમ, તેમનું પહેરણ, તેમની તલવાર, તેમની નિશાનીઓ, તેમનું નૂર અને તેમનું બયાન હશે.'*

(અરફુલ વર્દી ફી અખ્બારીલ મહદી (હાફીઝ જલાલુદ્દીન સિયુતી) ભાગ - ૨, પાના નં. ૧૪૪)

**સમજુતીઃ**

૧) રિવાયત નં. ૫૨ માં છે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)નો પરચમ હઝરત ઈમામ મહદી (અ.સ.) પાસે છે.

૨) આ હદીસનું વિગતવાર વર્ણન રિવાયત નં. ૧૩૦ હેઠળ કરવામાં આવશે.

## હઝરત ઈમામ મહદી (અ.સ.) અને

## મોકર્રબ (અલ્લાહના નજીકના) ફરિશ્તાઓ

**રિવાયત નં. ૯૬**

હઝરત અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ની રિવાયત છેઃ

*'હઝરત ઈમામ મહદી (અ.સ.) તેમના સાથીદારોની સાથે ચાલશે. કોઈ શહેરમાં કોઈ અકસ્માત નહીં બને. દુનિયામાં દરેક જગ્યાએ શાંતિ, સલામતિ હશે. જીબ્રઈલ (અ.સ.) તેમની જમણી તરફ અને મીકાઈલ (અ.સ.) તેમની ડાબી તરફ હશે. દુનિયાના ખુણે ખુણામાંથી લોકો તેમની મુલાકાતની શરફ પ્રાપ્ત કરતા હશે.'*

(એકદુદ્દોરાર, ભાગ - ૪, પ્રકરણ ૨/૯૮)

**સમજુતીઃ**

૧) રિવાયતોમાં હઝરત ઈમામ મહદી (અ.સ.)ની સાથે મલાએકા હોવાનું વર્ણન ઘણી બધી જગ્યાઓ ઉપર જોવા મળે છે. જેમકે મક્કએ મોઅઝઝમામાં, શામ તરફની મુસાફરી સમયે, દમિશ્કમાં તથા કિસ્તન્તનીયા ઉપર હુમલો કરતી વખતે.

(ઈકદુદ્ દોરર, ૨૪૬, મિકાઈલ હેઠળ)

૨) જનાબે હુઝયફાએ પણ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) થી રિવાયત કરી છે તેમાં છે કે 'અગર દુનિયામાં ફકત એક દિવસ બાકી રહી જશે તો ખુદાવંદે આલમ તે દિવસને એટલો બધો લાંબો કરી દેશે ત્યાં સુધી કે મારા એહલેબૈત (અ.મુ.સ.)માંથી એક શખ્સ જાહેર થાય. મલાએકાઓનો સમૂહ તેમની આગળ આગળ હશે અને આપ (અ.સ.) તેઓ લોકોમાં ઈસ્લામ ફેલાવશે.'

(અત તઝકેરતો ફી અહવાલીલ મવતા વ અમ્વારીલ આખેરહ-લેઃશમ્સુદ્દીન મોહમ્મદ બીન એહમદ બીન અબીબક્ર કરતબી માલેકી, પાના નં. ૬૧૫-૬૧૬)

૩) જુઓ રિવાયત નં. ૧૨૬, ૧૪૮, ૧૬૩ અને ૧૭૩

## હઝરત ઈમામ મહદી (અ.સ.) અને સહીફાએ હક

**રિવાયત નં. ૯૭**

અલી બીન આસીમે ઇમામ મોહમ્મદ તકી (અ.સ.)થી તેમણે તેમના પિતાથી તેમના પિતાએ તેમના દાદા પાસેથી અને તેમણે ઇમામ હુસૈન (અ.સ.)થી રિવાયત કરી છે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ મને ફરમાવ્યું:

*'ખુદાવન્દે આલમે મારા ઉપર બાર મોહર અને બાર ઉમ્મતોના પુસ્તકો ઉતાર્યા છે. દરેક ઇમામની મોહર અને સિફતો તે કિતાબમાં મૌજુદ છે.'*

(ફરાએદુસ સીમતૈન, ૨/૧૫૯)

**સમજુતી:**

૧) આ સહીફા ખુદાવંદે મોતઆલની તરફથી હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) તરફ મોકલવામાં આવ્યો અને પછી અઈમ્મહ (અ.મુ.સ.) થકી હઝરત ઈમામ મહદી (અ.સ.) સુધી પહોંચ્યો. હઝરત ઈમામ મહદી (અ.સ.) તેજ સહીફા મુજબ અમલ અંજામ આપશે આથી તેમના કાર્યોમાં કોઈ ઝુલ્મ કે ઉણપ નહિં હોય.

૨) જુઓ રિવાયત નં. ૧૮૬ ની સમજુતી.

## હઝરત ઈમામ મહદી (અ.સ.)નો ઉચ્ચ દરજ્જો

## રિવાયત નં. ૯૮

બક્ર બીન અબ્દુલ્લાહ અલ મઝનીએ સુરએ શુરાની પહેલી આયત حٓمٓ عٓسٓقٓ ની તફસીર આ રીતે લખી છે.

'ح': 'હ' થી મુરાદ હર્બ (જંગ) છે. જે કુરૈશ અને તેના ગુલામોની દરમ્યાન થશે અને તેમાં વિજય કુરૈશનો થશે.

'م': 'મીમ' થી મુરાદ બની ઉમય્યાની બાદશાહત અને રાજ્ય છે.

'ع': 'અય્ન' થી મુરાદ ઉલુઅ (એટલે કે બલંદી) બની અબ્બાસ માટે છે.

'س': 'સીન' થી સના એ મહદી એટલે હઝરત ઈમામ મહદી (અ.સ.) ના ઉચ્ચ દરજ્જો છે.

‘ق’: قُوَّةُ عِيْسٰى ﷺ حِيْنَ يَنْزِلُ فَيَقْتُلَ النَّصَارٰى و يَخْزِبُ الْبِيَعِ
ઈસા અ.સ. ની કુવ્વત ‘જ્યારે તેઓ નાઝીલ થશે અને ઈસાઈઓને કત્લ કરશે અને ગીરજાઘરો (ચર્ચ) ને તોડી પાડશે.)

(ઈકદુદ્ દોરર, ભાગ-૭/૧૪૩, તફસીર ઈમામ સઅલબી)

**સમજુતીઃ**

હઝરત ઈમામ મહદી (અ.સ.) ના ઉચ્ચ દરજ્જાની જાણકારી માટે આ કિતાબની રિવાયત ન. ૭૯ થી ૯૪ જુઓ.

## હઝરત ઈમામ મહદી (અ.સ.) અને કાબાના ખજાનાની વહેંચણી

## રિવાયત નં. ૯૯

ઈસ્હાક બીન યહ્યા બીન તલ્હાએ સય્યદ ઈબ્ને તાઉસથી નોંધ કરી છે કે ઉમર બીન ખત્તાબે ખાનએ કાબામાંથી રૂખ્સત થતી વખતે કહ્યું:

*ખુદાની કસમ! શું હું ખાનએ કાબાના ખજાનાને તથા તેમાં જે શસ્ત્રો અને માલ છે તેને છોડી દઉં અને ખુદાની રાહમાં વહેંચણી ન કરૂં?*

તે સમયે આ સાંભળીને હઝરત અલી બીન અબી તાલીબ (અ.સ.) એ ફરમાવ્યું:

*‘આ આપનું કામ નથી. તેનો જવાબદાર કુરયશનો એક યુવાન છે જે છેલ્લા ઝમાનામાં જાહેર થશે તથા તે તેને ખુદાની રાહમાં વહેંચણી કરશે.’*

(ઈકદુદ્ દોરર, પ્ર. ૭/૧૫૪ અલ ફેતન (નઈમ બીન હમાદ) ના હવાલાથી કન્ઝુલ ઉમ્માલ - ૧૪/૧૦૮, ૨૮૦/૨૮ જમ્ઉલ જવામેઅ હાફીઝ જલાલુદ્દીન સિયુતી ૨/૧૦૪, નઈમ થી - અખ્બારે મક્કા (અરઝકી) ૧/૧૪૬, ઈબ્રાહીમ બીન મયસ્સરહ એ એક માણસ પાસેથી અને તેણે હુસૈન બીન અલી (અ.સ.) થી નોંધલ છે જો કે શબ્દોમાં ફેરફાર છે.)

**સમજુતીઃ**

એક રિવાયતમાં છે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ ખાનએ કાબાની નજીક એક કુવામાંથી ૭૦,૦૦૦ સોનાના વાસણો (ઝુરૂફ) કાઢયા હતા. જે ખાનએ કાબાને ભેટમાં આપી દીધા હતા.

## હઝરત ઈમામ મહદી (અ.સ.) નું ખુશુઅ અને ખુઝુખ

### રિવાયત નં. ૧૦૦

કઅબ અહબારનું બયાન છે.

*'હઝરત ઈમામ મહદી (અ.સ.) એવી રીતે ખુદાની સામે નમ્ર હશે જેવી રીતે શાહીન પોતાની પાંખ જુકાવીને આજીજી કરે છે.'*

(ઈકદુદ્ દોરર, પ્ર. ૭/૧૫૮ અલ બુરહાન ફી અલામતે મહદી આખેરૂઝઝમાન, પ્ર. ૩, હ. ૧૦/૧૦૧)

### સમજુતીઃ

આજ કિતાબની ઘણી બીજી રિવાયતોમાં હઝરત ઈમામ મહદી (અ.સ.) ને સૌથી વધારે મુત્તાકી અને સૌથી વધારે ઈબાદત ગુઝાર દર્શાવવામાં આવ્યા છે. જુઓ રિવાયત નં. ૭૬.

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ની કુદરત અને શકિત

### રિવાયત નં. ૧૦૧

અબ્દુલ્લાહ બીન અમરૂની રિવાયત છેઃ

*'હઝરત ઈમામ હુસૈન (અ.સ.)ના વંશમાંથી હઝરત મહદી (અ.સ.) પૂર્વમાંથી જાહેર થશે. અગર પહાડ તેમની સામે આવશે તો તેઓ તેને ચકનાચૂર કરી દેશે અને તેમાંથી માર્ગ બનાવશે.'*

(ઈકદુદ્ દોરર ભાગ-૯ પ્ર. ૩/૨૨૩ અલ બયાન ફી અખ્બારે સાહેબુઝઝમાન પ્ર. ૧૬/૧૩૪)

### સમજુતીઃ

૧) આ રિવાયત એ બાબતનું સમર્થન કરે છે કે હઝરત ઈમામ મહદી (અ.સ.), હઝરત ઈમામ હુસૈન (અ.સ.)ના વંશમાંથી છે. જુઓ રિવાયત નં. ૨૬.

૨) આ પ્રકારની કુદરતનું પ્રદર્શન હઝરત ઈમામ મહદી (અ.સ.)ના સહાબીઓ માટે પણ રિવાયતોમાં નોંધવામાં આવ્યું છે. જુઓ રિવાયત નં. ૧૪૦.

## પ્રકરણઃ ૭

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુરની પહેલા દુનિયાની પરિસ્થિતિ

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુર પહેલાની પરિસ્થિતિ

### રિવાયત નં. ૧૦૨

રાવીએ ઈમામ બાકીર (અ.સ.) ને પુછ્યુંઃ આપના કાએમ (અ.સ.) નો ઝુહુર ક્યારે થશે? ઈમામ (અ.સ.) એ ફરમાવ્યુંઃ

*‘જ્યારે સ્ત્રીઓ ઘોડેસવારી કરવા લાગશે, લોકો નમાઝને મુર્દા કરવા લાગશે, ખ્વાહીશાતનું અનુસરણ કરશે, વ્યાજ ખાશે, ખૂન વહાવવું આસાન ગણશે, વ્યાજનો વ્યવહાર નક્કી કરશે, જ્યારે ઝીના સામાન્ય બનશે, જ્યારે શાનદાર ઈમારતો મજબૂત હશે, જ્યારે જૂઠ અને છેતરપિંડી હલાલ હશે, ખ્વાહીશાતનું અનુસરણ હશે, જ્યારે લોકો દુનિયાને માટે દીનથી દૂર થશે, કત્એ રહેમી કરશે, તેમના માટે ઝુલ્મ ગર્વ લેવા જેવું ગણાશે, જ્યારે રાજાઓ ગુનેહગાર હશે, વઝીરો ખોટા હશે, અમાનતદાર ખયાનત કરનારા હશે, મદદગાર ઝાલીમ હશે, કુરઆનના કારીઓ ફાસિક હશે, ઝુલ્મ અને અત્યાચાર સામાન્ય હશે, તલાકનો રિવાજ સામાન્ય હશે, અત્યાચારીઓ અને ગુનેહગારોનો ઉદય થશે, ખોટી સાક્ષીઓનો સ્વિકાર થશે, શરાબ પીવાય રહી હશે અને પુરૂપ-પુરૂષોથી સંતોષ મેળવશે અને સ્ત્રીઓ સ્ત્રીઓમાં મશગૂલ હશે,*

*શરઈ રકમને માલે ગનીમત ગણવામાં આવશે, સદકો કરજ સમજવામાં આવશે, બુરા લોકો તેઓની જીભના કારણે લોકો ભયભીત રહેશે. જ્યારે સીરીયાથી સુફીયાની બહાર આવશે, યમનથી યમાની નીકળશે, મક્કા અને મદીના દરમ્યાન બયદાઅની જમીન ધસી પડશે, જ્યારે આલે મોહમ્મદ (સ.અ.વ.)માંથી એક શખ્સને હજરે અસ્વદ અને મકામે ઈબ્રાહીમની વચ્ચે કત્લ કરી નાખવામાં આવશે, જ્યારે આસ્માનમાંથી નેકી કરનારા મોઅમીનનો અવાજ આવશે કે હક તેમના અનુયાયીઓની સાથે છે. તે સમયે અમારા કાએમ (અ.સ.) નો ઝુહુર થશે.'*

(કન્ઝુલ ઉમ્માલ, ૭/૨૬૧, અલ બુરહાન ફી અલામાતે મહદી આખેરૂઝઝમાન, પ્ર. ૨ હ. ૪૧/૧૩૧ અલ ફુસુલુલમોહિમ્મહ પ્ર. ૧૨/૨૮૫)

**સમજુતીઃ**

૧) ઘણી બધી રિવાયતોમાં હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુર પહેલાંની પરિસ્થિતિ આ મુજબ વર્ણવવામાં આવી છે. ઝુલ્મ અને અત્યાચારમાં વધારો થશે, જંગ અને કત્લેઆમ સામાન્ય થશે, જબરદસ્ત વિરોધાભાસ હશે, ઝાલિમ અને અત્યાચારીઓનું પ્રભુત્વ હશે, સ્ત્રીઓનો ફસાદ સામાન્ય હશે, મુસલમાનો મઝલુમ હશે અને દીનને ભુલાવી દેવામાં આવશે.

૨) હઝરત અલી (અ.સ.) નું ફરમાન છેઃ

*'કયામતની નજદિક મારા વંશમાંથી એક શખ્સ જાહેર થશે, નુકસાન, સખ્તીઓ, ભુખ, કત્લ અને સતત ફિત્નાઓને લીધે મોઅમીનનું દિલ, શરીરની જેમ મુર્દા થઈ જશે, ઈલાહી સુન્નત મુર્દા થઈ જશે અને બિદઅતો જીવંત થઈ જશે. અમ્ર બિલ મઅરૂફ અને નહ્ય અનિલ મુન્કર તરછોડી દેવામાં આવશે. ખુદાવંદે આલમ તે સુન્નતોને હઝરત ઈમામ મહદી (અ.સ.) થકી જીવંત કરશે જેને તરછોડી દેવામાં આવી હશે.'*

૩) ઝુહુરની પહેલાંની તકલીફોના બારામાં જુઓ રિવાયત નં. ૧૯, ૬૧, ૧૦૩, ૧૦૪, ૧૧૮, ૧૨૪, ૧૪૩, ૧૬૮.

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુરની પહેલા ઈસ્લામ અને મુસલમાન

**રિવાયત નં. ૧૦૩**

અવફ બીન માલિક હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) થી રિવાયત છે કે આપ (સ.અ.વ.) એ ફરમાવ્યું:

*'અવફ! એ સમયે તમારી શું હાલત હશે જ્યારે આ ઉમ્મત ૭૩ ફીરકાઓમાં વહેંચાઈ જશે. તેમાંથી માત્ર એક ફિરકો જન્નતમાં જશે અને બાકીના બધા ફીર્કાઓ જહન્નમમાં જશે.'*

મેં પુછ્યું, અય રસુલે ખુદા (સ.અ.વ.) આ કયારે થશે ? આપ (સ.અ.વ.) એ ફરમાવ્યું:

*'જ્યારે લોકોમાં ઈઝતેરાબ (વ્યય) વધી જાય, કનીઝો બાદશાહ થઈ જાય, ગુનાહગારો મિમ્બર ઉપર બેસવા લાગે, કુરઆનને ગાવામાં આવે, મસ્જીદોને શણગારવામાં આવે, ઉંચા મિમ્બરો બનવા લાગે, ઈસ્લામી માલોનો સંગ્રહ થવા લાગે, જકાત દંડ જેવું લાગવા લાગે, અમાનત માલે ગનીમત બની જાય, દીની તાલીમ ખુદાને બદલે બીજા માટે થવા લાગે, પુરૂષો સ્ત્રીઓનું કહેવું માનવા લાગે અને માઁ ને નારાજ કરવા લાગે, બાપને ઘરમાં બેસાડી દે, એક ઉમ્મત બીજી ઉમ્મત ઉપર લાનત કરવા લાગે, ગુન્હેગારો કબીલાની સરદારી કરવા લાગે, હલ્કા લોકો કૌમના રેહબર અને રહેનુમા બનવા લાગે, લોકોનું તેમની બુરાઈના ભયના કારણે સન્માન કરવામાં આવે, તે સમયે મારી અહલેબયત (અ.સ.) માંથી એક શખ્સ જાહેર થશે જેને મહદી (અ.સ.) કહેવામાં આવશે. અગર તમે તે સમય સુધી જીવિત રહો તો તેમની તાબેદારી કરજો જેથી હિદાયત પામી જાવ.'*

(મજમઅ અવાએદ (હાશમી) ૭/૩૨૩ કન્ઝુલ ઉમ્માલ ૧૧/૧૮૩, અલ મોઅજમુલ કબીર, ૧૮/૧૫)

**સમજુતીઃ**

૧) ઘણી બધી રિવાયતોમાં આખરી ઝમાનામાં ઈસ્લામની નબળી પરિસ્થિતિ ઉપર અફસોસ વ્યકત કરવામાં આવ્યો છે. જેમકે આ રિવાયત જે સઅદ બિન વક્કાસ, અબ્દુલ્લાહ બિન મસઉદ, અબ્દુલ્લાહ બિન ઉમર, અબુ હુરયરા અને અબ્દુર રહમાન બિન ઔફે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) થી નોંધી છે કે આં હઝરત (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ

*'ઈસ્લામની શરૂઆત ગરીબીથી થઈ છે અને આ ગરીબી તરફ જ પરત આવશે. ગરીબોને ખુશખબર થાય.'*

૨) જુઓ રિવાયત નં. ૧૦૪ અને ૧૨૪

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુર પહેલા મુસલમાનોના મતભેદો

### રિવાયત નં. ૧૦૪

હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.) એ ફરમાવ્યુંઃ

*'જે ચીજ (ઝુહુર) નો તમે લોકો ઈન્તેઝાર કરી રહ્યા છો તે એ સમય સુધી નહીં થાય જ્યાં સુધી તમારામાંથી અમૂક લોકો અમૂક લોકોથી દુર હોવાનું જાહેર ન કરે અને અમૂક લોકો અમૂક લોકોના કુફ્ર ની ગવાહી ન આપે અને અમૂક લોકો અમૂક લોકો ઉપર લાનત ન કરે.'*

ઈમામ (અ.સ.) ના અસ્હાબ આશ્ચર્ય પામ્યા અને પુછયું, શું તે ઝમાનામાં કોઈ સારી બાબત નહીં હોય? ઈમામ (અ.સ.) એ જવાબમાં ફરમાવ્યુંઃ

*'દરેક સારી બાબતો અને ખુબીઓ હઝરત ઈમામ મહદી (અ.સ.) ના ઝુહુરમાં હશે અને આપ (મહદી અ.સ.) તે સારી બાબતો અને ખુબીઓને તેની બુલંદી સુધી પહોંચાડશે.'*

(ઈકદુદ્ દોરર, પ્ર ૪, પાના નં. ૬૩-૬૪)

**સમજુતીઃ**

૧) હઝરત અલી (અ.સ.) ની રિવાયતમાં આ બાબત બીજી રીતે બયાન કરવામાં આવી છે.

*'હઝરત ઈમામ મહદી (અ.સ.) તે સમયે જાહેર થશે જ્યારે એક શખ્સ બીજા શખ્સના મોઢા ઉપર પોતાના કિના અને અદાવતને લીધે થુંકવા લાગશે.'*

(અરફુલ વરદી ફી અખ્બારીલ મહદી-૧૩૯, નોઅમી બિન હમાદથી મુન્તખબુલ કુન્ઝ (અલાઉદ્દીન અલી મુત્તકી હિન્દી) ૬/૩૩, કન્ઝુલ ઉમ્માલ - ૭/૨૭)

૨) જુઓ રિવાયત નં. ૧૧૮, ૧૨૪, ૧૫૮ અને ૧૫૯

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુરની નિશાનીઓ

### રિવાયત નં. ૧૦૫

હઝરત ઇમામ જઅફર સાદિક (અ.સ.) એ ફરમાવ્યુંઃ

*'હઝરત ઈમામ મહદી (અ.સ.) ના ઝુહુર પહેલાં પાંચ નિશાનીઓ છે. (૧) સુફયાનીનું જાહેર થવું અને કૂચ કરવું, (૨) યમાનીનું (યમનથી) જાહેર થવું અને કૂચ કરવું, (૩) આસ્માનમાંથી અવાજ (સદા-નિદા) આવવો (૪) બયદાઅની જમીનનું ધસી પડવું (મક્કા અને મદીનાની વચ્ચેની જમીનનો એક ટુકડો), (૫) એક નેક ઈન્સાન (નફસે ઝકીય્યા) નું બેરેહમીથી કત્લ થવું.'*

(ઈકદુદ્ દોરર, ભાગ-૪, પ્ર. ૩/૧૧૧, અલ બુરહાન ફી અલામાતે મહદીએ આખેરૂઝઝમાન ભાગ-૨/૧૧૪ હદીસ નં. ૧૦)

**સમજુતીઃ**

ઉપરોકત રિવાયતને મળતી આવતી બાબતો નીચે મુજબની રિવાયતોમાં નોંધવામાં આવી છે. જુઓ

- સુફયાનીના જાહેર થવા સંબંધિત રિવાયત નં. ૧૧૨

- આસમાનમાંથી અવાજ આવવા સંબંધિત રિવાયત નં. ૧૦૨ અને ૧૧૦
- બયદાઅની જમીન ધસી પડવા બાબતની રિવાયત નં. ૧૦૨
- નફસે ઝકીય્યહ ના કત્લ સંબંધિત રિવાયત નં. ૧૧૫

## હઝરત ઈમામ મહદી (અ.સ.)નો ઝુહુર અને આસ્માની નિશાનીઓ

## રિવાયત નં. ૧૦૬

જનાબ જાબીર બીન અબ્દુલ્લાહ અન્સારી હઝરત ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.)થી રિવાયતની નોંધ કરે છે કે આપ (અ.સ.) એ ફરમાવ્યું:

***'અમારા મહદી માટે બે નિશાનીઓ છે જે આસમાન અને જમીનના સર્જનથી હજી સુધી જાહેર થઈ નથી. માહે મુબારકે રમઝાનની પહેલી તારીખે ચંદ્ર ગ્રહણ અને ૧૫મી માહે રમઝાનના સૂરજ ગ્રહણ. બેશક આ બન્ને નિશાનીઓ આસમાન અને જમીનના સર્જનથી આજ સુધી અસ્તિત્વમાં નથી આવી.'***

(અસ સોનન (દારે કુતની) ૨/૬૫, અત તઝકેરતે ફી અહવાલીલ મવતા વ ઓમુરીલ આખેરહ (કુરતબી) ૬૧૯)

**સમજુતી:**

૧) માહે મુબારકે રમઝાનમાં સુરજ અને ચંદ્ર ગ્રહણ (ઉપરોક્ત રિવાયતમાં તેનું વર્ણન છે) સિવાય પૂર્વમાંથી પૂંછડીવાળા સિતારાનું દેખાવું (ધૂમકેતુ) પણ ઝુહુરના નજીક હોવાની નિશાની ગણવામાં આવે છે.

(ઈકદુદ્ દોરર, ભાગ-૪, પ્ર. ૩/૧૧૧)

૨) એક બીજી રિવાયતમાં આસ્માનમાં હાથનું દેખાવું પણ હઝરત ઈમામ મહદી (અ.સ.) ના ઝુહુરની નિશાની બતાવવામાં આવી છે. (જુઓ રિવાયત નં. ૧૦૭, ૧૦૮)

(ઈકદુદ્ દોરર, ભાગ-૪, પ્ર. ૩/૧૦૬)

૩) સુરજનું પશ્ચિમમાંથી નિકળવું પણ ઈમામ (અ.સ.)ના ઝુહુર પહેલાંની એક નિશાની છે.

(ઈકદુદ્ દોરર, ભાગ-૧૨, પ્ર. ૭)

**હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુર પહેલા પુછડીવાળો તારો**

**રિવાયત નં. ૧૦૭**

કઅબની રિવાયત છેઃ

*‘હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુર પહેલા પૂર્વ દિશામાંથી એક સિતારો નિકળશે જેને એક ચમકદાર પૂછડી હશે.’*

(ઈકદુદ્ દોરર (હાફીઝ યુસુફ બિન યહ્યા મુકદ્સ અશ્શાફેઈ), ભાગ-૪, પ્ર. ૩/૧૧૧)

**હઝરત ઈમામ મહદી (અ.સ.) અને આસમાન ઉપર હાથનું જાહેર થવું**

**રિવાયત નં. ૧૦૮**

ઝોહરીનું બયાન છે કે અસ્મા બીન્તે ઓમયસે ફરમાવ્યુંઃ

*‘તે સમયે (એટલે કે હઝરત ઈમામ મહદી અ.સ.ના ઝુહુરના સમય) ની એક નિશાની એ છે કે આસમાન ઉપર એક હાથ જાહેર થશે, જેને લોકો જોશે.’*

(ઈકદુદ્ દોરર, ભાગ-૩, પ્ર. ૩/૧૦૬)

**હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુર પહેલા પૂર્વ દિશામાંથી આગ**

**રિવાયત નં. ૧૦૯**

હઝરત ઇમામ મોહમ્મદ બાકીર (અ.સ.) એ ફરમાવ્યુંઃ

*‘જ્યારે તમે ત્રણ દિવસ અથવા સાત દિવસ પૂર્વ દિશા તરફથી આગ નીકળતી જૂઓ તો તે સમયે આલે મોહમ્મદ (સ.અ.વ.)માંથી મહદી (અ.સ.) ના ઝુહુરની આશા કરજો.’*

(અલ બુરહાન ફી અલામાતે મહદીએ આખેરૂઝઝમાન, ભાગ-૪, પ્ર. ૧/૧૦૯, હ. ૨૧, ઈકદુદ્ દોરર, ભાગ-૪, પ્ર. ૩/૧૦૬)

**સમજુતીઃ**

હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.) ની રિવાયતમાં આ પ્રમાણે છે:

*'જ્યારે તમે આસમાનમાં પૂર્વ દિશા તરફથી કેટલીય રાત્રિઓ સુધી ખુબ મોટી આગ સળગતી જુઓ તો (સમજી જાઓ કે) તે સમયે લોકોને રાહત મળશે. કારણકે તે હઝરત ઈમામ મહદી (અ.સ.)ના આગમનની નજીક હશે.'*

(ઈકદુદ્ દોરર, ભાગ-૪, પ્ર. ૩/૧૦૬, અલ બુરહાન ફી અલામાતે મહદીએ આખેરૂઝ ઝમાન-૧૦૯, હ. નં. ૨૦)

**હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુરની પહેલા આસમાની અવાજ**

**રિવાયત નં. ૧૧૦**

હઝરત ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) એ ફરમાવ્યું:

*'જ્યારે તમે પૂર્વની બાજુએથી ૩ દિવસ અથવા ૭ દિવસ આગ જૂઓ તો તે સમયે આલે મોહમ્મદ (સ.અ.વ.)માંથી મહદી (અ.સ.)ના ઝુહુરનો ઈન્તેઝાર કરો.'*

પછી ફરમાવ્યું:

*'એક અવાજ આપનાર આસ્માનથી હઝરત ઈમામ મહદી (અ.સ.) નું નામ લઈને અવાજ દેશે જે પૂર્વ અને પશ્ચિમમાં બધા લોકો સાંભળશે. ત્યાં સુધી કે દરેક ઉંઘી રહેલી વ્યકિત પોતાની ઉંઘમાંથી જાગી જશે અને દરેક સુતેલો માણસ ઉઠીને બેસી જશે. દરેક બેઠેલો માણસ ખુશીથી પગ ઉપર ઊભો થઈ જશે. ખુદા તે બંદા ઉપર રહેમ કરે જે આ અવાજને સાંભળે કારણકે પહેલો અવાજ હઝરત જીબ્રઈલ (અ.સ.)નો અવાજ હશે.'*

(અલ બુરહાન ફી અલામાતે મહદીએ આખેરૂઝઝમાન, ભાગ-૪/૧૦૯, હ. ૨૧, ઈકદુદ્ દોરર□ભાગ-૪, પ્ર. ૩/૧૦૬ □૧૦૭)

**સમજુતી:**

૧) બીજી રિવાયતોમાં આસમાની અવાજનું વર્ણન આ મુજબ કરવામાં આવ્યું છે:

૧. એક મુનાદી આસ્માનમાંથી નીદા (અવાજ) આપશે કે:

*'ખરેખર! હક્ક આલે મોહમ્મદ (અ.સ.)ની પાસે છે.'*

(રિવાયત નં. ૧૬૮)

૨. એક અવાજ આપનાર આસ્માનમાંથી અવાજ આપશે તેને જમીનના તમામ રહેવાસીઓ સાંભળશે કે:

*'ખરેખર! ખુદાની હુજ્જતનો ઝુહુર ખાનએ કાબામાં થઈ ચૂકયો છે. તેમનું અનુસરણ કરો. હક તેમની પાસે છે અને તેમની સાથે છે.'*

(રિવાયત નં. ૯૨)

૩. મોહર્રમ મહિનામાં એક અવાજ આપનાર પોકારશે કે:

*'મખ્લુકાતમાંથી અલ્લાહે ચૂંટેલા બંદા ફલાણા (એટલેકે મહદી અ.સ.) છે. તેમની વાતો સાંભળો અને તેમનું અનુસરણ કરો.'*

(રિવાયત નં. ૭૭)

૨) અમુક રિવાયતમાં છે કે આ અવાજ મોહર્રમ મહિનામાં આવશે અને અમૂક રિવાયતો મુજબ માહે રમઝાનમાં આવશે. આ અવાજ ત્યારે આવશે કે જ્યારે હઝરત ઈમામ મહદી (અ.સ.)ના લશ્કર અને સુફયાની ના લશ્કરનો મુકાબલો થશે.

૩) અમૂક રિવાયતો મુજબ જીબ્રઈલ (અ.સ.) અવાજ આપશે અને તે દિવસે સાંજે શયતાન લોકોને પોતાના જેવા બીજા લોકો તરફ દઅવત આપીને લોકોને શંકા-કુશંકાઓમાં સપડાવી દેશે પરંતુ હકનો અવાજ તે જ હશે જે પહેલો અવાજ હશે, આ બાબત ઉપર તમામ રિવાયતો એકમત છે.

૪) કિતાબ 'એકદુદ દોરર' ના લેખકે પોતાની કિતાબના ચોથા ભાગના ત્રીજા પ્રકરણને ખાસ આસ્માની અવાજ બાબત લખ્યું છે.

**હઝરત ઈમામ મહદી (અ.સ.)ના**

## ઝુહુરની પહેલા કાળા રંગવાળો અલમ

**રિવાયત નં. ૧૧૧**

અબ્દુલ્લાહ બીન મસઉદનું બયાન છે કે અમે હઝરત નબીએ કરીમ (સ.અ.વ.)ની ખીદમતમાં હાજર હતા એટલામાં એક હાશમી નવયુવાન હાજર થયો. જ્યારે આં હઝરત (સ.અ.વ.)એ તેનો જોયો તો આપની આંખોમાં આંસુ આવી ગયા અને ચહેરા મુબારકનો રંગ ફરી ગયો તો અમે કહ્યું: હઝરત અમે આપના નૂરાની ચહેરા ઉપર નાપસંદગીની અસર જોઇ રહ્યા છીએ.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું:

*'ખુદાએ અમો એહલેબય્ત માટે આખેરતને દુનિયા ઉપર અગ્રતા આપી છે. ખરેખર મારી પછી મારી એહલેબય્ત ન બયાન થયેલી બલાઓથી તકલીફ વેઠશે. તેઓને બેરહમીથી કત્લ કરવામાં આવશે. ત્યાં સુધી કે પૂર્વ તરફથી એક કૌમ આવશે જેનો ધ્વજ કાળો હશે. તેઓ હકની માગણી તો કરશે પરંતુ તેઓ હક હાસિલ કરી શકશે નહિ. (આ વાક્ય આપ (સ.અ.વ.)એ બે થી ત્રણ વખત દોહરાવ્યું) પછી તે લોકો લડાઇ કરશે અને વિજય મેળવશે. તેઓથી જે પણ પોતાના હકોની માંગણી કરશે તે પોતાનો હક મેળવી લેશે. પરંતુ તેમ છતાં તેને સ્વિકારશે નહીં. ત્યાં સુધી કે તેઓ બધી વસ્તુઓ મારી અહલેબય્તની એક વ્યક્તિને સોંપી દેશે જે દુનિયાને અદલ અને ઇન્સાફથી એવી રીતે ભરી દેશે જેવી રીતે તે ઝુલ્મ અને અત્યાચારથી ભરાએલી હશે. જે તે જમાનો પામે તે તેમની પાસે પહોંચવામાં ઉતાવળ કરે ભલે પછી બરફને ખુંદવો કેમ ન પડે. કારણકે તેઓ મહદી (અ.સ.) છે.'*

(અલ મુસન્નીફ (ઇબ્ને અબી શયબા) ૧૫/૨૩૫ □હ. ૧૯૫૭૩, અસ્સોનન (ઇબ્ને માજા) ભાગ-૩૪ પ્રકરણ ખોરૂજલ મહદી, હ. ૪૦૮૨)

**સમજુતી:**

૧) તે કાળો પરચમ જે ઝુહુરના નજીક હોવાની નિશાની છે તે અબુ મુસ્લીમ ખુરાસાની અને બની અબ્બાસના પરચમથી બિલ્કુલ અલગ છે. તે લોકોએ આ પ્રકારની રિવાયતોનો દુરૂપયોગ કર્યો હતો.

(અલ બુરહાન ફી અલામાતે મહદીએ આખેરૂઝ ઝમાન, ભાગ-૭, હ. નં. ૧૧/૧૪૯, ભાગ-૭, હ. નં. ૧૭/૧૫૧, અલ ઈશાઅતુલ અશ્રાતુસ સાઅહ (મોહમ્મદ બીન અબ્દુર રસુલ શાફેઈ બઝરન્જની) ભાગ-૧૩/૧૧૪)

૨) બીજી અમૂક રિવાયતોની સામે રિવાયત નં. ૧૯૮ વધારે સહીહ લાગે છે કે હઝરત ઈમામ મહદી (અ.સ.) ના લશ્કરનો પરચમ કાળો નહિં બલ્કે તે લશ્કરનો પરચમ કાળો છે જે હઝરત (અ.સ.)ની કામ્યાબી માટે જમીનને સાનુકુળ બનાવશે. જે શકિત અને પ્રભુત્વ હાંસિલ કર્યા પછી બધું જ હઝરત ઈમામ મહદી (અ.સ.)ના હવાલે કરી દેશે. અમૂક રિવાયતો મુજબ તે લશ્કરના સરદારનું નામ શોએબ બિન તમીમી છે. જુઓ રિવાયત નં. ૧૩૨.

(અલ બુરહાન ફી અલામાતે મહદીએ આખેરૂઝઝમાન, ભાગ-૭, હ. નં. ૧૧/૧૫૧)

## હઝરત ઈમામ મહદી (અ.સ.)નો ઝુહુર અને સુફિયાનીનું બહાર આવવું

### રિવાયત નં. ૧૧૨

મોહમ્મદ બીન મુસ્લિમે ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.)થી રિવાયત કરી છે:

***'સુફીયાની અને હઝરત ઈમામ મહદી (અ.સ.) એક જ વરસમાં જાહેર થશે.'***

(ઈકદુદ્ દોરર, પ્ર. ૪, ૩/૮૭)

**સમજુતીઃ**

૧) સુફયાની યઝીદ બીન મોઆવીયા બીન અબુ સુફીયાનના વંશમાંથી છે. તે શામથી કયામ કરશે. શામ, ઈરાક, હોદૈબીયા અને ખુરાસાનમાં મુસલમાનોને કત્લ કરશે. હઝરત ઈમામ મહદી (અ.સ.) સાથે જંગ કરવા માટે આગળ વધશે. મક્કા અને મદીનાની

વચ્ચે તેનું સંપૂર્ણ લશ્કર જમીનમાં ધસી પડશે અને તે પોતે હઝરત ઈમામ મહદી (અ.સ.)ના હાથો વડે કત્લ થઈ જશે.

૨) સુફીયાનીના બારામાં ઘણી બધી રિવાયતો જોવા મળે છે.

(જુઓ ઈકદુદ્ દોરર, ભાગ-૪, પ્ર. ૨)

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુર પહેલા લશ્કરનું ધસી જવું

### રિવાયત નં. ૧૧૩

અબુ નવાસે અબ્દુલ્લાહ બીન ઉમરને કહેતા સાંભળ્યાઃ

*'જ્યારે બયદાઅની જમીનમાં લશ્કર ધસી પડે તો તે મહદી (અ.સ.) ના ઝુહુરની નિશાની છે.'*

(અત્તઝકેરતે ફી અહવાલીલ મવ્તા વ ઓમુરીલ આખેરહ (કરતબી) ૬૯૨)

**સમજુતીઃ**

૧) આ તે જ લશ્કર છે જેને સુફીયાની, હઝરત ઈમામ મહદી (અ.સ.) સાથે જંગ કરવા મક્કા મોકલશે તથા આ લશ્કર મક્કા અને મદિના દરમ્યાન બયદાઅ નામની જગ્યાએ ખુદાના હુકમથી અને જ. જીબ્રઈલ (અ.સ.) નો અવાજ સાંભળીને ધસી પડશે. સુફયાનીને જાણ કરવા માટે ફકત બે માણસો તે તબાહીથી બચી જશે. જુઓ રિવાયત નં. ૧૫૨. (જુઓ રિવાયત નં. ૧૦૨)

૨) કિતાબ ઈકદુદ દોરરના લેખક હાફીઝ મોહમ્મદ બીન યુસુફ કુદસી શાફેઈ (વફાત હિજરી સન ૬૮૭) એ પોતાની કિતાબના ચોથા ભાગનું બીજું પ્રકરણ આ વિષય પર લખ્યું છે.

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુરની પહેલા દજ્જાલનું જાહેર થવું

### રિવાયત નં. ૧૧૪

જનાબ જાબીર બીન અબ્દુલ્લાહ અન્સારીથી રિવાયત છે કે હઝરત રસુલ (સ.અ.વ.) એ ફરમાવ્યું:

*'જેણે દજ્જાલનો ઈન્કાર કર્યો તે કાફીર છે બિલ્કુલ એવી રીતે જેણે મહદી (અ.સ.)ને જુઠલાવ્યા તે કાફીર છે.'*

(ઈકદુદ્ દોરર, પ્ર. ૭/૧૫૭, અલ બુરહાન ફી અલામાતે મહદીએ આખેરૂઝ ઝમાન, પ્ર. ૧૨, હ. ૨/૧૭૦)

**સમજુતીઃ**

૧) દજ્જાલ સંબંધિત રિવાયતો ન ફકત એહલે સુન્નતની કિતાબોમાં જોવા મળે છે બલ્કે અમૂક લોકોએ તો પોતાની કિતાબોના અમુક વિભાગો અને પ્રકરણો તેના સંબંધિત લખ્યા છે. જેમકે ઈકદુદ દોરર, ભાગ-૧૨, પ્રકરણ ૨, ૩ અને ૪ દજ્જાલ સંબંધિત છે.

૨) અલ્લામા શવકાનીએ પોતાની કિતાબ 'અત તવઝીહો ફી તવાતુર મા જાઅ ફીલ મહદી વદ્ દજ્જાલ વલ મસીહ' અને અબુ અબ્દુલ્લાહ મોહમ્મદ બીન જઅફર કનાની માલેકી (વફાત હિજરી સન ૧૩૪૫) એ પોતાની કિતાબ 'નઝમુલ મુસ્તનાસીર મેનલ હદીસીલ મુતાવાતીર' માં દજ્જાલ સંબંધિત રિવાયતોને મુતવાતીર ઠેરવી છે.

૩) દજ્જાલની ફીત્નાખોરી અને ગુમરાહી એટલી હદે છે કે અનસ બીન માલિક, અબુ હુરયરા, ઈબ્ને ઉમર, જાબીર બીન અબ્દુલ્લાહ અન્સારી, ઈબ્ને નઝીર અને ઈબ્ને જરાહે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) થી આ રિવાયતની નોંધ કરી છેઃ

***'કોઈ નબી એવા નથી જેની કૌમને દરજ્જાલે ન ડરાવ્યો હોય.'***

(અલ મુસન્નીફ (અબ્દુર રઝાક) ૧૧/૩૦૯, હ. ૨૦૮૨૦, મુસ્નદે એહમદ બીન હમ્બલ, ૫/૨૨૧)

૪) આજ પ્રમાણે અબુ ઈમામા બાહેલીથી પણ રિવાયત છે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ

***'દજ્જાલના ફીત્નાથી વધીને જમીન ઉપર બીજો કોઈ ફીત્નો નથી.'***

(સહીહ મુસ્લીમ, ભાગ-૨૦, હ. ૨૮૩૭, સોનને ઈબ્ને માજા, ભાગ-૩૩, હ. ૪૦૭૫)

૫) દજ્જાલ અસામાન્ય કામ કરશે અને પોતાના માટે ઘણા બધા મદદગારોને એકઠા કરી લેશે, ખુદાઈનો દાવો કરશે અને અંતમાં હઝરત ઈમામ મહદી (અ.સ.)ના હાથે કત્લ થશે.

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુરની પહેલા નફસે ઝકીય્યાહનું કત્લ

**રિવાયત નં. ૧૧૫**

મુજાહીદનું બયાન છે કે રસુલ (સ.અ.વ.)ના એક સહાબીએ કહ્યું:

*'હઝરત ઈમામ મહદી (અ.સ.)નો ઝુહુર ત્યારે થશે જ્યારે નફસે ઝકીય્યાહનું કતલ થશે અને જ્યારે નફસે ઝકીય્યાહનું કતલ થશે ત્યારે જમીન અને આસમાનમાં રહેવાવાળા તે લોકો (કાતિલો) ઉપર નારાજ થશે.'*

પછી તેણે વાત ચાલું રાખતા કહ્યું:

*'લોકો આપ (મહદી અ.સ.)નો ઈન્તેઝાર એવી રીતે કરશે જેવી રીતે દુલ્હન સુહાગ રાતના માટે તૈયાર થાય છે (અને પોતાના પતિનો ઈન્તેઝાર કરે છે) આપ (અ.સ.) જમીનને અદ્‌લ અને ઈન્સાફથી ભરી દેશે. જમીન વનસ્પતિઓ અને હરિયાળીઓને જાહેર કરીને ખુશ થશે. આસમાન વરસાદ વરસાવીને ખુશી મનાવશે કરશે અને તેમની હુકુમતમાં મારી કૌમને એવી નેઅમત મળશે જે આ અગાઉ માનવ ઈતિહાસમાં કોઈને મળી નહિં હોય.'*

(અદ દુર્રુલ મન્સુર (હાફીઝ જલાલુદ્દિન સિયુતી), ૬/૧૫૮ અલ મુસન્નીફ (ઇબ્ને અલી શયબા) ૧૫/૧૯૯ હ. ૧૯૪૯૯)

**સમજુતીઃ**

૧) ઉપરોક્ત રિવાયતમાં જે નફસે ઝકીય્યહનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ના વંશમાંથી એક પાકીઝા અને મુત્તાકી શખ્સ છે તથા તેઓ હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ચાહવાવાળાઓમાંથી છે. તેઓને હજરે અસ્વદ અને મકામે

ઈબ્રાહીમની દરમ્યાન કતલ કરવામાં આવશે. (જુઓ રિવાયત નં. ૧૦૨)

૨) મહદવીય્યતના ખોટા દાવેદારોએ ઉપરોકત રિવાયતનો દુરૂપયોગ કર્યો છે. તે લોકોએ મોહમ્મદ બિન અબ્દુલ્લાહ બીન હસનને નફસે ઝકીય્યહ કરાર દીધો છે. મોહમ્મદ બીન અબ્દુર રસુલ બરઝન્જી શાફેઈ (વફાત હિજરી સન ૧૧૦૩) નું કહેવું છે કેઃ આ નફસે ઝકીય્યહ તે નફસે ઝકીય્યહ સિવાયના છે, જેને મન્સુર અબ્બાસીના ઝમાનામાં કત્લ કરવામાં આવ્યો હતો.

(ઈશાઅતુલ અશરાતુસ સાઅહ, પાના નં. ૧૧૪)

## હઝરત ઈમામ મહદી (અ.સ.) અને કુફ્રના પાલવમાં ઈમાનનું નૂર

### રિવાયત નં. ૧૧૬

હઝરત ઇમામ જઅફર સાદિક (અ.સ.) એ ફરમાવ્યુંઃ

*'કાફીર અને મુનાફીક વ્યક્તિઓની પીઠમાં મોઅમિન ખુદાવન્દે આલમની અમાનતો છે. અમારા કાએમ (અ.સ.) નો ઝુહુર તે સમય સુધી નહીં થાય જ્યાં સુધી આ અમાનતો જાહેર ન થઈ જાય. કારણકે જ્યારે તેઓ (અ.સ.) ઝુહુર ફરમાવશે તો કાફીર અને મુનાફીકોને કતલ કરી નાખશે.'*

(યનાબીઉલ મોવદ્દત, પ્ર. ૭૧/૪૨૮, પ્રકાશન ઈસ્તામબુલ)

**સમજુતીઃ**

અમાનતોથી મુરાદ તે મોઅમિન બાળકો છે જે કાફીરોના વંશમાંથી જાહેર થશે. આ આધારે જ્યાં સુધી આ બધી અમાનતો જાહેર ન થઈ જાય ત્યાં સુધી હઝરત (અ.સ.)નો ઝુહુર નહિ થાય. કારણકે હઝરત (અ.સ.)ના ઝુહુર પછી કાફીરોને તેમના કુફ્રની સજા મળશે. આથી એ પહેલાં કે કાફીરો કત્લ થાય, તેમના વંશમા જે મોઅમિન બાળકો છે તે પૈદા થઈ જાય.

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુરની પહેલા ખોટા દાવેદારો

### રિવાયત નં. ૧૧૭

અબ્દુલ્લાહ બીન ઉમરની રિવાયત છે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ

*'હઝરત ઈમામ મહદી (અ.સ.)નો ઝુહુર તે સમયે થશે, જ્યારે ૭૦ ખોટા દાવેદારો આવી જશે અને તેમાંના દરેક એ કહેશે કે હું નબી છું.'*

(ઈકદુદ્ દોરર પ્ર. ૧/૧૮, પ્ર. ૪, ફ. ૧/૬૪)

**સમજુતીઃ**

બેશક હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ના ઝમાનાથી આજ સુધી ઈતિહાસમાં એવા લોકો જોવા મળે છે, જેઓએ સત્તાની લાલચમાં આ પ્રકારના ખોટા દાવાઓ કર્યા છે અને ઉપરોકત હદીસના મિસ્દાક બન્યા છે.

આ ખોટા દાવેદારોમાં મુસયલમહ, સુજાહ ખુદ રસુલે ખુદા (સ.અ.વ.)ના ઝમાનામાં તથા હાલના સમયમાં ગુલામ એહમદ કાદયાની કાદયાની ધર્મના સ્થાપક તથા મીર્ઝા હુસૈન અલી નૂરી બહાઈય્યત ધર્મનો સ્થાપકના નામો લઈ શકાય છે.

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ના
## ઝુહુરની પહેલા લાલ અને સફેદ મૃત્યુ

**રિવાયત નં. ૧૧૮**

અલી બીન યઝીદે અઝદીએ તેના પિતા અને દાદાથી રિવાયત કરી છે કે હઝરત અમીરૂલ મોઅમેનીન (અ.સ.) એ ફરમાવ્યુંઃ

*'હઝરત કાએમ (અ.સ.)ની હુકુમત પહેલા લાલ અને સફેદ મૃત્યુ થશે. સમયે કસમયે લોહીનાં જેવી વર્ષા થશે. લાલ મૃત્યુ મોત તલવાર વડે અને સફેદ મૃત્યુ (તાવુન) પ્લેગ વડે થશે.'*

(અલ ફોસુલુલ મોહીમ્માહ (ઈબ્ને સબ્બાગે માલેકી) પ્ર. ૧૨/૨૮૨ પ્રકાશન નજફ)

**સમજુતીઃ**

૧) ઘણી બધી રિવાયતોથી જાણવા મળે છે કે હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુર પહેલાં ઝબરદસ્ત વિરોધાભાસ, ફસાદ અને કત્લેઆમ થશે. ત્યાં સુધી કે નવમાંથી સાત લોકો કત્લ થઈ જશે.

(અલ બુરહાન ફી અલામાતે મહદીએ આખેરૂઝ ઝમાન (અલાઉદ્દીન અલી બીન જસામુદ્દીન મુત્તાકી) ભાગ-૪, પ્રકરણ-૨/હ.૫/૧૧૨)

૨) હઝરત અલી (અ.સ.) થી રિવાયત છે:

*'હઝરત ઈમામ મહદી (અ.સ.) ત્યારે જાહેર થશે જ્યારે એક તૃતિયાંસ (૧/૩) લોકો કત્લ થશે, એક તૃતિયાંશ લોકો બિમારીની મૌતે મરશે અને એક તૃતિયાંશ લોકો બાકી રહી જશે.'*

(ઈકદુદ્ દોરર, ભાગ-૪, પ્ર.૧/૬૩)

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ની હુકુમત માટે સાનુકુળ રસ્તો તૈયાર કરનારાઓ

### રિવાયત નં. ૧૧૯

અબ્દુલ્લાહ બીન હારિસ બીન જઝરે ઝુબયદીએ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)થી રિવાયત કરી છે:

*'પૂર્વ દિશામાંથી લોકો આવશે અને હઝરત ઈમામ મહદી (અ.સ.) માટે જમીનને સાનુકુળ બનાવશે.'*

(અસ્સોનન (ઇબ્ને માજા) પ્ર. ૩૪, પ્ર. ખોરૂજુલ મહદી – હ. ૪૦૮૮, મજમઉઝ ઝવાએદ (હયસમી), ૭/૩૧૮)

### સમજુતી:

૧) હાફિઝ મોહમ્મદ બિન યુસુફ શાફેઈએ પોતાની કિતાબ 'ઈકદુદ દોરર ફી અખ્બારીલ મુન્તઝર' નું પાંચમું પ્રકરણ આજ વિષય ઉપર લખ્યું છે.

૨) જે સમૂહનો આ રિવાયતમાં ઉલ્લેખ છે શકય છે કે તે એજ લશ્કર હોય જે ખુરાસાનથી આવશે, જેનો પરચમ કાળો હશે. જુઓ રિવાયત નં. ૧૧૧ ની સમજુતી.

## પ્રકરણઃ ૮

# હઝરત ઈમામ મહદી (અ.સ.)નો ઝુહુર

## હઝરત ઈમામ મહદી (અ.સ.) ના ઝુહુરનો સમય નક્કી નથી

### રિવાયત નં. ૧૨૦

દેઅબલ બિન અલી અલ ખેઝાઇનું બયાન છે કે હું ઇમામ અલી રેઝા (અ.સ.)ની શાનમાં એક કસીદો તેમની ખીદમતમાં હાજર થઈને પડ્યો જેનો મતલઅ આ મુજબ હતો.

مَدَارِسُ اٰيَاتٍ خَلَتْ مِنْ تِلَاوَةٍ وَنَزُلُ وَحْيٍ مَقَفَّرُ الْعَرَصَاتِ

*'એક ઇમામ જેમનો ઝુહુર વાજીબ અને જરૂરી છે જે ખુદાના નામો અને બરકત સાથે કયામ કરશે. તેઓ અમારા વ્યવહારોનો ફેંસલો કરશે અને હકને બાતિલથી જુદું કરશે. તેઓ નેકીનો બદલો અને બદીની સઝા કરશે અને નેઅમતો તથા અઝાબ વડે બદલો લેશે.'*

અને જ્યારે હું આ શેઅર સુધી પહોંચ્યો. આ સાંભળીને ઇમામ રેઝા (અ.સ.) ખૂબ રડ્યા. પછી આપ (અ.સ.) એ મારી તરફ મોઢું ફેરવીને ફરમાવ્યું:

*'અય ખેઝાઈ! આ બે શેઅર રૂહુલ કુદુસે તમારી જીભ ઉપર વહેતા કર્યા છે. તમે તે ઇમામ (અ.સ.) ના બારામાં જાણ છો?'*

મેં કહ્યું, નહીં, મેં તો માત્ર એટલું સાંભળ્યું છે કેઃ

*આપ (અ.સ.) ના ખાનદાનમાંથી એક ઇમામ જાહેર થશે જે દુનિયાને ફસાદથી પાક કરી દેશે અને તેને ન્યાયથી ભરી દેશે.*

પછી ઇમામ (અ.સ.) એ ફરમાવ્યું:

*અય દેઅબલ! મારા પછી મારો પુત્ર 'મોહમ્મદ અ.સ.' ઇમામ હશે. તેમના પછી તેમના પુત્ર 'અલી અ.સ.' ઇમામ*

*હશે. તેમના પછી તેમના પુત્ર 'હસન અ.સ.' ઈમામ હશે. હસન અ.સ. પછી તેમના પુત્ર જમીન ઉપર ખુદાની હુજ્જત કાએમ, મુન્તઝર અ.સ. ઈમામ હશે. ગયબતમાં જેમનો ઈન્તેઝાર કરવામાં આવશે. ઝુહુર પછી જેમનો હુકમ માનવામાં આવશે. અગર દુનિયાના અંતમાં માત્ર એકજ દિવસ પણ બાકી રહી જશે તો ખુદાવન્દે આલમ તે દિવસને એટલો લાંબો કરી દેશે, ત્યાં સુધી કે તેઓ જાહેર થશે અને દુનિયાને એ રીતે અદલ અને ઈન્સાફથી ભરી દેશે જે રીતે તે ઝુલ્મ અને અત્યાચારથી ભરાએલી હશે.'*

સદકા બિન મુસાની રિવાયત છે કે મારા પિતાએ ઈમામ રેઝા (અ.સ.) ને પુછયું: 'પરંતુ આ ઝુહુર કયારે થશે ?' ઈમામ (અ.સ.) એ ફરમાવ્યું:

*'મેં મારા પિતાથી સાંભળ્યુ છે અને મારા પિતાએ મારા દાદાથી અને તેમણે તેમના પિતાથી અને તેમણે તેમના બાપદાદાઓથી સાંભળ્યું છે કે જ્યારે ઈમામ મહદી (અ.સ.)ના બારામાં હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ને પૂછવામાં આવ્યું કે આપના વંશમાંથી કાએમ (અ.સ.) નો ઝુહુર ક્યારે થશે?'*

તો આપ (સ.અ.વ.) એ ફરમાવ્યું:

*'તેનું ઉદાહરણ કયામત જેવું છે. જેની જાણ માત્ર અલ્લાહને છે, જે આ જમીન અને આસમાન માટે ખુબ જ ભારી છે.'*

لَا تَأْتِيكُمْ إِلَّا بَغْتَةً

*'તે તમારી પાસે નહિં આવે પરંતુ એ કે અચાનક.'*

(સુરએ અઅરાફ, આ.૧૮૭)

(ફરાએદુસ સીમતૈન ૨/૮, ૩૩૭/ હ. ૫૯૧, અલ ફોસુલુલ મોહીમ્મહ, ફ. ૧૨/૭, ૩૩૬ અલ ઈત્તેહાફુલ બે હુબ્બીલ અશ્રાફ શૈખ અબ્દુલ્લાહ શબરાવી શાફેઈ/૬૧)

**સમજુતીઃ**

૧) હઝરત ઈમામ મહદી (અ.સ.) ના ઝુહુરને કયામત સાથે સરખાવતા એ સ્પષ્ટ થાય છે કે કયામતની જેમ ઈમામ (અ.સ.)નો ઝુહુર અણધાર્યો છે જ્યારે કે લોકોને તેની અપેક્ષા નહિં હોય.

૨) ઝુહુર અણધાર્યો થવાનો હોવાથી એ સ્પષ્ટ છે કે ઝુહુરના ચોક્કસ સમય બાબતે લોકો દ્વારા જેટલી પણ આગાહીઓ કરવામાં આવી છે તે બધી બાતિલ છે.

૩) હઝરત અલી (અ.સ.) ની એક રિવાયતમાં છે કેઃ

*'આપ (અ.સ.)નો ઝુહુર ત્યારે થશે જ્યારે લોકો ગફલતમાં હશે.'*

(ઈકદુદ્ દોરર, ભાગ-૩/૧૩૮)

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુરનો સમય એક રાતમાં નક્કી થશે (રાતો રાત થશે)

**રિવાયત નં. ૧૨૧**

હઝરત અલી (અ.સ.) એ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)થી રિવાયત કરી છે કે

*'હઝરત ઈમામ મહદી (અ.સ.) અમો અહલેબયત (અ.સ.) માંથી છે. ખુદા તેમના માટે એક રાતમાં બધા કામોને (બાબતોને) આસાન કરી દેશે.'*

(અસ સોનન (ઇબ્ને માજા) પ્ર. ૩૪, (પ્ર. ખોરૂજુલ મહદી) હ. ૪૦૮૫ મુસ્નદે અહમદ ૧/૮૪)

**સમજુતીઃ**

૧) અર્થાત ખુદાવંદે આલમ ઝુહુર બારામાં પોતાનો મન્સુબો રાતોરાત અમલમાં મૂકી દેશે. બીજા શબ્દોમાં ખુદાવંદે આલમ એક રાતમાં તેમના ઝુહુરના સમયનો નિર્ણય કરશે.

૨) નુરૂદ્દીન મુલ્લાઅલી કારી હનફી (વફાત હિજરી સન ૧૦૧૪) એ ખતીબ તબરીઝીની કિતાબ 'મિશ્કાતુલ મસાબીહ'ની શર્હ

(સમજુતી) લખી છે. જેમાં તેમણે ઉપરોકત હદીસની શર્હ આ રીતે બયાન કરી છે.

*'અલ્લાહ એક રાતમાં આપ (અ.સ.)ના તમામ અમ્રોની ઈસ્લાહ કરશે, એટલેકે અલ્લાહ તેમના અમ્રની ઈસ્લાહ કરશે, તેમની કદ્રને બલંદ કરશે. આ બધું અલ્લાહ એક રાતમાં અથવા રાતની કોઈ એકાદ ઘડીમાં અંજામ આપશે.'*

(મિરકાતુલ મફાતીહ (નુરૂદ્દીન મુલ્લાઅલી કારી) ૫/૧૮૦)

૩) હઝરત ઈમામ મહદી (અ.સ.)નો ઝુહુર અણધાર્યો હોવાનો અર્થ એ છે કે તેમના ઝુહુરનો સમય એક જ રાતમાં એકાએક નક્કી થશે. જુઓ રિવાયત નં. ૧૨૭.

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુરનું વર્ષ

### રિવાયત નં. ૧૨૨

જનાબ અબુ બસીરે હઝરત ઇમામ જઅફર સાદિક (અ.સ.)થી રિવાયત કરી છે:

*'હઝરત ઈમામ મહદી (અ.સ.)નો ઝુહુર એકી વરસોમાં થશે.' દા.ત. ૧, ૩, ૫, ૭, ૯ વિગેરે.*

(અલ ફસુલુલ મોહીમ્મહ પ્ર. ૧૨/૩૦૨, અલ અરફુલ વરદી/૧૫, અખ્બારૂત તવ્વાલ (અબુ હનીફા દીનવરી) ભાગ-૩, પ્રકરણ ૧૧/૧૧૮)

## હઝરત ઈમામ મહદી (અ.સ.) ના ઝુહુરનો દિવસ

### રિવાયત નં. ૧૨૩

હઝરત ઇમામ મોહમ્મદ બાકીર (અ.સ.)થી રિવાયત છે:

*'હઝરત ઈમામ મહદી (અ.સ.) આશુરાના દિવસે ઝુહુર ફરમાવશે જે દિવસે ઇમામ હુસૈન (અ.સ.)ને શહીદ કરવામાં આવ્યા છે. જાણે કે હું તેમની સાથે છું. શનિવારનો દિવસ મોહર્રમના આશુરાનો દિવસ છે. તેઓ (અ.સ.) હજરે અસ્વદ અને મકામે ઈબ્રાહીમની દરમ્યાન ઉભા છે. જીબ્રઇલ (અ.સ.) તેમની જમણી બાજુએ છે અને મીકાઇલ (અ.સ.) તેમની*

*ડાબી બાજુએ છે. દુનિયાના જુદા જુદા ભાગોમાંથી શીઆઓ તેમની પાસે આવી રહ્યા છે. જમીન તેમના માટે ટૂંકી થઈ જશે. ત્યાં સુધી કે તેઓ તેમના હાથો ઉપર બયઅત કરી રહ્યા છે. તેમના થકી દુનિયા અદલ અને ઈન્સાફથી એવી રીતે ભરાઈ જશે જેવી રીતે તે ઝુલ્મ અને અત્યાચારથી ભરાએલી હશે.'*

(ઈકદુદ્ દોરર, પ્ર. ૭/૧૪૫, અરફુલ વરદી, ૨/૭૧, સવાનેહુલ અન્વારૂલ બહીય્યહ (શૈખ મોહમ્મદ સફારીની હમ્બલી) ૨/૧૧)

**સમજુતીઃ**

ઈબ્ને સબ્બાગે માલેકીએ રિવાયતની શરૂઆતમાં આટલો વધારો કર્યો છેઃ

*'કાએમ (અ.સ.)નું નામ લઈને ૨૩મી રાતના અવાજ આપવામાં આવશે અને આશુરાના દિવસે કયામ ફરમાવશે.'*

**હઝરત ઈમામ મહદી (અ.સ.)નો ઝુહુર માયુસીના સમયે થશે**

**રિવાયત નં. ૧૨૪**

હઝરત ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) એ ફરમાવ્યુંઃ

*'હઝરત ઈમામ મહદી (અ.સ.) તે સમયે ઝુહુર ફરમાવશે, જ્યારે લોકો ભયંકર ડર, માનસિક અકળામણ, ફીત્ના, ફસાદ, બલા અને મુસીબતો તથા બિમારીઓમાં સપડાએલા હશે. આરબોની વચ્ચે તલ્વારો ચાલી રહી હશે. લોકોની દરમ્યાન તીવ્ર મતભેદો હશે, દીન બદલાએલો હશે, દરેકની સ્થિતિ વિચિત્ર હશે. ત્યાં સુધી કે લોકો સવાર સાંજ મૌતની ઈચ્છા કરતા હશે કારણકે તેઓ જોઈ રહ્યા હશે કે લોકો કેવી રીતે દુનિયા ઉપર તૂટી પડી રહ્યા છે અને એક બીજાને ખાઈ રહ્યા છે. ત્યારે આવા સંજોગોમાં હઝરત (અ.સ.) જાહેર થશે જ્યારે લોકો ઝુહુરથી નિરાશ અને નાઉમ્મીદ થઈ ચૂક્યા હશે. મુબારકબાદને પાત્ર છે તે લોકો કે જેઓ આ જમાનો પામે અને તેમના સાથીદારો અને મદદગારોમાં શામેલ થઈ જાય. તે લોકો*

*કે જેઓ તેમનો વિરોધ અને તેમના હુકમોનો વિરોધ કરે તેઓ માટે અઝાબ અને સંપૂર્ણ અઝાબ છે.'*

(ઈકદુદ્ દોરર, પ્ર. ૪, ફ. ૧/૬૪)

**સમજુતીઃ**

૧) આ રિવાયત મુજબ હઝરત ઈમામ મહદી (અ.સ.)નો ઝુહુર તે સમયે થશે, જ્યારે લોકો ચારેય તરફથી માયુસ થઈ ગયા હશે તથા ઉમ્મીદના બધા દરવાજાઓ બંધ થઈ ચૂકયા હશે.

૨) આજ પ્રકારની એક બીજી હદીસ અબુ સઈદ ખુદરી અને અબુ હુરયરાએ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) થી નોંધી છેઃ-

*'આખર ઝમાનામાં મારી ઉમ્મતના લોકોને سفاك (હત્યારા) અને ઝાલિમોના હાથે બેશુમાર ઝુલ્મ સહન કરવા પડશે. જેનું આ અગાઉ કોઈ ઉદાહરણ નહિં હોય. લોકોને કોઈ આશ્રયસ્થાન (શરણ) નહિં મળે. તે સમયે ખુદા મારી ઈતરતમાંથી એક શખ્સને મબઉસ (ઝાહીર) કરશે, જે જમીનને અદ્લ અને ઈન્સાફથી ભરી દેશે, જેવી રીતે તે ઝુલ્મ અને અત્યાચારથી ભરેલી હશે.*

(મુસ્તદરેક સહીહૈન ૪/૪૬૫, અલ સવાએકે મોહર્રેકા, ભાગ-૧૧, પ્ર.૧/૧૬૩)

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ને ઝુહુરની જાણ કેવી રીતે થશે?

### રિવાયત નં. ૧૨૫

હઝરત ઈમામ હુસૈન (અ.સ.) એ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) થી રિવાયત કરી છે કે આં હઝરત (સ.અ.વ.)ને પૂછવામાં આવ્યુંઃ

અય ખુદાના રસુલ (સ.અ.વ.), હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુરની અલામતો અને નિશાનીઓ કઈ છે? આપ (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ

*'તેમની પાસે એક ધ્વજ છે. જ્યારે ઝુહુરનો સમય થશે ત્યારે તે ધ્વજ આપ મેળે ખુલી જશે અને ખુદાના હુકમથી તે ધ્વજ અવાજ આપશે 'અય વલીએ ખુદા! ઝુહુર ફરમાવો અને*

*ખુદાના દુશ્મનોને કતલ કરો.' તથા બીજી નિશાની એ છે કે આપની પાસે એક તલ્વાર છે જે મ્યાનમાં છે. જ્યારે ઝુહુરનો સમય નજીક હશે ત્યારે તે તલ્વાર આપ મેળે મ્યાનમાંથી બહાર આવી જશે અને ખુદાના હુકમથી તે પણ બોલશે 'અય વલીએ ખુદા! ઝુહુર ફરમાવો હવે ખુદાના દુશ્મનો સામે બેસી રહેવું યોગ્ય નથી.'*

(ફરાએદુસ સીમતૈન, ૨/૧૫૯, હ. ૪૨૭)

**સમજુતીઃ**

હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.)ની એક બીજી રિવાયતમાં ઝુહુરની જાણ આ રીતે બયાન કરવામાં આવી છેઃ

*'કાએમ (અ.સ.)ના કાનમાં આ વાત કહેવામાં આવશે કે તે ઘડી આવી પહોંચી કે તમે કયામ ફરમાવો. તે દિવસ કાફીરો માટે વધારે સખત હશે.'*

(યનાબીઉલ મોવદ્દત, ભાગ-૭૧/૪૨૯)

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુરનું સ્થળ

**રિવાયત નં. ૧૨૬**

હઝરત ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) એ ફરમાવ્યુંઃ

*'જ્યારે હઝરત ઈમામ મહદી (અ.સ) ઝુહુર ફરમાવશે ત્યારે તેઓ (અ.સ.) મકામે ઈબ્રાહીમ અને હજરે અસ્વદની દરમ્યાન વચ્ચે ઊભા રહેશે. જીબ્રઈલ (અ.સ.) તેમની હિફાઝત માટે તેમની જમણી બાજુએ હશે અને મીકાઈલ (અ.સ.) તેમની ડાબી તરફ હશે. જમીનના જુદા જુદા ખૂણાઓમાંથી તેમના શીઆઓ તેમની પાસે આવશે. તેઓ માટે જમીન ટૂંકી થઈ જશે ત્યાં સુધી કે તેઓ તેમના હાથો ઉપર બયઅત કરશે. પછી તેમના વડે જમીન અદ્લ અને ઈન્સાફથી એવી રીતે ભરાઈ જશે જેવી રીતે તે ઝુલ્મ અને અત્યાચારથી ભરાએલી હશે.'*

(અલ બુરહાન ફી અલામાતે મહદીએ આખેરૂઝઝમાન, પ્ર. ૬, હ. ૧૪/૧૪૫)

**સમજુતીઃ**

૧) ઘણી બધી રિવાયતોમાં હઝરત ઈમામ મહદી (અ.સ.) ના ઝુહુરનું સ્થાન મસ્જીદુલ હરામ ખાનએ કાબાની નજીક હજરે અસ્વદ અને મકામે ઈબ્રાહીમની દરમ્યાન દર્શાવવામાં આવ્યું છે.

૨) આ સંબંધમાં જુઓ રિવાયત નં. ૯૧, ૧૨૩, ૧૨૭, ૧૨૯, ૧૩૦, ૧૪૧, ૧૭૩ અને ૧૯૩.

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુરનું દ્રશ્ય

**રિવાયત નં. ૧૨૭**

હઝરત ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) એ ફરમાવ્યુંઃ

*‘જ્યારે અમારા કાએમ (અ.સ.) ઝુહુર ફરમાવશે ત્યારે તેઓ ખાનએ કા’બા તરફ જશે અને તેમના ૩૧૩ મર્દ અનુયાયીઓ તેમની નજીક ભેગા થઈ જશે અને સૌથી પહેલા આ આયતની તિલાવત કરશે.*

بَقِيَّتُ اللّٰهِ خَيْرٌ لَّكُمْ اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ

*‘‘અગર તમે મોઅમિન હો તો તમારા માટે અલ્લાહની બાકી હુજ્જત બહેતર છે.’’*

(સુરએ હુદ, ૮૬)

પછી ફરમાવશે કે હું بقية الله ‘બકીય્યતુલ્લાહ’ છું અને તમારા લોકો ઉપર તેની હુજ્જત અને પ્રતિનિધિ છું.’

(અલ ફોસુલુલ મોહિમ્મહ ફ. ૧૨/૩૦૨ નુરૂલ અબ્સાર, ૧૮૯)

**સમજુતીઃ**

હઝરત ઈમામ મહદી (અ.સ.) ને ‘બકીય્યતુલ્લાહ’ એ આધારે કહેવામાં આવે છે કે ઈમામ મહદી (અ.સ.) ઈલાહી હુજ્જતોના સીલસીલાની અંતિમ કડી છે.

## હઝરત ઈમામ મહદી (અ.સ.) ની બયઅતનું સ્થળ

**રિવાયત નં. ૧૨૮**

જાબીર બીન યઝીદ જોઅફીની રિવાયત મુજબ હઝરત ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) એ ફરમાવ્યું:

*'અય જાબીર ટટ્ટાર (સીધા) બેસી જાઓ. હાથ પગને હલાવો નહીં ત્યાં સુધી કે તે નિશાની જૂઓ કે જેની હું ચર્ચા કરી રહ્યો છું. સૌ પ્રથમ બની અબ્બાસના ખલીફાઓમાં ઈખ્તેલાફ પછી આસમાનમાંથી મુનાદીનો અવાજ, પછી એજ અવાજનું દમિશ્ક તરફથી આવવું, અય જાબીર તે વરસે જમીન ઉપર લોકોની વચ્ચે ઘણાં વધારે મતભેદો હશે, અને પછી સુફીયાની એક લશ્કર કૂફા મોકલશે. આ પરિસ્થિતિમાં ખુરાસાનની બાજુએથી એક કાળો પરચમ ધરાવનાર સમુહ નિકળશે જે ઘણી ઝડપ અને જોમ તથા જુસ્સાથી મંઝીલો પસાર કરી રહ્યા હશે. તે સમુહમાં હઝરત ઈમામ મહદી (અ.સ.)ના સાથીદારો હશે. ખુદાવન્દે આલમ કોઈપણ સમય નક્કી કર્યા વગર હઝરત ઈમામ મહદી (અ.સ.) માટે ૩૧૩ સાથીદારોને ભેગા કરશે જેવી રીતે પાનખરના પાંદડાઓ ભેગાં થાય છે. તેઓ હઝરત ઈમામ મહદી (અ.સ.)ના હાથો ઉપર હજરે અસ્વદ અને મકામે ઈબ્રાહીમની દરમ્યાન બયઅત કરશે.*

અને પછી ફરમાવ્યું:

*'અય જાબીર, હઝરત ઈમામ મહદી (અ.સ.) ઈમામ હુસૈન (અ.સ.)ના વંશમાંથી છે. ખુદાવંદે આલમ એક રાતમાં તેમના ઉમૂર (બાબતો) તૈયાર કરશે.'*

(ઈકદુદ્ દોરર, પ્ર. ૪/૨/૮૮-૮૯)

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ની બયઅતની પધ્ધતિ

### રિવાયત નં. ૧૨૯

અબુ હુરયરાથી રિવાયત છે કે:

*હઝરત ઈમામ મહદી (અ.સ.)ની બયઅત મકામે ઈબ્રાહીમ અને હજરે અસ્વદની વચ્ચે એવી રીતે કરવામાં*

*આવશે કે ન કોઈ સુતેલાને ઉઠાડવામાં આવશે અને ન કોઈનું ખૂન વહાવવામાં આવશે.'*

(ઈકદુદ્ દોરર, પ્ર. ૭/૧૫૬, તથા પ્ર. ૯, ફ. ૩/૨૨૬)

**સમજુતીઃ**

૧) હઝરત ઈમામ મહદી (અ.સ.) કોઈની પણ પાસેથી ઝાલીમોની જેમ જબરદસ્તી બયઅત લેશે નહિં

૨) રિવાયત નં. ૧૬૭ થી એ બાબત તદ્દન સ્પષ્ટ થઈ જાય છે કે હઝરત ઈમામ મહદી (અ.સ.) સાથેની બયઅતનું કામ સંપૂર્ણ રીતે સ્વેચ્છીક (દબાણ વગર) અને ખુશીથી સંપન્ન થશે.

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ની પહેલી તકરીર

### રિવાયત નં. ૧૩૦

જનાબે જાબીરે ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) થી રિવાયત કરી છે કે હઝરત ઈમામ મહદી (અ.સ.) મક્કાએ મુકરરમાં ઈશાની નમાઝના સમયે ઝુહુર ફરમાવશે. તેમની પાસે રસુલ (સ.અ.વ.)નો અલમ, તેમનું પહેરણ અને તેમની તલ્વાર હશે. તેમની પાસે તે બધીજ નિશાનીઓ હશે જેની અગાઉ થી જાણ કરવામાં આવી છે. તેમની પાસે 'નુર' અને 'બયાન' હશે. ઈશાની નમાઝ પઢ્યા પછી લોકોને બુલંદ અવાજે ફરમાવશે.

*'અય લોકો! હું તમને ખુદાની યાદ અપાવું છું અને ખુદાની સામે તમારા સ્થાનને યાદ અપાવું છું. ખરેખર! તેણે હુજ્જતોની પસંદગી કરી, નબીઓને નિયુક્ત કર્યા, કિતાબ ઉતારી અને તમને આ હુકમ આપ્યો કે કોઈને તેનો શરીક ન બનાવો તથા તેની ઈતાઅત અને તેના રસુલની ઈતાઅત કરવામાં અડગ રહો. જેને કુરઆને જીવંત કર્યું તેને જીવંત કરો, જેને કુરઆને ખતમ કર્યુ તેને ખતમ કરો. હિદાયતના માર્ગમાં મદદગાર બનો. તકવાના રસ્તામાં મદદગાર બનો. દુનિયાના અંત અને નાશનો સમય આવી પહોંચ્યો છે. તેણે વિદાય થવાની જાહેરાત કરી*

*દીધી છે. હું તમને ખુદા અને રસુલ (સ.અ.વ.) ના હુકમની ઈતાઅત, તેની કિતાબ ઉપર અમલ, બાતીલની નાબૂદી અને સુન્નતને જીવંત કરવા તરફ બોલાવું છું.'*

(ઈકદુદ્ દોરર, પ્ર. ૭/૧૪૫, અરફુલ વરદી ૨/૭૧, લવાએહુલ અન્વારૂલ બહીય્યહ ૨/૧૧)

**સમજુતીઃ**

જુઓ હઝરત ઈમામ મહદી (અ.સ.)ની પોતાના અન્સારો સાથે ૩૦ શરતો ઉપર બયઅત (રિવાયત નં. ૧૮૯)

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ના

## ઝુહુર થવાનો દિવસ يوم الله 'યવ્મુલ્લાહ' છે

**રિવાયત નં. ૧૩૧**

મુસા અલ હનાતની રિવાયત છે કે મેં હઝરત ઈમામ સાદિક (અ.સ.)ને ફરમાવતા સાંભળ્યાઃ

*'ત્રણ દિવસો يوم الله 'યવમુલ્લાહ' છે.*

*૧. જે દિવસે કાએમ (અ.સ.)નો ઝુહુર થશે.*

*૨. જે દિવસે રજઅત થશે અને*

*૩. જે દિવસે કયામત થશે.*

(યનાબીઉલ મોવદ્દત પ્ર. ૭૧/૪૨૮)

**સમજુતીઃ**

ઉપરોકત હદીસ સુરએ ઈબ્રાહીમની પાંચમી આયત તરફ ઈશારો કરી રહી છે. જેમાં ફરમાવવામાં આવ્યું છે કેઃ

وَلَقَدْ اَرْسَلْنَا مُوْسٰى بِاٰيَاتِنَا اَنْ اَخْرِجْ قَوْمَكَ

مِنَ الظُّلُمَاتِ اِلَى النُّوْرِ وَذَكِّرْهُمْ بِاَيَّامِ اللهِ

*''અમે જનાબે મુસા (અ.સ.)ને અમારી નિશાનીઓની સાથે મોકલ્યા કે જેથી પોતાની કૌમને અંધકારમાંથી નૂર તરફ*

*લાવે અને તેમને 'અય્યામુલ્લાહ' (અલ્લાહના દિવસો)ની યાદ અપાવે.''*

## હઝરત ઈમામ મહદી (અ.સ.)નો ઝુહુર મુશ્કેલીઓથી છુટકારો

**રિવાયત નં. ૧૩૨**

અબી અમામતા અલ બાહેલીની રિવાયત છે. હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ ખુત્બા દરમ્યાન દજ્જાલની ચર્ચા કરતા ફરમાવ્યું:

*'મદીનમાંથી દરેક ખરાબીઓ દૂર થઈ જશે જેવી રીતે લોખંડ ઉપરથી કાટ દૂર થઈ જાય છે અને તે દિવસ 'નજાતનો દિવસ' (છૂટકારોનો દિવસ) કહેવાશે.'*

(અસ્સોનન (ઇબ્ને માજા) હ. ૪૦૭૭ મુસ્નદે એહમદ ૬/૪૬૨, સહીહ મુસ્લીમ પ્ર.૨૦, હ. ૨૯૪૫, અસ્સોનન અબુ દાઉદ, હ. ૪૩૨૧)

**સમજુતી:**

'નજાત નો દિવસ' એ માટે કહેવામાં આવ્યો છે કે હઝરત ઈમામ મહદી (અ.સ.) ના ઝુહુર પછી ઈન્સાન દરેક પ્રકારના ઝુલ્મ, અત્યાચાર, કુફ્ર, શિર્ક, ગુનાહ, ફસાદ, ફીસ્ક, ફોજુર અને શયતાની કૈદથી મુકિત પામી જશે.

અલ્લાહ તઆલા આપણા ઉપર એહસાન કરે કે આ 'નજાતનો દિવસ' જલ્દીથી જલ્દી આવે.

## હઝરત ઈમામ મહદી (અ.સ.) ઉમ્મતે મોહમ્મદી (સ.અ.વ.)ની ફરિયાદ ને પહોંચવાવાળા છે

**રિવાયત નં. ૧૩૩**

હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ની રિવાયત છે:

*'ખુદાવન્દે આલમ જનાબે જીબ્રઈલ (અ.સ.)ને હુકમ આપશે કે દમિશ્કની મસ્જીદ ઉપરથી અવાજ આપે.*

*અય મોહમ્મદ (સ.અ.વ.)ની ઉમ્મત! તમારી ફરિયાદ દૂર કરનાર આવી ગયા છે.*

*અય મોહમ્મદ (સ.અ.વ.)ની ઉમ્મત! તમારી ફરિયાદ દૂર કરનાર આવી ગયા છે.*

*તમારા માટે હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુરની સાથે આસાનીઓ અને રાહતો આવી ગઈ છે, તેઓ મક્કામાં જાહેર થાય છે, તેમના અવાજ ઉપર લબ્બૈક કહો.'*

(ઈકદુદ્ દોરર, પ્ર. ૪, ફ. ૨/૯૪)

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ની રાજધાની કુફા હશે

**રિવાયત નં. ૧૩૪**

અબ્દુલ અઅલા સેઅલબી એ જનાબ મોહમ્મદ બીન હનફીયાથી રિવાયત કરી છેઃ 'કૂફા બે વખત ઈમાન વાળાઓનું કેન્દ્ર બનશે.' મેં પુછ્યું, તે કેવી રીતે? મોહમ્મદ ઈબ્ને હનફીયાએ ફરમાવ્યુંઃ

*'પહેલી વખત હઝરત અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ના ચાહવાવાળાઓ અને માનવાવાળાઓનું કેન્દ્ર હતું. બીજી વખત ઈન્શાઅલ્લાહ હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ચાહવાવાળાઓ અને સાથીઓ તેમાં રહેશે.'*

(ફઝાએલુલ કૂફા વ અહલેહા (મોહમ્મદ બીન અલીયુલ અલવી) ૫/૫૭)

**સમજુતીઃ**

૧) અલ્લામા નબહાનીએ જવાહેરૂલ બેહાર ભાગ-૪/૧૬૮ માં લખ્યું છે કેઃ

*'કુફા અમીરૂલ મોઅમેનીન અલી (અ.સ.)ની રાજધાની હતી. ઈન્શાઅલ્લાહ હઝરત ઈમામ મહદી (અ.સ.)ની રાજધાની પણ કુફા હશે. આ આધારે હઝરત ઈમામ મહદી (અ.સ.)ના વઝીર અને મદદગારો ત્યાં રહેશે.'*

૨) અબુ સઈદ ખુદરીએ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) થી આ રિવાયતની નોંધ કરી છે કેઃ

*'હઝરત ઈમામ મહદી (અ.સ.) ૧૯ વર્ષ સુધી હુકુમત કરશે અને સૌથી ખુશનસીબ લોકો કુફાના રહેવાસીઓ હશે.' (જુઓ રિવાયત નં. ૧૭૧)*

## હઝરત ઈમામ મહદી (અ.સ.) અને રજઅત

**રિવાયત નં. ૧૩૫**

હઝરત અલી (અ.સ.)એ એક ખુત્બામાં ફરમાવ્યુંઃ

*'મારા અહલેબયતમાંથી એક જાનશીન અને ખલીફા હશે. આશ્ચર્ય અને ઘણું વધારે આશ્ચર્ય જમાદી અને રજબના મહિનાઓ વચ્ચે હશે. જ્યારે વિખેરાએલા લોકો ભેગા થશે, મુર્દાઓ જીવતા થશે, નવી નવી મુસીબતો સામે આવશે, તેઓની વચ્ચે મૃત્યુ પુછડું ઉંચુ કરીને બોલાવી રહ્યું હશે. દરયાએ દજલહ અને તેના કિનારોઓ આ હાલતનું એલાન કરી રહ્યા હશે.'*

(કન્ઝુલ ઉમ્માલ (મુત્તકી હિન્દી) ૭/૨૬૧, પ્રકાશન હૈદરાબાદ,
મુન્તખબુલ કન્ઝ (અલાઉદ્દીન અલી મુત્તકી હિન્દી) ૬/૩૫)

**સમજુતીઃ**

૧) અસ્હાબે કહફના સંબંધમાં આગળ રિવાયત નં. ૧૪૬ આવશે. તે પણ રજઅત તરફ ઈશારો કરી રહી છે.

૨) આનાથી એ સ્પષ્ટ થાય છે કે શોહરતની વિરૂધ્ધ રજઅતનો અકીદો ફકત શીઆઓનો જ નથી બલ્કે એહલે સુન્નતના આલિમો પણ તેમાં માન્યતા ધરાવે છે.

૩) રિવાયત નં. ૧૭૬ પણ જે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) દ્વારા વર્ણવવામાં આવી છે તે પણ રજઅત તરફ ઈશારો કરી રહી છે.

## હઝરત ઈમામ મહદી (અ.સ.)નો ઝુહુર હજુ નથી થયો

**રિવાયત નં. ૧૩૬**

ઈબ્રાહીમ બીન મયસરાહે બુઝુર્ગ મર્તબા તાબેઈ તાઉસને પુછ્યુંઃ

*'શું ઉમર બીન અબ્દુલ્લાહ અઝીઝ જ મહદી છે? ફરમાવ્યુંઃ નહીં, કારણકે હજુ ન્યાય પરિપૂર્ણ નથી થયો.'*

(ઈકદુદ્ દોરર, પ્ર. ૩/૩૪ તથા પ્ર. ૭/૧૫૮-૧૫૯, અલ બદાઅ વત તારીખ (મુકદ્સી) ૧/૧૮૨, અરફૂલ વરદી ફી અખ્બારીલ મહદી ૨/૮૦)

**સમજુતીઃ**

૧) રિવાયતોમાં હઝરત ઈમામ મહદી (અ.સ.) અને સંપૂર્ણ અદ્લ બંનેનો એક સાથે ઉલ્લેખ આવે છે. સઈદ બીન અબી હમ્ઝાએ ઈમામ જઅફર સાદિક (અ.સ.) ને પુછયુ કે શું આપ સાહેબુલ અમ્ર છો ?

ઈમામ (અ.સ.) એ ફરમાવ્યુંઃ નહિં

પુછયું તો શું આપ (અ.સ.) ના ફરઝંદ છે ?

ફરમાવ્યુંઃ નહિં.

પુછયું તો શું આપ (અ.સ.) ના ફરઝંદના ફરઝંદ છે ?

ફરમાવ્યુંઃ નહિં.

પુછયું તો પછી કોણ ?

ઈમામ (અ.સ.) એ ફરમાવ્યુંઃ

*'મહદી (અ.સ.) તે છે જે જમીનને અદ્લ અને ઈન્સાફથી એવી રીતે ભરી દેશે જેવી રીતે તે ઝુલ્મ અને અત્યાચારથી ભરાયેલી હશે.'*

૨) હજુ સુધી હઝરત ઈમામ મહદી (અ.સ.)નો ઝુહુર થયો નથી. આ વાતની સર્વ શ્રેષ્ઠ દલીલ એ છે કે હજુ સુધી દુનિયા અદ્લ અને ઈન્સાફથી ભરાણી નથી. બલ્કે તેનાથી વિરૂધ્ધ રોજબરોજ ઝુલ્મ અને અત્યાચારમાં વધારો થઈ રહ્યો છે.

૩) ખોટા દાવેદારો (સય્યદ મોહમ્મદ જોનપુરી, મીર્ઝા ગુલામ એહમદ કાદયાની, મીર્ઝા અલી મોહમ્મદ બાબ શિરાઝી) જૂઠા હોવાની એક મઝબુત દલીલ એ છે કે તેઓમાંથી કોઈપણ આખી દુનિયામાં અદ્લ અને ઈન્સાફને ફેલાવી ન શકયા.

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુરની જગ્યા

**રિવાયત નં. ૧૩૭**

મોહમ્મદ બિન અબ્દુલ્લાહ બિન ફુઝૈલ, અબુ અરવીયા અને બીજા અસ્હાબો બયાન કરે છે કે અબ્દુલ વહહાબ બિન ઝાહિકે અમને જણાવ્યું કેઃ

*'હઝરત ઈમામ મહદી (અ.સ.) યમનના એક ગામ કીરીસ્તહથી ઝુહુર ફરમાવશે. ઈમામ (અ.સ.) ઉપર વાદળા હશે. જ્યારે એક મુનાદી અવાજ આપી રહ્યો હશે કે ખરેખર! આજ મહદી (અ.સ.) છે તેમની ઈતાઅત કરો.'*

(મીઝાનુલ એઅતેદાલ ૧/૧૬૧, મજામઉલ બયાન ૪/૪૫૨)

**સમજુતીઃ**

ઉપરોકત રિવાયત અબ્દુલ્લાહ બિન ઉમર અને આમીરે પણ બયાન કરી છે.

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુરનું વર્ષ

**રિવાયત નં. ૧૩૮**

જનાબે અબુ બસીર હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.) થી રિવાયત કરે છે કેઃ

*'હઝરત ઈમામ મહદી (અ.સ.) એકી વર્ષમાં ઝુહુર ફરમાવશે. જેમકે ૧, ૩, ૫, ૭ અથવા ૯ વિગેરે. ઈમામ (અ.સ.) આશુરાના દિવસે ઝુહુર ફરમાવશે.'*

(અલ અત્રૂલ વરદી ફી શર્હીલ કતર અશ શહદી ફી અવ્સાફીલ મહદી (મોહમ્મદ બલબલીસી શાફેઈ) પાના નં. ૫૧)

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુરનો દિવસ

**રિવાયત નં. ૧૩૯**

હઝરત ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) ફરમાવે છે કેઃ

*'હઝરત ઈમામ મહદી (અ.સ.) આશુરાના દિવસે ઝુહુર ફરમાવશે. આ એ દિવસ છે જે દિવસે હઝરત ઈમામ હુસૈન (અ.સ.)ને શહીદ કરવામાં આવ્યા હતા.'*

(ઈકદુદ્ દોરર, પ્રકારણ ૧, પાના નં. ૬૫, અલ બુરહાન ફી અલામાતે મહદીએ આખેરૂઝ ઝમાન, પ્રકરણ-૨, રિવાયત નં. ૧૪, પાના નં. ૧૪૫)

## પ્રકરણઃ ૯

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ના અસ્હાબો અને મદદગારો

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ના અસ્હાબોની સંખ્યા

### રિવાયત નં. ૧૪૦

હઝરત અમીરૂલ મોઅમેનીન ઈમામ અલી (અ.સ.) એ ફરમાવ્યુંઃ

*'ખુદા તેમના અસ્હાબોને એકઠા કરશે, જેની સંખ્યા જંગે બદ્રના મુજાહીદો અને અસહાબે તાલુતની જેમ ૩૧૩ છે. જાણે કે તેઓ સિંહ છે, જે ગુફામાંથી નીકળ્યા હોય અને તેમના દિલ ફૌલાદ જેવા હશે. અગર પહાડને તેની જગ્યાએથી હટાવવા ચાહે તો તેઓ તેને તેની જગ્યાથી હટાવી દેશે. તેઓનો અંદાજ એક હશે, પહેરવેશ એક હશે, જાણે કે તેઓ એક જ પિતાના સંતાન હોય.'*

હઝરત અમીરૂલ મોઅમેનીન (અ.સ.) એ ફરી ફરમાવ્યુંઃ

*'હું તેઓને ઓળખું છું અને તેઓના નામ પણ જાણું છું.'*

(ઈકદુદ્ દોરર, પ્ર. ૪, ફ.૨/૯૫)

### સમજુતીઃ

૧) જુઓ રિવાયત નં. ૬૪, ૧૨૭, ૧૩૦, ૧૪૧ અને ૧૪૩.

૨) અમૂક રિવાયતોમાં હઝરત ઈમામ મહદી (અ.સ.)ના સાથીઓ અને મદદગારોના રહેવાના સ્થાનને દર્શાવવામાં આવ્યું છે. આ સંબંધમાં જુઓ કિતાબુલ ફેતન (અબુ સાલેહ સલીલી). આ રિવાયત જનાબે અસ્બગ બિન નોબાતા (રહ.) એ હઝરત અલી (અ.સ.) થી નોંધી છે.

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ના સાથીદારો અને મદદગારોની વિશેષતાઓ

**રિવાયત નં. ૧૪૧**

હઝરત ઇમામ મોહમ્મદ બાકીર (અ.સ.) એ ફરમાવ્યું:

*'હઝરત ઈમામ મહદી (અ.સ.) ઈશાના સમયે મક્કા એ મુકર્રરમા માંથી જાહેર થશે. બદ્રના અસ્હાબોની જેમ ૩૧૩ લોકો તરતજ તેમની પાસે ભેગા થઈ જશે. તેઓ રાત જાગીને ઈબાદત કરનારાઓ હશે અને દિવસમાં સિંહના જેવા હશે.'*

આ સંદર્ભમાં એક બીજી રિવાયત અબ્દુલ્લાહ બીન મસઉદથી નોંધવામાં આવી છે. તે આ રીતે બયાન કરે છે.

*'જ્યારે વેપાર ધંધા લાંચની બદઅમનીના કારણે બંધ થઈ જશે, ફીત્ના અને ફસાદ વધી જશે, ત્યારે તમે મહદી (અ.સ.)ને હજરે અસ્વદ અને મકામે ઈબ્રાહીમની દરમ્યાન બેઠેલા જોશો. આપ (અ.સ.) હાથ લંબાવે ત્યારે તમે તેમના હાથ ઉપર બયઅત કરજો. ખુદાવન્દે આલમ લોકોના દિલોમાં તેમની મોહબ્બત નાખી દેશે. તો પછી લોકો તે લોકો સાથે મળી જશે જે દિવસમાં સિંહ હશે અને રાત્રે ઈબાદત કરનારા.'*

(ઈકદુદ્ દોરર, પ્ર. ૫/૧૩૩ અરફુલ વરદી ફી અખ્બારીલ મહદી ૨/૧૪૪ ૧૪૫, હિલ્યતુલ અવ્લીયા (અબુ નઈમ ઈસ્ફહાની) ૩/૧૮૪)

**સમજુતી:**

૧) હઝરત ઈમામે ઝમાના (અ.સ.) ના અમૂક સહાબીઓ માટે આ જુમ્લો મળે છે કે:

رِجَالٌ مُؤْمِنُوْنَ عَرَفُوْا اللّٰهَ حَقَّ مَعْرِفَتِهٖ

*'તેઓ મોઅમિન લોકો છે કે જેઓ અલ્લાહની સાચી મઅરેફત ધરાવે છે.' (જુઓ રિવાયત નં. ૧૪૪)*

૨) હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ની તે રિવાયત કે જે કતાદહ અને જ. ઉમ્મે સલમા થકી નોંધવામાં આવી છે.

*'ઈરાક અને શામના સમૂહો હઝરત ઈમામ મહદી (અ.સ.) ના નાસીર અને મદદગાર હશે.'*

(ઈકદુદ્ દોરર, ભાગ-૭/૧૪૧૯)

૩) રિવાયત નં. ૧૨૧, મુસ્નદે એહમદ, ભાગ-૬/૩૧૬, અલ મુસન્નીફ (અબ્દુર રઝઝાક) ભાગ-૧૧/૩૭૧, હદીસ નં. ૨૦૭૬૯ હોઝય્ફાની રિવાયતમાં છે કે મિસ્રના શરીફ લોકો પણ ઈમામ (અ.સ.) નો સાથ દેશે.

હઝરત ઈમામ મહદી (અ.સ.)ના સહાબીઓ અને મદદગારોની ખાસિયતો માટે જુઓ રિવાયત નં. ૧૩૨, ૧૪૦, ૧૪૨, ૧૪૩, ૧૪૪ અને ૧૪૫.

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ના અન્સારોની બહાદુરી

### રિવાયત નં. ૧૪૨

જનાબ જાબીર એ હઝરત ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) થી રિવાયત કરી છેઃ

*'ખુદાવન્દે આલમ અમારા શીઆઓને રૂઆબ અતા કરશે. જ્યારે અમારા કાએમ (અ.સ.) કયામ કરશે અને ઝુહુર ફરમાવશે ત્યારે દરેક વ્યક્તિ સિંહથી વધુ શક્તિશાળી અને ભાલાથી વધુ તેજ હશે.'*

(હલીય્તુલ અવ્લીયા ૩/૧૮૪, યનાબીઉલ મોવદ્દત, ૪૨૪ પ્રકાશન ઈસ્તમ્બુલ)

**સમજુતીઃ**

૧) શૈખ સુલૈમાન કુન્દુઝીએ સુરએ હુદની આયત નં. ૮૦ હેઠળ હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.) થી રિવાયત નોંધી છે કેઃ

*'હઝરત ઈમામ મહદી (અ.સ.)ના મદદગારોમાંના દરેક વ્યકિત ૪૦ વ્યકિતઓ બરાબર તાકતવર હશે તથા દરેકનું દિલ લોખંડથી વધારે મજબુત હશે. અગર તેઓ પહાડ ઉપર કદમ રાખશે તો તે ટુકડે ટુકડા થઈ જશે, જ્યાં સુધી અલ્લાહની મરઝી નહીં હોય ત્યાં સુધી તેઓ તલ્વાર રોકશે નહિં.'*

૨) અબુ નઈમ ઈસ્ફહાની નકલ કરેલ ઈમામ મોહમ્મદ બાકીર અ.સ.ની રિવાયતમાં પણ હઝરત ઈમામ મહદી અ.સ.ના અસ્હાબને સિંહથી વધારે હિંમતવાન, ભાલાથી વધારે તેજ બતાવવામાં આવેલ છે.

(હિલ્યતુલ અવ્લીયા (અબુ નઈમ ઈસ્ફહાની) ભાગ-૩/૧૮૪)

૩) જુઓ રિવાયત નં. ૧૩૨, ૧૪૦ અને ૧૪૩

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ના અસ્હાબોનો દરજ્જો

### રિવાયત નં. ૧૪૩

મોહમ્મદ બીન હનફીયાનું બયાન છે. અમે હઝરત અલી (અ.સ.)ની ખિદમતમાં હાજર હતા. એક શખ્સે હઝરત ઈમામ મહદી (અ.સ.)ના બારામાં સવાલ કર્યો તો અલી (અ.સ.) એ ફરમાવ્યું:

*'તેઓ આખર ઝમાનામાં જાહેર થશે જ્યારે લોકો એમ કહેશે કે તેઓ (મહદી અ.સ.) તો કતલ કરી નાખવામાં આવ્યા છે. ખુદા તેમના અસ્હાબોને એવી રીતે ભેગા કરશે જેવી રીતે હવા વાદળોને ભેગા કરે છે. ખુદા તેઓના દિલોને આપસમાં મેળવી દેશે. તેઓ કોઈથી ભય નહીં પામે અને ન કોઈના આવવાથી ખુશ થશે. તેઓની સંખ્યા બદ્રના મુજાહીદો જેટલી છે. ફઝીલતમાં ન ભૂતકાળના લોકો તેમની આગળ નિકળી શકે છે અને ન તો છેલ્લા લોકો તેમની બરાબરી કરી શકે છે. તેઓ તાલુત (અ.સ.) ના અસ્હાબોની બરાબર હશે જેમણે નહેર ઓળંગી હતી.'*

(અલ મુસ્તદરકે અલી અસ્સહીહયન ૪/૫૫૪, અલ મુકદ્દમા (ઈબ્ને ખલ્દુન) ૨૫૨-૨૫૩, ઈકદુદ્ દોરર, ભાગ ૪, ફ. ૧/૫૯, ભાગ ૫/૧૩૧)

**સમજુતી:**

૧) જુઓ રિવાયત નં. ૧૩૦, ૧૪૧ અને ૧૪૪.

૨) એક રિવાયતમાં ઈમામ (અ.સ.) ના કામ્યાબ લશ્કરને સુરએ મોજાદેલાહની આયત નં. ૨૨ ના મિસ્દાક વર્ણવવામાં આવ્યા છે.

أُولَٰئِكَ حِزْبُ اللَّهِ أَلَا إِنَّ حِزْبَ اللَّهِ هُمُ الْمُفْلِحُونَ

*"આ અલ્લાહનો સમુહ છે અને ચોક્કસ અલ્લાહનો સમૂહ જ કામ્યાબ છે."*

ઈમામ (અ.સ.)ના વિજય અને સફળતા સંબંધિત જુઓ રિવાયત નં. ૧૫૨.

**હઝરત ઈમામ મહદી (અ.સ.)ના તાલકાની અસ્હાબ**

**રિવાયત નં. ૧૪૪**

ઇબ્ને અઅસમે કૂફી એ કિતાબ અલ ફેતનમાં હઝરત અલી ઇબ્ને અબી તાલીબ (અ.સ.) થી આ રિવાયત નોંધી છે:

*'આહ તાલકાન! બેશક અહીં ખુદાના ખજાનાઓ છે. આ સોના ચાંદીના ખજાના નહિં, પરંતુ તેમાં મોઅમીન વ્યક્તિઓ છે જેમણે અલ્લાહની સાચી મઅરેફત મેળવી છે અને તેઓ આખરી ઝમાનામાં હઝરત ઈમામ મહદી (અ.સ.) ના મદદગારો હશે.'*

(અલ બયાન ફી અખ્બારે સાહેબુઝઝમાન, પ્ર. ૫/૧૦૬, અલ બુરહાન ફી અલામાતે મહદીએ આખેરૂઝ ઝમાન પ્ર. ૭, હ. ૧૪/૧૫૦)

**સમજુતીઃ**

'તાલેકાન' કરજ અને કઝવીનની દરમ્યાનનો એક પહાડી વિસ્તાર છે, જે તહેરાનથી ત્રણ કલાકની સફરે આવેલો છે.

**હઝરત ઈમામ મહદી (અ.સ.)ના મદદગારોનું ભેગું થવું**

**રિવાયત નં. ૧૪૫**

જનાબ જાબીરે ઇમામ મોહમ્મદ બાકીર (અ.સ.) થી રિવાયત કરી છે:

*'મહદી (અ.સ.) મુજાહેદીને બદ્રની સંખ્યાની બરાબર ૩૧૩ અસ્હાબ સાથે જાહેર થશે. તે અસ્હાબો એવી રીતે ભેગા થશે જેવી રીતે પાનખરના પાંદડાઓ ભેગા થઇ જાય છે. રાત્રે ઈબાદત કરનારાઓ અને દિવસમાં સિંહ જેવા.*

*ખુદાવન્દે આલમ હઝરત ઈમામ મહદી (અ.સ.) ને હેજાઝની જમીન ઉપર વિજય અતા કરશે. જે બની હાશીમ કૈદખાનામાં હશે મહદી (અ.સ.) તેઓને આઝાદ કરાવશે. કૂફામાં કાળો અલમ ફરકશે અને લોકો હઝરત ઈમામ મહદી (અ.સ.)ની બયઅત કરીને તેમની તાબેદારી કરશે. હઝરત મહદી (અ.સ.) દુનિયામાં વિવિધ વિસ્તારોમાં લશ્કર રવાના કરશે. અત્યાચાર અને અત્યાચાર કરનારાઓને મારી નાખવામાં આવશે. શહેર તેમના માટે તૈયાર હશે. ખુદા તેમના હાથે કીસ્તન્તનીયા ઉપર વિજય અપાવશે.'*

(સવાનેહુલ અન્વારૂલ બહીય્યહ ૨/૧૧)

**સમજુતીઃ**

૧) જુઓ રિવાયત નં. ૧૨૬, ૧૪૧ અને ૧૪૩.

૨) હઝરત ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) ની રિવાયતમાં હઝરત ઈમામ મહદી (અ.સ.)ના મદદગારોના એકઠા થવાના સિલસિલામાં 'તય્યુલ અર્ઝ' નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. (જુઓ રિવાયત નં. ૧૨૬)

## હઝરત ઈમામ મહદી (અ.સ.) અને અસ્હાબે કહફ

**રિવાયત નં. ૧૪૬**

ઇબ્ને અબ્બાસનું બયાન છે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું:

*'અસ્હાબે કહફ હઝરત ઈમામ મહદી (અ.સ.)ના મદદગારોમાંથી હશે.'*

(અદ દુર્રૂલ મન્સુર (હાફીઝ જલાલુદ્દીન સિયુતી), ૪/૨૧૫, અલ બુરહાન ફી અલામાતે મહદી આખેરૂઝઝમાન, પ્ર. ૭, હ. ૧૫/૧૫૦)

**સમજુતીઃ**

૧) જ્યારે અસ્હાબે કહફ ને તેમની ૩૦૯ વર્ષની ઉંઘના રહસ્યની જાણ થઈ ત્યારે તેઓએ ખુદાવંદે આલમ પાસે મૃત્યુની માંગણી કરી.

અલ્લાહના હુકમથી તેઓ બધા અવસાન પામ્યા તથા તેમની કબ્રો ઉપર મસ્જીદનું નિર્માણ કરવામાં આવ્યું. (સુરએ કહ્ફ-૨૧). આ હદીસના પ્રકાશમાં તેઓ (અસ્હાબે કહ્ફ) હઝરત ઈમામ મહદી (અ.સ.)ની મદદ માટે પુનઃજીવિત કરવામાં આવશે.

૨) જુઓ રિવાયત નં. ૧૪૩.

**હઝરત ઈમામ મહદી (અ.સ.) અને હઝરત ઈસા (અ.સ.) ની મદદ**

**રિવાયત નં. ૧૪૭**

શુરૈહ બીન ઓબૈદે કઅબથી રિવાયત કરી છેઃ

*'હઝરત ઈસા (અ.સ.) દમિશ્કના પૂર્વીય દરવાજા પાસે સફેદ પુલની નજીક એક ઝાડની પાસે ઉતરશે. તેમના માથા ઉપર વાદળોનો છાંયો હશે. બે ફરિશ્તાઓના ખભા ઉપર હાથ રાખ્યા હશે. બે ચાદર હશે, એક પહેરેલી હશે અને બીજી ઓઢેલી હશે. જ્યારે માથું નમાવશે ત્યારે તેમાંથી એક મોતી ખરશે. યહુદીઓ તેમની પાસે આવશે અને કહેશે કે અમે આપના મદદગારો છીએ. હઝરત ઈસા (અ.સ) કહેશે, તમે જુઠ્ઠા છો. ત્યાર પછી ઈસાઈઓ આવશે અને આવીને કહેશે કે અમે તમારા અસ્હાબો છીએ. જનાબે ઈસા (અ.સ.) ફરમાવશે કે તમે પણ જુઠ્ઠા છો. મારા અસ્હાબ તો મોહાજીરો છે. પછી ઈસા (અ.સ.) મુસલમાનોના ટોળા તરફ આવશે. તેઓ જોશે કે તેઓ પોતાના ખલીફા (મહદી અ.સ.) પાછળ નમાઝ પઢી રહ્યા છે. તેઓને જોઈને હઝરત ઈસા (અ.સ.) મુસલમાનો સાથે મળી જશે. મહદી (અ.સ.) કહેશેઃ અય મસીહ આપ નમાઝ પઢાવો.*

*હઝરત ઈસા (અ.સ.) ફરમાવશે આપ નમાઝ પઢાવો. ખરેખર ખુદા આપનાથી રાજી છે, મને તો વઝીરના સ્વરૂપે મોકલવામાં આવ્યો છે અમીરના રૂપે નહીં.'*

(કિતાબુલ ફેતન, નઈમ બીન હમાદ/૧૬૦)

**સમજુતીઃ**

૧) આસ્માનમાંથી નાઝીલ થયા પછી હઝરત ઈસા (અ.સ.), હઝરત ઈમામ મહદી (અ.સ.) સાથે મળીને જે મહત્વની કામગીરી બજાવશે તે ઈસાઈય્યતમાંથી શિર્ક અને બિદઅતોનો ખાત્મો છે. જુઓ રિવાયત નં. ૭૯.

૨) જુઓ રિવાયત નં. ૭૫ અને ૮૭ ની સમજુતી.

## હઝરત ઈમામ મહદી (અ.સ.) અને મલાએકાઓની મદદ

### રિવાયત નં. ૧૪૮

હઝરત અલી (અ.સ.) નું બયાન છે.

*'ત્રણ હજાર મલાએકાઓ હઝરત ઈમામ મહદી (અ.સ.)ની મદદ કરશે. તેઓ ઈમામ (અ.સ.)ના વિરોધીઓના મોઢા ઉપર અને પીઠ ઉપર મારશે.'*

(કન્ઝુલ ઉમ્માલ, ૭/૨૬૧, અલ બયાન ફી અખ્બારે સાહેબીઝઝમાન પ્ર. ૧૯/૧૩૯-૧૪૦)

**સમજુતીઃ**

૧) જુઓ રિવાયત નં. ૧૨૬, ૧૬૩ અને ૧૭૩.

૨) હદીસે કુદસીમાં છે કેઃ

*'મારા લશ્કર વડે તેમની સહાય કરીશ, મારા મલાએકાઓ થકી તેમની મદદ કરીશ. ત્યાં સુધી કે મારી હુકુમત બલંદ થાય અને લોકો મારી તૌહીદ (અલ્લાહનું એક હોવું) હેઠળ એકઠા થઈ જાય.' (જુઓ રિવાયત નં. ૮૯)*

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ની લડાઈઓ

### રિવાયત નં. ૧૪૯

હઝરત અલી (અ.સ.) એ ફરમાવ્યુંઃ

*'મારા ફરઝંદોમાંથી એક ફરઝંદ ફીત્નાઓનો નાશ કરશે. તે બિદઅતોને ખતમ કરશે અને દરેક ભાગલા પાડનારાઓને કતલ કરશે અને આઠ મહિનાઓ સુધી જંગ લડશે.'*

(અરફુલ વરદી (હાફીઝ જલાલુદ્દીન સિયુતી) ૧/૧૪૬)

**સમજુતીઃ**

૧) આજ વાત હઝરત અલી (અ.સ.)ની બીજી રિવાયતોમાં જોવા મળે છે.

(કન્ઝુલ ઉમ્માલ ૭/૨૬૧, તિબ્એ હૈદ્રાબાદ, મુન્તખબુલ કોનુઝ (અલાઉદ્દીન અલી મુત્તકી હિન્દી) ૬/૨૩)

૨) હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.)ની રિવાયતમાં છે કેઃ

***'જ્યારે હઝરત ઈમામ મહદી (અ.સ.)નો ઝુહુર થશે ત્યારે તેમના તથા અરબ અને કુરૈશની દરમ્યાન ફકત તલ્વાર હશે.' (જુઓ રિવાયત નં. ૧૭૯)***

૩) ત્યાં સુધી તલ્વારો ચાલશે કે જ્યાં સુધી મુલ્હેદીન અને કાફીરોનો ખાત્મો થઈ જાય તથા અલ્લાહ તઆલા રાજી થઈ જાય. જુઓ રિવાયત નં. ૧૪૮.

૪) જુઓ રિવાયત નં. ૧૧૦, ૧૧૨, ૧૧૪, ૧૭૬, ૧૭૯ અને ૧૮૪.

## હઝરત ઈમામ મહદી (અ.સ.) નો રોબ

### રિવાયત નં. ૧૫૦

હઝરત ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) એ ફરમાવ્યુંઃ

***'અમારા મહદી (અ.સ.) ની રોબ વડે મદદ કરવામાં આવશે, વિજય વડે સમર્થન કરવામાં આવશે, જમીન તેમના સ્વાગત માટે ફાટી જશે, ખજાનાઓ તેમની ખુશી માટે જાહેર થઈ જશે. તેમનું રાજ્ય પૂર્વથી પશ્ચિમ સુધી ફેલાએલું હશે. તેઓ ખુદાના દીનને બીજા બધા દીન ઉપર ઉચ્ચતા અપાવશે ભલે પછી મુશ્રિકોને અણગમતું કેમ ન લાગે.'***

وَلَوْ كَرِهَ الْمُشْرِكُوْنَ

(અલ ફોસુલુલ મોહીમ્મહ (ઈબ્ને સબ્બોગ માલેકી)-ફ-૧૨/૨૮૩)

**સમજુતીઃ**

૧) અલ્લાહ તબારક વ તઆલાએ કુરઆને કરીમની અમૂક આયતોમાં તથા હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ તેમની હદીસોમાં હઝરત ઈમામ મહદી (અ.સ.) ના લશ્કરને 'જેમની મદદ રોઅબ થકી કરવામાં આવી છે' દર્શાવ્યા છે.

(કુરઆને કરીમ, સુરએ આલે ઈમરાન-૧૫૧, સુરએ અન્ફાલ-૧૨, સુરએ અહઝાબ-૨૬)

૨) કાફીરો તથા મુશ્રીકો તેમની તમામ તાકતો અને હથિયારો હોવા છતાં એ ડરના કારણેકે જે ડર અલ્લાહે તેમના દિલોમાં મુસલમાનો સંબંધિત સ્થાપી દીધો છે તેઓ મુસલમાનોની સંખ્યા ઓછી હોવા છતાં તેમની સામે હથિયાર નાખી દેવા મજબુર થઈ જશે.

૩) હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઉચ્ચ દરજ્જાવાળા સહાબીઓની પણ રોઅબ થકી મદદ કરવામાં આવશે. આથી આ ડરના કારણે મોટા-મોટા દુશ્મનો હથિયાર ફેંકી દેવા મજબુર થઈ જશે તથા હઝરત ઈમામ મહદી (અ.સ.) સમક્ષ તેમજ તેમના સહાબીઓ સમક્ષ આત્મ સમર્પણ કરી દેશે.

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ની સાથે જમીન અને આસમાન હશે

**રિવાયત નં. ૧૫૧**

અબુ બસીર (ર.અ.) અને સમાઆ (ર.અ.) બન્નેએ હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.) થી આ આયત

هُوَ الَّذِیۡۤ اَرۡسَلَ رَسُوۡلَهٗ بِالۡهُدٰی وَ دِیۡنِ الۡحَقِّ لِیُظۡهِرَهٗ

عَلَی الدِّیۡنِ کُلِّهٖ وَلَوۡ کَرِهَ الۡمُشۡرِکُوۡنَ

*"તે અલ્લાહ એ જ છે જેણે પોતાના રસુલ (મોહમ્મદ સ.અ.વ.)ને હિદાયત તથા હક ધર્મની સાથે મોકલ્યા, (એ માટે કે) તે (હક ધર્મ) ને સર્વે ધર્મો પર પ્રબળ કરી દે, (પછી) ભલેને મુશ્રીકોને અણગમતું (કાં ન) લાગે."*

(સુરએ તૌબા, આયત ૩૩)

આ આયત હેઠળ રિવાયત કરી છે કે ઈમામ (અ.સ.) એ ફરમાવ્યું:

*'ખુદાની કસમ! આ આયતની તાવીલ હઝરત ઈમામ મહદી (અ.સ.) ના ઝુહુરના સમયે થશે કારણકે જ્યારે તેમનો ઝુહુર થશે ત્યારે દરેક મુશ્રિકોને તે અણગમતા લાગશે તથા દરેક કાફીરને કતલ કરી નાખવામાં આવશે ત્યાં સુધી કે અગર કોઈ કાફીર પથ્થરની અંદર પણ છુપાએલો હશે, તો તે પથ્થર અવાજ આપશે, અય મોઅમીન! આ કાફીર મારામાં છુપાએલો છે, મને તોડીને તેને કતલ કરી નાખો.'*

(યનાબીઉલ મોવદ્દત, ૭૧/૪૨૩ પ્રકાશન ઈસ્તમબુલ)

**સમજુતીઃ**

આ આયતની તફસીર અગાઉ સઅદ બિન જુબૈરની રિવાયતમાં વર્ણવી ચૂકયા છીએ. જુઓ રિવાયત નં. ૧.

## હઝરત ઈમામ મહદી (અ.સ.) હંમેશા વિજયી થશે

**રિવાયત નં. ૧૫૨**

ઇબ્ને મસ્ઉદ અને બીજા અસ્હાબોએ રિવાયત કરી છે.

*'તેઓ આખરી ઝમાનામાં ઝુહુર ફરમાવશે. તેમના અલમ સફેદ અને પીળા હશે. તેની ઉપર ઈસ્મે અઅઝમ લખાએલા હશે. કોઈ પણ અલમ હારશે નહીં. વિજય તેમનાથી ચાલીસ માઈલ આગળ આગળ ચાલશે. આ અલમ તે લોકોને આપવામાં આવશે જેની પાસેથી ખુદાએ મદદ અને વિજયનું વચન લીધું હશે. હા, આ લોકો જ ખુદાનું લશ્કર છે અને બેશક આજ લોકો કામીયાબ છે.'*

(મશારેકુલ અન્વાર (હમ્ઝાવી) ૧૫૧)

**સમજુતીઃ**

૧) હઝરત ઈમામ મહદી (અ.સ.)ના લશ્કરને એકપણ જંગમાં પરાજયનો સામનો કરવો નહિ પડે. તેઓ એવા સરદારો છે કે જેઓ હંમેશા વિજયી થશે. આજ આધારે જનાબે સુલૈમાનની રિવાયત છે કેઃ

*'જાણે હું હઝરત ઈમામ મહદી (અ.સ.)ને જોઈ રહ્યો છું કે બાર હજાર લોકોની સાથે રહીને જંગ કરી રહ્યા છે તથા દરેક પરચમો તેમની સાથે જુકી રહ્યા છે. ત્યાં સુધી કે કિસ્તન્તનીયહ શહેર પણ તેમના હાથો વડે વિજયી થઈ ચૂકયૂં છે.'*

(ફઝાએલુલ કુફા-૪૬, પ્રકાશન મિસ્ર)

૨) રિવાયત નં. ૧૫૦ માં છે કેઃ

*'અમારા મહદી (અ.સ.)ની રોઅબ વડે મદદ કરવામાં આવશે અને તેઓ દરેક પળે કામ્યાબ નિવડશે.'*

૩) ઝાલિમો અને સિતમગારો સામે હઝરત ઈમામ મહદી (અ.સ.) નો કયામ કામ્યાબ થશે. આ તે મહત્વની દલીલ છે જેના થકી મહદી હોવાના ખોટા દાવેદારોની ઓળખ થઈ જાય છે. જ્યારે હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.)ના સાહસિક પુત્ર જનાબે ઝૈદ હિશામ બિન અબ્દુલ મલિકની વિરૂધ્ધ જંગ લડયા અને કત્લ થઈ ગયા તથા તેમની લાશને ઘણા દિવસો સુધી કુફામાં સુળી ઉપર લટકાવવામાં આવી, તે સમયે દરબારી શાયર કે જે દુશ્મને એહલેબૈત (અ.સ.) હતો, હકીમ બિન અબ્બાસે કલ્બી એ જનાબે એ જનાબે ઝૈદની પરાજયને સનદ કરાર દઈને એક શેઅર કહ્યો કે આ પરાજય એ વાતની નિશાની છે કે તેઓ મહદી (અ.સ.) ન હતા.

صَلَبْنَا لَكُمْ زَيْدًا عَلٰى جِزْءِ النَّخْلَةِ

وَلَمْ اَرَ مَهْدِيًّا عَلَى الْجِزْءِ يُصْلَبُ

*'અમે ઝૈદને ખજુરના ઝાડ ઉપર ફાંસી આપી અને અમે નથી સાંભળ્યું કે મહદી (અ.સ.) ને ફાંસી આપવામાં આવશે.'*

૪) જ્યારે મદીનાના ફકીહ અબ્દુલ્લાહ બિન જઅફરને હુકુમતે એ ગુના સબબ કૈદ કર્યા કે તેમણે મહદવીય્યતના દાવેદાર મોહમ્મદ બિન અબ્દુલ્લાહ બિન હસનના કયામમાં તેનો સાથ દીધો હતો, કાઝીએ

તેને સવાલ કર્યો કે તમે આટલી હદે ઈલ્મ ધરાવવા છતાં સાથ કેમ દીધો? તો તેણે જવાબમાં કહ્યું:

*'મને ભરોસો હતો કે તે મહદી (અ.સ.) છે. પરંતુ જ્યારે તે કત્લ થઈ ગયો ત્યારે મને જાણ થઈ કે હું ગલત છું અને મને મારી મુર્ખામીનો એહસાસ થયો.'*

(મકાતીલુત તાલેબીન (અબુલ ફરજ ઈસ્ફહાની) ૧૯૫)

## પ્રકરણ:૧૦

## હઝરત ઈમામ મહદી (અ.સ.) ની હુકુમત

### હઝરત ઈમામ મહદી (અ.સ.)ની આખી દુનિયા ઉપર હુકુમત

**રિવાયત નં. ૧૫૩**

અબ્દુલ્લાહ બીન અબ્બાસનું બયાન છે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું:

*'સંપૂર્ણ દુનિયાના બાદશાહો ચાર જ થઈ ગયા છે, જેઓએ તેને જીતી લીધી હતી. તેમાંથી બે મોઅમીન અને બે કાફીર છે. મોઅમીન બાદશાહ જનાબે ઝુલ્કરનૈન (અ.સ.) અને જનાબે સુલયમાન (અ.સ.) છે. કાફીર બાદશાહોમાં નમરૂદ અને બખ્તે નસ્ર છે તથા પાંચમો ફાતેહ અમારા વંશમાંથી હશે.'*

(ઈકદુદ્ દોરર, પ્ર. ૧/૧૯□-૨૦, અલ બુરહાન ફી અલામાતે મહદી આખેરૂઝઝમાન, પ્ર. ૧ હ. ૪૬/૮૮)

**સમજુતી:**

૧) રિવાયત નં. ૩૬ અને ૧૫૫ માં છે કે હઝરત ઈમામ મહદી (અ.સ.)ની હુકુમત પૂર્વ અને પશ્ચિમમાં હશે તથા હદીસે કુદસીમાં છે કે ઝમીનના દરેક ખુણા ઉપર હશે. જુઓ રિવાયત નં. ૧૫૦.

૨) આ પ્રકારની રિવાયતો મુતવાતીર છે કે:

*'તેઓ ઝમીનને અદ્લ અને ઈન્સાફથી એવી રીતે ભરી દેશે જેવી રીતે તે ઝુલ્મ અને અત્યાચારથી ભરાએલી હશે.'*

તેનાથી તે ખુબ સ્પષ્ટ થાય છે કે આખી જમીન ઉપર હઝરત (અ.સ.) ની હુકુમત હશે અને તેઓ આખી દુનિયામાં અદ્લો ઈન્સાફ કાયમ કરશે.

૩) અમૂક રિવાયતોમાં તો ખાસ રીતે અમૂક જગ્યાઓનું વર્ણન કરવામાં આવ્યું છે કે જેને ઈમામ મહદી (અ.સ.) જીતશે. જેમકે 'બય્તુલ મુકદ્દસ, કીસ્તન્તનીયહ, ચીન અને હેજાઝ.'

**હઝરત ઈમામ મહદી (અ.સ.) અને ઈલાહી નેઅમતોની વિપુલતા**

**રિવાયત નં. ૧૫૪**

જનાબે અબુ સઈદ ખુદરીએ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)થી રિવાયત કરી છેઃ

*'મારી ઉમ્મતના અંતમાં મહદી (અ.સ.) જાહેર થશે. ખુદા પુષ્કળ વરસાદથી જમીનને તૃપ્ત કરશે. જમીન તેના ખજાનાઓને જાહેર કરશે. તેઓ માલને સમાન રીતે વહેંચશે. જાનવરો સંખ્યાબંધ હશે. ઈસ્લામની ઉમ્મત મહાન હશે. આપ (અ.સ.) સાત અથવા આઠ વરસ હુકુમત કરશે.'*

(અલ મુસ્તદરકે અલલસ સહીહયન ૪/૫૫૮, ઈકદુદ્ દોરર પ્ર. ૭ ૧૪૪)

**હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝમાનાની આર્થિક પરિસ્થિતિ**

**રિવાયત નં. ૧૫૫**

અબુ સઈદ ખુદરીનું બયાન છે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ

*'હઝરત ઈમામ મહદી (અ.સ.) ના ઝમાનામાં મારી ઉમ્મતને તે નેઅમતો મળશે જે ક્યારેય પણ આ અગાઉ બીજ ઉમ્મતોને મળી ન હતી. આસમાનમાંથી સતત વરસાદ વરસશે અને જમીન પોતાની દરેક હરિયાળી અને લીલોતરીને જાહેર કરી દેશે.'*

(ઈકદુદ્ દોરર - પ્ર. ૭/૧૬૯)

**સમજુતીઃ**

૧) ઉપરોકત રિવાયત શબ્દસઃ અબુ હુરૈરાથી પણ નોંધવામાં આવી છે.
૨) જુઓ રિવાયત નં. ૧૧૫, ૧૫૬, ૧૬૧ અને ૧૬૩.

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝમાનામાં દીનની અને અખ્લાકની સ્થિતિ

### રિવાયત નં. ૧૫૬

હઝરત ઈમામ મહદી (અ.સ.) અંગે હઝરત અમીરૂલ મોઅમેનીન અલી (અ.સ.) એ ફરમાવ્યુંઃ

*'વ્યાજ, દુષ્કૃત્યો, શરાબ અને રિયાકારીનો અંત આવી જશે. લોકો ઈબાદત ઉપર ધ્યાન આપશે, દીન અને શરીઅતનો ખ્યાલ રાખશે. નમાઝ જમાઅતથી અદા કરશે. તેમનું આયુષ્ય લાંબુ હશે. એકબીજાઓની અમાનતોને સોંપી દેશે. ઝાડો ફુળોથી ભરેલા હશે, બરકતો અનેકગણી વધી જશે. બુરા લોકો હલાક થઈ જશે. નેકી કરનારાઓ બાકી રહેશે અને અહલેબયત (અ.સ.) સાથે બુગ્ઝ રાખનાર કોઈ બાકી રહેશે નહીં.'*

(ઈકદુદ્ દોરર, પ્ર. ૭/૧૫૯)

**સમજુતીઃ**

તે સમાજ કે જેમાં ફસાદના માધ્યમો અને કાર્યો સમાપ્ત થઈ ચૂકયા હોય, શયતાન કત્લ થઈ ચૂકયો હોય, લોકો મઝહબી અને અખ્લાકી શિક્ષણથી માહિતગાર હોય અને એહકામ તથા ઈલાહી પાબંદીઓ ઉપર અમલ કરવામાં આવતો હોય તેવા સમાજથી આજ પ્રકારની અપેક્ષા રાખવી જોઈએ.

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝમાનામાં ભાઈચારો અને બિરાદરી

### રિવાયત નં. ૧૫૭

હઝરત અલી બીન અબી તાલીબ (અ.સ.) એ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ને પુછ્યુંઃ શું મહદી (અ.સ.) આલે મોહમ્મદ (સ.અ.વ.)માંથી છે કે બીજામાંથી ?

પયગમ્બર (સ.અ.વ.) એ ફરમાવ્યું:

*'નહીં, ખરેખર તેઓ આપણામાંથી હશે. ખુદા આપણા થકી દીનને પૂર્ણ કરશે જેવી રીતે આપણા થકી તેની શરૂઆત કરી હતી. ખુદા આપણા થકી ફીત્નાઓથી છૂટકારો અપાવશે જેવી રીતે તેણે લોકોને કુફ્ર અને શિર્કથી આપણા વડે નજાત અપાવી હતી. ખુદા આપણા થકી ફીત્નાઓ અને દુશ્મની પછી લોકોના દિલોને જોડી દેશે અને તેઓ ભાઈ ભાઈ બની જશે જેવી રીતે આપણા થકી શીર્કની દુશ્મનીના નાશ પછી દિલોને જોડીને ભાઈ ભાઈ બનાવી દીધા હતા, એવી જ રીતે તે આપણા થકી ફીત્નાઓની દુશ્મનીના નાશ પછી લોકોને ભાઈ ભાઈ બનાવી દેશે.'*

(અલ બયાન ફી અખ્બારે સાહેબુઝઝમાન, પ્ર. ૧૧/૧૨૫, મજમઉઝ ઝવાએદ ૭/૩૧૬-૩૧૭ મોઅજમુલ અવસ્ત (હાફીઝસુલૈમાન તબરાની) ૧/૧૩૬ હ. ૧૫૭)

**સમજુતી:**

ઈલાહી મઝહબોના સિલસિલાનો અંતિમ મઝહબ ઈસ્લામ છે તથા આજ મઝહબ ઉપર વહી અને નબુવ્વતનો અંત આવ્યો છે. તેના હલાલ અને હરામ કયામત સુધી હલાલ અને હરામ છે. આ આધારે હઝરત ઈમામ મહદી (અ.સ.) ખુદાની અંતિમ હુજ્જત અને ઈમામતના સિલસિલાની આખરી કડી અને અંતિમ ઈમામ છે. આથી અલ્લાહ તઆલા ઈમામ (અ.સ.) થકી દીનને સંપૂર્ણ કરશે તથા તેમના પછી કયામતની અસરોની શરૂઆત થઈ જશે.

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝમાનામાં માલની વિપૂલતા

**રિવાયત નં. ૧૫૮**

અબુ સઈદ ખુદરીની રિવાયત છે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું:

*'મારા વંશમાંથી મહદી (અ.સ.) હશે. તેમની હુકુમતમાં મારી ઉમ્મતને એવી નેઅમતો મળશે જેવી માનવ ઈતિહાસમાં*

*કયારેય પણ કોઈને નહિ મળી હોય. બધી વસ્તુઓ ઉપલબ્ધ હશે અને સ્વતંત્ર રીતે વહેંચવામાં આવશે. તે સમયે માલના ઢગલા હશે. એક શખ્સ સવાલ કરશે કે અય મહદી (અ.સ.)! મને અતા કરો તો હઝરત (અ.સ.) ફરમાવશે કે જેટલુ જોવે તેટલું લઈ લો.'*

(અસ્સોનન (ઇબ્ને માજા) પ્ર. ૩૪ (પ્ર. ખોરૂજલ મહદી) હ. ૪૦૮૩, મુસ્તદરક, અસ સહીહયન ૪/૫૫૮)

**સમજુતીઃ**

૧) જુઓ રિવાયત નં. ૧૧, ૧૫૫, ૧૬૧ અને ૧૯૪.

૨) આજ પ્રકારની એક રિવાયત અબુ હુરૈરાએ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) થી નોંધી છે.

*'ઝમીન પોતાના છુપા ખજાનાઓને જાહેર કરી દેશે. સોના અને ચાંદીના સ્તંભો હશે. ત્યાં સુધી કે કત્લ કરનાર આવી ને કહેશે કે તેની ખાતિર મેં કત્લ કર્યુ, કત્એ રહમ (સંબંધો કાપનાર) કરનાર કહેશે કે મેં તે માટે જ રિશ્તેદારો સાથેનો સંબંધ કાપી નાખ્યો. ચોર કહેશે તેના લીધે જ મારો હાથ કાપવામાં આવ્યો. પછી તે લોકોને હક તરફ દઅવત આપવામાં આવશે પરંતુ તેમાંથી અમૂક તેને કબુલ કરશે નહિ.'*

(સહીહ મુસ્લીમ ભાગ-૧૮, હદીસ નં. ૧૦૧૩, સોનને તિરમીઝી, ભાગ-૩૬, હદીસ નં. ૨૨૦૮)

## હઝરત ઈમામ મહદી (અ.સ.) ના ઝમાનામાં લોકોનું સ્વાવલંબીપણું

## રિવાયત નં. ૧૫૯

અબુ સઈદ ખુદરીનું બયાન છે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ

*'હું તમને હઝરત ઈમામ મહદી (અ.સ.)ની ખુશખબરી આપુ છું. જે તે સમયે જાહેર થશે જ્યારે લોકો દરમ્યાન વિરોધાભાસ હશે અને અડગતા નહિં હોય. તેઓ જમીનને*

*અદ્લ અને ઈન્સાફથી ભરી દેશે જેવી રીતે તે ઝુલ્મ અને અત્યાચારથી ભરેલી હશે. આસમાન અને જમીનના રહેવાવાળાઓ તેમનાથી ખુશ અને આનંદિત હશે. માલની યોગ્ય રીતે વહેંચણી કરશે.'*

તેના પર એક શખ્સે આં હઝરત (સ.અ.વ.) ને પુછ્યું: યોગ્ય રીતે વહેંચણીનો શું અર્થ છે? આપ (સ.અ.વ.) એ ફરમાવ્યું:

*'આપ (અ.સ.) માલને સમાન રીતે અને કોઈની પણ તરફેણ કર્યા વગર વહેંચણી કરશે, ખુદા ઉમ્મતે મોહમ્મદી (સ.અ.વ.)ને સ્વાવલંબી કરી દેશે અને ન્યાય દરેક જગ્યાએ વ્યાપી જશે તથા માલની વહેંચણી સ્વતંત્ર રીતે થશે ત્યાં સુધી કે એક મુનાદી અવાજ પોકારશે. કોઈને માલની જરૂર છે? ત્યારે માત્ર એક માણસ ઊભો થશે અને કહેશે કે મને જરૂર છે? તેને કહેવામાં આવશે, કે ખજાનેદારને બોલાવો અને તેને કહો કે હઝરત ઈમામ મહદી (અ.સ.)એ તને હુકમ આપ્યો છે કે મને માલ આપો. ખઝાનેદાર તેને કહેશે: ઉભા થાઓ અને તે તેના ખોળામાં બધો માલ નાખી દેશે પછી તે શખ્સ શરમાશે અને કહેશે. હું ઉમ્મતમાં મારી જાતને સૌથી વધુ બહાદૂર માનતો હતો. જે વસ્તુ બીજાઓ માટે વધુ મહત્વની હતી તેનાથી હું બેપરવા હતો. તે શખ્સ તે માલને પરત કરવા માગશે. ત્યારે જવાબ મળશે કે અમે વસ્તુઓ આપ્યા પછી પરત નથી લેતા. આવી જ રીતે આપ (અ.સ.) સાત વરસ, આઠ વરસ અથવા નવ વરસ જાહેરી સત્તા ઉપર રહેશો. ત્યારબાદ દુનિયા પોતાની ચમક દમકથી વંચિત થઈ જશે અને દુનિયાના જીવનમાં કોઈ મજા નહિં રહે અથવા તેના પછી જીવનમાં કોઈ સારપ નહિં રહે.'*

(અલ મુસ્નદ ૩/૩૭-૫૨, ઈકદુદ્ દોરર, પ્ર. ૮/૧૬૪-૧૬૫, પ્ર. ૭/૧૫૬)

**સમજુતી:**

૧) જુઓ રિવાયત નં. ૧૧૫, ૧૫૫, ૧૬૧ અને ૧૯૪.

## હઝરત ઈમામ મહદી (અ.સ.) સાથે દુનિયાનો સહકાર

**રિવાયત નં. ૧૬૦**

જનાબે અબુ સઈદ ખુદરીએ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) થી રિવાયત નકલ કરી છેઃ

*'આખર ઝમાનામાં મારી ઉમ્મત ઉપર તેના ઝાલિમ બાદશાહો થકી સખત બલાઓ અને તકલીફો ઉતરશે. એવી તકલીફો કે જે આ અગાઉ કયારેય નહિં પડી હોય ત્યાં સુધી કે જમીન તેની વિશાળતા પછી પણ તેઓ ઉપર તંગ થઈ જશે અને ત્યાં સુધી કે ઝુલ્મ અને અત્યાચારથી ભરાઈ જશે. ઝુલ્મથી રક્ષણ મેળવવા માટે મોમીનને કોઈ આશ્રય સ્થાન નહીં મળે. તે સમયે ખુદાવન્દે આલમ મારા વંશમાંથી એક વ્યક્તિની નિમણુંક કરશે જે દુનિયાને ન્યાય અને ઈન્સાફથી એવી રીતે ભરી દેશે જેવી રીતે તે ઝુલ્મ અને અત્યાચારથી ભરાએલી હશે. તેમનાથી આસમાનમાં રહેનારાઓ પણ ખુશ હશે અને જમીનના રહેવાસીઓ પણ. જમીન પોતાની અંદર એક દાણો પણ છુપાવીને નહીં રાખે એટલેકે બધું જાહેર કરી દેશે તથા આસમાન પણ પાણીનું એકપણ ટીપું પોતાનામાં બચાવીને નહિ રાખશે બલ્કે તે બધુંજ પાણી વરસાવી દેશે. તેઓ આવી રીતે સાત, આઠ અથવા નવ વરસ રહેશે. ખુદાવન્દે આલમે જમીનવાળાઓ સાથે જે ખૈર અને નેકીનો વર્તાવ કર્યો હશે તેના આધારે મુર્દાઓ જીંદગીની ઈચ્છા કરશે.'*

(મુસ્તદરક અસ સહીહયન, ૪/૪૬૫ - ઈકદુદ્ દોરર, પ્ર. ૪, ૧/૪૩-૪૪, પ્ર. ૭/૧૪૧)

**સમજુતીઃ**

૧) જુઓ રિવાયત નં. ૧૧૫, ૧૫૫, ૧૫૬, ૧૫૭, ૧૬૧ અને ૧૬૩.

૨) એક રિવાયતમાં છે કે 'ઝમીન સોનુ અને ચાંદી જાહેર કરશે, હરિયાળી તથા પાક કેટલાય ગણો વધારે હશે.'

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુર થકી દુનિયા આબાદ હશે

**રિવાયત નં. ૧૬૧**

ઈમામ મોહમ્મદ બાકિર (અ.સ.) એ ફરમાવ્યું:

*'જમીનની બધી વેરાન જગ્યાઓ આબાદ થઈ જશે અને જમીન તેની બધી વનસ્પતિઓ અને હરિયાળીઓને જાહેર કરી દેશે અને લોકો તેમના ઝમાનામાં એવી નેઅમતોથી લાભ મેળવશે જે આ અગાઉ કયારેય પણ કોઈને નહિ મળી હોય.'*

(અલ ફોસુલુલ મોહિમ્મહ (ઈબ્ને સબ્બાગે માલેકી) પ્ર. ૧૨/૨૮૫-૨૮૬)

**સમજુતીઃ**

જુઓ રિવાયત નં. ૧૫૫

## હઝરત ઈમામ મહદી (અ.સ.)નાં ન્યાયથી જમીન જીવંત બનશે

**રિવાયત નં. ૧૬૨**

સલામ બીન મુસ્તનીરે આ આયત

اِعْلَمُوْٓا اَنَّ اللّٰهَ يُحْيِ الْاَرْضَ بَعْدَ مَوْتِهَا

*''આ જાણી લો કે નિસંશય અલ્લાહ ભૂમિને તેના મૃત્યુ બાદ સજીવન કરે છે.''*

(સુરએ હદીદ આયત ૧૭)

ના બારામાં ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) ને પૂછયું.

*'ખુદા કાએમ (અ.સ.) થકી તેને જીવંત કરશે. તેઓ દુનિયામાં ન્યાય સ્થાપિત કરશે. જમીન ઝુલ્મ થકી મૃત્યુ પછી અદ્લ થકી ફરી જીવંત થઈ જશે.'*

(યનાબીઉલ મોવદ્દત, પ્ર. ૭૧/૪૨૯)

## હઝરત ઈમામ મહદી (અ.સ.) ની હકુમુત જન્નતની માફક હશે

## રિવાયત નં. ૧૬૩

કઅબ અહબારે કહ્યું કે કતાદહનું બયાન છેઃ

*'મહદી (અ.સ.) સૌથી શ્રેષ્ઠ વ્યક્તિ છે. કૂફા, યમન અને શામના શરીફ લોકો તેમની બયઅત કરશે અને તેમની મદદ કરશે. જીબ્રઈલ (અ.સ.) આગળ આગળ હશે, મીકાઈલ (અ.સ.) પાછળ પાછળ હશે અને તેઓ સમગ્ર સર્જનોમાં મહેબુબ છે. ખુદા તેમના થકી આંધળા ફીત્નાઓને ચૂપ કરી દેશે. જમીન ઉપર એટલી હદ સુધી સલામતિ હશે કે આ પહેલાં આટલી કયારેય પણ નહિ હોય. ત્યાં સુધી કે એક સ્ત્રી બીજી પાંચ સ્ત્રીઓ સાથે હજ કરશે અને તેઓની સાથે કોઈ પુરૂષ નહીં હોય. તેઓના દિલોમાં ખુદા સિવાય કોઈનો ભય નહીં હોય. જમીન અને આસમાન પોતપોતાની બરકતો જાહેર કરશે.*

(એકદુદ્દોર પ્ર. ૭/૧૫૧, અલ બુરહાન ફી અલામાતે મહદી આખેરૂઝઝમાન, પ્ર. ૧ - હ. ૧૭/૭૭-૭૮)

**સમજુતીઃ**

૧) આ અમન અને શાંતિ અલ્લાહના હુકમો અને પાબંદીના સ્થાપિત થવાના કારણે હશે. જુઓ રિવાયત નં. ૧૭૪ અને ૧૮૪ ની સમજુતી.

૨) જુઓ રિવાયત નં. ૯૬, ૧૨૯ અને ૧૭૪.

### હઝરત ઈમામ મહદી (અ.સ.) થકી હકીકી ઈસ્લાહ

## રિવાયત નં. ૧૬૪

ઈબ્ને અબ્બાસનું બયાન છે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ

*'ખુદાવન્દે આલમે હઝરત અલી (અ.સ.) થકી દીનને વિજયી બનાવ્યો અને જ્યારે તેમને શહીદ કરી દેવામાં આવ્યા ત્યારે દુનિયામાં ગુમરાહીઓ અને ખરાબીઓ પૈદા થઈ ગઈ.*

*હવે ખુદા હઝરત ઈમામ મહદી (અ.સ.) થકી બુરાઈઓની સુધારણા કરશે.'*

(યનાબીઉલ મોવદ્દત ૪૪૫-૨૫૯, મોવદ્દતુલ કુરબા (મીર સય્યદ અલી હમ્દાની શાફેઈ)—૯૮, યનાબીઉલ મોવદ્દત પ્ર.૯૪/૪૯૦)

**સમજુતીઃ**

૧) લગભગ આજ વિષયની એક બીજી રિવાયત અબુ હારૂન અબ્દીએ વહબ બીન મુન્યહથી નોંધી છે કેઃ

*'જ્યારે જનાબે મુસા (અ.સ.)ની ગૈબતમાં તેમની કૌમ ગુમરાહ થઈ ગઈ જેનાથી હઝરત મુસા (અ.સ.)ને ખૂબજ અફસોસ થયો. ખુદાએ જનાબે મુસા (અ.સ.) તરફ વહી કરી કે અય મુસા! અગાઉના અંબિયાની કૌમો પણ ફીત્નાનો શિકાર થઈ ચૂકી છે. હઝરત એહમદ (સ.અ.વ.)ની ઉમ્મત પણ ફીત્નાનો શિકાર થશે. ત્યાં સુધી કે અમૂક લોકો અમૂક લોકો ઉપર લઅનત કરશે, પછી ખુદાવંદે આલમ એહમદ (સ.અ.વ.)ની આલમાંથી એક શખ્સ વડે દરેકની સુધારણા કરશે તથા તેમનું નામ મહદી (અ.સ.) હશે.'*

૨) જુઓ રિવાયત નં. ૧૮૪

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ની હુકુમતમાં શયતાનનો નાશ

### રિવાયત નં. ૧૬૫

વહબ બીન જમ્અનું બયાન છે કે મેં ઈમામ જઅફર સાદિક (અ.સ.)ને સુરા અલ હિજરમાં ખુદાવન્દે આલમના આ ફરમાનના બારામાં પુછ્યુંઃ

قَالَ رَبِّ فَأَنْظِرْنِيٓ إِلٰى يَوْمِ يُبْعَثُوْنَ ○

قَالَ فَإِنَّكَ مِنَ الْمُنْظَرِيْنَ ○ إِلٰى يَوْمِ الْوَقْتِ الْمَعْلُوْمِ ○

*''તેણે (શયતાને) કહ્યું કે હે મારા પરવરદિગાર! ત્યારે તું મને તે દિવસ સુધીની મોહલત આપ કે જે દિવસ સઘળા*

*મનુષ્યો ઉઠાડવામાં આવશે. (અલ્લાહે) ફરમાવ્યું જે લોકોને મોહલત આપવામાં આવી છે તું પણ તેઓ માંહેનો છે. તે વકતે મઅલુમના દિવસ સુધી.''*

(સુરએ હિજરઃ આયત ૩૬-૩૮)

મેં 'વક્તે મઅલુમ' (નક્કી કરેલા સમય સુધી) બાબતે પુછયું તો ઈમામ (અ.સ.) એ ફરમાવ્યુંઃ

*'અય વહબ! આ આયત મહદી (અ.સ.)ના ઝુહુરની તરફ ઈશારો કરે છે જ્યારે રસુલે ખુદા (સ.અ.વ.) શયતાનને કતલ કરશે.'*

(યનાબીઉલ મોવદ્દત પ્ર. ૭૧/૭૯)

**સમજુતીઃ**

૧) આ સંદર્ભમાં એક બીજી રિવાયત (નં. ૨૧૧) છે કે હઝરત ઈમામ રેઝા (અ.સ.) એ 'વકતે મઅલુમ' ની તફસીર હઝરત ઈમામ મહદી (અ.સ.) ના ઝુહુરનો દિવસ ફરમાવી છે.

૨) ઉપરોકત રિવાયત એ બાબત તરફ ઈશારો કરી રહી છે કે હઝરત ઈમામ મહદી (અ.સ.) ના ઝુહુર પછી હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ફરીવાર આ દુનિયામાં તશરીફ લાવશે. જુઓ રિવાયત નં. ૧૩૫ અને ૧૭૫ ની સમજુતી.

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ની હુકુમતમાં લોકોની તમન્નાઓ

### રિવાયત નં. ૧૬૬

સબાહથી રિવાયત છે.

*'હઝરત ઈમામ મહદી (અ.સ.) ૩૯ વરસ રહેશે. નાના બાળકો કહેશે કે કાશ! અમે મોટા (બાલિગ) થઈ જતાં અને મોટાઓ (ઘરડાઓ) કહેશે કાશ! અમે નવયુવાન થઈ જતે.'*

(અલ બુરહાન ફી અલામાતે મહદી આખેરૂઝઝમાન, પ્ર. ૧ - હ. ૪૨/૮૭)

**સમજુતીઃ**

૧) રિવાયત નં. ૧૬૦ માં છે કે

*'ખુદાવંદે આલમે ઝમીનના રહેવાસીઓ સાથે નેકીનો જે વર્તાવ કર્યો છે હશે, તેના આધારે મુર્દાઓ ફરી ઝીંદગીની તમન્ના કરશે.'*

(અસ્સવાએકુલ મોહર્રેકા (શહાબુદ્દીન એહમદ બિન હજરે હયશમી)-૯૭)

૨) આજ રીતે જુઓ રિવાયત નં. ૧૭૨ ની સમજુતી.

## હઝરત ઈમામ મહદી (અ.સ.) નું સ્વાગત

### રિવાયત નં. ૧૬૭

અબુ સઈદ ખુદરીએ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) થી રિવાયત કરી છે:

*'ઉમ્મત હઝરત ઈમામ મહદી (અ.સ.)ની તરફ એવી રીતે આવશે જેવી રીતે મધમાખીઓ તેના સરદારની તરફ જાય છે. તેઓ જમીનને ન્યાયથી એવી ભરી દેશે જેવી રીતે તે અત્યાચારથી ભરાએલી હશે. ત્યાં સુધી કે લોકો પહેલાંની માફક નેક અને ચારિત્ર્યવાન થઈ જશે. ન કોઈ સુતેલાને જગાડવામાં આવશે ન કોઈનું ખૂન વહાવવામાં આવશે.'*

(અલ અરફુલ વર્દી ફી અખ્બારીલ મહદી (હાફીઝ જલાલુદ્દીન સિયુતી) ૧૫૩)

**સમજુતી:**

૧) આજ પ્રકારની બાબત રિવાયત નં. ૧૨૯ માં નોંધવામાં આવી છે.

૨) જુઓ રિવાયત નં. ૯૬ અને ૧૧૫

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ની ભરપુર મોહબ્બત

### રિવાયત નં. ૧૬૮

અબુ રૂમાનનું બયાન છે હઝરત અલી બીન અબી તાલીબ (અ.સ.) એ ફરમાવ્યું:

*'જ્યારે આસમાનમાંથી એક મુનાદી અવાજ આપશે કે બેશક હક આલે મોહમ્મદ (અ.સ.)ની પાસે છે, તો તે સમયે હઝરત ઈમામ મહદી (અ.સ.) લોકોની દરમ્યાન જાહેર થશે. લોકો તેમની મોહબ્બતનો જામ પીને પોતાની તરસ બુજાવશે*

*અને ફકત ઈમામ (અ.સ.) ની પ્રશંસા અને વખાણમાં વ્યસ્ત હશે.'*

(અલ અરફુલ વર્દી ફી અખ્બારીલ મહદી-૧૫૩)

**સમજુતીઃ**

જુઓ રિવાયત નં. ૧૬૩ અને ૧૬૭

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ની હુકુમતની મુદ્દત

**રિવાયત નં. ૧૬૯**

અબ્દુલ હમીદ ખશઅમીનું બયાન છેઃ મેં ઈમામ જઅફર સાદિક (અ.સ.) ને પુછ્યુંઃ કાએમ (અ.સ.) ની હુકુમત કેટલા દિવસ રહેશે? ઈમામ (અ.સ.) એ ફરમાવ્યુંઃ

*'સીત્તેર (૭૦) વરસ. તે ઝમાનામાં રાત અને દિવસ એટલા લાંબા થઈ જશે કે તે સમયનું એક વરસ આજના દસ વરસની બરાબર હશે. આ પ્રકારના સીત્તેર વરસ ઉપર આધારિત ઈમામ (અ.સ.) ની હુકુમત હશે.'*

(અલ ફોસુલલ મોહીમ્મહ, ફ. ૧૨/૨૮૪)

**સમજુતીઃ**

૧) આ સંદર્ભમાં રિવાયતોમાં એટલો તફાવત જોવા મળે છે કે ભરોસાની સાથે કંઈપણ કહેવું શકય નથી. જેમકે ૭ થી ૯ (રિવાયત નં. ૧૨૨), ૭, ૮ અથવા ૯ વર્ષ (રિવાયત નં. ૧૫૯), ૭ વર્ષ જેમાં દરેક વર્ષ ૧૦ વર્ષની બરાબર હશે (રિવાયત નં. ૧૮૦), ૨૦ વર્ષ, ૩૦ વર્ષ અને ૪૦ વર્ષ પણ નોંધવામાં આવ્યા છે. બહરહાલ ૭ વર્ષ માટે ઘણી રિવાયતો જોવા મળે છે.

૨) એમ પણ કહી શકાય છે કે હઝરત ઈમામ મહદી (અ.સ.) ની હુકુમતની ચોક્કસ મુદ્દત નક્કી નથી. આથી અબુ સઈદે ખુદરી એ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) થી ફરમાવ્યુંઃ

*'અગર આપ (અ.સ.) ની હુકુમતની મુદ્દત ઓછી હોય તો ૭ વર્ષ નહિંતર ૯ વર્ષ.' (રિવાયત નં. ૧૫૯ અને ૧૭૧)*

૩) આ કિતાબનું ૧૧ મું પ્રકરણ પણ એ વિવિધ રિવાયતો ઉપર આધારિત છે કે ઈમામ મહદી (અ.સ.) ની હુકુમતની મુદ્દત સંબંધિત વારીદ થઈ છે.

૧. વધારે જાણકારી માટે જુઓ કિતાબ ઈકદુદ્ દોરર, પ્ર. ૯, ફિ ઈખ્તેલાફ ફી રિવાયત ફિ એકામત

૨. અલબુરહાન ફી અલામાત મહદી આખેરૂઝઝમાન, પ્ર. ૧૦, ફિ મુદ્દતે મુલ્કીલ મહદી (મહદી કી હુકુમતકી મુદ્દત કે બારે મેં)

૩. અલ બયાન ફી અખ્બારે સાહેબીઝઝમાન, પ્ર. ૯, ફિ મીકદારૂલ મુલ્ક બઅદ ઝુહુરેહ (અ.સ.) (ઈનકે ઝુહુર કે બાદ ઊનકી હુકુમતકી મુદ્દત કે બારે મેં)

## હઝરત ઈમામ મહદી (અ.સ.)નો અલમ

### રિવાયત નં. ૧૭૦

અબુ ઈસ્હાકે ઔફથી રિવાયત કરી છે કે

***‘હઝરત ઈમામ મહદી (અ.સ.)ના અલમ ઉપર લખેલું હશે*** اَلْبَيْعَةُ لِلّٰهِ ***(બયઅત માત્ર ખુદાને માટે છે.)’***

(ઈકદુદ્ દોરર, પ્ર. ૯, ફ. ૩/૨૧૬, અલ બુરહાન ફી અલામાતે મહદી આખેરૂઝઝમાન, પ્ર. ૭, હ. ૨૫/૧૫૨)

**સમજુતીઃ**

૧) રિવાયત નં. ૯૫ અને ૧૫૨ માં વર્ણવવામાં આવ્યું છે કેઃ

***‘હઝરત ઈમામ મહદી (અ.સ.) નો અલમ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) નો અલમ હશે.’***

૨) એ વાતની પણ શકયતા છે કે આ બંને રિવાયતો બે જુદી જુદી હકીકતોને બયાન કરી રહી હોય.

૩) રિવાયત નં. ૧૫૨ માં હઝરત ઈમામ મહદી (અ.સ.)ના પરચમનું લખાણ અલ્લાહ તઆલાના ઈસ્મે અઅઝમ છે તેમ દર્શાવવામાં આવ્યું છે.

૪) રિવાયત નં. ૧૨૫ માં પરચમની બીજી ખાસિયતોનું વર્ણન કરવામાં આવ્યું છે.

### હઝરત ઈમામ મહદી (અ.સ.) અને કુફાવાસીઓ

**રિવાયત નં. ૧૭૧**

જનાબ અબુ સઈદ ખુદરીએ હઝરત રસુલે ખુદા(સ.અ.વ.)થી રિવાયત કરી છેઃ

આં હઝરત (સ.અ.વ.)એ ફરમાવ્યુંઃ

*હઝરત ઈમામ મહદી (અ.સ.) ૯ અથવા ૧૦ વરસ હુકુમત કરશે. સૌથી ખુશ કિસ્મત કૂફાવાસીઓ હશે.*

(ફઝાએલુલ કૂફા (મોહમ્મદ બીન અલી અલવી) પે. ૨૫-૨૬, હ. ૩)

### હઝરત ઈમામ મહદી (અ.સ.)ની પછી કોઈ નહિં

**રિવાયત નં. ૧૭૨**

અબુ સઈદ ખુદરીનું બયાન છે કે હઝરત રસુલે ખુદા(સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ

*'હું તમને ઈમામ મહદી (અ.સ.) ની ખુશખબરી આપુ છું. તેમના પછી જીંદગીમાં કોઈ લુત્ફ બાકી નહી રહે.'*

અથવા આપ (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ

*'તેમના પછી જીવનમાં કોઈ મજા નહિં રહે.'*

(મુસ્નદે એહમદ ઈબ્ને હમ્બલ, ભાગ-૩, પાના નં. ૩૭-૫૨, ઈકદુદ્ દોરર હાફીઝ યુસુફ બિન યહ્યા મુકદ્સી અશ શાફેઈ) પાના નં. ૧૬૪-૧૬૫)

**સમજુતીઃ**

૧) જનાબે ઉમ્મે સલમાએ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) થી રિવાયત કરી છે કેઃ

*'અદ્લ (ઈન્સાફ) એટલી હદે ફેલાએલો હશે કે લોકો પોતાના મુર્દાઓની (ઝીંદગીની) દોઆ કરવા લાગશે. પછી ઈમામ (અ.સ.) સાત વર્ષ હુકુમત કરશે, પછી જમીનનું તળિયું તેની પીઠ કરતાં શ્રેષ્ઠ રહેશે.'*

૨) જુઓ રિવાયત નં. ૧૫૮ ની સમજુતી.

**હઝરત ઈમામ મહદી (અ.સ.) ની હુકુમતમાં દરેક ખુશ હશે**

**રિવાયત નં. ૧૭૩**

જનાબે હુઝયફાથી રિવાયત છે કેઃ

*'મકામે ઈબ્રાહીમ અને હજરે અસ્વદની દરમ્યાન હઝરત ઈમામ મહદી (અ.સ.) ની બયઅત કરવામાં આવશે. તેઓ (અ.સ.) ત્યાંથી શામ તરફ કુચ કરશે. જીબ્રઈલ (અ.સ.) આગળ આગળ હશે, મિકાઈલ (અ.સ.) સાથે સાથે હશે. જમીનવાળાઓ, આસમાનવાળાઓ, પક્ષીઓ, હયવાનો અને સમુદ્રની માછલીઓ દરેક તેમની હુકુમતથી ખુશ હશે.'*

(અલ અરફુલ વરદી-૬૪)

**સમજુતીઃ**

૧) એક બીજી રિવાયતમાં આજ પ્રકારના ભાવાર્થને જનાબે હોઝયફાએ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) થી નોંધેલ છે.

(અલ અરફુલ વરદી-૨/૧૬૦)

૨) જુઓ રિવાયત નં. ૪૪, ૧૫૮ અને ૧૫૯

**હઝરત ઈમામ મહદી (અ.સ.)ની**
**હુકુમતમાં પરસ્પર દુશ્મનોમાં સુલેહ**

**રિવાયત નં. ૧૭૪**

અબુ હુરયરાનું બયાન છે કે હઝરત રસુલે ખુદા(સ.અ.વ.)એ ફરમાવ્યુંઃ

*'આખી દુનિયામાં સંપૂર્ણ સલામતિ હશે ત્યાં સુધી કે સિંહ અને ઊંટ, ચિત્તો અને ગાય, વરૂ અને બકરી, સાથે-સાથે રહેશે. બાળકો સાંપ સાથે રમશે અને કોઈ કોઈને તકલીફ પહોંચાડશે નહિં'*

(અલ મુસન્નીફ (ઈબ્ને અબી શય્બહ) ૧૧/૧૦૪, હદીસ નં. ૨૦૮૪૫)

**સમજુતીઃ**

આ મુબારક હદીસથી એ તદ્દન સ્પષ્ટ છે કે હઝરત ઈમામ મહદી (અ.સ.) ની હુકુમતના ઝમાનામાં ન ફકત ઈન્સાનોમાં અમ્ન અને સલામતી હશે, બલ્કે જાનવરોની દુનિયામાં પણ સંપૂર્ણ સલામતી હશે.

## હઝરત ઈમામ મહદી (અ.સ.) ની પછી

### રિવાયત નં. ૧૭૫

એક રિવાયતમાં છે:

*'હઝરત ઈમામ મહદી (અ.સ.)ની પછી બાર વ્યક્તિઓ હુકુમત કરશે એટલેકે બાર બાદશાહો થશે.'*

(અસ સવાએકે મોર્હેરકા (શહાબુદ્દીન એહમદ બીન હજરે હય્શમી) ૧૬૪, પ્રકાશન - કાહેરહ)

**સમજુતીઃ**

૧) ઉપરોકત રિવાયતથી એ સ્ષષ્ટ થાય છે કે હઝરત ઈમામ મહદી (અ.સ.) વડે જે ઈન્કેલાબ સફળ થશે ત્યારબાદ બાર ખલીફાઓ તેને કાયમ રાખશે. આ હદીસને રજઅત તરફનો ઈશારો સમજી શકાય છે. તેમજ આ હદીસથી અંદાજો લગાવી શકાય છે કે હઝરત ઈમામ મહદી (અ.સ.)ની હુકુમતમાં હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) રજઅત ફરમાવશે તથા શયતાનને કત્લ કરશે. આ આધારે એ એહતેમાલ કરી શકાય છે કે હઝરત ઈમામ મહદી (અ.સ.) પછી જે બાર લોકો હુકુમત કરશે તેમાંના એક હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) હશે.

૨) ઉપરોકત રિવાયત તથા રિવાયત નં. ૧૭૨

لَا خَيْرَ فِي الْعَيْشِ بَعْدَ الْمَهْدِيّ

*'હઝરત ઈમામ મહદી (અ.સ.) પછી ઝીંદગીમાં કોઈ સારપ નથી.'*

ને આ પ્રમાણે બયાન કરી શકાય છે કે 'બઅદલ મહદી' એટલે કે મહદી (અ.સ.) ની પછીથી મુરાદ એ છે કે હઝરત ઈમામ મહદી

(અ.સ.) તથા તેમના પછી બાર ખલીફાઓ પછી ઝીંદગીમાં કોઈ લુત્ફ (મજા) નથી.

## પ્રકરણઃ ૧૧

## હઝરત ઈમામ મહદી (અ.સ.)નો રાજ્ય વહિવટ

## હઝરત ઈમામ મહદી (અ.સ.) રસુલે ખુદા (સ.અ.વ.)ની સુન્નતને જીવંત કરશે

### રિવાયત નં. ૧૭૬

અબુ સઈદ ખુદરીથી રિવાયત છે કે આં હઝરત (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ

*'મારી ઉમ્મતમાંથી એક શખ્સ જાહેર થશે જે મારી સુન્નત ઉપર અમલ કરશે. ખુદા તેમના માટે આસમાનમાંથી બરકતો નાઝીલ કરશે. જમીન પણ તેમના માટે બરકતો જાહેર કરશે. જમીનને ન્યાયથી એવી રીતે ભરી દેશે જેવી રીતે તે અત્યાચારથી ભરાએલી હશે. તેઓ ૭૦ વરસ તે ઉમ્મત ઉપર હુકુમત કરશે અને બયતુલ મુકદ્દસથી ઝુહુર ફરમાવશે.'*

(અલ મિનારૂલ મોનીફ (ઈબ્ને કય્યુમ જવઝીય્હ) પ્ર. ૫૦ હ. ૩૪૩, પાના નં. ૧૫૧, મજમઉઝ ઝવાએદ, ૭/૩૧૭ ખિલાફતો અલ મિન્હાજે નોબુવ્વત (મુસ્નદ ૪/૨૭૩), ઈકદુદ્ દોરર પાના નં. ૧૬-૧૭)

### સમજુતીઃ

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ની સુન્નતોને પુનઃજીવીત કરવાનું રિવાયતોમાં વિવિધ રીતે વર્ણવવામાં આવ્યું છે. જેમકે આ રિવાયતઃ

*'તેઓ મારી સુન્નત માટે જંગ કરશે જેવી રીતે મેં વહીના નાઝીલ થયા પછી તેના ઈસ્તેહકામ માટે જંગ કરી હતી.'*

જુઓ રિવાયત નં. ૧૯૦ (હઝરત ઈમામ મહદી (અ.સ.) અને બિદઅતનો મુકાબલો) અને હદીસ નં. ૧૩૯ (હઝરત ઈમામ મહદી અ.સ. અને ઈસ્લામનું નવિનીકરણ) તેમજ જુઓ રિવાયત નં. ૯૬, ૧૦૨, ૧૩૦ અને ૧૮૯ ની સમજુતી.

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝમાનામાં ઈસ્લામ એક માત્ર મઝહબ હશે

**રિવાયત નં. ૧૭૭**

હઝરત ઇમામ મોહમ્મદ બાકીર (અ.સ.) એ ફરમાવ્યું:

*'કોઇ યહુદી, ઇસાઈ અને ન કોઇ બીજું બાકી રહેશે જે ખુદા સિવાય બીજા કોઈની ઇબાદત કરતા હોય. પરંતુ એ કે ખુદા ઉપર ઇમાન લાવશે. તેના એક હોવાની ગવાહી આપશે સંપૂર્ણ ઈન્સાનિય્યત અને મિલ્લતે ઇસ્લામીયહ હશે અને ખુદા સિવાય જમીન ઉપર જે પણ મઅબુદ હશે તેની ઉપર આગ પડશે અને તે સળગી જશે.'*

(અલ ફોસુલુલ મોહિમ્મહ - ફ. ૧૨)

**સમજુતી:**

૧) રિવાયત નં. ૧૫૦ અને ૧૫૧ માં વર્ણવવામાં આવ્યું છે કે:

*''ખુદા પોતાના દીનને તમામ દીનો ઉપર પ્રબળ કરી દેશે, ભલે પછી મુશ્રીકોને અણગમતું કેમ ન લાગે.''*

(સુરએ તૌબા-૩૩)

૨) જનાબે ઉમ્મે સલમાથી રિવાયત છે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું:

*'જમીનના ખુણે ખુણામાં ઈસ્લામ ફેલાય જશે.'*

(અલ મુસ્નફ (ઈબ્ને અબી શયબાહ) ૧૫/૪૫, હદીસ નં. ૧૯૦૭૦)

૩) આ રિવાયત મુજબ હઝરત ઈમામ મહદી (અ.સ.) ના ઝમાનામાં આખી દુનિયામાં ઈસ્લામ હશે અને મુશ્રીકોનો ખાત્મો થઈ જશે તેમજ બીજા મઝહબો ઈસ્લામ મઝહબને અલ્લાહ તઆલાએ ચુંટેલા મઝહબ તરીકે કબુલ કરી લેશે.

૪) કુરઆને કરીમે ત્રણ જગ્યાએ યહુદીય્યત અને ઈસાઈય્યત કયામત સુધી બાકી રહેશે તેનું વર્ણન કર્યુ છે (સુરએ આલે ઈમરાન-૫૫, સુરએ માએદાહ ૧૪ અને ૬૪). તેમજ રિવાયત નં. ૭૯ માં

વર્ણવવામાં આવ્યું છે કે હઝરત ઈસા (અ.સ.) હઝરત ઈમામ મહદી (અ.સ.) સાથે મળીને صليب સલીબ સુળી તોડશે અને એહલે કિતાબ માટે જઝીયો (ટેક્ષ) નક્કી કરશે તેનાથી સ્પષ્ટ થાય છે કે:

(ક) હઝરત ઈમામ મહદી (અ.સ.) ની સર્વ વ્યાપી હુકુમતમાં મઝહબ ફકત ઈસ્લામ હશે.

(ખ) બીજા ઈલાહી મઝહબો પોતાની શિર્ક આલુદા તઅલીમાતને છોડી દેશે તથા તૌહીદને કબુલ કરી લેશે. તે પરિસ્થિતિમાં કે અગર તેઓ મુસલમાન નહીં હોય તો ટેક્ષ આવશે.

(ગ) આજ આધારે રિવાયતોમાં છે કે હઝરત ઈમામ મહદી (અ.સ.) તવરાતના માનવાવાળા દરમ્યાન તવરાત થકી અને ઈન્જીલના માનવાવાળા દરમ્યાન ઈન્જીલ થકી હુકમો કરશે. જુઓ રિવાયત નં. ૪૩ ની સમજુતી નં. ૧

## હઝરત ઈમામ મહદી (અ.સ.) નો પયગામ

### રિવાયત નં. ૧૭૮

ફઝલ બિન ઝુબૈર ઝૈદ બિન અલીથી રિવાયત કરી છે કે જ્યારે આલે મોહમ્મદ (અ.સ.) માંથી કાએમ (અ.સ.) ઝુહુર ફરમાવશે ત્યારે તેઓ લોકોને સંબોધન કરશે:

*'અય લોકો! અમારામાંથી જ તે એક છે જેનો વાયદો અલ્લાહે પોતાની કિતાબમાં કર્યો છે.'*

اَلَّذِيْنَ اِنْ مَّكَّنّٰهُمْ فِى الْاَرْضِ اَقَامُوا الصَّلٰوةَ وَاٰتَوُا الزَّكٰوةَ

وَاَمَرُوْا بِالْمَعْرُوْفِ وَنَهَوْا عَنِ الْمُنْكَرِ وَلِلّٰهِ عَاقِبَةُ الْاُمُوْرِ

*''અગર અમે તેમને જમીનમાં હુકુમત અતા કરીએ તો તેઓ નમાઝ કાયમ કરશે, ઝકાત આપશે, નેકીનો હુકમ કરશે અને બુરાઈઓથી રોકશે અને અંજામ અલ્લાહ માટે છે.''*

(સુરએ હજ્જ - ૪૧)

(શવાહેદુત તન્ઝીલ (હાકીમ હસ્કાની નિશાપુરી) ૧/૪૦૧)

## હઝરત ઈમામ મહદી (અ.સ.) અને બાતીલનો મુકાબલો

### રિવાયત નં. ૧૭૯

મોહમ્મદ બીન મુસ્લેમાથી રિવાયત છે. મેં હઝરત ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) ને ફરમાવતા સાંભળ્યાઃ

*'અગર લોકોને ખબર પડી જાય કે હઝરત ઈમામ મહદી (અ.સ.) પોતાના ઝુહુર પછી શું કાર્યવાહી કરવાના છે, તો ઘણાં લોકો એમ ઈચ્છા કરશે કે તેઓ તેમને ન જૂએ. તેઓ (અ.સ.) ગદ્દારો અને બિદઅતી લોકોને કતલ કરશે અને તેઓ (અ.સ.) આ કામની શરૂઆત કુરયશથી કરશે. લોકો ફકત તલ્વારોની ચમક જોશે.'*

(ઈકદુદ્ દોરર – પ્ર. ૪, ફ. ૨૨૭)

**સમજુતીઃ**

૧) જે લોકો એમ નથી ઈચ્છતા કે હઝરત ઈમામ મહદી (અ.સ.)નો ઝુહુર થાય તો તેઓ કાફીર છે અને ઝાલીમ છે અથવા ગુનાહગાર અને ફાસિક છે. આ તે લોકો છે જેઓ હક ને પસંદ કરતા નથી.

૨) રિવાયત નં. ૧૮૩, ૧૮૭, ૧૯૨ અને ૧૯૩ માં પણ હઝરત ઈમામ મહદી (અ.સ.) ની જંગ સંબંધિત આજ ભાવાર્થ સ્પષ્ટ થાય છે.

## હઝરત ઈમામ મહદી (અ.સ.) ની બિદઅત વિરૂધ્ધ જંગ

### રિવાયત નં. ૧૮૦

હઝરત અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) એ હઝરત ઈમામ મહદી (અ.સ.) વિષે ફરમાવ્યુંઃ

*'તેઓ બધી બિદઅતોનો નાશ કરશે, બધી સુન્નતોને સ્થાપિત કરશે, કિસ્તન્તનીયા, ચીન અને દયલમના પહાડ જીતશે. તેઓ આ રીતે સાત વરસ તમારી દરમ્યાન રહેશે અને દરેક વરસ આજના ૧૦ વરસ બરાબર હશે. પછી ખુદા જે ચાહશે તે અંજામ આપશે.'*

(ઈકદુદ્ દોરર (હાફીઝ યુસુફ શાફેઈ) પ્ર. ૯, ફ.૩/૨૨૪)

**સમજુતીઃ**

જુઓ રિવાયત નં. ૧૭૬

## હઝરત ઈમામ મહદી (અ.સ.) અને એહલેબય્ત (અ.મુ.સ.)ના દુશ્મનોનો નાશ

**રિવાયત નં. ૧૮૧**

અબુ લયલાની રિવાયત છે

*'ખયબરના દિવસે હઝરત રસુલે ખુદા(સ.અ.વ.) એ પરચમ હઝરત અલી (અ.સ.)ને આપ્યો તો ખુદાએ તેમના હાથે વિજય અપાવ્યો પછી અચાનક હઝરત રસુલે ખુદા(સ.અ.વ.) રડવા લાગ્યા.'*

પૂછવામાં આવ્યું અય ખુદાના રસુલ! રડવાનું કારણ શું છે? તો આપ (સ.અ.વ.) એ ફરમાવ્યું:

*'મને જીબ્રઈલ (અ.સ.) એ હમણાંજ ખબર આપી કે આ મુસલમાન લોકો મારા પછી તેમના (અલી અ.સ. ના) હકમાં ઝુલ્મ કરશે, તેમને તેમનો હક નહીં આપે, તેમની સાથે લડાઈ કરશે, તેમના સંતાનોને કતલ કરશે, અને તેમના પછી તેમની અવલાદ ઉપર ઝુલ્મ કરશે અને જીબ્રઈલ (અ.સ.) એ ખુદા તરફથી મને આ ખબર આપી છે કે આ ઝુલ્મ તે સમયે પૂરો થશે જ્યારે તેમના કાએમ (અ.સ.)નો જાહેર થશે અને તેમનો અવાજ બુલંદ થશે. જેને દરેક સાંભળશે. પછી તેમની મોહબ્બતમાં ઉમ્મત એક થઈ જશે. તેમના દુશ્મનો ઓછા હશે. તેમને પસંદ નહીં કરનારા અપમાનિત થશે. તેમના વખાણ કરવામાં આવશે અને આ ત્યારે બનશે જ્યારે શહેરોની તકલીફદાયક પરિસ્થિતિ આશ્ચર્ય પમાડે તેવી રીતે સલામતીમાં બદલાઈ જશે. આપ (અ.સ.) ના ઝુહુર પહેલાં ખુદાના બંદાઓ નબળા પડી જશે અને તેઓ ઈમામ (અ.સ.) ના*

*ઝુહુરથી નિરાશ થઈ જશે. પછી તે સમયે તેઓની વચ્ચે હઝરત કાએમ (અ.સ.) નો ઝુહુર થશે.*

(અલ મનાકીબ (ખ્વારઝમી) ફ. ૫ હ. ૨૩/૨૪, જુની પ્રત)

**સમજુતીઃ**

૧) આ વાત વર્ણવી ચૂકાઈ છે કે હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝમાનામાં કોઈપણ એહલેબૈત (અ.સ.)નો દુશ્મન નહિ હોય તથા ઝમીન તેમના દુશ્મનોથી પાક થઈ જશે (જુઓ રિવાયત નં. ૧૫૬)

૨) આ વાત પણ આવી ચુકી છે કે જે સમયે હઝરત ઈમામ મહદી (અ.સ.) હેજાઝને જીતી લેશે ત્યારે બની હાશીમને કૈદમાંથી છુટકારો અપાવશે.

## હઝરત ઈમામ મહદી (અ.સ.)નો એહલેબય્ત (અ.મુ.સ.)ના દુશ્મનોથી મુકાબલો

**રિવાયત નં. ૧૮૨**

ઝર બીન હુબ્યશે હઝરત અલી (અ.સ.) ને ફરમાવતા સાંભળ્યાઃ

*'તમારા નબી (સ.અ.વ.) ની એહલેબય્ત (અ.સ.) ઉપર નજર રાખો. જ્યારે તેઓ બેઠા હોય ત્યારે તમે પણ બેસી રહો. અગર તમારી પાસે મદદ માગે તો તેઓને મદદ કરો. યકીનન ખુદા અમો એહલેબય્ત (અ.મુ.સ.)ની એક વ્યક્તિ થકી ફીત્નાઓને દૂર કરશે. સૌથી શ્રેષ્ઠ કનીઝના પુત્ર ઉપર હું કુરબાન! તેમનો ઝમાનો બુરાઈના નાશ માટે એક અત્યંત કોશિશ અને સંઘર્ષનો ઝમાનો હશે. આઠ મહિનાઓ સુધી તેમના ખભા ઉપર તલવાર રહેશે. ત્યાં સુધી કે કુરૈશ એમ કહેશે કે અગર આ ફાતેમા (સ.અ.)ના પુત્ર હોત તો અમારા ઉપર રહમ કરતે અને અમને માફ કરતે. ખુદા તેમના થકી એ મુસીબતોનો બદલો લેશે જે બની ઉમય્યાના હાથે અમારા ઉપર પડી અને તેઓને ધૂળ ચાટતા કરી દેશે.'*

*'આ (બની ઉમય્યા) જ્યાં પણ રહે તેઓ ઉપર ખુદાની લાઅનત. તેઓને ખરાબ રીતે કતલ કરવામાં આવશે અને ટૂકડે ટૂકડા કરી નાખવામાં આવશે. આ અલ્લાહની સુન્નત છે તે લોકોના બારામાં જે અગાઉ આવી ચૂકયા છે અને તમે અલ્લાહની સુન્નતમાં હરગીઝ પરિવર્તન નહીં જૂઓ.'*

(સૂરએ અહઝાબ ૬૧-૬૨, શરહે નહજુલ બલાગાહ ઇબ્ને અબીલ હદીદે મોઅતઝેલી, ૭/૫૮, રાવી હારીસે અઅવરે હમદાની, યનાબીઉલ મોવદ્દત પ્ર. ૪૯૬, ૪૯૮, અરફૂલ વર્દી ફી અખ્બારીયલ મહદી ૨/૭૩ કન્ઝુલ ઉમ્માલ ૧૪/૫૮૯, હ. ૩૯૬૭૦)

**સમજુતીઃ**

૧) બની ઉમય્યાથી મુરાદ તે લોકો છે જેઓ તેના વંશમાંથી છે અથવા તો તેનો પક્ષ લેનારા છે.

૨) હઝરત અલી (અ.સ.) તથા આયશાએ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) થી આ રિવાયત નોંધી છે કેઃ

*'મહદી (અ.સ.) મારી ઈત્રતમાંથી એક વ્યકિત છે. તે મારી સુન્નતની સ્થાપના માટે જંગ કરશે, જેવી રીતે મેં વહીના સ્થાપના અને મજબુતી માટે જંગ કરી.'*

(ઈકદુદ્ દોરર, ભાગ-૧/૧૬-૧૭, અસ્સવાએકુલ મોહર્રેકા, ભાગ-૧૧, પ્રકરણ ૧/૧૬૪, અલ અરફુલ વરદી ફી અખ્બારીલ મહદી-૨/૪)

## હઝરત ઈમામ મહદી (અ.સ.) અને હુસૈન (અ.સ.)ના ખૂનનો બદલો

### રિવાયત નં. ૧૮૩

જાબીરૂલ જોઅફી અને સલામ બીન મુસ્તનીરે ઇમામ મોહમ્મદ બાકીર (અ.સ.) થી આ આયતના સંદર્ભમાં રિવાયત કરી છેઃ

وَمَنۡ قُتِلَ مَظۡلُوۡمًا فَقَدۡ جَعَلۡنَا لِوَلِيِّهٖ سُلۡطَانًا

*''અને જેઓને મઝલૂમ કત્લ કરવામાં આવ્યા, અમે તેના વલી (વારસ)ને ઈખ્તેયાર આપ્યો છે.''*

(સુરએ બની ઈસ્રાઈલ, આયત ૩૩)

ઉપરોકત આયતના હેઠળ રિવાયત કરી છે કે આપ (અ.સ.) એ ફરમાવ્યું:

*'હઝરત ઈમામ હુસૈન (અ.સ.) મઝલુમ કતલ કરવામાં આવ્યા છે અને અમે તેમના વારસદારો છીએ અને અમારા કાએમ (અ.સ.) ઈમામ હુસૈન (અ.સ.)ના ખૂનનો બદલો લેશે. તેઓ ન ફકત તે લોકોને કતલ કરશે જે ઈમામ હુસૈન (અ.સ.)ના કતલમાં પ્રત્યક્ષ રીતે શામેલ હતા, બલ્કે તેઓ એ લોકોને પણ કતલ કરશે જે ઈમામ હુસૈન (અ.સ.)ના કતલ થવા ઉપર ખુશ થયા હશે. ત્યાં સુધી કે અમૂક લોકો એમ કહેશે કે કાએમ (અ.સ.) કતલમાં ઈસ્રાફ (વધુ પડતા કતલ) કરી રહ્યા છે.'*

(યનાબીઉલ મોવદ્દત, પ્ર.૧૭૧, હ. ૪૨૫૨, પ્રકાશનઃ ઈસ્તામબુલ)

**સમજુતીઃ**

૧) મશ્હુર રિવાયત છે કે કોઈ કૌમના કાર્ય ઉપર ખુશ થવાવાળી વ્યકિતની ખુદ તે કૌમની વ્યકિતઓમાં ગણત્રી કરવામાં આવે છે. આ આધારે જે વ્યકિત કૌમની હરકતો ઉપર રાજી અને ખુશ્નુદ રહે છે તે ખુદ તે હરકતો અને કાર્યોમાં બરાબરનો ભાગીદાર રહે છે.

૨) 'કત્લમાં હદથી આગળ વધી જાય છે' આ તે લોકોની વાત છે જેઓ દરેક ચીઝને ફકત ઉપર છલ્લી નજરોથી જુએ છે તથા હઝરત મહદી (અ.સ.)ના કાર્યના મહત્ત્વ અને તેના ભેદથી માહિતગાર નથી તથા એ વાતથી પણ અજાણ છે કે હઝરત (અ.સ.) પોતે મઅસુમ છે તેમજ તેમની જવાબદારીઓ ઉપર અમલ કરી રહ્યા છે. કારણકે

*'તેમના હુકમમાં ન ઝુલ્મ હશે ન ખામી.'*

જુઓ રિવાયત નં. ૯૬.

૩) એક રિવાયતમાં છે કે અલ્લાહે હઝરત ઈમામ મહદી (અ.સ.) સંબંધિત ફરમાવ્યું:

*'આ મારા વસીઓ માટે વાજીબ હુજ્જત છે તથા મારા દુશ્મનોથી બદલો લેવાવાળા છે.' (જુઓ રિવાયત નં. ૧૪)*

**હઝરત ઈમામ મહદી (અ.સ.) અને ઝાલીમોથી બદલો**

**રિવાયત નં. ૧૮૪**

હુઝયફાનું બયાન છે કે મેં હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ને ફરમાવતા સાંભળ્યા:

*'આહ અફસોસ! તે ઉમ્મતના ઝાલિમ બાદશાહો ઉપર. ખરેખર આપ (મહદી અ.સ.) નાફરમાન લોકોને કતલ કરશે. ફકત તે લોકોજ સુરક્ષિત રહેશે જેઓ તેઓની ઈતાઅત કરશે. તે લોકો ફકત ઝબાનથી તેમની સાથે હશે પરંતુ તેઓના દિલો તેમનાથી વિમુખ હશે. જ્યારે ખુદા ઈસ્લામને શ્રેષ્ઠ ઉચ્ચતા આપવાનો ઈરાદો કરશે ત્યારે તે તમામ ઝાલિમો અને અત્યાચારીઓને હલાક કરી દેશે કારણકે ખુદા દરેક વસ્તુ ઉપર પ્રભુત્વ ધરાવે છે અને ખુદા તો ગુમરાહ કૌમના માર્ગદર્શન ઉપર પણ કુદરત ધરાવે છે.'*

પછી આં હઝરત (સ.અ.વ.) એ ફરમાવ્યું:

*'અય હુઝયફા! અગર દુનિયાના ખતમ થવામાં ફકત એક દિવસ પણ બાકી રહી ગયો તો ખુદા તે દિવસને એટલો બધો લાંબો કરી દેશે કે મારી એહલેબય્ત (અ.મુ.સ.) માંથી એક શખ્સ હાકીમ થશે. જે અદ્લ અને ઈન્સાફની સ્થાપના માટે જંગ કરશે. પછી ઈસ્લામને દરેક વ્યકિત ઈલાહી મઝહબ તરીકે કબુલ કરશે. વચનભંગ કરવામાં નહીં આવે અને અલ્લાહ જલ્દી હિસાબ કરવાવાળો છે.'*

(ઈકદુદ્ દોરર, ભાગ-૪, ફ. ૧/૬૨, અલ બુરહાન ફી અલામાતે મહદી આખેરૂઝઝમાન ભાગ-૨, હ.૧૨/૯૨)

**સમજુતીઃ**

જુઓ રિવાયત નં. ૧૪, ૧૭૯, ૧૮૩ અને ૧૯૨

## હઝરત ઈમામ મહદી (અ.સ.) અને ઈસ્લામના નવિનીકરણ માટેના પ્રયત્નો

### રિવાયત નં. ૧૮૫

અબ્દુલ્લાહ બીન અતાની રિવાયત છે. હઝરત ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.)ને મેં પુછ્યુંઃ જ્યારે હઝરત મહદી (અ.સ.)નો ઝુહુર થશે, ત્યારે તેઓ કોની સીરત મુજબ ચાલશે?

ઈમામ (અ.સ.) એ ફરમાવ્યુંઃ

*'હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ની જેમ અગાઉની ચીજોને નાબુદ કરી દેશે અને દીને ઈસ્લામને ફરીથી શરૂ કરશે.'*

(ઈકદુદ્ દોરર (હાફીઝ યુસુફ શાફેઈ) પ્ર. ૨૨૭)

**સમજુતીઃ**

૧) હઝરત ઈમામ મહદી (અ.સ.) સાચો અને નિર્મળ મઝહબ લઈને ઝુહુર ફરમાવશે. એ જ મઝહબ જે અલ્લાહ તઆલાએ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ઉપર નાઝીલ કર્યો હતો.

૨) જુઓ રિવાયત નં. ૧૭૪, ૧૭૭, ૧૭૯ અને ૧૮૪.

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ચુકાદાઓ

### રિવાયત નં. ૧૮૬

કઅબ અહબારનું બયાન છેઃ

*'અમે અગાઉના નબીઓની કિતાબોમાં હઝરત ઈમામ મહદી (અ.સ.)નું વર્ણન જોઈએ છીએ કે તેમના ચુકાદાઓ અદ્લ અને ઈન્સાફની બુનિયાદ ઉપર આધારિત હશે.'*

(અલ બુરહાન ફી અલામાતે મહદી આખેરૂઝઝમાન, પ્ર. ૧, હ. ૧૮/૮૭, ઈકદુદ્ દોરર ભાગ-૭/૧૫૫)

**સમજુતીઃ**

૧) એહલે સુન્નતના મશ્હુર આરીફ અબુબક્ર બીન અલી કે જેઓ મોહયુદ્દીન ઈબ્ને અરબીના નામથી પ્રખ્યાત છે (વફાત હિ. ૬૪૫) હઝરત ઈમામ મહદી (અ.સ.) ના ફેંસલા સંબંધિત ફરમાવે છે કેઃ

*'મહદી (અ.સ.) તે જ હુકમ કરશે જે ફરિશ્તાઓ અલ્લાહ પાસેથી લઈને તેમની પાસે આવશે કે જેથી તેમની મદદ કરી શકે અને તે જ વાસ્તવમાં સાચી મોહમ્મદ (સ.અ.વ.)ની શરીઅત હશે. અર્થાત હઝરત મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.) મૌજુદ હોત અને તેમની ખિદમતમાં આ મસઅલો રજુ કરવામાં આવત તો આપ (સ.અ.વ.) જે ફેંસલો કરત તે જ ફેંસલો ઈમામ મહદી (અ.સ.) કરશે.'*

૨) હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ

*'મહદી (અ.સ.) મારા નકશે કદમ ઉપર ચાલશે.'*

અર્થાત તેઓ નકશે કદમ ઉપર ચાલવાવાળા છે. તેઓ (અ.સ.) કોઈ નવી શરીઅત લાવવાના નથી. તેઓ ચોક્કસ મઅસુમ છે તથા મઅસુમનો મતલબ જ એમ છે કે તેઓ (અ.સ.) પોતાના ફેંસલામાં કયારેય ભૂલ કરશે નહિ. (જુઓ રિવાયત નં. ૧૫)

(અલ ફોતુહાતુલ મકીય્યહ (મોહયુદ્દીન અરબી) પ્રકરણ-૩૬૬, ભાગ-૩/૩૩૫)

## હઝરત ઈમામ મહદી (અ.સ.) અને રસુલે ખુદા (સ.અ.વ.) નો રાજ્ય વહીવટ

### રિવાયત નં. ૧૮૭

ઝોરારાહે ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) ને પુછ્યુંઃ

નેકી કરનારાઓમાંથી એક નેક અને પરહેઝગારની સ્પષ્ટતા કરો. ઈમામ (અ.સ.) એ જવાબમાં ફરમાવ્યુંઃ

*'મારો ઈશારો હઝરત ઈમામ મહદી (અ.સ.) તરફ છે. તેમનું નામ મારૂં નામ હશે.'*

ઝોરારાહે પુછ્યુંઃ શું તેઓ રસુલે ખુદા(સ.અ.વ.)ની પ્રણાલિકા મુજબ ચાલશે ?

ઈમામ (અ.સ.) એ ફરમાવ્યું:

*'તેઓ લડાઈ કરશે અને કોઈને પણ પોતાનો નાએબ નહીં બનાવે. જે તેમને દુશ્મન રાખશે તેના માટે જહન્નમ છે.'*

(ઈકદુદ્ દોરર, પ્ર. ૯, ફ. ૩/૨૨૬)

**સમજુતીઃ**

૧) આજ સ્ત્રોતથી એક બીજી રિવાયત પણ નોંધવામાં આવી છે કે હઝરત ઈમામ મહદી (અ.સ.) અને હઝરત અલી (અ.સ.) ની સિરતમાં એક સમાનતા બયાન કરવામાં આવી છે.

૨) પયગમ્બરે અકરમ (સ.અ.વ.) ની સુન્નત અને હઝરત ઈમામ મહદીની સુન્નતમાં તફાવતનું એક કારણ એ છે કે હુઝુર (સ.અ.વ.)ના ઝમાનામાં ઈસ્લામની મઝહબી હક્કનિય્યત દરેક માટે સ્પષ્ટ ન હતી જ્યારે કે હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝમાનામાં આ હકીકત લોકો માટે તદ્દન સ્પષ્ટ થઈ જશે કારણકે અલ્લાહ તઆલાની તમામ હુજ્જતો જાહેર થઈ જશે.

૩) જુઓ રિવાયત નં. ૧૪૯ અને ૧૮૮.

## હઝરત ઈમામ મહદી (અ.સ.)નો
## સ્પષ્ટ અને સંપૂર્ણ ન્યાય અને ઈન્સાફ

**રિવાયત નં. ૧૮૮**

જઅફર બીન યસાર અશશામીનું બયાન છેઃ

*'હઝરત ઈમામ મહદી (અ.સ.) એ હદ સુધી ન્યાય અને ઈન્સાફમાં મુનહમક (લેહદ મસ્રૂફ) હશે કે અગર માણસની દાઢીની નીચે પણ કોઈ ચીજ છુપાયેલી હશે તો તેને પણ મેળવી લેશે.'*

(અલ અરફુલ વર્દી ફી અખ્બારીલ મહદી, ૨/૮૩, અલ ક્વ્લુલ મુખ્તસર ફીલ મહદી અલ મુન્તઝર (શહાબુદ્દીન એહમદ બિન હજરે હય્શમી), પ્ર. ૩, હ. ૨૫/૪૭)

**સમજુતીઃ**

જુઓ રિવાયત નં. ૩૫, ૮૧, ૧૫૮, ૧૯૨ અને ૧૯૫ ની સમજુતી.

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ની
## તેમના અન્સારો સાથેથી ૩૦ શરતો

**રિવાયત નં. ૧૮૯**

હઝરત અમીરૂલ મોઅમેનીન (અ.સ.)એ ફરમાવ્યું:

*'હઝરત ઈમામ મહદી (અ.સ.) તેમના ૩૧૩ અન્સારોને ફરમાવશે. હું તે સમય સુધી કોઈ કાયમી નિર્ણય નહીં કરૂં જ્યાં સુધી તમે લોકો ૩૦ ખાસિયતો ઉપર મારી બયઅત ન કરો અને તેની પાબંદી ન કરો અને તેમાંની કોઈપણ બાબત રદ કે તેમાં ફેરફાર ન કરો. તમારા સંબંધમાં મારી આઠ જવાબદારીઓ છે.'*

*લોકો કહેશે અમે તમારી બધી શરતો કબુલ કરી. અય ફરઝન્દે રસુલ (સ.અ.વ.) તમે તે શરતો બયાન ફરમાવો. પછી આપ (અ.સ.) તેઓની સાથે સફાના પહાડ ઉપર જશે અને ફરમાવશે. તે શરતો આ છે:*

*પીછે હઠ નહી કરો — ચોરી નહીં કરો*
*બદકારી નહીં કરો — કોઈને વગર કારણે કતલ નહીં કરો*
*ખરાબ કામો નહીં કરો — કારણ વગર કોઈને મારશો નહીં*
*સોના ચાંદીનો સંગ્રહ નહીં કરો*
*ઘઉં અને જવનો સંગ્રહ પણ નહીં કરો*
*યતીમનો માલ ખાશો નહીં ખોટી ગવાહી નહીં આપો*
*કોઈ મસ્જીદને ખરાબ નહીં કરો*
*કોઈ મુસલમાનને બુરૂં ભલુ નહીં કહો*
*કોઈ મજુરને કારણ વગર લાઅનત નહીં કરો*
*શરાબ નહીં પીવો — વ્યાજનો ધંધો નહીં કરો*
*નાહક ખૂન નહીં વહાવો — પનાહમાં આવનારને છેતરશો નહીં*
*કોઈ કાફીર કે મુનાફિકને નહીં છોડો*

*જાડુ કપડું પહેરશો          માટીને ઓશિંકુ બનાવશો*

*તેની ઉપર ગાલ રાખશો*

*ખુદાની રાહમાં જેહાદનો હક અદા કરશો*

*ગાળ નહીં આપો          ગંદકીને નાપસંદ કરશો*

*નેક કામોનો હુકમ આપશો અને બુરાઈની મનાઈ કરશો.*

*અગર તમે આ વાતો પુર્ણ કરશો તો મારી જવાબદારી છે કે તમારા માટે પહેરેગીર ન મુકું અને તમે સીધા જ પ્રત્યક્ષ રીતે મારી પાસે પહોંચો અને તમે જે પહેરો તે હું પણ પહેરૂં, તમે જેની ઉપર સવાર થાઓ તેની ઉપર હું પણ સવાર થાઉં, તમારા થોડા અમલથી હું રાજી થઈ જાઉં. જમીનને ન્યાયથી એવી રીતે ભરી દઉં જેવી રીતે તે અત્યાચારથી ભરાએલી હોય. ખુદાની ઈબાદતનો હક અદા કરૂં. ઈન્શાઅલ્લાહ! હું મારા વાયદાઓને પુરા કરીશ. તમે પણ તમારા વાયદાઓને પૂરા કરો.*

દરેક લોકો એક અવાજે કહેશેઃ

*અમે સૌ રાજી છીએ. આ બાબતો ઉપર આપનું અનુસરણ કરીએ છીએ. પછી તેઓ (ઈમામ અ.સ.) એક એકની સાથે મુસાફેહા કરશે.'*

(ઈકદુદ્ દોરર, પ્ર. ૪, ફ. ૪, પાના નં. ૯૬-૯૭)

**સમજુતીઃ**

જુઓ રિવાયત નં. ૧૨, ૧૫૬ અને ૧૯૫.

## હઝરત ઈમામ મહદી (અ.સ.)ની સખાવત

**રિવાયત નં. ૧૯૦**

સઈદ ખુદરીએ કહ્યુંઃ અમને એ વાતનો ભય હતો કે અમારા નબીએ કરીમ (સ.અ.વ.)ની પછી કોઈ ઘટના ન ઘટે. તેથી અમે નબીએ કરીમ (સ.અ.વ.) સાથે અમારા તે ખૌફ બાબત ચર્ચા કરી તો આં હઝરત (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ

*'બેશક મારી ઉમ્મતમાં મહદી (અ.સ.) છે. તેઓ આખરી ઝમાનામાં ઝુહુર ફરમાવશે. તેમની સેવામાં એક માણસ આવશે અને કહેશે અય મહદી (અ.સ.)! મને આપો. ઈમામ (અ.સ.) તેને ઘણું બધું અતા કરશે પછી તે કપડું લાવશે અને જેટલું બની શકશે તેટલું ઉઠાવી લેશે.'*

(અસ સોનન (તિરમીઝી) કિતાબુલ ફેતન, પ્ર. ૫૩, હ. ૨૨૩૨)

**સમજુતીઃ**

૧) શાફેઈના ઉંચા દરજ્જાના મોહદ્દીસ જનાબ યુસુફ બિન યહ્યા મુકદ્દસ સિલ્મી (વફાત હિ. સન. ૬૫૮) એ તેમની અમૂલ્ય કિતાબ 'ઈકદુદ્ દોરર' નું આઠમું પ્રકરણ હઝરત ઈમામ મહદી (અ.સ.)ની ઉદારતાથી મખ્સુસ કર્યુ છે.

૨) રિવાયતોમાં હઝરત ઈમામ મહદી (અ.સ.) ની ઉદારતા અને સખાવત ને વિવિધ રીતે બયાન કરવામાં આવી છે.

રિવાયતમાં છે કેઃ

*'તેઓ ઢગલે-ઢગલા આપશે, ગણત્રી નહિં કરે.'*

*'તેમની બખ્શીશ ખુશગ્વાર હશે.'*

*'પુષ્કળ માલ અતા કરશે'*

*'સંપતિ ના ઉદાર હશે.'*

*'સૌથી વધારે સખી અને ઉદાર હશે.'*

(જુઓ રિવાયત નં. ૯૯, ૧૫૮, ૧૫૯ અને ૧૯૫)

૩) હઝરત ઈમામ મહદી (અ.સ.) ની સખાવત તેમની હક્કાનિય્યતની એક દલીલ છે. એક શખ્સે અબુ રજાએ મોતહહર બીન તહમાને વરાકને કહ્યું કે શું ઉમર બિન અબ્દુલ અઝીઝ મહદી (અ.સ.) છે? અબુ રજાએ જવાબમાં કહ્યુંઃ

*'હઝરત ઈમામ મહદી (અ.સ.) માટે એવી વાતો મળી છે જે ઉમરે અંજામ નથી આપી. હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝમાનામાં માલની વિપુલતા હશે. એક શખ્સ*

*આવશે અને ઈમામ (અ.સ.)ને માલ માટે કહેશે તો ઈમામ (અ.સ.) ફરમાવશે કે જાઓ જેટલું તમે લઈ જઈ શકતા હો તેટલું લઈ જાવ.'*

(ઈકદુદ્ દોરર, ભાગ-૮/૧૬૮)

## હઝરત ઈમામ મહદી (અ.સ.) અને મિસ્કીનો

**રિવાયત નં. ૧૯૧**

અબુ યુનુસે અબી ઝુબાથી રિવાયત કરી છેઃ

*'હઝરત ઈમામ મહદી (અ.સ.) મીસ્કીનોને માખણ ખવરાવશે.'*

(ઈકદુદ્ દોરર, પ્ર. ૯, ફ. ૩/૨૨૭)

## હઝરત ઈમામ મહદી (અ.સ.) ના ઝમાનામાં ઝુલ્મ અને જૌરનો અંત આવશે

**રિવાયત નં. ૧૯૨**

અબુ સઈદ ખુદરીનું બયાન છે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ

*'કયામત તે સમય સુધી નહીં આવે જ્યાં સુધી જમીન ઝુલ્મ અને વિદ્રોહથી ભરાઈ ન જાય. પછી મારા વંશ અને મારી એહલેબયતમાંથી એક શખ્સ જાહેર થશે જે જમીનથી ઝુલ્મ અને કુફ્રને ખતમ કરીને અદ્લ અને ઈન્સાફથી ભરી દેશે.'*

(મુસ્નદે એહમદ, ૩/૩૬, મુસ્તદરકે અસ સહીહયન, ૪/૫૫૭)

**સમજુતીઃ**

આ સંબંધની રિવાયતો તવાતુરની હદથી પણ વધારે છે કારણકે હઝરત ઈમામ મહદી (અ.સ.) સંબંધિત એવી રિવાયતો બહુ ઓછી જોવા મળે છે જેમાં ઝુલ્મ અને અત્યાચારના નાબુદ થવાની વાત કરવામાં આવી ન હોય. ઉદાહરણ રૂપે જુઓ રિવાયત નં. ૩, ૮, ૯,

૨૨, ૨૩, ૩૨, ૪૨, ૪૪, ૫૧, ૫૭, ૮૯, ૯૪, ૧૧૧, ૧૧૫, ૧૨૬, ૧૫૯, ૧૬૭ અને ૧૭૬.

## હઝરત ઈમામ મહદી (અ.સ.) ના ઝમાનામાં કુફ્ર અને શિર્કનો નાશ થશે

**રિવાયત નં. ૧૯૩**

હુઝયફાથી રિવાયત છે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ હઝરત ઈમામ મહદી (અ.સ.) સંબંધિત ફરમાવ્યુંઃ

*'મકામે ઈબ્રાહીમ અને હજરે અસ્વદ દરમ્યાન લોકો હઝરત ઈમામ મહદી (અ.સ.)ની બયઅત કરશે. ખુદા તેમના થકી દીનને જીવંત કરશે તથા ઈસ્લામને ઘણા બધા વિજયો અતા કરશે. જમીન ઉપર કોઈપણ બાકી નહીં હોય સિવાય તે લોકો કે જેઓના મુખે 'લા એલાહ ઈલલ્લાહ' હશે.'*

જનાબે સુલૈમાને પુછયુંઃ શું આપ (સ.અ.વ.)ના કોઈ ફરઝંદના વંશમાંથી મહદી (અ.સ.) જાહેર થશે ?

આપ (સ.અ.વ.) એ હઝરત ઈમામ હુસૈન (અ.સ.) ના માથા ઉપર હાથ રાખીને ફરમાવ્યુંઃ

*'મારા આ ફરઝંદના વંશમાંથી.'*

(ફરાએદીલ ફવાએદીલ કુફ્ર ફીલ મહદી અલ મુન્તઝર (મરઈ બિન યુસુફ હમ્બલી) ભાગ-૪/૯, યનાબીઉલ મોવદ્દત ભાગ-૭૧/૪૨૩)

**સમજુતીઃ**

૧) આ અગાઉની રિવાયતોમાં છે કેઃ

*'દરેક કાફીરને કત્લ કરવામાં આવશે.'*

(રિવાયત નં. ૧૮૪)

*'ઝમીન ઉપર ખુદા સિવાય જે કોઈ મઅબુદ હશે તેના ઉપર આગ નાઝીલ થશે અને તેને સળગાવી દેશે. બધા લોકો તૌહીદ ઉપર જમા થયેલા હશે.'*

(રિવાયત નં. ૧૭૭)

૨) કુરઆને કરીમની આ આયત

وَقَاتِلُوهُمْ حَتّٰى لَا تَكُونَ فِتْنَةٌ وَّيَكُونَ الدِّيْنُ كُلُّهٗ لِلّٰهِ

*‘તે લોકો સાથે ત્યાં સુધી જંગ કરો કે ફીત્નો નાબુદ થઈ જાય અને ફકત અલ્લાહનો મઝહબ બાકી રહી જાય.’*

(સુરએ અન્ફાલ-૩૯)

હેઠળ ફરમાવ્યું કે:

*‘હજુ આ આયતની તાવીલ જાહેર થઈ નથી. જ્યારે આ આયતની તાવીલનો સમય આવી પહોંચશે ત્યારે બધા મુશ્રીકોને કત્લ કરવામાં આવશે ત્યાં સુધીકે તેઓ એક અલ્લાહ ઉપર ઈમાન લઈ આવશે. શિર્કનું નામો નિશાન બાકી રહેશે નહિં તથા આ અમારા કાએમ (અ.સ.)ના ઝુહુર સમયે થશે.’*

૩) સુરએ આલે ઈમરાનની આયત નં. ૮૩

وَلَهٗ اَسْلَمَ مَنْ فِى السَّمٰوَاتِ وَالْاَرْضِ طَوْعًا وَّ كَرْهًا

*“આસ્માનો અને જમીનમાં દરેક ચાહે રાજીખુશીથી ચાહે અણગમાની સાથે ખુદાની સામે સમર્પણ થઈ જશે.”*

ની તફસીર રફાઆ બિન મુસાએ આ રીતે નોંધી છે કે ઉપરોકત આયતની તફસીરમાં હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.) એ ફરમાવ્યું:

